કુમાર

સંસ્થાપક - રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ત્રેપનમું • અંક દસમો • ઑક્ટોબર • ઓગણીસસો છોંતેર

સળંગ અંક

૬૩૪

તંત્રી - બચુભાઈ રાવત



ચિત્રકાર   શરદ   ચન્દ્ર ત્રિવેદી

ઑક્ટોબર ૧૯૭૬ · અંક ૬૩૪

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

ॐ

दीपावली–मंगलम्

अमायाः निविडं ध्वान्तम्
दलन्ती निज-रश्मिभिः ।
मंगला दीप–मालेयं
अन्त प्रज्ञां प्रदीपयेत् ॥

आयुः सत्वं तथारोग्यं
स्नेहः सद्-वृत्त–शालिनाम् ।
वर्धतां श्रेयसां लाभः
प्रवृत्तिः क्षेम–कर्मसु ॥

लोके शीलवतां प्रज्ञा
प्रसरेद् भूति-कर्मसु ।
सरस्वत्याः प्रसादेन
सत्काव्यं भुवि भासताम् ॥

शारदी कौमुदी रम्या
शारदा सुर-वन्दिता
प्रज्ञावतां मनस्तोषं
प्रकुर्वाणा महीयताम ॥

धेनवः क्षीर–संपन्नाः
फल–नम्राश्च वाटिकाः ।
क्षेत्रेषु वेणु–संनादैः
मोदन्तां शालि-पालिकाः ॥

विद्यालंकारः शंकरदेवः

બે દુર્લભ ક્ષત્રપ સિક્કા

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી લિખિત 'પ્રાચીન સિક્કા' લેખમાળામાં પ્રસિદ્ધ થએલા ક્ષત્રપકાલીન સિક્કા ('કુમાર'–ફેબ્રુઆરી)ના અનુસંધાનમાં બે દુર્લભ ક્ષત્રપ સિક્કા રજૂ કરું છું.

આ સાથે રજૂ થએલા ફોટોમાં બન્ને સિક્કા ચષ્ટાનકુળના રાજા દામસેનના પુત્ર વિજયસેનના છે. સિક્કા નં. ૧માં રાજાની દ્વિઅંકિત (double-struck) ઊપસેલી મુખાકૃતિ સ્પષ્ટ જોઈ શકાય છે, તે દેખીતીરીતે જ અંકનમુદ્રા (ડાઈ) ખસી જવાને કારણે છે. આ સંબંધમાં મુંબાઈના પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝીઅમના પ્રાચીન સિક્કાના તજ્જ્ઞ શ્રી સદાશંકર શુક્લના અભિપ્રાય પ્રમાણે સિક્કા પરના લખાણ (legend) માટે અને રાજાની મુખાકૃતિ (bust) માટે એમ બે સ્વતંત્ર અંકનમુદ્રાનો ઉપયોગ તે કાળ દરમ્યાન થતો હોવો જોઈએ; કારણ કે જો એકમાત્ર અંકમુદ્રા હોય તો તો તેના સ્થાનચ્યુત થવાથી પ્રત્યેક અક્ષર દ્વિઅંકિત થવો જોઈએ.



સિક્કો નં ૨ પણ વિજયસેનનો છે. પણ નં ૧ ચાંદીનો છે, જ્યારે નં ૨ની મૂળ ધાતુ તાંબું છે અને તેના પર ચાંદીનો ઢોળ ચડાવવામાં આવ્યો છે. હજી સુધી ક્ષત્રપ વંશના ચાંદીનો ઢોળ ચઢાવેલા સિક્કા ક્યાંયે પ્રાપ્ત થયા નથી. અંગ્રેજ તજ્જ્ઞ શ્રી રૅપ્સનના ક્ષત્રપ સિક્કાઓ પરના પ્રખ્યાત પુસ્તક 'Catalogue of the coins of the Western Ksatraps'માં પણ ચાંદીનો ઢોળ ચડાવેલા સિક્કાનો ઉલ્લેખ નથી. જે સમયમાં સોના-ચાંદીની અછત ન હતી તે કાળમાં તાંબાના સિક્કા પર ચાંદીનો ઢોળ ચડાવવાનું એક કારણ આર્થિક કટોકટી હોઈ શકે. શ્રી રૅપ્સન લખે છે કે : 'In the reign of Vijaysena appear the first symptoms of a decline and from this time onwards until the end of the dynasty it is possible to observe in the coinage a process of continuous degradation ' પટણા મ્યૂઝિયમના પૂર્વીય નિયામક ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તા ને મુંબાઈ મ્યૂઝિયમના તજ્જ્ઞ શ્રી સદાશંકર શુક્લે શ્રી રૅપ્સનના ઉપર્યુક્ત અભિપ્રાય સાથે સહમત થતાં જણાવ્યું છે કે વિજયસેનના રાજ્ય કાળમાં આર્થિક કટોકટીના કારણે સિક્કાઓ હલકી કક્ષાના બનવા માંડયા હતા. આ સાથે દર્શાવેલા બન્ને સિક્કાને ઉપર્યુક્ત તજ્જ્ઞોનાં કથનો લાગુ પડે છે. આ દૃષ્ટિએ બન્ને સિક્કા વિશિષ્ટતા ધરાવતા હોવાથી લગભગ અપ્રાપ્ય અને તેથી દુર્લભ છે.

ઉપર્યુક્ત બન્ને સિક્કામાં બ્રાહ્મી લિપિમાં 'રાજ્ઞો મહાક્ષત્રપ સદામસેનપુત્રસ રાજ્ઞો મહાક્ષત્રપસ વિજયસેનસ' લખાણ પાછલી બાજુ છે જે અત્રે પ્રસ્તુત ફોટોમાં દર્શાવેલું નથી.

(મુંબાઈ) —જગદીશ ગાંધી

સૂર્યાણી નહિ, સૂર્ય

અંક ૬૩૧માં શ્રી પ્રફુલ્લ રાવલે રજૂ કરેલી મૂર્તિ સૂર્યાણી નહિ પરંતુ સૂર્ય છે. નીચેના આસનમાં જે રથ છે ત્યાં ટપકાં ટપકાં દેખાય છે તે સૂર્યના સપ્ત અશ્વ છે. પગમાં પણ આંગળાં દશ્ય નથી; બૂટ પહેરેલી ઉત્કટિકાસનમાં રથ ઉપર બિરાજમાન આ સૂર્યપ્રતિમા છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

શિલાલેખો

શિલાલેખો વિષે અંક ૬૨૩માં શ્રી ઢાંકીની બે ક્ષતિઓ પરત્વે મેં અંગુલિ નિર્દેશ કર્યો હતો. શ્રી ઢાંકીએ પોતાની અગાઉ (અંક ૬૨૧માં) થએલી ભૂલો વિષે મૂળ સ્રોતનું અવગાહન કરેલું જણાય છે અને મેં દર્શાવેલી બે ભૂલોમાંથી એક શ્રી ઢાંકીને માન્ય થઈ છે, જ્યારે બીજી વિષે અંક ૬૩૧માં વિશેષ ઉકેલની અપેક્ષા રાખે છે, તે પરત્વે આટલી સ્પષ્ટતા કરું છું :

અંક ૬૨૧માં ગિરનારના શિલાલેખો વિષે શ્રી ઢાંકીએ આમ લખેલું છે: 'ગિરનાર પર સજ્જન મંત્રીની ઉપસ્થિતિ તેમજ સિદ્ધરાજનું નામ દેતા સમકાલિક અભિલેખો છે.' આ હકીકત મને બરાબર લાગી નહિ, એટલે મેં અંક ૬૨૩માં શિલાલેખોની મૂળ હકીકત જણાવી. હું હજુ પણ સ્પષ્ટ જણાવું છું કે ગિરનાર ઉપરથી સિદ્ધરાજનું નામ દેતો સમકાલિક એક પણ શિલાલેખ અદ્યાપિ પ્રાપ્ત નથી; એટલું જ નહિ પણ શ્રી ઢાંકી કહે છે તેવો સં ૧૧૭૫/ ઈ. સ. ૧૧૨૦નો સજ્જનનું નામ જણાવતો લેખ પણ ગિરનાર ઉપરથી પ્રાપ્ત નથી. આજ સુધીમાં ગિરનાર ઉપરથી પ્રાપ્ત કુલ ૩૭ શિલાલેખોમાં સૌથી જૂનામાં જૂનો શિલાલેખ ઈ. સ. ૧૧૩૯નો છે. એટલે કે શ્રી ઢાંકી કહે છે તેવો ઈ. ૧૧૨૦નો તો કોઈ લેખ જ પ્રાપ્ત નથી.

એક વધુ ઉદાહરણ પણ આપું : અંક ૬૨૦માં શ્રી ઢાંકીએ સેવડીના લેખમાં સિંહ સંવત ૩૧ હોવાનું ભાંડારકરને અનુસરીને જણાવ્યું છે, પરંતુ ત્યાં સિંહસંવત ૩૧ નથી. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'સ્વાધ્યાય' ઑગસ્ટ '૭૧/પૃ–૪૬૫ના પાદમાં નોંધ્યું છે કે 'સેવડી લેખનું વર્ષ ૩૧ એ (૧૨)૩૧ હોવાનું સ્પષ્ટ થયું છે.'

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ગિરનારના શિલાલેખો

અભ્યાસુને અનુકૂળતા પડે તે માટે ગિરનારના શિલાલેખો ક્યાં ક્યાં પ્રસિદ્ધ થયા છે અને કોણે પ્રસિદ્ધ કર્યા છે તેની પ્રાપ્ત માહિતી અહીં રજૂ કરું છું.

ટૉડ 'ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા'માં કુલ ૧૨ શિલાલેખો પ્રસિદ્ધ કરે છે. આ પછી બર્જેસ પોતાના 'એન્ટિકિવટીઝ ઑાવ કાઠિયાવાડ ઍન્ડ કચ્છ' તથા 'ઍન્ટિકિવટીઝ ઍટ ડભોઈ, અમદાવાદ, થાન, જૂનાગઢ, ગિરનાર ઍન્ડ ઢાંક'માં બીજા ૧૨ શિલાલેખો પ્રસિદ્ધ કરે છે. આ પછી બર્જેસ અને કઝિન્સ 'ધ રિવાઈઝડ લિસ્ટ ઑાવ ધી ઍન્ટિકવેરિયન રિમેઈન્સ ઑાવ ધ

બૉમ્બે પ્રેસિડેન્સી'માં બીજા નવા ૫ શિલાલેખોનો ઉમેરો કરે છે. શ્રી ડિસકળકર 'ઈન્સ્ક્રીપ્શન્સ ઑવ કાઠિયાવાડ'માં ૪ શિલાલેખો તથા શ્રી ગિરજાશંકર આચાર્ય 'ગુજરાતના ઐતિહાસિક લેખો'માં ૧ નવો શિલાલેખ તેમજ છેલ્લે છેલ્લે શ્રી છો. મ. અત્રિ 'સ્વાધ્યાય' ફેબ્રુઆરી '૬૮માં નવા ૩ શિલાલેખો રજૂ કરે છે. આમ કુલ ૩૭ શિલાલેખો થાય છે.

ઉપર્યુક્ત કુલ ૩૭ લેખોનો મૂળ પાઠ તથા તેની ચર્ચા જે તે સ્થળે થએલી છે. આ સિવાયના કોઈ લેખો રહી જતા હોય તો મિત્રો તેની પૂર્તિ કરે એવી અપેક્ષા.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

રામનું સમુદ્રપૂજન

'વિનોદની નજરે' ખૂબ ગમે છે. પરંતુ અંક ૬૩૧માં શ્રી બ્રોકર વિષે (સહેજ વધુ ઊર્મિલ બનીને) વાત કરતાં 'સમુદ્રપૂજન અર્થે રાવણને બોલાવવામાં આવ્યો અને રામે તેની પાસે આશીર્વાદ માગ્યા' એવી વાત શ્રી વિનોદ કઈ રામાયણમાંથી લાવ્યા? રાવણ બ્રાહ્મણ હોવાની માન્યતા પણ શું ખરી છે?

(પોરબંદર) —નરોત્તમ પલાણ

મુનિશ્રી જિનવિજયજી અને સર્વદેવાયતન

મુનિશ્રી જિનવિજયજી વિષે 'કુમાર'ની સંકલિત માહિતી અંક ૬૩૧માં વાંચી. અન્યત્ર પણ મુનિશ્રી વિષે ઠીકઠીક વાંચવા મળ્યું છે. પરંતુ તેમના જીવનની એક અગત્યની વાત વિષે હજુ સુધી કોઇએ લખ્યું નથી તે ખટકે છે.

પાછલાં વર્ષોમાં મુનિશ્રી ચિતોડ નજીક ચંદેરિયા ગ્રામે સર્વોદય આશ્રમ સ્થાપીને રહેલા. આ સર્વોદય આશ્રમ પણ મુનિશ્રીએ વિનોબાને અર્પણ કરી દીધેલો ને સામે જ પોતાનો અલગ આવાસ બાંધેલો. આ આવાસમાં મુનિશ્રીએ 'સર્વદેવાયતન' નામનું એક મંદિર બંધાવ્યું છે. આ મંદિરમાં શિવપાર્વતી, વિષ્ણુલક્ષ્મી, રામસીતા, કૃષ્ણરુક્મિણી, મહાવીર, બુદ્ધ, ગણેશ, હનુમાન, શીતળા આદિ હિન્દુ, જૈન, બૌદ્ધ–ત્રણે ધર્મોના પ્રમુખ દેવોની પ્રતિમાઓનું એકસાથે સ્થાપન કરેલું છે! ભારતીય સંસ્કૃતિ એટલે હિન્દુ બૌદ્ધ જૈન ત્રણે પ્રવાહોનું એકત્વ. મુનિશ્રીની સાચી ને તટસ્થ સૂઝ આમ 'સર્વદેવાયતન'ના રૂપમાં સાકાર બનેલી છે. તેમની જીવનદૃષ્ટિની આ વિશદતા વિષે આપણું મસ્તક નમ્યા વિના રહી શકતું નથી. આજે જ્યારે અનેક મોટા ગણાતા માણસો સ્વધર્મની કુંઠિતતામાંથી બહાર નીકળી શકતા નથી ત્યારે મુનિશ્રીની આ વિશાળતા કેવી તો શાતા અર્પનારી બની રહે છે!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

વીરમગામનું મુનસર

'કુમાર'માં હમણાં વીરમગામના મુનસર વિષે ચર્ચાઓ ચાલી રહી છે ત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના અમદાવાદ મુકામે ભરાએલા ઑક્ટોબર ૧૯૫૯ના ૨૦મા અધિવેશનમાં શ્રી જમનાદાસ મૂ. પરીખે રજૂ કરેલો 'વીરમગામનું અર્ધસહસ્રલિંગ સરોવર' નામના નિબંધની યાદ તાજી થાય છે. તેઓએ આ નિબંધમાં સંવત ૧૨૮૮થી ૧૨૯૫ સુધીમાં મુનસર બંધાયાનું જણાવ્યું છે. જોકે અહીં હજુ ચર્ચાને અવકાશ છે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સ્વામી આનંદની જેલયાત્રા

મારો પત્ર મે '૭૬ના અંકમાં આવ્યો છે તેમાં ગોટો થયો છે. ઈ. ૧૯૨૨ના જૂનમાં ૪ જણને ૧૮-૧૮ માસની શિક્ષા થઈ. તેનાં નામ આપ્યાં છે તેમાં તંત્રી-મુદ્રકનાં નામ બરાબર છે; બાકીનાં બે નામમાં ભૂલ થઈ છે તે આમ જોઇએ: ૩) કીપર ઑવ ધ પ્રેસ–સ્વામી આનંદ, ૪) પ્રકાશક–વાલજી દેસાઈ.

(નવી દિલ્હી) —દેસાઈ વાલજી ગોવિંદજી

ગુજરાતી પત્ર-સાહિત્ય

'કુમાર'ના વિદ્વાન વાચકો પાસે ગુજરાતી ભાષામાં કોઈ કવિ, લેખક કે કલાકારના પત્રો અંગેની કોઈ પણ પ્રકારની નોંધ કે પુસ્તક હોય તો મારે એવા સાહિત્યની જરૂર છે. જેમને વેચવાની ઈચ્છા હોય અથવા વાંચવા આપવા મરજી હોય તે મને લખશે તો ખૂબ આભારી થઈશ. પત્રસાહિત્ય ઉપર નિબંધ લખતો હોઈ મારે આવા વિષય અંગેનાં લખાણોની જરૂર છે.

—ધીરજકુમાર વ. વ્યાસ, દેવળા ગેઈટ
સાવરકુંડલા, ૩૬૪૩૭૫.

કેટલાક પ્રશ્નો

અંક ૬૨૦માં પ્રો. નરોત્તમ વાળંદે લખેલા ચંદ્રશંકર ભટ્ટના જીવનચરિત્રમાં પાન ૩૧ ઉપર લખવામાં આવ્યું છે કે સરભાણના પોલીસથાણાની લૂંટમાં એક પોલીસનું અવસાન થતાં એ હિંસા છે કે નહિ તે સંબંધી ગાંધીજીની સલાહ માગવામાં આવી. હવે ગાંધીજીને તો ઈ. સ. ૧૯૪૨ના ઑગસ્ટની ૯મીએ પકડી લેવામાં આવ્યા હતા, અને એ ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં આગાખાનના મહેલમાં કેદ હતા, ને શરૂઆતમાં તો એમને છાપાં સરખાં યે મળતાં નહોતાં. તો પછી બહારની વ્યક્તિ મળી જ શી રીતે શકે? અને એ પંચગનીમાં તે સમયે તો ખસૂસ નહોતા જ. આમાં ક્યાંક કંઈક ગેરસમજ થઈ લાગે છે.

અંક ૬૧૧માં પાન ૩૪૮ ઉપર શ્રી મધુસૂદન ઢાંકીના ચર્ચાપત્રમાં જણાવવામાં આવ્યું છે કે 'સોરઠમાંથી મળેલા જયસિંહદેવના (શ્રી અમૃત વસંત પંડ્યાએ પ્રકાશમાં આણેલા) સિક્કાઓનો મુદ્દો પણ આ સંદર્ભમાં મૂલ્યવાન બની રહે છે.' તે સબંધી ખરી હકીકત તો એ છે કે એ સિક્કાઓ બુંદેલખંડમાંથી વલ્લભવિદ્યાનગરના એક વિદ્યાર્થીના કુટુંબમાંથી મળેલા છે, જેની છાપ પાડી લઈને એ વિદ્યાર્થીને પાછા આપવામાં આવ્યા હતા.

(સાનહોઝે-અમેરિકા) –રમણલાલ ઍંજિનિયર

એ તફડંચી નથી

અંક ૪૦૦માં શ્રી ચંદ્રકાંત ઝવેરી બળુર, ઉપરના લેખમાં લખે છે કે 'મોહિની સ્વરૂપ' મૂર્તિના મસ્તકની ડાબી બાજુ વેલના ફૂલ ઉપર માખી બેઠેલી છે અને તેનો ભક્ષ કરવાને એક ગરોળી તરાપ મારવાની તૈયારીમાં છે. કળાકારે આ પ્રસંગને મોહિનીસ્વરૂપ પાછળ રહેલા હેતુ સાથે વણી લેવામાં ખૂબી વાપરી છે.

આવું જ ઇલોરા ગુફાઓમાં 'ઈન્દ્રસભા' પછીની પશ્ચિમ તરફની એક ગુફામાં 'ભસ્માસુર-મોહિની'નું શિલ્પ છે તેમાં ભસ્માસુરને પકડીને એક હાડપીંજર દર્શાવી તેનું મોત તેને નચાવી રહ્યાનું સૂચન છે તે એથી યે સચોટ છે. હેર આઇવો સેલીજર નામના ઑસ્ટ્રિયન ચિત્રકારે માનવ પ્રવૃત્તિનું મર્મસ્પર્શી નિદાન સચોટ રીતે રજૂ કર્યું છે. 'મધ્ય યુરોપની તત્ત્વદર્શી કળા' નામે તેમનાં ત્રણ ચિત્રો આગળ કુમારમાં આવી ગયાં છે. તેમાં પ્રથમ ચિત્રમાં દરદીને આવરી લેતા મૃત્યુ સાથેના વિગ્રહમાં ડાક્ટર સ્ત્રી-પાત્રનું જીવન બચાવવા પોતાના સમર્થ પંજાથી દબાવી હઠાવી રહ્યા છે તેમ બતાવવા સ્ત્રી દરદીને ભરડો લેતું હાડપીંજર દર્શાવી ચિત્રકારે મૃત્યુ સાથે વિગ્રહ નામ સાર્થક કર્યું છે.

અંક ૬૨૫ અને ૬૨૭માંની ચર્ચા મુજબ આ કોઈ 'તફડંચી' નથી જ. વિચારો વ્યક્ત કરવા કોઈ પણ શબ્દ, રૂપક કે અવલંબન (Props) વાપરવા બધા જ મુક્ત છે.

(ઝરીઆ) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

સૂર્યગ્રહણ વખતે સાંબેલું

ઘણાં વર્ષો પહેલાં સૂર્યગ્રહણના દિવસે ગ્રહણ પાણીમાં જોતાં; અને એ સિવાય થાળીમાં પાણી ભરી તેમાં સાંબેલું ઊભું રખાતું. જે બાજુથી સૂર્ય ઝલાતો શરૂ થયો હોય તે બાજુ જ સાંબેલું ઊભું રહેતું મેં જોએલું.

કોઈ ભાઈએ આવો પ્રયોગ જોએલો? અને જો કોઈ આનું કારણ બતાવી શકો તો આનંદ.

(ઝરીઆ) —ત્રિપુરાશંકર જટાશંકર ત્રિવેદી

વિનોદની નજરે

ગુજરાતી સાહિત્યની ભાષાશૈલીને નવો જ વળાંક આપતી શ્રી વિનોદ ભટ્ટની લેખમાળાનો

આસ્વાદ મારા ભાવક મનને એક ઊંડી પરિતૃપ્તિનો અનુભવ કરાવે છે. શ્રી યશવન્ત શુક્લ, જ્યોતીન્દ્ર દવે અને સ્વ. રાવજીનાં જે પ્રસંગ-ચિત્રો દોરાયાં છે, તે રીતે મને લાગે છે કે ભારતની અન્ય ભાષાઓમાં અન્ય મહાનુભાવોનાં પણ નહિ જ દોરાયાં હોય. આલેખનની શૈલી બેનમૂન છે. મારા જેવો અક્ષરસાધક પણ આ પ્રકારની શૈલી વાંચીને ડોલાયમાન થઈ જાય છે. હું આ લેખમાળાને હાર્દિક આવકાર આપું છું. લેખકને પણ અભિનંદન

(અમદાવાદ) —નટવરલાલ જાની

'માર્ક્ટ્વેઈન' તખલ્લુસ

આંગ્લ સાહિત્યમાં 'માર્ક ટ્વેઈન'ને નામે ખ્યાતિ પ્રાપ્ત કરનારા અમેરિકન લેખકનું ચરિત્ર એપ્રિલ અંકમાં પ્રકટ થયું છે તે ખાતર અભિનંદન. એ રીતે જગવિખ્યાત સાહિત્યકારોનાં ચરિત્રો પ્રગટ થવાની આવશ્યકતા છે. પરન્તુ એ તખલ્લુસ સૅમ્યુઅલ ક્લૅમેન્સે કેવા સંજોગોમાં ધારણ કર્યું હતું તેને લગતી માત્ર ઊડતી નોંધ જ રજૂ કરવામાં આવી છે. એમ હોઈ ઇતિહાસની નજરે એ તખલ્લુસને નિહાળતી એક નોંધ આ લખનારે, હાલમાં મુદ્રાંકિત થઈ રહેલા અને ચારેક માસમાં પ્રકટ થનારા 'ગુજરાતી તખલ્લુસો' રૂપી આકરગ્રન્થના અપ્રગટ ઉપોદ્ઘાતમાં લખી છે તેને વાચકવર્ગ સમક્ષ ધરી દેવાની લાલચને રોકી શકતો નથી.

"અંગ્રેજી સાહિત્યમાં કટાક્ષિકાઓ તેમ જ ચાબખાઓ લખનારા એક અમેરિકન લેખકે 'માર્ક ટ્વેઈન' નામનું વિચિત્ર દેખાતું તખલ્લુસ કેવી રીતે ધારણ કર્યું હતું તેને લગતી એકથી વધુ વાતો વિચિત્ર રીતે સાહિત્યક્ષેત્રે પ્રસરી ગઈ છે. એ હાસ્યલેખક વર્જિનિયામાં આવેલા જ્હૉન પાઈપરના સલૂનમાં અવારનવાર જતા. એ સલૂન એટલે મુક્તવિહારી વ્યક્તિઓનું મિલનસ્થાન. મોટે ભાગે તો એ એકલા જ ત્યાં જઇને શરાબ પીતા, પરન્તુ એકાદ બે વખત કોઈ લેખકમિત્રને પણ આમંત્રણ આપીને સંગાથમાં લઈ જતા. શરાબ પીને બહાર નીકળતી વખતે તે સલૂનવાળાને કહેતા: 'માર્ક ટ્વેઈન' એટલે બે લીટા મારજો. કારણ કે એ સલૂનવાળો કોઈ હિસાબ રાખતો નહિ અને આપણા સૅમ્યુઅલ ક્લેમેન્સ ખીસામાં પૈસા રાખતા નહિ. એથી હિસાબની ગણતરી કરવા સારૂ ભીંત પર ચાક વડે બે લીટા મારવામાં આવતા. પરિણામે તેણે 'માર્ક ટ્વેઈન'નું ઉપનામ મેળવ્યું હતું."

પરન્તુ તખલ્લુસ ધારણ કરવા માટેની એ કથાને બદલે માર્ક ટ્વેઇને પોતે તો એ તખલ્લુસ માટે ઈ. ૧૮૭૭માં જુદા જ પ્રકારનો ખુલાસો કર્યો હતો તે આ રહ્યો: 'ન્યુ ઑર્લિયન્સ પિકાયૂન' પત્ર માટે એક કૅપ્ટન એ તખલ્લુસથી નૌકાસમાચાર લખતો હતો. ઈ. ૧૮૬૩માં તેના મૃત્યુ પછી મેં તેનું તખલ્લુસ ઝડપી લીધું. મારા આડનામનો આ ઇતિહાસ છે.'

(મુંo-ગોરેગામ) –ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

નાગપૂજા વિષે

જુલાઈ '૭૬ના 'કુમાર'માં 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાં નાગપૂજા વિષે માહિતી વાંચી. ગમી. થોડી માહિતી ઉમેરું; નાગપૂજા રબારીઓમાં પણ જોવા મળે છે. રબારીઓમાં કોઈને સર્પ કરડે તો 'મઢ'માં લઈ જાય છે. બીજી કોઈ સારવાર કરતા નથી. રબારીઓ નાગબાપાને 'ગોગબાપજી' કહે છે. બૉમ્બે ગેઝેટીઅર ૧૯૦૧ નોંધે છે કે રબારીઓ કાળી ચૌદશે નાગપૂજા કરે છે. (જુઓ : ઊર્મિનવરચના—જુલાઈ '૭૬) મહેસાણા જિલ્લામાં દાસજ, ધરમોડા, કાસવા, પીલુદરા, ડાભી વગેરે ગામોમાં ગોગનાં થાનક છે. જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં સોંદરડા અને માણેકવાડામાં નાગનાં થાનકો છે. ભાવનગર જિલ્લાના તણસા ગામમાં 'સરમાળિયા' નાગનું થાનક છે.

તંત્રમાં નાગનાં ચિત્રો તથા શિલ્પો છે જેમાં નાગનો જાતીયતા સાથેનો સંબંધ જોવા મળે છે. (જુઓ : 'Tantra' by Philip Rawson : Pl. 39, 40)

સાહિત્યમાં જાતીયતાના પ્રતીક તરીકે નાગ સ્વીકારાયો છે. ડી. એચ. લૉરેન્સ તેનો ઉપયોગ કરે છે. ગુજરાતી સાહિત્યમાં ડૉ. જયંત ખત્રીની વાર્તા 'નાગ', તેમજ ચીનુ મોદીનું 'લીલાનાગ' ઉલ્લેખનીય ગણાય.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

થોડા મુદ્દા–થોડા પ્રશ્નો

આખરે આ વિભાગ પૂરતી સૂચનાઓ આપશ્રીએ લખવી પડી. અમે સ્વયં-શિસ્ત ન જાળવી શક્યા એ સખેદ નોંધ્યું.

'કુમાર' માર્ચ અંકમાં લઘુકથા 'અપશુકન' વિધવા બહેનોનાં મનમાં રહેતી લઘુતાગ્રંથિ વધારે મજબૂત નહિ બનાવે?

સુકન્યાબહેન ખરે જ સુંદર વાનગી પીરસે છે.

ટિકિટ-સંગ્રહ વિભાગમાં પ્રકટ થતી નવી ટિકિટો અમારે જોયા જ કરવાની. ગ્રામ્ય વિસ્તારની ટપાલ કચેરીઓમાં થોડા જથ્થામાં પણ આવી ટિકિટો ટપાલખાતું ન મોકલે? આ ટિકિટો નિશ્ચિતપણે મેળવવાનો અન્ય માર્ગ હશે? જાણકારો જણાવશે?

અમારે નજીકના ગામ જૂની મેંગણી સાથે સદેવંત સાવળિંગાની કથા કંઈક વણાએલી સંભળાય છે. ત્યાં કેટલાક પાળિયા મોજૂદ છે તેની પ્રતિલિપિ કરી કોને મોકલવાથી તે જગ્યા સંશોધનલાયક છે કે કેમ તે જાણવા મળે?*

(મેંગણી) —ભાસ્કર સ્વાદિયા

[*ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીને : અધ્યક્ષ ભો. જે. અધ્યાપન સંશોધન વિદ્યામંદિર. હ. કા. કૉલેજ કૉમ્પાઉન્ડ, આશ્રમરોડ અમદા.-૯ એ સરનામે.]




પ્રતીક્ષા: કલાકાર દિનેશ શાહની કૃતિઓથી 'કુમાર'ના વાચકો અપરિચિત નથી. વિવિધ કલાશૈલી અને કલાકૌશલ પરનો એમનો કાબૂ સુવિદિત છે. ચિત્રમાં એમણે આગવી પરિપાટી સિદ્ધ કરેલી છે. ભારતીય સ્પર્શવાળું નવતર સંયોજન, સાદગીભરી સૂચક પશ્ચાદભૂ ને તેને પડછે ઉઠાવ લેતાં પાત્રો, સરળ ઋજુ ભાવ, લયાન્વિત આકારરેખા અને મનોરમ સમતોલ સપાટ રંગવિધાન એ એમનાં ચિત્રોની આગવી લાક્ષણિકતાઓ છે. તાદૃશ રૂપમાં નહિ છતાં એમનાં ચિત્ર સર્વાંગ સુંદર કૃતિ બની રહે છે એનું આ રહસ્ય. કાવ્યાત્મકતા એ પણ એમની પરિપાટિનો એક મુખ્ય ગુણ છે. (બ્લૉક: 'સમર્પણ'ના સૌજન્યથી)

મિસ એલીસ બૉનરની ચિત્રકૃતિઓ

(જુઓ આ અંકમાં એમનું ચરિત્ર)



△ રાગ વસંત (કરતાદ સદનખાંનું સિતારવાદન (૧૯૪૪)




△ સૂર્યોદય (૧૯૨૨)

ભારતના વિસ્તૃત પ્રવાસ બાદ અને ભારતીય કલાનો વિશેષ પરિચય પામ્યા પછી એક વાર કરતાદ સદનખાંના સિતારવાદનમાં સાંભળેલા રાગ વસંતથી અત્યંત પ્રભાવિત થઈ મિસ બૉનરે કરેલા આ ચિત્રમાં યુરોપીય શૈલી ગૌણ બની જઈ હવે તેમાં ભારતીય મુદ્રા અને પ્રતીકોનો પ્રભાવ પ્રકટ થાય છે. ▷



△ માતા અને શિશુ (૧૯૩૭)





◁ ગંગાઘાટે વસન પરિવર્તન (૧૯૩૮) △ અન્તરગૃહયાત્રા (૧૯૩૯)
ઈ. ૧૯૩૫માં મિસ બૉનર ભારતમાં બનારસમાં રહેલાં ત્યારે એમણે અનેક સ્કેચ કરેલા જેના પરથી પાછળથી એમણે ડાબી તરફનાં બે ચિત્રો કરેલાં. પણ એમાં એમના શિલ્પી આત્માનો પ્રભાવ પ્રકટ થાય છે. તે પછી ફરી ભારત આવ્યાં ત્યારે આ ઉપરનાં ચિત્રો કર્યાં. ચિત્રવસ્તુ ભારતીય ખરું પણ એમાં હજી યુરોપીય શૈલીની અસર વ્યક્ત થાય છે.

પાગલ પથિક / રાજેન્દ્ર શાહ

• ગાન •

પાગલ પથિક હર પ્રહરે કહીંથી કહીં ગમન?
ગયેલ ને આવેલની મિલન-કેડીએ રહે ચરણ!

આવતાં જતાં જલની જાણે લીલા,
વ્હેણ-કોરેલા ક્યાં ય ન રહે ચીલા,
ક્યાં ય ન દિશા કોઈ, ન આરો,
કોઈનું ક્યાં યે ભવન.

સાવ રે ખાલી વ્યોમનું કીધું જાદુ,
ઝાંઝવાંનાં વનફૂલ તે લાગે સ્વાદુ,
અગન સરોવરનો આવી
અડકે ભીનો પવન!

કેટલાં ગયાં કેટલાં જોજન બાકી?
મન મોહ્યું ક્યાં? નેણ ક્યાં રહે તાકી?
જોઈ લે જરા
કોણ આ તારી છાંયમાં છાનું
ઝંખતું પાણિગ્રહણ?

નથી / મનસુખ વાઘેલા

• ગઝલ •

જિંદગીનું બિંબ પણ જોયું નથી!
આયનામાં હું ક'દિ મરતો નથી.

ઝાંઝવાં જેવી ભીનાશો છે જ ક્યાં?
હું તો દરિયામાં કદી તરતો નથી.

આપની સાથે ચરણ શું માંડવાં?
પથ્થરો સાથે કદી ફરતો નથી.

અર્થનું ભેંકાર-વન ખખડ્યા કરે!
શબ્દથી તો યે ક'દિ ડરતો નથી.

મોતનું સર્જન કર્યું છે મનસુખે
સૌ કહે છે હું કશું કરતો નથી.

ઓળખચિઠ્ઠી મારી

ભગવતીકુમાર શર્મા

• વસંતતિલકા-સૉનેટ •

થોડી ક્ષણો તરલ ઓગળી કાળખંડે
ને હું હજી અબઘડી જ પડ્યો વિખૂટો
તારા થકી—વિહગકંઠથી જેમ લીલો
ટૌકો તૂટી પવનમાં ગળી જાય પૂર્ણ.

હું યે મને સ્પરશું કિન્તુ ન લેશ પામું.
સાન્નિધ્યની તવ સુવાસ મૃદુ પીંછા શી
અસ્તિત્વને વળગી જે રહી તે પ્રમાણું.
હોવું–ન હોવું મુજ આમ દ્વિધા ભરેલું.
મારા નથી અવ કશા કર શેષ તો યે
મેંદાની ભાત તવ એ જ હથેળી મારી,
જે લુપ્ત પાય મુજ તે ય ગુલાલભીની
તારી પડી પગલીમાં જ હવે હું પ્રીછું:
પામું મને હું તવ શ્વાસની સંસ્મૃતિથી,
તારી હિયાધબક ઓળખચિઠ્ઠી મારી.

આપણે / મણિલાલ હ. પટેલ

• ગઝલ •

કાગળો અક્ષર વગર તો આપણે,
શબ્દ-વિણ ખાલી નગર તે આપણે.

લાગણીની ઓટ છે, ભરતી નથી,
સાવ ખારા દવ અગર તે આપણે.

આજ પાછી યાદ આવી છે તરસ,
વિસ્મરણથી તરબતર તે આપણે.

આજના છાપા સમા તાજા છતાં
જિંદગીથી બેખબર તે આપણે.

ટેરવાંમાં સ્પર્શ નામે શ્હેર છે
આમ જોકે ઘર વગર તે આપણે.

સેવાયજ્ઞ

ફાધર વાલેસ

કૉલેજનાં કેટલાંક વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને લઈને હું એક રવિવારે બપોરે ગરીબ લોકો રહેતા હતા એ ઝૂંપડાંઓમાં ગયો. હાથમાં કંઈ ન હતું, અને મનમાં કોઈ ખાસ કાર્યક્રમની યોજના પણ ન હતી. ફક્ત એ સામાન્ય સંકલ્પ હતો કે કૉલેજના વિદ્યાર્થીઓ તો સુખી કુટુંબના હોય છે. ગરીબ લોકો કેવી રીતે રહે છે એ એમણે નજરે જોયું નહિ હોય, અને કૉલેજમાં એમને ઘણું ભણાવીએ છીએ, બતાવીએ છીએ, તો આ એક પ્રત્યક્ષ પાઠ પણ ભણાવીએ. એમને ગરીબાઈનાં દર્શન કરાવીએ અને એ દ્વારા એમનાં દિલમાં દયા અને સેવા તથા માનવતાના સંસ્કારો જગાડીએ. એવો, નાનકડો પ્રયોગ હતો.

ઝૂંપડાંઓમાં જઈને વિદ્યાર્થીઓએ છોકરાંઓને રમાડયાં, વિદ્યાર્થિનીઓએ બહેનોની સાથે વાતો કરી, જેને જે સૂઝયું તે કર્યું, અને ખબર પણ ન પડી એ રીતે સાંજ પડી ગઈ, અંધારું થયું અને અમે પાછા જવા નીકળ્યાં. મેં વિદ્યાર્થીઓને પૂછયું: 'કેમ, મઝા આવી?' બધા ઉત્સાહમાં આવી ગયા હતા એટલે ઉપરાઉપરી બોલવા લાગ્યા: 'હા, ખૂબ મઝા પડી! અમને કલ્પના પણ નહોતી કે આ લોકો કેમ જીવે છે! અને તેઓ એમ માને છે કે અમે પૈસાદાર છીએ એટલે અમને કોઈ પ્રશ્નો હોતા નથી! અમે એમને ખૂબ સમજાવ્યું કે અમારે ઘેર કેટલા બધા પ્રશ્નો હોય છે અને કેવા અઘરા હોય છે. અને એ છોકરાઓ પણ કેટલા સારા છે! હવે આપણે દર રવિવારે આવીશું, બૉલ-બૅટ લઈને આવીશું, થોડી દવાઓ ને થોડાં કપડાં લઈને આવીશું અને આ લોકોને માટે કંઈક કરીશું.' એ ઉત્સાહ હતો, અને એમાંથી એક 'સમાજસેવા મંડળ' ઊભું થયું. એનો લાભ એ ઝૂંપડાવાળાઓને મળ્યો એ ખરું, પણ એના કરતાં એ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને મળ્યો એ કહેવું વધારે સાચું લાગે. એ ગરીબ લોકોની જે કાંઈ સેવા થઈ હોય તે થઈ, પણ એ કૉલેજના વિદ્યાર્થીઓની આંખો ખૂલી, દિલ ખૂલ્યું, ગરીબોનો સંપર્ક થયો, સામાજિક જાગૃતિ આવી—એ મોટો અને સાચો લાભ થયો. એ ખરી કેળવણી થઈ, કૉલેજનું ખરું કામ થયું.

સામાજિક જાગ્રતિ આપણા યુગનું એક ઊજળું લક્ષણ છે. સમાજમાં અસમાનતા તો છે, પણ એનું ભાન પણ છે, અનિષ્ટ તરીકે એની ઓળખાણ છે, અને એ ઘટાડવા ને મિટાડવા માટે પ્રયત્ન પણ છે. પહેલાં આટલી જાગ્રતિ નહોતી. ગરીબ જન્મ્યો તે ગરીબ મરશે. એથી કોનું શું બગડયું? એનું નસીબ હશે, એનાં કર્મ હશે—અથવા તો એની આળસ હશે. આપણે એમાં માથું ન મારીએ. ગરીબ છે તેને ગરીબ રહેવા દો. દરેક જણ પોતાનું કામ કરે, અને ભગવાન સૌનું સંભાળે.

પણ હવે જુદું વલણ છે. હવે સ્વામી વિવેકાનંદે સુંદર જવાબ આપ્યો હતો તેમ, 'જો એનાં કર્મ ગરીબ જન્મવાનાં હોય તો મારાં કર્મ એમને મદદ કરવાનાં છે.' દુનિયાની અસમાનતાને માટે આપણી જવાબદારી હવે આપણને સમજાઈ છે, અને એ મટાડવા માટે પણ આપણે પ્રવૃત્ત થયા છીએ. હવે ખાલી દયાનો સવાલ નથી, ન્યાયનો છે; હવે ધર્માદાનો વિષય નથી, ફરજનો છે. પહેલાં તો એવી સામાજિક પ્રવૃત્તિઓ ફક્ત કોઈ ધાર્મિક સંસ્થાઓ અથવા તો કોઈ વિરલ વ્યક્તિઓ દ્વારા થતી. હવે સ્કૂલના છોકરાઓથી માંડીને પુખ્ત વયનાં બહેનો સુધી બધાં એ કરે છે, અને કરીને આનંદ અનુભવે છે. એવી સંસ્થાઓ છે, કેન્દ્રો છે, શિબિરો છે, યજ્ઞો છે. ડૉક્ટરો મફત સેવા આપે અને સ્વયંસેવકો વ્યવસ્થા કરે. કુદરતી આફત હોય ત્યારે, સમાજ જાગે અને રાહતકાર્ય ઠેર ઠેર શરૂ કરે; અને કોઈ વિશેષ આફત ન હોય ત્યારે ગરીબાઈ અને રોગ અને અજ્ઞાનની કાયમી આફતો તો છે જ. એમાં ઉત્સાહી સેવાવીરો ઝંપલાવે છે. સમાજે સેવાયજ્ઞ આદર્યો છે એ આપણા જમાનાનું એક મોટું પુણ્ય છે.

દુનિયામાં ગરીબાઇ અને રોગ અને અજ્ઞાન અને કુદરતી આફતો તો રહેશે જ. તે જલદી નાબૂદ થવાનાં નથી. કદાચ કુદરતે એટલા માટે જ એ અસમાનતા ને એ દુ:ખ ને એ આફતો રહેવા દીધાં કે એને લઈને માનવોના દિલમાં સેવાની ભાવના ઉત્પન્ન થાય અને એકબીજાને મદદ કરીને બધા એક થતાં શીખી જાય. કુદરતનો એ શુભ હેતુ છે. અને એ આપણને છેવટે સમજાયો એ આપણું સદ્ભાગ્ય છે.

સેવાકાર્ય કરીએ ત્યારે દિલને સંતોષ થાય. કૉલેજના વિદ્યાર્થીઓને લઈને એ રવિવારે ઝૂંપડાંઓમાં ગયા હતા ત્યારે પાછા વળતી વખતે એ યુવાન લોકો ઘણા ઉત્સાહમાં હતા. એક સારું કામ કર્યાનો આનંદ હતો. ને એ આનંદમાં કુદરતનો સંકેત હતો કે આ કામ રૂડું છે, શુભ છે, કરવા જેવું છે. સેવાની ભાવનાથી સ્વાર્થ મટી જાય, દિલ વિશાળ થાય, બીજાઓનું દુ:ખ જોઈને પોતાનું દુ:ખ ઓછું થાય, બીજાઓની સેવા કરીને એમની સાથે આત્મીયતા જાગે.

દુનિયાના પ્રશ્નો તો પહેલેથી છે જ અને ભવિષ્યમાં પણ હશે. પણ એમાં આ નવું તત્ત્વ આવ્યું છે. આ સામાજિક ભાન, આ જાહેર જાગ્રતિ ને આ સેવાનું વલણ આવ્યું છે એ માનવજાતની એક નવી સિદ્ધિ છે. દુનિયામાં દુ:ખ કદાચ વધી ગયું છે. પરંતુ એ દુ:ખની સાથે એનો ખયાલ, એની જવાબદારી, એની સામે ઝુંબેશ, ને સાથે મળીને નાના મોટા પ્રયત્નો કરતા રહેવાની પ્રતિજ્ઞા પણ આવી ગયાં છે. આપણો યુગ ઘણાં નામોથી ઓળખાશે. બધાં સાચાં હશે. પણ દુ:ખ, વિનાશ, નિરાશાનાં નામોની સાથે આ નામ પણ સાર્થક છે: સેવાનો યુગ. એ સેવાયજ્ઞમાં અસંખ્ય પાપોનું પ્રાયશ્ચિત્ત છે.

સંત સંકલ્પ

હિટલરને આરંભમાં વિજય પર વિજય મળ્યા. તેણે જ્યારે ઑસ્ટ્રિયાને લોહી રેડયા વિના ગળી લીધું ત્યારે કહેલું કે 'આ ઈશ્વરની જ ઈચ્છા છે. મારા દ્વારા ઈશ્વર જર્મનીનો ઉત્કર્ષ કરી રહ્યો છે.' પણ ઈશ્વરનો હેતુ તે હિટલરે માનેલો હેતુ ન હતો. વારેવારે વિજયી થઇ, અભિમાનમાં અંધ બની પોતે કયે દિવસે પારી(સ)માં પ્રવેશશે અને કયે કલાકે શરણાગતિ લેશે તે પણ તેણે ઠરાવી દીધું. મૉસ્કોના દરવાજાથી માંડી પીરીનીઝના પહાડો સુધી, પૂર્વ-પશ્ચિમ અને ભૂમધ્યને સામે કાંઠે છેક કેરોના સીમાડા સુધી પોતાનાં પાંઝાર ટૅન્કદળો પહોંચાડયાં. બધાના જીવ તાળવે ચોંટી ગયા. પુરાણની ભાષામાં કહીએ તો-'ત્રણે લોક ભય પામી, નિર્બળ બની ગયા.' પણ એ વખતે એક મુઠ્ઠી જેવડા ટાપુના આગેવાને એવી આત્મશ્રદ્ધાથી કહ્યું કે 'અમે દરિયામાં લડીશું, દરિયાકાંઠે લડીશું, શેરીઓ અને ઘરેઘરે લડીશું પણ નાઝીઓને શરણે નહીં જઈએ.'

આ નિશ્ચય વખતે તેની પાસે વિમાનો નહોતાં, ટૅન્કો નહોતી, હથિયારો ડંકર્કમાં છોડીને આવ્યા હતા. સૈન્ય મામૂલી હતું. છતાં યે એ નાનકડા રાષ્ટ્રના સંત સંકલ્પે તેને હથિયારો અપાવ્યાં, ધન અપાવ્યું, મદદ આવી મળી, દુશ્મનોની પાસે વ્યૂહરચનાની અનેક ભૂલો કરાવી, તેના હાથમાં આવેલો વિજય ખોવડાવ્યો, અને છેવટે વિજય અપાવ્યો.

આરંભમાં જેની કોઈને કલ્પના નહોતી, જે કોઈ માનવા તૈયાર નહોતું, તેવું બન્યું.

—મનુભાઈ પંચોળી

પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં પરમ ચાહક, કલાકાર એવં ગવેષક, સ્વિટ્ઝર્લૅન્ડના કાશી-નિવાસી સારસ્વત પુત્રી

કુ. એલીસ બૉનર

લેખક - મધુસૂદન ઢાંકી

ઈ. ૧૯૬૪ના ઑક્ટોબરમાં પાલીતાણાથી શ્રી પ્રભાશંકર-ભાઈ સોમપુરા તરફથી પત્ર આવ્યો કે 'મિસ એલીસ બૉનર પાલીતાણા આવે છે. ભારતીય દેવાલય-સ્થાપત્યનાં જબરા અન્વેષક છે. તમારી જરૂર પડશે, ને તમને પણ એમને મળવામાં રસ પડશે; માટે તુરત જ આવો. દિવાળી અહીં કરજો.' મિસ બૉનર તે સમયે કલિંગ-વાસ્તુના ગ્રંથ 'શિલ્પ-શાસ્ત્ર' પર કામ કરી રહ્યાં હતાં. ગુજરાતમાં પ્રાચીન મંદિર-નિર્માણની પરંપરા જીવિત હોઈ, કેટલીક વાતો સમજવા, તેમ જ બન્ને પ્રાદેશિક પરિપાટીઓના વિભાવોની તુલના કરવા, ને વિચારોની આપ લે માટે પાલીતાણા આવી રહ્યાં હતાં. આ હતો મારો તેમની સાથેનો પ્રથમ પરિચય. વિદાય લીધી ત્યારે બનારસ આવવાનું અને તેમના મહેમાન થવાનું આમંત્રણ દેતાં ગએલાં. તે પછી ત્રણેક પત્રો પણ આવી ગએલા. ઉનાળામાં હિમાલયમાં રાણીખેત બાજુ એમની સાથે જવાનું ખાસ આગ્રહભર્યું લખાણ તેમના તરફથી આવ્યું; પણ ત્યારે તો નીકળવાનું બને તેમ નહોતું. છેવટે ૧૯૬૬ના જાન્યુઆરીમાં ડૉ. વાસુદેવશરણનાં દર્શને વારાણસી જવાનું થયું ત્યારે અમે તેમને ઘેર ઊતરેલાં. તે સમયે તેમને સમીપતાથી જોવાનો અવસર મળ્યો; ને ૧૯૬૬ના સપ્ટેમ્બરથી બનારસ અમેરિકન ઍકૅડેમીમાં જોડાયા બાદનાં વર્ષોથી તે આજ દિવસ સુધી તેમની સાથે ઘણો સંપર્ક રહ્યો હોઈ, તેમના વિષે ઘણું જાણી શક્યો છું.

તેમણે જીવેલ જીવન, જીવન પ્રત્યેની વફાદારી અને કાર્ય પ્રત્યેની એકધારી નિષ્ઠા અને રતપણું જોઈ, તેમના માટેનો આદર પ્રતિવર્ષ વધતો જ રહ્યો છે. ઝીણામાં ઝીણી બાબતો સંબંધી તેમની ચોકસાઈ, સ્વચ્છ વ્યવસ્થિતપણું, પ્રત્યેક કાર્યક્રિયામાં ખૂબ જ ચીવટ, સતત વિદ્યાભ્યાસંગ અને ભારતીય કલાઓનું તલસ્પર્શી અધ્યયન-આકલન, ભારતની ભાતીગળ પ્રજા ને તેમની સંસ્કૃતિ, રહેન-સહેન અને સમાજજીવનનું તેમનું પરખંદાપણું, કાશીનગરની ખૂબીઓ અને ખામીઓ ને કાશીવાસીઓના સ્વભાવ અને ખાસિયતોનો તેમનો સૂક્ષ્મ પરિચય, યુનિવર્સિટીમાં ચાલતાં રાજકારણો ઇત્યાદિની અનાયાસે પ્રાપ્ત થતી પણ ઘણી જ પ્રમાણભૂત ખબર, મોટાં મોટાં માણસો સાથેનો તેમનો પરિચય અને તેમની શક્તિઓના વાસ્તવિક અંદાજ, આવું તો ઘણું ઘણું તેમની સાથે થોડો સમય પણ ગાળવાથી જાણી શકાય. મનુષ્યને જોઈ, દૃષ્ટિમાત્રથી, એનાં અંતરંગ, ચારિત્ર્ય અને પ્રકૃતિ વિષેના કાઢેલા એમના અંદાજો આશ્ચર્યકારક રીતે સાચા ઠરેલા મેં જોયા છે. બોલે ઓછું, પણ ઘણું જ મર્માળું; અને અભિવ્યક્તિમાં એમના જેવી સચોટતા અને લાઘવ બહુ ઓછા લાવી શકે છે. સ્વભાવે ગંભીર પણ પ્રસંગ આવ્યે તેમની વિનોદવૃત્તિ ગજબની અને હાજરજવાબી પણ લાજવાબ. ભાવાભિવ્યક્તિ પણ ખૂબ જ. યુરોપ અને ભારતના વીતી ગએલા ચાર દાયકાની અને તે પહેલાંની ઘણી વાતો, એ વખતના લોકો અને એ જમાનાની તાસીર વિષે એમની પાસેથી પ્રસંગે પ્રસંગે કંઈ ને કંઈ સાંભળવા મળ્યું છે. પણ પ્રકૃતિએ થોડાં આપમગ્ન અને અંતરમુખી હોઈ, પોતા વિષે ઘણું જ ઓછું કહે છે. છતાં બાર વરસથી તેમનો પરિચય હોઈ, એમનાં જીવન-કવનની



મિસ એલીસ બૉનર ૧૯૭૨માં

હકીકતો મારા આગ્રહથી ક્યારેક ક્યારેક કહેતાં. ભારતમાં રહેતી, કળજગ લાવી રહેલ બબ્બે મહાયુદ્ધો પૂર્વેના પુરાણા યુરપની ખાનદાનીના પ્રતીક શી, સૌજન્યશીલ ને સૌભદ્ર, નીતિમત્તા પ્રત્યે અખૂટ શ્રદ્ધા રાખનારી, આ સમર્થ અને મહાન વિભૂતિ વિષે આપણા દેશવાસીઓ ઘણું જ ઓછું કે નહિવત્ જ જાણે છે. અને મિસ બૉનર પણ પોતા વિષે ઉદાસીન રહેતાં હોઈ, જાણવાની તકો પણ બહુ જ ઓછી અને ઓછાઓને મળી છે.

એમના પિતા જ્યૉર્જ બૉનર હતા સ્વિસ નાગરિક; જ્યારે માતા એલીસ બ્રાઉન હતાં બ્રિટિશ વ્યાપારી ચાર્લ્સ બ્રાઉનનાં પુત્રી. આથી સ્વિસ ઉપરાંત અંગ્રેજી સંસ્કારનો પણ તેમને લાભ મળેલો. મિસ બૉનરનો જન્મ સ્વિટ્ઝર્લૅન્ડમાં નહિ પણ ઈટાલીના લેગ્નાનો (Legnano) શહેરમાં સન ૧૮૮૯ની ૨૨મી જુલાઈએ થયો હતો, અને બાવીસ વરસની ઉમરનાં થયાં ત્યાં સુધી કુટુંબ સાથે મુખ્યતયા ઈટાલીમાં જ રહ્યાં હતાં. દરમિયાન માતૃભાષા સ્વિસ-જર્મન ઉપરાંત ઇટાલિયન, ફ્રેંચ અને અંગ્રેજીનો અભ્યાસ કરી, ચારે ભાષામાં એકસરખી પ્રવીણતા મેળવેલી. (સ્વિટ્ઝર્લૅન્ડવાસીઓ માટે આ ચારે ભાષાઓ જાણવી જરૂરી છે; કેમ કે અંગ્રેજી સિવાયની ત્રણ ભાષાઓ તો એ દેશમાં પ્રવર્તમાન છે, ને અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા હોઈ, તે કારણસર ભણવી પડે છે.) વિશેષ શિક્ષણ એમણે વિખ્યાત શહેર મિલાનો (Milano)માં લીધું; પણ ડિગ્રી મેળવવા સુધી પૈંડે રહ્યું નહિ અને કલાકાર બનવાની મહેચ્છા જાગતાં સત્તર વર્ષની ઉમરે તેઓ વચ્ચેના ગાળામાં બ્રુસેલ્સ જઈ, ત્યાં ચિત્રકલાનું શિક્ષણ લઈ આવ્યાં; પછી બે વાર જર્મની જઈ મ્યુનિચમાં તે વખતના લબ્ધપ્રતિષ્ઠ શિલ્પી કાર્લ-બુર્ખહાર્ટ (Carl Burckhardt) પાસે શિલ્પકલા શીખ્યાં. સુસંસ્કૃત અને સુંદર નગર બાસેલ (Basel)ના રહેવાસી, ને પોતાના નગરની અસ્મિતામાં માનનાર આ ગુરુએ તેમને શિલ્પકલામાં ખૂબ ઊંડા ઉતરવાની દૃષ્ટિ અને તાલીમ આપ્યાં.



બ્રિટિશ માતા એલીસ બ્રાઉન



સ્વિસ પિતા જ્યૉર્જ બૉનર

ઈ. ૧૯૧૨માં તેઓ પિતૃભૂમિ સ્વિટ્ઝર્લૅન્ડ આવ્યાં અને ઝુરિખ (Zurich) પાસેના બેદન (Baden) નગરમાં શિલ્પી તરીકે કારકિર્દી શરૂ કરી. ઈ. ૧૯૧૩માં તેમના મામા ચાર્લ્સ બ્રાઉન ભારતથી પાછા આવ્યા ત્યારે ભારતીય કલાના આદિ પુરસ્કર્તા અને પ્રશંસક ઈ. બી. હૅવલ (E. B. Havell)નાં પુસ્તકો તેમ જ એક નંદીનું શિલ્પ અને એક દેવીમૂર્તિ પોતાની સાથે લાવેલા. આ હતો મિસ બૉનરનો ભારતીય કલાનો પ્રથમ પરિચય. એમને ભારત જવાનું પ્રથમ સ્વપ્ન આ પળે જ જાગ્યું; પણ તે કાળે બ્રિટિશ ન હોય તેવા યુરપવાસી માટે ભારત ચંદ્રલોક જવા જેટલું કઠિન હતું. ભારત તરફનું આકર્ષણ તેમના કુટુંબમાં ખાસ રહેલું. એમના પિતાના પિત્રાઈ એડવર્ડ્ઝ ગીઆકોમો બૉનર (Edoards Giacomo Boner)એ છેક ૧૮૮૪માં કલિદાસ પર ઈટાલિયનમાં એક કવિતા લખેલી!

એ અરસામાં પ્રાચીન ગ્રીક કલા તેમ જ યુરોપનાં ગૉથિક સ્થાપત્યનાં સુપ્રસિદ્ધ કથીડ્રલો અને તેમની શિલ્પશૈલીઓનો અભ્યાસ કર્યો. એ યુગમાં ગ્રીક કલાનાં ખૂબ જ પ્રસિદ્ધ બનેલાં બે શિલ્પો—વીનસ (Venus de Millo) અને ઍપોલો (Apollo Belvedere)—થી તેઓ ખાસ પ્રભાવિત થએલાં. માતામહ ચાર્લ્સ બ્રાઉનનાં ગ્રીક કલા પ્રતિનાં આદર અને અભિરુચિ મિસ બૉનરમાં ઊતર્યાં હતાં. પણ સાથે જ હવે ભારતીય કલાનું પણ આકર્ષણ થયું હતું. એટલે એ પળે ભારત ન જઈ શકવાની ખોટ તેમણે યુરપનાં સંગ્રહાલયોમાં સંગૃહીત ભારતીય ચિત્ર ને શિલ્પપ્રતિમાઓના અધ્યયનથી પૂરી કરી. યુરપીય કલાઓથી ભારતીય પ્રણાલીઓની કલા એકદમ ભિન્ન લાગવા ઉપરાંત આત્મા સાથે સીધો સંવાદ કરતી હોવાની તેમને પ્રતીતિ થઈ. એ વખતે તેઓ જે ચીતરતાં તેમાં નૃત્યકારોની ભંગીઓ અને તસ્વીરો (portraiture) પર તેમનો વધુ ઝોક રહેલો. શિલ્પમાં એ કાળે ભાસ્કર્ય તરફ વિશેષ પ્રીતિ હતી.

આ પછી ઈ. ૧૯૨૩-૨૪માં મામા ચાર્લ્સ બ્રાઉન સાથે ટ્યુનિસિયા અને મૉરોક્કોના પ્રવાસે ગયાં. ત્યાંનાં ગામડાં, જૂની મૂર સંસ્કૃતિ, ઊંટ સરખાં યુરપમાં ન જોવા મળતાં પ્રાણી અને જનજીવનનું ખૂબ ધ્યાનથી નિરીક્ષણ કર્યું, જેના ફલરૂપે પછીથી કેટલાંક ચિત્રો અને શિલ્પો કરેલાં. ઈ. ૧૯૩૦માં 'મૉરોક્કોનો ભરવાડ'ની તેમણે સર્જેલી સજીવ સમી ધાતુ-શિલ્પ-કૃતિએ ખાસ ધ્યાન ખેંચેલું. (આજે તે ઝુરિખના રીટબર્ગ પાર્ક (Rietberg Park)ને શોભાવી રહ્યું છે.) મામા ચાર્લ્સ બ્રાઉન તો મૉરોક્કોની સંસ્કૃતિથી એટલા પ્રભાવિત થઈ ગએલા કે પછીથી ત્યાં ફેઝ પાસે મોટી જમીન ખરીદી, ઈસ્લામ ધર્મ અંગીકાર કરી, ત્યાં જ સ્થાયી થઈ રહી ગએલા. એમના પિતા, મિસ બૉનરના માતામહ, ચાર્લ્સ બ્રાઉન સારી એવી સંપત્તિ મૂકી ગએલા, એટલે તેમને કમાવાની ચિંતા નહોતી. પુરસ્ય એવી મૂર સંસ્કૃતિના સંપર્કનું એક પરિણામ એ આવ્યું કે મિસ બૉનર માનસિક ભૂમિકા પર ભારતની વિશેષ નજીક આવ્યાં

મૉરોક્કોના પ્રવાસ પછી તેઓ ઝુરિખ વળી આવ્યાં ને માતાના મૃત્યુ પછી ૧૯૨૫-૨૬માં કલાકારોના મહાધામ પારી(સ)માં મુકામ ફેરવી, ત્યાં ૧૯૨૮માં પોતાનો આતાલિયે (Atalier)—સ્ટૂડિયો-ખોલી કામ કરવા લાગ્યાં. એ અરસામાં ભારતથી નૃત્યકાર ઉદયશંકર પારી(સ) આવ્યા. ઈ. ૧૯૨૨માં એમની પ્રારંભિક, કિશોરાવસ્થાની કલાનું દર્શન ઝુરિખમાં મિસ બૉનરે કરેલું. અને ત્યારથી જ તેમની શક્તિ વિષે ઊંચો અભિપ્રાય બંધાએલો. એટલે અહીં પારી(સ)માં ભારતીય કલાના અનુરાગે તેમને ઉદયશંકરની નૃત્યકલા પ્રતિ સ્હેજે જ આકર્ષ્યાં. ઉદયશંકરની નૃત્યમુદ્રાઓને રેખાંકનો, અને પછીથી લાખ, પ્લાસ્ટર અને છેવટે ધાતુશિલ્પમાં તેમણે અંકિત કરી, અને એ રીતે એ ઊગતા કલાકારના વિશેષ પરિચયમાં આવ્યાં. એ કાળે બંગાળમાંથી હસન સુહરાવર્દી એક રશિયન અભિનેત્રી સાથે ત્યાં આવેલા તેમની સાથે પણ પરિચય થયો.

ઈ. ૧૯૨૯માં ઝુરિખનું ઘર કાઢી નાખી પિતા જ્યૉર્જ બૉનર અને વચેટ બહેન જ્યૉર્જેત (Georgette) પણ પારી(સ) આવી વસ્યાં. દરમિયાન મિસ બૉનરને લાગ્યું કે ઉદયશંકરને વિશેષ સહાય ને સહકાર મળે તો તેમની શક્તિઓ પૂરેપૂરી ખીલી ઊઠે. આથી તેમણે ઉદયશંકરને તન-મન-ધનથી મદદ કરવાનો નિશ્ચય કર્યો. ઉદયશંકરનાં પ્રારંભિક નૃત્યોમાં પિયાનાનો સંગાથ રહેતો અને પોશાકો જોઈએ તેવા પ્રમાણભૂત નહોતા. આ ક્ષતિઓ નિવારવા ૧૯૨૯ના ડિસેમ્બરમાં મિસ બૉનર ઉદયશંકર સાથે ભારત આવ્યાં. ભારતની એ એમની મુગ્ધ ભાવે કરેલી પ્રથમ મુલાકાત હતી. અહીં ૧૯૩૦માં ભારતીય કલા અને સ્થાપત્યના જગત્ખ્યાત નિષ્ણાત ડૉ. સ્ટેલા ક્રૅમરિશ સાથે પ્રથમ જ વાર મુલાકાત થઈ, જે પછીથી મૈત્રીમાં પરિણમેલી. ભારતીય નૃત્યકલાના પુનર્જીવન અને તેને જગતના તખ્તા પર મૂકવા અને માન્યતા અપાવવા માટેનું વ્યવસ્થિત આયોજન ઉદયશંકર અને મિસ બૉનરે હવે સાથે મળીને કરવા માંડ્યું; અને ૧૯૩૦-૩૧માં ઉદયશંકર, તેમના બંધુ રવિશંકર, બે બહેનો, માદામ સિમ્કી તેમજ સંગીત-નિદર્શન માટે ખ્યાતનામ વાદક ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાં સાથે, જરૂરી પોશાકાદિ સામગ્રી લઈ મિસ બૉનર પારી(સ) આવ્યાં. તે વખતે શહેરમાં તો રહેવાની જગ્યા મળી નહિ એટલે પારી(સ) નજીક બોલોન (Boulogne S/Seine)માં ઓરડા ભાડે રાખ્યા: અને પારી(સ)ના તે વખતના સૌથી મોટા નાટ્યમંદિર સાલ પ્લેયેલ—Salle Pleyel—માં કાર્યક્રમ આપ્યો. મિસ બૉનરે ઈમ્પ્રેસારિયો—impressario—નું કામ કર્યું, અને પોષાકોની સજાવટનું દિગ્દર્શન પણ આપેલું. કાર્યક્રમને ખૂબ સફળતા મળી.

આ પછી તો મંડળીએ સ્વિટ્ઝર્લૅન્ડ, ઈંગ્લૅન્ડ, જર્મની, હોલૅન્ડ, બેલ્જિયમ અને છેવટે અમેરિકામાં પણ કાર્યક્રમો આપ્યા. ત્યાં ૧૯૩૩માં બૉસ્ટનમાં ડૉ. આનંદ કુમારસ્વામીને ઉદયશંકર સાથે મળેલાં અને ભારતીય નૃત્યકલા પર વ્યાખ્યાન પણ આપેલું. આ અરસામાં તેમણે કથકલી ઉપર Kathakali નામનો પ્રણાલીની ચર્ચા કરતો સચિત્ર લેખ પણ લખેલો, જે કલકત્તાના જાણીતા કલાસામયિક 'જર્નલ ઑવ ધી ઈંડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ'ના જૂન ૧૯૫૩ના અંકમાં પ્રસિદ્ધ થએલો.

આ પછીનાં બેએક વર્ષો સ્વિટ્ઝર્લૅન્ડમાં ગાળ્યાં. ત્યાં બાલ(Bale)માં અને પછી ઝુરિખમાં સ્ટૂડિયો સ્થાપી ઘણાં ચિત્રો અને શિલ્પો કર્યાં. એ કાળનાં એમનાં બે નોંધપાત્ર શિલ્પો ત્યાં છે: (૧) 'Looking into Eternity' અથવા 'Ccntemplation' (પાષાણ) આજે ઝુરિખ યુનિવર્સિટી પાસેના ઉદ્યાનમાં સરોવર સામે મૂકેલું છે, ને (૨) 'Portrait of J. B.'નું કાષ્ઠશિલ્પ ઝુરિખ મ્યૂઝિયમમાં છે; જ્યારે એ અરસામાં કરેલ 'Walking Lady' તેમની પ્રારંભિક કારકિર્દીના





△ કુ. એલીસ બૉનર ઈ. ૧૯૨૫માં, ૧૯૪૦માં અને ૧૯૬૪માં. નીચે: કાશીમાં અસ્સી ઘાટ પરના પોતાના ઘરમાં ૧૯૩૮માં ▽

નગર બ્રિહનમાં મુકાએલું છે. વળી 'Catching the Bird' પણ તેમનાં યાદગાર શિલ્પોમાંનું એક છે. આ ઉપરાંત તેમનાં અન્ય ઘણાં ચિત્રો અને શિલ્પો, બાલ, બ્રિહન અને ઝૂરિખના સંગ્રહોમાં છે, જેમાંનું એક રશિયન સંગીતકારનું કાંસ્ય-બસ્ટ વિખ્યાત બનેલું છે.

ઈ. ૧૯૩૫માં તેઓ ફરીને હિંદ આવ્યાં: કથકલી નૃત્યનાં રેખાંકનો કરવા અને કલકત્તામાં ઉદયશંકર માટે પોષાકો તૈયાર કરવા. તે કામ પતાવી બનારસ આવીને શરૂઆતમાં ત્યાં મામુરગંજમાં એક રજવાડી મકાન—Pholik's house—માં રહ્યાં: પણ ગંગાઘાટે રોજ ચિત્રો કરવા જવા માટે આ મકાન દૂર પડતાં ત્યાં ઘાટ પર એક મકાન લઈ રહ્યાં. એ દિવસોમાં પં૦ મદનમોહન માલવીયને પણ મળેલાં. પછી ઈ. ૧૯૩૬માં ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાં સાથે સ્ટીમર વિક્ટોરિયામાં યુરોપ ગયાં. આ વખતે, અને ત્યાર બાદ પણ, તેઓ આલ્પ્સ પર્વત પર ૪૭૫૦ ફીટની ઊંચાઈએ તેમના દાદાએ ઈ. સ. ૧૮૮૦માં બાંધેલી બે મજલાવાળી, પ્રકૃતિની ગોદમાં રહેલી સુંદર વનકુટિર 'Da Vos'માં રહેતાં. આ કાળે તેમણે શિલ્પ કરતાં ચિત્રો દોરવા પ્રતિ વિશેષ ધ્યાન આપ્યું. ભારતમાં કરેલા સ્કેચ પરથી ૧૯૩૭માં સર્જેલા 'માતા અને શિશુ' અને ૧૯૩૮માં દોરેલી 'ગંગાઘાટે વેશપરિવર્તન'માં તેમનો શિલ્પીનો આત્મા ચિત્ર દ્વારા વ્યક્ત થયો છે. યથાર્થવાદ અને તે કાળની આધુનિક લેખાતી ક્યૂબિસ્ટ Cubist સરખી પ્રણાલીઓના સંમિશ્રણ દ્વારા સર્જાએલાં એ ચિત્રો, તેમની એ કલા, વિષયો ભારતીય હોવા છતાં, શુદ્ધ યુરપીય પરંપરાની પકડ છતી કરે છે.

ઈ. ૧૯૩૯ના સપ્ટેમ્બર બાદ તેઓ ફરીને ભારત આવ્યાં. દરમિયાન યુરપમાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને તેથી, તે ૧૯૪૬માં પૂરું થયું ત્યાં સુધી પાછા ફરવાનું શક્ય ન હોતાં તેઓ બનારસમાં રહ્યાં. આ વખતે આવ્યાં ત્યારે એમના હિન્દી શિક્ષા-ગુરુએ તેમને અસ્સીઘાટ પાસે મકાન શોધી આપેલું, જે તેમનું આજ દિવસ સુધીનું ભારત ખાતેનું નિવાસસ્થાન બની રહ્યું છે. ઈ. ૧૯૩૯માં આવીને તેઓ કલકત્તામાં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને મળેલાં અને તે પછી તુરતના ગાળામાં અલ્લાહાબાદમાં પંડિત જવાહરલાલ નેહરુને પણ મળવાનું થએલું. ભારતીય સંસ્કૃતિ-વિદ્યાના જાણીતા વિદ્વાન બાબુ ભગવાનદાસ તે વખતે બનારસમાં હતા તેથી તે વર્ષોમાં તેમની સાથે પણ અવારનવાર મુલાકાત અને ચર્ચાઓ થતી. આલ્મોડામાં પણ પ્રારંભમાં ત્રણેક વર્ષ ઉદયશંકરના કલાકેન્દ્રમાં ગાળેલાં. પછીથી શંકરને અન્ય સહાયકો મળી જતાં, તેમજ કેટલીક કલાવિષયક બાબતોમાં અભિપ્રાયભેદ થતાં તેમણે આલ્મોડા છોડેલું. ભારત આવ્યા બાદ તેમણે દોરેલું ગંગાકિનારાની 'અંતરગૃહયાત્રા' અને ૧૯૪૨માં કરેલું 'સૂર્યોદય' હજી યુરપીય શૈલીનો પ્રભાવ બતાવે છે; પણ આમાં થોડા વખત બાદ પરિવર્તન આવવાનું હતું તે વિષે આગળ જોઈશું.

ઉદયશંકરથી ૧૯૪૨ના અરસામાં છૂટા પડયા બાદ તેઓએ ભારતીય શિલ્પસ્થાપત્યની આંતરિક ખોજમાં પ્રવાસો આદર્યા; અને તેમાં સૌ પ્રથમ તો ભારતીય કલાની ઉત્તમોત્તમ કૃતિઓ ધરાવતાં, છઠ્ઠાથી આઠમા શતક સુધીમાં કંડારાએલાં દક્ષિણપથનાં ગુફામંદિરોનું ખૂબ ધ્યાનપૂર્વક



કુ. એલીસ બૉનરનાં ત્રણ શિલ્પ

'મૅરોક્કોના ભરવાડ' (જમણી બાજુ છેડે) ઈ. ૧૯૨૩–૨૪માં ટ્યુનિસિયા ને મૅરોક્કોના પ્રવાસના એક ફલરૂપે ઈ. ૧૯૩૦માં સરજાએલું અને ઝૂરિખના રીટબર્ગ પાર્કને શોભાવતું કાંસ્યશિલ્પ.

'જે. બી.'ની કાષ્ઠપ્રતિમા (જમણી બાજુ) હાલ એ ઝુરિખના મ્યૂઝિયમમાં છે.

'અનંતમાં દૃષ્ટિપાત' (કે 'ધ્યાનરત') ઝૂરિખ યુનિવર્સિટી પાસેના ઉદ્યાનમાં મુકાએલું આ (જમણી બાજુ નીચેનું) પાષાણશિલ્પ તથા બાજુનું કાષ્ઠશિલ્પ મિસ બૉનરે ઝૂરિખમાં પોતાના સ્ટૂડિયોમાં કરેલાં સર્જન છે.






અન્વેષણ કર્યું, જેનું સુફળ એમનાં આજે તો વિશ્વવિખ્યાત બનેલ પુસ્તક The Principles of Composition in Hindu Sculpture (Cave Temple Period) રૂપે અવતર્યું છે. આની બુનિયાદ સન ૧૯૪૩–૪૫ના ગાળામાં તેમણે સ્ટેલા ક્રૅમરિશ સાથે કરેલા 'ભારતીય સ્થાપત્યમાં ભૂમિતિના પ્રયોગ' વિષય પરના સહઅન્વેષણ સમયે નંખાઈ ગએલી. પાછળથી કેટલાક મૂળભૂત અર્થઘટનમાં મતાંતર થતાં મિસ બૉનરે એ પછીનું નવું કાર્ય એકલે હાથે જારી રાખેલું. આ અન્વેષણ દરમિયાન ઈલોરામાં દશાવતાર અને કૈલાસ ગુફાઓમાં તેમને ભારતીય શિલ્પનાં આધ્યાત્મિક પરિમાણોની તાદૃશ અનુભૂતિ થઈ અને એ શિલ્પોના બંધારણ પાછળ રહેલાં દિગ્‌કાળનાં માનનાં રહસ્યો એમને સમજાયાં, જે તેમણે ઉપર કહ્યા તે પુસ્તકમાં અનાવરિત કર્યાં છે. બનારસના આ કાળના નિવાસ દરમિયાન તેમના ઘરથી થોડે જ દૂર રેવાઘાટ પર રેવાનરેશના મહેલ (રેવાકોઠી)માં રહેતા, જગતખ્યાત તસ્વીરકાર બુર્નિયર (Burnier) સાથે પણ તેમને ખૂબ પરિચય થએલો અને અવારનવાર ઉભયપક્ષે સંગોષ્ઠિઓ આયોજાતી.

ઉદયશંકર સાથેના સંપર્કથી ભારતીય નૃત્ય અતિરિક્ત ભારતીય સંગીતનો પણ તેમને ખાસ્સો પરિચય થઈ ગએલો. એકવાર ઉસ્તાદ સદ્દનખાંના સિતાર પરના વસંત રાગના ભાવવાહી આલાપથી પ્રેરાઈ તેમણે ૧૯૪૪માં'રાગ વસંત'નું ચિત્ર દોર્યું, જેમાં હવે યુરોપીય શૈલી ગૌણ બની ત્યાં ભારતીય મુદ્રાઓ અને પ્રતીકોનો ઘેરો પ્રભાવ જોઈ શકાય છે.

યુદ્ધ દરમિયાન પિતા જ્યોર્જ બૉનર પારી(સ) છોડી વતનમાં આવતા રહેલા, પણ પારી(સ) તેમને બહુ જ પસંદ હતું એટલે યુદ્ધશાંતિની ઘોષણા થયા બાદ તરત જ ફરી ત્યાં પહોંચ્યા. દરમિયાન એમના મકાનમાં સૈનિકો રહેલા અને બૉમ્બમારા વખતે થોડું નુકસાન થએલું. એ ટાંકણે મિસ બૉનર પણ ભારતથી ત્યાં જઈ પહોંચ્યાં. આઠ વર્ષ બાદ હર્ષાશ્રુ અને ઊર્મિની ભરતીઓ સાથેનો કુટુંબમેળો ત્યાં એકઠો થયો. પણ આ સુખ લાંબું નભ્યું નહિ. ઇ. ૧૯૪૭માં જ્યૉર્જ બૉનર અવસાન પામતાં માળો વીખાઈ ગયો અને પરિવારનાં સૌ ઝૂરિખ ગયાં. પણ યુદ્ધ પછીનું દુર્દશા પામેલું યુરપ ઘણું જ બદલાઈ ગએલું. મનુષ્ય મનુષ્ય વચ્ચેના પ્રેમ અને સદ્‌ભાવ પાતળા પડી ગયા હતા. શીલ-સદાચાર નેવે મૂકાઈ ગએલાં ને જીવનનો તાલ અતિ દ્રુત ગતિએ ચાલવા લાગેલો. વધુમાં ભારતમાં જીવનની ધીમી, પ્રશાંત ગતિથી રહેવા તેઓ ટેવાઈ ગએલાં. આમાં પોતે હવે જરા યે બંધ નહિ બેસે એમ લાગતાં, અને ભારતમાં હજી યે ધર્મભાવના ટકી રહી હોવાની પ્રતીતિ સાથે તે ફરી ભારત આવ્યાં અને પરિણામે ઈ. ૧૯૩૯થી શરૂ થએલો તેમનો વસવાટ આજની ઘડી સુધી અહીં ચાલુ જ છે.



ફરી ભારત આવી ગયા બાદ ઈ. ૧૯૪૯માં દક્ષિણના પ્રવાસ વખતે તેઓની બૅંગ્લોરમાં પ્રસિદ્ધ નૃત્યકાર શાંતા રાવ સાથે મુલાકાત થઈ અને બંને વચ્ચે મિત્રતા બંધાઈ. પરિણામે શાંતા રાવનાં કથકલી નૃત્યો માટેના પોષાકોનું તેમણે નિદર્શન કર્યું, અને ઉત્તર બાજુ તેમના નૃત્ય-પ્રયોગો યોજવા પણ જહેમત ઉઠાવેલી. આ અરસામાં શ્રીમતી સરોજિની નાયડુ ઉત્તર પ્રદેશમાં રાજ્યપાલપદે હતાં. તેમની સાથે મિત્રતા હોઈ, મિસ બૉનર વચ્ચે વચ્ચે લખનૌ જતાં ને તેમની સાથે રહેતાં.

હવે મિસ બૉનરનું મન કૃષ્ણભક્તિ તરફ ઢળવા લાગેલું. તેમણે પોતાના ઘરમાં કાષ્ઠના નાનકડા કૃષ્ણમંદિરની પણ સ્થાપના કરી. દરમિયાન ડૉ. વાસુદેવશરણે તેમની ભારતીય શિલ્પસ્થાપત્યની લગન જોઈ, ભારતના તદ્‌વિષયક મૂલ સ્રોતો—વાસ્તુ અને શિલ્પશાસ્ત્રોમાં ઊંડા ઊતરી અન્વેષણ કરવા તેમને ઉત્તેજિત કર્યાં. એ પ્રકારના ગ્રંથો, જેમાં શિલ્પના બંધારણના સિદ્ધાંતોની ચર્ચા હોય તેવા ગ્રંથોમાં તેમને વિશેષ રસ હતો. તેની શોધમાં તેઓ રાજસ્થાન, ગુજરાત, દક્ષિણ ભારત અને ઓડિસ્સાના પ્રવાસો ખેડતાં રહ્યાં. બનારસની ઉનાળાની

ગરમી તેમનાથી સહન થતી નહિ. આથી એક વર્ષે ગ્રીષ્મ ઋતુ હિમાલય તરફના કોઈ શીત સ્થળે ગાળતાં, ને બીજે વર્ષે એ જ દિવસોમાં સ્વિટ્ઝર્લૅન્ડ જવાનો નિયમ કરેલો. નાદુરસ્ત તબિયતને કારણે છેલ્લાં પાંચેક વર્ષથી હવે તેમણે સ્વિટ્ઝર્લૅન્ડ જ જવાનું રાખ્યું છે.

ઈ. ૧૯૫૭માં તેમનાં સૌથી નાનાં બહેન યોન બોવેરી-બૉનર (Yoonne Boveri-Boner) પહેલી વાર ભારત આવ્યાં તેમની સાથે સાંચી વગેરે સ્થળોએ તે ફર્યાં, અને એ જ સાલમાં કલિંગ સ્થાપત્યના વિદ્વાન પં. સદાશિવરથ શર્મા સાથે પરિચય થયો. પંડિતજીએ મિસ બૉનરને કટકની રઘુનંદન લાયબ્રેરીમાં રહેલા કલિંગ સ્થાપત્યના ત્રણ બહુમૂલ્ય ગ્રંથો—શિલ્પપ્રકાશ, સૌધિકાગમ અને શિલ્પસારિણી—બતાવ્યા, અને તેના પર કામ કરવા જેવું છે તેમ કહી પોતે પણ તેમને સહાય આપવા તત્પરતા બતાવી. અંદરની સામગ્રી તપાસતાં આ ગ્રંથો અગત્યના જણાતાં તેમાં આગળ ધપવા નિશ્ચય કરી, આજે તો છેલ્લાં અઢાર વર્ષોથી તેઓ પં. સદાશિવરથ શર્માની મદદ લઇ આ ગ્રંથોના અંતરંગમાં ઊતરવાનો અને કલિંગની વાસ્તુપ્રણાલીના ગૂઢ સિદ્ધાંતો સમજવાનો પુરુષાર્થ કરી રહ્યાં છે અને તેમાં મહદંશે સફળ થયાં છે.

શુદ્ધ સંશોધનને માર્ગે પ્રયાણ કરવાથી તેમણે હવે ઈતર કલાવિષયક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છોડી દીધી. ખડતલ શરીર હોવા છતાં શિલ્પસર્જન તો વધતી જતી ઉમરને કારણે ઘણા વખતથી છોડી દીધેલું; પણ ચિત્રો દોરવાં યે હવે બંધ કર્યાં. ચિત્રક્ષેત્રે એમનું છેલ્લું સર્જન છે 'વિશ્વરૂપ', જેમાં તેમણે મહાવિષ્ણુના બ્રહ્માંડવ્યાપી, પ્રવૃત્ત અને નિવૃત્ત, ભયાનક–ઉદાત્ત સ્વરૂપની કલ્પના કરી છે. સાથેસાથે નૃત્યકલા અને નૃત્યકારોનો સંપર્ક પણ છોડયો અને બધું જ ધ્યાન હવે શિલ્પશાસ્ત્રોની ગવેષણા પાછળ કેન્દ્રિત કર્યું. આ સંશોધનનાં પરિણામો આપણે તેમના ૧૯૬૪થી છપાતા રહેલા અભ્યાસપૂર્ણ અને મનનીય લેખો તેમજ પુસ્તકોમાં જોઈ શકીએ છીએ. તેમાં સૌથી પહેલો જર્મનમાં લેખ 'Ziir Komposition des Siva Natarāja im Museum Rietberg' લખ્યો, જે જગવિખ્યાત ત્રૈમાસિક Artibus Asiae (1964/65)માં છપાયો. દરમિયાન ૧૯૬૪ના જાન્યુઆરી માસમાં દિલ્હીમાં ભરાએલા International Congress of Indologistsના અધિવેશનમાં તેમણે કોણાર્કના મહાન સૂર્યમંદિરના નિર્માણ સંબંધી પ્રાપ્ત થએલા પુરાણા ગ્રંથોના અનુલક્ષે 'New Light on the Sun Temple at Konārak' એ વિષય પર ધ્યાન ખેંચતો નિબંધ વાંચેલો. આ જ સાલમાં કાંચી કામકોટીપીઠના શંકરાચાર્યના રજતમહોત્સવ પ્રસંગે તેમણે 'Decadence of Art in Modern Times' અને 'The Mystery of Sacred Architecture' નામનાં બે વ્યાખ્યાનો આપ્યાં, જે પછીથી Journal of Oriental Researcb, Vol. 34–35, Madrasમાં છપાયાં છે. એ પછી બનારસમાં American Academy of Benares તરફથી આયોજિત International Seminar on Indian Temple-Architectureમાં 'Extracts from the Silpasarini' નામક અભ્યસનીય લેખ વાંચેલો, જે પછીથી પ્રસ્તુત સંસ્થા (હવે A. I. I. S.)ના પ્રકાશન Studies in Indian Temple Architecture (Vārānasi 1975)માં સંકલિત થયો છે. તદુપરાંત એમનો 'Economic and Organizational Aspects of the Building Operations of the Sun Temple at Konārak' નામનો મહત્ત્વનો લેખ Journal of the Economic and Social History of the Orient (Vol. VIII, pt. 3, 1970)માં પ્રસિદ્ધ થયો છે. એમના અત્યાર સુધી લખાએલા લેખોમાં છેલ્લામાં છેલ્લો મહત્ત્વનો લેખ મદ્રાસની અડયાર લાયબ્રેરીના મુખપત્ર 'બ્રહ્મવિદ્યા'ના 'ડૉ. રાઘવન અભિનંદન ગ્રંથ'માં 'Saudhikāgama on Pañfaras' નામે પ્રકાશિત થયો છે.

તેમના લેખનકાર્યની ટોચ અને સંશોધન-પ્રદાનની યશકલગી સમો તો છે મહાગ્રંથ New Light on the Sun Temple of Konārak, જે તેમણે અગાઉના 'શિલ્પશાસ્ત્ર' પ્રકાશનની જેમ પં. સદાશિવરથ શર્માના સહકારથી તૈયાર કરેલો (સાથે રાજેન્દ્રપ્રસાદ દાસ પણ છે), અને જે વારાણસીથી ૧૯૭૨માં છપાયો છે. વર્ષો સુધી લીધેલી એ મહામંદિરની મુલાકાતો, એ અલૌકિક ઈમારત સાથે અનુભવેલું તાદાત્મ્ય, એના નિર્માણકાળની પરિસ્થિતિનું આકલન અને તેના ખંડેરના ટુકડે ટુકડાનું અવલોકન–પરીક્ષણ કરી, મૂળ ભવન કેવું હતું તેનું તેમણે પુનર્ઘટિત કરેલું ચિત્ર કોણાર્ક પર લખી ગએલા કોઈ પણ અન્ય લેખક કરતાં વિશદ, વિગતપૂર્ણ ને તાદશ છે. હાલમાં તેઓ વાસ્તુના મહાગ્રંથ 'સૌધિકાગમ' પર કામ આગળ ચલાવી રહ્યાં છે.

તેમના લેખનકાર્ય અને ભારતીય શિલ્પ-સ્થાપત્યના સંશોધક તરીકેની ખ્યાતિની હવે પશ્ચિમે પણ નોંધ લીધી. ઈ. ૧૯૭૧માં બર્લિન મ્યૂઝિયમની Indian Art Galleryના ઉદ્ઘાટન પ્રસંગે યોજાએલા સેમિનારમાં તેમને ખાસ આમંત્રણ મળેલું.

મિસ બૉનર પ્રાચીન ભારતીય કલાના અનુલક્ષે ભારતમાં જે કામ કરી રહ્યાં હતાં તેનાથી તેમના દેશવાસીઓ લાંબો સમય અજાણ રહે તેમ બને તેમ નહોતું. ઈ. ૧૯૬૯માં ઝુરિખ યુનિવર્સિટીએ એ દેશમાં વિદ્વાનને અપાતું સર્વોચ્ચ કોટિનું માન 'Dr. Honorts Causa'ની ડિગ્રી રૂપે આપ્યું. ઈ. ૧૯૭૦માં ઝુરિખ મ્યૂઝિયમ 'નૅશનલ મ્યૂઝિયમ' તરીકે ઘોષિત થયું ત્યારે તેમણે પોતાની પાસેનો કલાસંગ્રહ તેને અર્પણ કર્યો, અને તે વખતે તેમનું જાહેર સન્માન થયું. ભારત સરકાર પણ તેમના વિદ્વદ્કર્મથી અજ્ઞાત ન હતી. ઈ. ૧૯૭૪માં બે વિદેશી વિદ્વદ્વર્યોને 'પદ્મભૂષણ'થી પુરસ્કૃત કર્યાં તેમાં બૉનર પણ હતાં. (એ વખતે અલંકૃત થનારી ભારતીય વિદ્વદ્ મંડળીમાં ઠાકુર જયદેવસિંહ, ડૉ. મોતીચંદ્ર અને અને ડૉ. હસમુખ સાંકળિયા સરખા જગનામી વિદ્વાનો હતા.) આ આનંદના અવસર પર બનારસની પ્રમુખ સંસ્થાઓએ તેમનું બહુમાન કરેલું.) American Institute of Indian Studies તરફથી પણ એક સન્માન-સમારંભ યોજાએલો.

છેલ્લાં ઘણાં વર્ષથી મિસ બૉનર ભારત અને યુરપ સિવાય અન્ય દેશોના પ્રવાસે જતાં નથી. પણ અપવાદ હતો ઈરાનનો. ત્યાં ઈ. ૧૯૬૪ અને ૧૯૭૧ વચ્ચે બે વાર જઈ આવેલાં. પ્રાચીન ઈરાની સંસ્કૃતિનાં ઘણાં કલાત્મક પાસાંઓ તેમને પ્રિય છે. ઈ. સ. પૂર્વે પાંચમી સદીની શહેનશાહ દારાની વિખ્યાત ધાર્મિક રાજધાની પર્સીપૉલિસનાં ખંડેરો અને સફવિદ વંશકાલીન, સત્તરમા સૈકાની, ઈસ્ફહાનમાં શાહ અબ્બાસ બીજાએ નિર્મેલી જાણીતી મસ્જિદ-ઈ-શાહ, શેખ લતફલ્લાહની મસ્જિદ તેમજ આલિ કપૂનો મહેલ ઈત્યાદિ નીલ ટાઈલની કારીગરીવાળી, અપાર્થિવ ભાસતી, બેનમૂન ઈમારતો, ને નગર શિરાઝના ફરીને ફરી જોવાની લાલચ થાય તેવા બગીચાઓની મુલાકાતે તેઓ ખાસ ગએલાં.

સત્યાશી વર્ષની જૈફ ઉમરે પણ તેઓ જે ધગશથી પોતાનું કામ કરી રહ્યાં છે તે જોઈ જુવાનોએ લજ્જિત થવા જેવું છે. કેટલાંક વર્ષોથી હૃદય નબળું પડયું હોવા છતાં, અને ગઈ સાલ જલોદરની ભયંકર બીમારીમાંથી પસાર થવા છતાં, આજે પણ એટલા જ ખંત ને અવિરત શ્રમથી તેઓ કામ કર્યે જાય છે, જે એમના અસાધારણ મનોબળ અને કર્તવ્યનિષ્ઠાનાં દ્યોતક છે. એમનાં વચલાં બહેન મિલનસાર અને મમતાળુ જ્યૉર્જેત બૉનર પણ સારાં ચિત્રકાર છે. મોટાં બહેનનું તેઓ ખૂબ ધ્યાન રાખે છે અને દર ત્રણ-ચાર વર્ષે તેઓ ભારત આવી બહેન સાથે રહે છે અને માંદગી જેવા પ્રસંગે તેમની શુશ્રૂષા કરે છે. (અનુ. પૃ. ૩૭૪ પર)

બે શિષ્યો

'બનફૂલ'ની એક વાર્તા
સુકન્યા ઝવેરી

લગભગ પચાસ વર્ષ પૂર્વેની વાત છે. લક્ષ્મણ ઝુલા પાર કરી રસ્તો બદરી-કેદાર ભણી ચાલ્યો જાય છે એ માર્ગ પર થોડા આગળ વધીએ તો જમણી બાજુ હિમાલયની ગોદમાં જરાક ઊંચાઈએ દેવદારુ વૃક્ષની હારની હાર હતી તે વખતે. હિમાલયમાં દેવદારુ પુષ્કળ. પણ આ વૃક્ષોની થોડી વિશિષ્ટતા હતી. વૃક્ષોએ વર્તુલ બનાવી કોઈકને જાણે લોકચક્ષુથી છુપાવી રાખ્યા હતા. લાગતું કે જાણે કેટલાક પ્રહરી કોઈનો ચોકીપહેરો કરતા હતા. વૃક્ષોની એક તરફ હતો એક પહાડી નદીનો પટ અને બીજી તરફ ઊંચા ટેકરા જેવો એક નાનકડો ખડક. નદીના પટમાં વર્ષાકાળે પ્રબળ સ્રોત વહેતો અને ગ્રીષ્મકાળે તે પરિપૂર્ણ રહેતો ચિત્ર-વિચિત્ર આકારના કાંકરાથી. ટેકરા પર હતી એક નાનકડી ઓરડી. પથ્થરથી બાંધેલી. કોણે, ક્યારે બાંધી હશે કોણ જાણે. બે બાજુ પથ્થરની ભીંત, અને ઉપર પથ્થરનું એક પહોળું છાપરું. સામેની દિશા ખુલ્લી. એક જણ એમાં મજેથી રહી શકે. ટેકરાને બીજે છેડે એક સુંદર સરોવર. સરોવરમાં કમળ ખીલતાં. સરોવરને સામે પાર વળી દેવદારુનું વન. તેને પેલે પાર ઉન્મુક્ત આકાશ. આકાશના ખોળામાં ખેલતો હિમાલય. હિમાલયનું રૂપ ક્ષણે ક્ષણે બદલાતું. એ ટેકરાને જ જાણે પેલા દેવદારુનાં વૃક્ષો લોકચક્ષુથી ગોપિત કરી રાખવા ચાહતાં હતાં.

ટેકરા પરની એ ઓરડીમાં ત્યારે એક તપસ્વી રહેતા હતા. પહાડીઓ ક્યારેક ક્યારેક આવી ફળ, દૂધ આપી જતા એમને. તેઓ જમીન ખોદી ક્યારેક વળી એક જાતનું કંદ બહાર કાઢતા. એ કંદ ખાવાથી ભૂખ-તરસથી મુક્તિ મળતી. અને બીજી મદદ હતી પેલું સરોવરિયું. આ નિર્જન મનોરમ સ્થાનમાં તેઓ તપસ્યા કરતા. લોકચક્ષુથી ગોપિત રહી, સાધના કરી તેઓ સિદ્ધિના પથે આગળ વધી રહ્યા હતા.

પણ વધુ દિવસ એમ રહેવું કઠણ હતું. એક દિવસ જોયું કે બે યુવક એ નદીનો પટ ખૂંદતા દેવદારુનાં ઝુંડ ભણી જઈ રહ્યા હતા. એકનું નામ પરેશ, બીજાનું નામ સુધીર. બંનેએ ટેરરિસ્ટ (ત્રાસવાદી)ના દળમાં નામ નોંધાવ્યાં હતાં અને પ્રતિજ્ઞા લીધી હતી કે સ્વદેશને વિદેશીની પરાધીનતા-શૃંખલાથી મુક્ત કરવા માટે જરૂર પડ્યે પોતે પ્રાણ પણ દેશે. 'વંદેમાતરમ્' સામયિકમાં અરવિંદ ઘોષના લેખોએ એમને ઘેલા કર્યા હતા. અરવિંદ જ હતા એમના આદર્શ. એ જ અરવિંદ જ્યારે અચાનક રાજકારણ છોડી આધ્યાત્મિક માર્ગે વળ્યા ત્યારે તેઓ થોડા દિવસ તો દિશાશૂન્ય બની ગયા. અરવિંદને તેઓ મળ્યા પણ હતા. તેમણે કહ્યું હતું: 'આધ્યાત્મિક શક્તિથી જ ભારતનો ઉદ્ધાર થઈ શકશે. આધ્યાત્મિક પથ જ ભારતનો પથ. આપણે તામસિક થઇ ગયા છીએ. આ અવસ્થામાં સ્વાધીનતા મળશે તો પણ આપણે જાળવી શકીશું નહિ. તમે આધ્યાત્મિક શક્તિલાભ માટે પ્રયાસ કરો.'

નિરાલંબ સ્વામી એ નામ ધારણ કરી એક ટેરરિસ્ટ સંન્યાસી થયા હતા. તેમની પાસે આ બે દીક્ષા લેવા ગયા. પણ તેમણે દીક્ષા દીધી નહિ અને કહ્યું કે ગુરુ થવાની હજુ મારામાં યોગ્યતા નથી આવી. પણ ઉમેર્યું કે બદરી-કેદાર જવાના પથ પર એક ઊંચા ટેકરા પર એક યોગ્ય ગુરુ છે. તેમની પાસે જઈ ને દીક્ષા મેળવી શકો તો અતિ ઉત્તમ.

પરેશ અને સુધીર જ્યારે ટેકરી પર જઈ પહોંચ્યા ત્યારે તેઓ પેલા સરોવરમાં સ્નાન કરી પાછા આવી રહ્યા હતા. અપરિચિત બે યુવકને જોઈ આશ્ચર્ય પામ્યા. વધુ આશ્ચર્ય પામ્યા તેમનો ઉદ્દેશ જાણીને. બોલ્યા: 'હું પોતે જ તો પથ ખોળી રહ્યો છું હજુ, તમને ક્યાંથી પથ ચીંધું ?' તે પછી થોડી વાર રહી ફરી બોલ્યા: 'શરૂશરૂમાં પોતે જ પથ નક્કી કરવાનો—ખોળવાનો. એ ખોળવો એ જ તો થઈ સાધના. તેમાં જો કોઈ ખામી નહિ હોય તો જરૂર પથ મળશે.'

પરેશ કહે: 'પણ ખોળવો શી રીતે એ તો કહો!' સાધુ બોલ્યા: 'એકાગ્ર થઈ ધ્યાન કરવાનું. આપણા તેત્રીસ કોટિ દેવતા છે. એમાંથી કોઈ પણ એકની મૂર્તિ આંખ સામે રાખી ધ્યાન કરવા માંડો. એ માટે દીક્ષાની શી જરૂર? પોતે જ પોતાના ગુરુ બનો પહેલાં. તે પછી ગુરુ એની મેળે જ આવિર્ભૂત થશે તમારી સામે.' સુધીર બોલ્યો: 'ધારો કે કોઈ દેવતાને જો મનમાં ન સ્થાપી શકીએ તો શું કરવું?'

'અસલ વાત ધ્યાન છે. દેવતાની મૂર્તિ તો છે કેવળ અવલંબન. એટલે દેવતામાં ચિત ન ચોંટે તો કોઈ એક આદર્શ મનમાં નક્કી કરો. તે ય ન બને તો એક પ્રશ્નનો વિચાર કરો. વિચારો કે આપણે ક્યાંથી આવ્યા છીએ, ક્યાં જવાના, કેમ આવ્યા છીએ. આ પ્રશ્નને ઘેરીને ધ્યાન કરો. શરૂશરૂમાં તો મન નહિ ચોંટે. મનને જ્યાં જાય ત્યાં જવા દો. એ પછી ફરી આણો પાછું એને વાળીને. શુદ્ધ ચિત્ત અને સુસ્થ શરીર હશે તો ચોક્કસ ફળ મળશે.' પરેશ જરા ઉત્સુક થઈ ઊઠ્યો: 'શું ફળ મળશે.'

'એ તો ધ્યાનને અનુસરીને ફળ. તંત્રમત પ્રમાણે ધ્યાન કરો તો અનેક અલૌકિક સિદ્ધિઓ મેળવી શકો. પણ એ બધી સિદ્ધિ માટે ઝાઝી માથાફોડ ન કરો એમાં જ સાર છે.' તે પછી જરાક અટકી બોલ્યા: 'તમે હમણાં જાઓ, હું હવે ધ્યાનમાં બેસીશ.'

લક્ષ્મણઝુલા પાસે એક ધર્મશાળામાં આ બંને ઊતર્યા હતા. ત્યાં પાછા ફર્યા. બીજે દિવસે આવી જુએ તો ત્યાં સાધુ નહોતા. ઘણી વાર બેઠા પણ તેમનાં દર્શન થયાં નહિ. પરેશ કહે: 'ક્યાં સુધી બેસી રહીશું એમને માટે?' સુધીર કહે: 'જ્યાં સુધી તેઓ ન આવે ત્યાં સુધી.'

'હું તો એટલી વાર બેસી ન શકું. બાપુને માંદા મૂકીને આવ્યો છું. હું તો આ ચાલ્યો પાછો.'

'ઠીક તો તું જા. હું એમને માટે હાઈ જોઈશ.'

પરેશ ચાલ્યો ગયો. સુધીર બેસી રહ્યો.

પચીસ વર્ષના લાંબા ગાળા બાદ ફરી તેઓ મળ્યા વારાણસીતીર્થે. પરેશ ત્યારે પરેશ નહોતો. તે ત્યારે બની ગયો હતો કૈવલ્યાનંદ. હૃષ્ટપુષ્ટ ચહેરો, મોટી કાળી-ધોળી દાઢી અને મૂછ. કપાળ પર સિંદૂરનું તિલક. પહેર્યો હતો રક્તાભ ગેરૂઆ રંગનો પોશાક. ગંગાસ્નાન કરી કૈવલ્યાનંદ પાછા ફરતા હતા. હાથમાં મોટું તાંબાનું કમંડળ. પગમાં સુંદર ચાખડી. તેમના માથા પર એક માણસ મોટી લાલ છત્રી પકડી પાછળ પાછળ ચાલતો હતો. તેમને જોઈ ને રસ્તે ચાલતા લોકો આદર ને ભયથી સરીને રસ્તો કરી દેતા હતા.

એમની પાછળ પાછળ એક દૂબળો પાતળો માણસ ચાલતો હતો. તેના મુખ પર પણ સામાન્ય દાઢી વધેલી હતી. એના વાળ પણ ધોળા થતા આવતા હતા. એણે એકમાત્ર મેલુંઘેલું ફાટેલું ધોતિયું પહેર્યું હતું. પગ પણ ઉઘાડા. ચાલી ચાલીને તળિયાં પણ ફાટી ગયાં હતાં. પણ તેના મુખ પર બાળ-સહજ હાસ્ય ફરક્યા કરતું હતું, અને આંખોમાં કોઈ દુર્લભ જ્યોતિ. સમસ્ત મુખમંડળ જાણે અનુપમ આનંદે ઉદ્ભાસિત. એ માણસ અચાનક આગળ વધ્યો ને પૂછી બેઠો: 'અરે, પરેશ જ ને તું?'

સ્વામી કૈવલ્યાનંદ ચમકીને ઊભા રહી ગયા: 'આપ કોણ?'

'હું સુધીર. તારો ચહેરોમોરો તો અદ્ભુતરીતે બદલાઈ ગયો છે. તો ય હું તો બરાબર ઓળખી ગયો તને. તું અહીં જ રહે છે?'

કૈવલ્યાનંદ થોડીક વાર તો અવાક બની તાકી રહ્યા. પછી તેમણે પણ સુધીરને ઓળખી કાઢ્યો: 'ઓ સુધીર! કેવી નવાઇ! કેટલા વખતે આપણે મળ્યા! હા હું અહીં જ રહું છું. એક આશ્રમ સ્થાપ્યો છે. આવ મારી સાથે.'

સુધીર કંઈ જ ન બોલતાં મંદ મંદ હસ્યો કેવળ. તેની આંખોમાં અને મુખ પર એક મસ્તીભર્યું હાસ્ય ખેલી ગયું: 'તારા આશ્રમે લઈ જાય છે?'

'હા, ચાલ.' (અનુસંધાન પૃ. ૩૮૮ પર)

નૉર્વેના ઉત્તર ધ્રુવ-પ્રદેશની યાત્રા

લેખક · કિસનસિંહ ચાવડા

પ્રવાસ એ જીવનશિક્ષણનું મહત્ત્વનું અને સર્જનાત્મક માધ્યમ છે. ઈ. ૧૯૭૩માં હૉંગકૉંગ, ઑસ્ટ્રેલિયા અને શ્રીલંકાનો પ્રવાસ કરેલો. ૧૯૭૪માં યુરોપના કેટલાક દેશો અને અમેરિકાની યાત્રા કરી. આમાં ઉત્તર ધ્રુવપ્રદેશની મુલાકાત એ સફરનું ટોચશિખર કહેવાય.

આ ઉત્તર ધ્રુવપ્રદેશ એટલે ઉત્તર ધ્રુવ બિંદુથી ૨૩½° દક્ષિણની અંદર આવતો ૬૬½ ઉત્તર અક્ષાંશ સુધીનો પ્રદેશ. વર્ષ દરમિયાન ઉ. ધ્રુવ બિંદુ જ્યારે સૂર્ય તરફ ઢળેલું હોય છે ત્યારે આ પ્રદેશમાં છ મહિનાઓ જેટલો સળંગ લાંબો દિવસ હોય છે. એટલે કે એટલો સમય અહીં સૂર્ય, આપણે જે રીતે સમજીએ છીએ એ અર્થમાં અસ્ત પામતો દેખાતો નથી. છેક ઉત્તર ધ્રુવ તો આપણાથી પહોંચી શકાય તેમ નથી એટલે અમે યુરોપની વધુમાં વધુ ઉત્તરે આવેલા નૉર્થ કેઈપ સુધી પહોંચીને ધ્રુવપ્રદેશની યાત્રાની કૃતાર્થતા માણી. પરંતુ એની વાત કહેતાં પહેલાં મારા અંતરમાં સાગર-મહાસાગરનાં વિવિધ સ્વરૂપ અને અન્ય સંસ્કારોની જે છબિ ઊપસી છે તેની વાત કરવાના આનંદને રોકી શકતો નથી.

ઈ. ૧૯૭૩ અને '૭૪ની યાત્રાઓમાં જુદાજુદા સાગર મહાસાગરોનાં દર્શન સમાગમનો અનેરો લાભ મળ્યો હતો. અત્યાર સુધી ભારતની અને વિશ્વના બીજા દેશોની નદીઓના સંપર્કમાં મને અનન્ય આનંદ આવતો પછી એ બ્રહ્મપુત્ર હોય, ગંગા, યમુના કે નર્મદા હોય, કાવેરી યા કૃષ્ણા હોય કે પછી અમેરિકાની ઍમૅઝૉન, મિસિસિપી યા લંડનની ટેમ્સ કે પારી(સ)ની સીન હોય; જર્મનીની રહાઈન કે ઑસ્ટ્રીઆ-હંગેરીની ડાન્યુબ યા ઇજિપ્તની નાઈલ હોય, આ બધી નદીઓનાં દર્શન ને સંસ્પર્શથી મારા ચિત્તને એવી ઊંડી પ્રસન્નતા થઈ છે કે એ અનુભૂતિને હું કદી જ વિસરી શકીશ નહિ. એ નદીઓનાં સ્વરૂપ, એમની વિભૂતિ અને એના સૌંદર્યની ભવ્યતા વિષે અંતરમાં એવી કંઈ ઊંડી ને વ્યાપક મુદ્રા ઊઠી છે કે આજે યે એનું સ્મરણ કરતાં પ્રસાદ પાંગરી ઊઠે છે.

આનાથી તદ્દન ભિન્ન સ્વરૂપે સાગર-મહાસાગરનાં દર્શન-સમાગમની વાત કહી શકાય. બંને વર્ષની જુદીજુદી યાત્રાઓમાં આ અતાગ-અમાપ જલરાશિનો એવો તો જીવંત સંસ્પર્શ થયો કે આખું અસ્તિત્વ હલી ઊઠે. ઑસ્ટ્રેલિયામાં સિડની પાસે ગૅરીબીચથી પૅસિફિક મહાસાગરનાં નીલાં આકાશી પાણીને માણતાં હતાં ત્યારે અમારા મિત્ર અને યજમાન ડૉનાલ્ડ સ્મિથે કહ્યું: 'અહીંથી માત્ર ૮૦૦૦ માઈલ દૂર દક્ષિણ અમેરિકાનો કાંઠો છે.' ત્યારે થયું કે મનુષ્યની બુદ્ધિ આ અફાટ મહાસાગરને યે કેવો માપી લે છે! એ સાગરનાં મોજાંઓ ઉપર ઑસ્ટ્રેલિયાનાં સ્ત્રી-પુરુષો પોતાનાં હોડી-તરાપા વડે જે જલરમણા કરતાં હતાં એ જોઇને લાગ્યું કે વામણો લાગતો મનુષ્ય પોતાની અંદર રહેલા દિવ્ય બીજને કારણે પોતાની પરમતાની વિભૂતિ વડે મહાસાગરને મથવાનું છોડતો નથી. આ જ પૅસિફિક મહાસાગરને સાન ફ્રાન્સિસ્કોના કિનારેથી યે નીરખ્યો. લૉસ ઍન્જેલિસ ને સેન્ટ મૉનિકાની કંઠારેથી પણ જોયો. દરેક વખતે મહાસાગરની ભવ્યતા અનોખી વરતાઈ. પૃથ્વીના સૌથી મોટા આ મહાસાગરનું વિભૂતિમત્વ આકાશ જેવું અમાપ અને રંગદર્શી લાગ્યું.

આટલાંટિક મહાસાગરનું સ્વરૂપ વળી ઓર જ પ્રકારનું. મુંબાઈથી ઊડીને 'ટી. ડબ્લ્યુ. એ.'ના વિમાનમાં ૧૯૪૮માં ન્યૂ યૉર્ક જવાનું થયું ત્યારે આયર્લૅન્ડના પશ્ચિમ કિનારે અમે આગળ ઊડવાની રાહ જોતાં હતાં. સામે અફાટ રૂપે વિહરતો આ મહાસાગર અદ્ભુત રીતે તરંગિત થતો હતો. અમે એક ગોળાર્ધમાંથી ઊડીને પશ્ચિમ તરફ બીજા ગોળાર્ધમાં જવાનાં હતાં. ઊડ્યા પછી પાંચસોક માઈલ પહોંચ્યાં હોઈશું ત્યારે અમારું વિમાન જાણે એ આટ્લાંટિકના જળરાશિની દયા પર જ ઊડતું હોય એવો ભાસ થયો. ઉપર આકાશ અને નીચે પાણી. આ બે મહાભૂતોના ઐશ્વર્યની વચ્ચે જાણે પામરતા પાંખ પ્રસારીને ગતિ કરી રહી હોય એવું ચિત્ર આપોઆપ મનમાં સર્જાઈ ગયું. ઈ. ૧૯૪૯માં ન્યૂ યૉર્કથી 'ક્વીન ઇલિઝાબેથ' નામની મહાકાય સ્ટીમરમાં લંડન આવી રહ્યાં હતાં ત્યારે માર્ગમાં આ જ આટ્લાંટિક તોફાને ચડેલો. ફુંકાતા વાવંટોળની તાકાત સામે ૮૨,૦૦૦ ટનની ભીમકાય સ્ટીમર બાળકની જેમ ધ્રુજતી હતી. મહાસાગરનાં મોજાં સ્ટીમરના ડેકને પાણીથી તરબોળ કરી દેતાં હતાં. એવું લાગતું હતું કે જાણે વરુણદેવ અને માતરિશ્વા વચ્ચે મહાયુદ્ધ ખેલાઈ રહ્યું હતું. ને એમાં મનુષ્યની મર્યાદિત બુદ્ધિ જેવી આ નાનકડી સ્ટીમર નિસર્ગની દયા પર ઝોલાં ખાઈ રહી હતી. ઓહો! શું એ તોફાન હતું! આખી રાત અનિશ્ચિતતામાં વીતી, પણ સવારે જોયું તો આટ્લાંટિક શાંતિમાં પોઢ્યો હતો. નિસર્ગની પણ કેવી અદ્ભુત લીલા!

શ્રીલંકામાં ટ્રિન્કોમાલી બંદરેથી હિંદી મહાસાગરને જોયો. દુનિયાનાં કુદરતી બારાં—નૅચરલ હાર્બરોમાં ટ્રિન્કોમાલીનું સ્થાન અગ્રગણ્ય છે. નાનકડી સ્ટીમલૉંચમાં બંદરમાંથી નીકળીને ખુલ્લા સાગરમાં પહોંચ્યાં ત્યાં તો રાક્ષસી સાગરમોજાંઓએ એવી ધાક બતાવી કે પૂછડી દબાવીને પાછા બંદરમાં પેસી જવું પડ્યું! આ ટ્રિન્કોમાલીમાં એક ઊંચા ખડક ઉપર એક શિવમંદિર છે. એ મંદિર તો અર્વાચીન છે, પણ આ સ્થાન પ્રાચીન છે. અગાઉ હજારો વર્ષ જૂનું એક પ્રાચીન મંદિર અહીં હતું અને લોકકથા કહે છે કે ત્યાં લંકાધીશ રાવણ તપશ્ચર્યા કરતો હતો. કથા તો જે હો તે, પણ એ ખડકને હિંદી મહાસાગરનો જળરાશિ જે સામર્થ્યથી પખાળે છે એ જોતાં તો એમ જ લાગે કે મનુષ્યની કોઇ પણ કૃતિ અહીં લાંબો કાળ ટકી જ ન શકે. એ જ હિંદી મહાસાગરને કન્યાકુમારીના વિવેકાનંદ ખડક ઉપરથી પણ નીરખ્યો. ત્યાં એ વિખૂટા પડેલા બે ભાઈ—અરબી સમુદ્ર અને બંગાળાના ઉપસાગરને ભેટતો હતો. ઓહો! કેવું નયનરમ્ય ને લોચનભવ્ય એ દશ્ય હતું!

યુરોપ જતાં અમારી સ્ટીમર રાતા સમુદ્રમાં પ્રવેશી. સુએઝ સુધીનો એ પ્રવાસ અકળાવી મૂકનારો હતો. આપણને આશ્ચર્ય થાય કે આટલો જળરાશિ ચોપાસ લહેરાતો હોવા છતાં આટલી અસહ્ય ગરમી હોઈ શકે ખરી! એવું લાગે કે સૂર્યનારાયણ અને આ રાતા સમુદ્ર વચ્ચે કંઈક અણબનાવ હશે. પણ પછી પોર્ટ સૈયદ વટાવીને ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશ કર્યો ત્યારે ચંદ્ર-સૂર્યની સાથે એ સાગરને જાણે ગાઢ મૈત્રી હોય તેવું લાગ્યું. વેનિસમાંથી સ્ટીમલૉંચમાં સેન્ટ્રલ કૅનાલમાં થઈને ભૂમધ્ય સાગરમાં પ્રવેશ્યા ત્યારે ઍડ્રીઆટિક સમુદ્રનું વળી એક ઓર જ રૂપ નીરખ્યું. પરમ મિત્ર જેવો એ શાંત અને સહકારની ભાવનાથી પૂર્ણ ભાસ્યો.

સ્કૉટલૅન્ડના એડિનબરા બંદરે ઉત્તર સાગરની કાતિલ ઠંડીનો અનુભવ કર્યો. આ ઉત્તર સમુદ્રને ભેટવાનો પ્રસંગ આવ્યો જ્યારે અમે હૉલૅન્ડના ઍમ્સ્ટરડૅમથી ઉત્તર કૅનાલમાં થઈને મધદરિયામાં પ્રવેશી નૉર્વે તરફ જવા વળ્યાં ત્યારે. ઉત્તર ધ્રુવપ્રદેશની યાત્રા માટે નૉર્વેના બર્ગેન બંદરેથી અમારે બીજી સ્ટીમર પકડવાની હતી. આમ તો સાગર શાંત હતો, પણ ઠંડી હાડકાંને આરપાર વીંધી નાખે એવી હતી. આ ઉત્તર સમુદ્ર આગળ જતાં નૉર્વેજીઅન સમુદ્ર કહેવાય છે અને એથી યે આગળ જતાં એ આર્કટિક મહાસાગરમાં ભળી જાય છે.





નૉર્વેનો રાષ્ટ્રધ્વજ



યુરોપમાં નૉર્વે (કાળો ભાગ)નું સ્થાન દર્શાવતો નકશો

નૉર્વે યુરોપના સ્કૅન્ડિનેવિયન ઉચ્ચ પ્રદેશમાં પશ્ચિમે અને છેક ઉત્તર સુધી વિસ્તરેલો દેશ. એની ઉત્તરે ધ્રુવ મહાસાગર, ઈશાનમાં ફિનલૅન્ડ અને સોવિયેત દેશ, પૂર્વમાં સ્વીડન અને દક્ષિણ તથા નૈઋત્યે સ્કૅગરાક ને ઉત્તર સમુદ્ર અને પશ્ચિમમાં આટલાંટિક મહાસાગર આવેલા છે. નૉર્વેનો લગભગ ત્રીજા ભાગનો પ્રદેશ ઉત્તર ધ્રુવ વર્તુળમાં છે. મોટા ભાગની ભૂમિ પર્વત–આચ્છાદિત. તળ કંઠાર ૧૭૦૦ માઈલ, પણ એની તદ્દન નજીકના સંખ્યાબંધ નાના-મોટા બેટો સાથે તો ૧૨,૫૦૦ માઈલ લાંબી. ગલ્ફ સ્ટ્રીમને કારણે નૉર્વેનું હવામાન આટલે ઉત્તરે પણ અતિ શીત નથી. છેક ઉત્તરનો પ્રદેશ 'મધરાતના સૂર્યની ભૂમિ' કહેવાય છે, કારણ ત્યાં મેની અધવચથી જુલાઈના અંત સુધી સતત દિવસ રહે છે, જ્યારે નવેમ્બરની આખરથી જાન્યુઆરીના અંત સુધી સૂર્ય ક્ષિતિજથી વધુ ઊંચે ચડતો નથી.

છેક પાષાણ યુગથી અહીં માનવવસવાટ હોવાનું જણાયું છે. શિકાર અને મચ્છીમારી પર એ લોકો નભતા હશે. લોહયુગમાં અહીં નાની નાની ઠકરાતો ને રજવાડાં ઊભાં થયાં. નવમી સદીમાં હૅરૉલ્ડ ફેરહેર (હૅરૉલ્ડ-૧)એ બધાંને એક કરી નૉર્વેનો પહેલો રાજા બન્યો. ઑલૅફ ૧લાએ (ઈ. ૯૯૫–૧૦૦૦) અહીં પહેલીવાર ખ્રિસ્તી ધર્મ પ્રસાર્યો. એના પુત્ર ઑલૅફ બીજાએ તે જારી રાખ્યો. ઈ. ૧૦૩૦માં ખેડૂતોના દળે બંડ કરી એનો વધ કર્યો અને ઇંગ્લૅન્ડ ને ડેન્માર્કના વિખ્યાત રાજા કૅન્યુટના હાથમાં નૉર્વે સરી પડ્યું.

ઑલૅફ બીજાના પુત્ર મૅગ્નસ ૧લાએ ઈ. ૧૦૩૫માં રાજગાદી પાછી હાથ કરી ને પોતાના કાકા હેરૉલ્ડ ત્રીજાની સાથે મળીને રાજવહીવટ સંભાળ્યો. એકાદ વર્ષ પછી હૅરૉલ્ડે બધી સત્તા સ્વહસ્તક કરી. અગિયારમી સદીના ઇંગ્લૅન્ડ અને ડેન્માર્કનાં રાજકારણ ને યુદ્ધોમાં આ બંને જણનો મોટો ભાગ હતો. બારમી સદીનો ઉત્તરાર્ધ અહીં રાજગાદીના ઉમેદવારો વચ્ચેનાં યુદ્ધોનો કાળ હતો. અંતે સ્વેરેએ મજબૂત રાજાશાહી સ્થાપી. એના પૌત્ર હાકોન ચોથાના સમયમાં નૉર્વે પોતાની મધ્યકાલીન સમૃદ્ધિની ટોચે પહોંચ્યું હતું. આઈસલૅન્ડ, ગ્રીનલૅન્ડ, ફાએરો ટાપુઓ, શેટલૅન્ડ અને ઑર્કનેઝ પર નૉર્વેની આણ પ્રવર્તતી હતી. પણ ઈ. ૧૩૧૯માં હાકોન પાંચમાના અવસાન સાથે આ રાજવંશનો અંત આવ્યો અને નૉર્વે મૅગ્નસ પાંચમાની સત્તામાં સ્વીડન સાથે જોડાયું. ડેન્માર્કની રાણી માર્ગારેટે ત્રણે સ્કૅન્ડીનેવિયન રાજ્યોને એક કરી ૧૩૯૭માં 'કાલમાર'નું યૂનિયન રચ્યું, જે ૧૫૨૩માં સ્વીડનના છૂટા પડવાથી ભાંગી પડ્યું. છતાં નૉર્વે અને ડેન્માર્કનું જોડાણ છેક ૧૮૧૪ સુધી ટકી રહેલું.

સ્વીડનના દક્ષિણ કિનારે આવેલા બાલ્ટિક સમુદ્રની જીવનકાંતિ વળી તદ્દન ભિન્ન. જૂહુ કે નારગોલના કાંઠે અરબી સમુદ્રને જોતાં જે નિકટતા લાગે એવી નિકટતાની મૈત્રી આ બાલ્ટિકને જોતાં વરતાઈ. એની કંઠારે આકાશના રંગો ને સાગરજળમાં પડતાં એનાં પ્રતિબિંબને જોઈ આપણને ભારતની જ યાદ આવે. તો વળી, સ્વીડન અને ફિનલૅન્ડની વચ્ચે આડો પડેલો સમુદ્ર એક તદ્દન નવું જ દર્શન કરાવે. પૃથ્વીના ભૂપૃષ્ઠને નાના મોટા ખંડ ઉપખંડમાં વહેંચી નાખનાર આ જલદેવતાનું સ્વરૂપ જુદેજુદે ઠેકાણે ભલે ભિન્નભિન્ન ભાસે, પણ એની વ્યાપકતા ને ઊંડાણમાં એના ઐક્યનું દર્શન થયા વિના નથી રહેતું. પરંતુ આર્કટિક સાગર અનન્ય છે. ગમે તે સાગર-મહાસાગરમાં આપણે યાત્રા કરીએ તો

આમ, એક તરફ રાજકીય રીતે નૉર્વે પૂરેપૂરું ડેન્માર્કના વર્ચસ્વમાં હતું ત્યારે બીજી બાજુ આર્થિક રીતે ડેન્માર્ક કરતાં વધુ વિકાસ સાધી ૧૭મી સદી સુધીમાં તો એણે પોતાની સમૃદ્ધિ પુનઃ પ્રાપ્ત કરી લીધી હતી. નેપોલીઅનના યુદ્ધ-જુવાળ વખતે ડેન્માર્ક ફ્રાંસની સાથે જોડાયું હતું. નેપોલીઅનનો પરાજય થતાં ડેન્માર્કને નૉર્વે સ્વીડનને સોંપવાની ફરજ પડી. પોતાનું સ્વતંત્ર રાજ્ય રચવાની એ તકનો લાભ નૉર્વે લઈ શક્યું નહિ. સ્વીડન સાથે જોડાવા ૧૮૧૪માં તો એના પર લશ્કરી દબાણ પણ કરવામાં આવ્યું હતું. જ્યારે બીજી બાજુ એની ગણના તો એક સ્વતંત્ર રાજ્ય તરીકેની હતી. ઓગણીસમી સદી દરમિયાન આ બંને દેશો વચ્ચે તંગદિલી ચાલતી જ રહી. અંતે ઈ. ૧૯૦૫માં નૉર્વેની પાર્લમેન્ટે એ જોડાણને રદ જાહેર કર્યું અને ત્યારથી એ પૂર્ણતઃ મુક્ત રાજ્ય બની રહ્યું.

પહેલા વિશ્વયુદ્ધમાં નૉર્વે તટસ્થ જ રહ્યું. બીજા વિશ્વયુદ્ધમાં પણ એણે એ જ નીતિ રાખી, છતાં ૧૯૪૦ના એપ્રિલમાં જર્મનીએ એના પર ચડાઈ કરી છેક ૧૯૪૫ સુધી એના પર પોતાનો કબજો રાખ્યો. આ દરમિયાન હાકોન ૭માએ લંડનમાં આરઝી હકૂમત સ્થાપી, તો બીજી બાજુ નૉર્વેના વિડકુન ક્વિસલિંગે કઠપૂતળી સરકાર રચી. નૉર્વેમાં આ વિડકુનનું નામ દેશદ્રોહીનું પર્યાયવાચક બની ગએલું.

યુદ્ધોત્તર કાળમાં નૉર્વેએ ઝડપથી આર્થિક અને ઔદ્યોગિક વિકાસ સાધ્યો. વળી, વધુ વિકાસશીલ રાજવહીવટ પણ સ્થપાયો. ઈ. ૧૯૫૭માં હાકોન ૭માના મૃત્યુ પછી ઑલેવ ૫મો ગાદીએ આવ્યો. ઈ. ૧૯૬૫માં લગભગ સળંગ ત્રણ દાયકાથી સત્તા ભોગવતી ત્યાંની લૅબર પાર્ટીની ચૂંટણીમાં હાર થઈ, અને કૉન્ઝર્વેટિવ, લિબરલ, સેન્ટર અને ક્રિશ્ચિયન પીપલ્સ પાર્ટીની મિશ્ર સરકાર રચાઈ. આમ નૉર્વેમાં રાજાના નેતૃત્વવાળી બંધારણીય રાજસત્તા ચાલે છે. પ્રધાન વહીવટી વડા ગણાય છે.

તળ ભૂમિ ઉપરાંત, ઉત્તરે ૪૦૦ માઈલ દૂર કુલ ૨૩,૯૫૭ ચો. મા.ના વિસ્તાર તથા ૩૭૦૦ જેટલી વસતિવાળા સ્વેલબાર્ડ ટાપુઓ; આઈસલૅન્ડની ઉત્તરે ૩૦૦ માઈલ દૂર આવેલો ૧૪૪ ચો. મા.નો જાન માયેન ટાપુ (જ્યાં હવામાન-મથક છે); દક્ષિણ આટલાંટિકમાં માત્ર ૨૩ ચો. મા.નો લગભગ વસતિવિહીન બોવેટ ટાપુ તથા દક્ષિણ ધ્રુવ સાગરમાં ૯૬ ચો મા.નો લગભગ નિર્જન પીટર-૧ ટાપુ અને દક્ષિણ ધ્રુવખંડ પર ક્વીન મૉડ લૅન્ડ પણ નૉર્વેના વર્ચસ્વમાં છે.

નૉર્વેનું ક્ષેત્રફળ છે ૧,૨૫,૧૮૧ ચો. માઈલ વસતિ ૩૯,૦૦,૦૦૦ (૧૯૭૦ના આંકડા પ્રમાણે). રાજધાની ઓસ્લો ઉપરાંત ટ્રૉન્ડેઈમ ને બર્ગન એનાં મુખ્ય શહેરો. વસતિનો ૯૮.૫ ટકા ભાગ નૉર્વેજીઅન ભાષા નૉર્વેજીઅન. શિક્ષણ સો ટકા યુનિવર્સિટિ બે ચલણનો મુખ્ય એકમ 'ક્રોન'-લગભગ ૧૪ અમેરિકન સેન્ટ જેટલા મૂલ્યનો. માથાદીઠ વાર્ષિક આવક ૧૩૦૯ ડૉલર જેટલી. ધાતુ, કાગળ, લાકડાનો માવો તથા રસાયણોનું ઉત્પાદન એ મુખ્ય ઉદ્યોગો. બટાટા, જવ, ઓટ્સ અને ઘઉં એ મુખ્ય ખેતપેદાશ. લોઢું, પાયરાઈટસ. સીસું, જસત, ત્રાંબુ અને મૉલિબ્ડેનમ એ મુખ્ય ખનિજ પેદાશ. જહાજ, ઍલ્યુમીનિયમ, માછલાં, કાગળ અને લાકડાનો માવો એ મુખ્ય નિકાસ તથા પેટ્રોલિયમની બનાવટો મોટરગાડીઓ વગેરે મુખ્ય આયાત. ૩૨૮ જેટલાં ટી. વી. સ્ટેશનો. ૮૧ દૈનિક અખબારો.

—સંપાદકીય

એની હવામાં ખારાશનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. પણ આર્કટિક મહાસાગરની યાત્રામાં ખારાશના બદલે મધુરતાનો જ આસ્વાદ કરવા મળ્યો. જેમ જેમ ઉત્તર તરફ જતાં ગયાં તેમ તેમ અક્ષાંશ બદલાતા ગયા. નૉર્થ કેઈપ ૭૨ અક્ષાંશ પર છે. એથી આગળ ૭૩ અક્ષાંશ પછી તો આર્કટિક મહાસાગર વધુને વધુ ઠંડો થતો જઈ બરફનું રૂપ ધરતો જાય છે. તિલક મહારાજની એક કલ્પના એવી હતી કે વેદોનું સર્જન આ વિસ્તારમાં થયું હોવું જોઈએ. અહીં નિસર્ગની શાંતિ ને ભવ્યતા જોતાં આ વિચારણામાં તથ્ય નહિ હોય? વરુણદેવના મૂલ સ્વરૂપની વિભૂતિમત્તા જ જાણે અહીં અંતર્હિત થતી લાગે છે.


આવા વિશાળ-વિસ્તૃત સમુદ્રોમાંના એકને નાથીને તેના પર જમીન પ્રકટાવવાનો એક અદ્ભુત પુરુષાર્થ હૉલૅન્ડની પ્રજાએ કરી બતાવ્યો છે. મનુષ્યની સર્વોપરી બુદ્ધિના આ પરાક્રમને 'રીક્લેમિંગ ઑવ ધ સી' કહે છે. રીક્લેમિંગની આ ક્રિયાને ડચ પ્રજાએ અનોખી ને આગવી રીતે વિકસાવી છે. પ્રથમ તેઓ સમુદ્રના પોતાની કંઠાર નજીકના અમુક નિશ્ચિત ભાગને આંતરી લેવા એમાં એક મોટી દીવાલ ઊભી કરે છે. પછી એ દીવાલની વચ્ચે આંતરાએલાં સાગરજળને રાક્ષસી યંત્રો દ્વારા લઈને બહાર સમુદ્રમાં ઠાલવે છે. આંતરેલું બધું પાણી આમ પૂરું ઠલવાઈ જાય ત્યારે ત્યાં જાતજાતનો કચરો, અને ધૂળ-રેતી નાખીને પોતાની તળ જમીનની સપાટી સુધી એ ભાગને ભરી દે છે. પછી ફરી એના પર પાણી નાખી એ પુરાણને દબાવે છે. ફરી એના પર વધુ પુરાણ નાખી એની સપાટી ઊંચી આણે છે આમ, ધીરેધીરે એ દરિયાઈ ઊંડાણને પૂરતા જઈ એ નવી પ્રકટાવેલી ભૂમિ બરાબર પાકી થાય ત્યારે એના પર યોગ્ય માટીનો સ્તર બિછાવી એમાં અમુક ખાસ વનસ્પતિ ઉગાડે છે. આ વનસ્પતિ જમીનને જકડી રાખે એવી હોય છે. આમ જ્યારે એ નવી ભૂમિ ઈચ્છિત રૂપ ધારણ કરે ત્યારે એમાં અન્ય વનસ્પતિ પણ વાવે છે ને એને યોગ્ય રીતે ઊછેરે છે. એ પછી એ વનસ્પતિને યંત્રો વડે નીંદી નાખીને યોગ્ય ખાતર વગેરે પૂરીને એને ખેતીલાયક બનાવે છે. વર્ષો પછી જ્યારે એ નવી ભૂમિ રસકસવાળી ને પરિપક્વ બની એમાં ખેતીનો પાક બરાબર ઊતરતો થાય ત્યાર બાદ તેમાં મકાનો બાંધવાનો આરંભ કરે છે. આમ અમુક વર્ષો પહેલાં જ્યાં સાગર હિલોળતો હતો ત્યાં હવે એક સુરમ્ય ગામડું કે નાનો કસબો વસી જાય છે. સમુદ્રને નાથીને હૉલૅન્ડવાસીઓએ આ રીતે પોતાના ભૂમિવિસ્તારને ઘણો વધારી દીધો છે. માનવસંહાર વિનાના આ સીમાવિસ્તારની કળાને વિજ્ઞાન અને યંત્રોની સહાયથી હૉલૅન્ડની પ્રજાએ અજબ કુનેહથી વિકસાવી છે.

સાગર મહાસાગરની દર્શન-ગાથાને કહેતાં કહેતાં ડચ પ્રજાના આ ભગિરથ પુરુષાર્થની વાત કહેવાના આનંદને રોકી શકાય તેમ નથી. પણ અહીં એ અપ્રસ્તુત હોઇ મૂળ યાત્રા-કથા પર આવીએ.

ઈ. સ. ૧૯૭૨માં વિમલાબહેન (વિમલા ઠકાર) હૉલૅન્ડમાં હતાં ત્યારે જ ઉત્તર ધ્રુવપ્રદેશની આ યાત્રા વિષે એમણે ત્યાંના મિત્રો સાથે વાત કરી રાખી હતી. એટલે ૧૯૭૪ના મેની બીજી તારીખે હૉલૅન્ડ પહોંચતાં જ એ યાત્રાની તૈયારીનો પ્રારંભ અમે કરી દીધો હતો. અને બધું નક્કી થઈ જતાં ૧૪મી જુલાઈએ ઍમસ્ટરડૅમથી રાત્રે નવ વાગ્યે સ્ટીમર 'લીડો'માં અમે બર્ગન જવા નીકળ્યાં. બર્ગનમાં એક રાત રહી અમારે બીજી સ્ટીમર લેવાની હતી. સોળમીએ સવારે બર્ગન પહોંચ્યાં અને ૧૭મીએ રાત્રે અગિયાર વાગ્યે 'મિડનાઈટ-સન' નામક સ્ટીમરમાં અમારી ઉત્તર ધ્રુવપ્રદેશની યાત્રા આરંભાઈ.

આમ તો આખો નૉર્વે દેશ સમુદ્ર, સરોવરો નદીઓ અને પહાડોની કુદરતી સુંદરતાના ઐશ્વર્યથી ભર્યોભાદર્યો છે. ને અહીં ઘણાં સ્થળે નિસર્ગની શોભા અને શ્રીના વૈવિધ્યભર્યા વાતાવરણ ને હવામાનમાં આપણને હિમાલયની દિવ્યતાનાં દર્શન અનુભવાય છે.

બર્ગન નૉર્વેનું એક પ્રાચીન શહેર છે. રાજા ઓલેવે એ અગિયારમી સદીમાં તે વસાવ્યું હતું. છતાં એની આધુનિકતા પણ કંઈ કમ નથી. સમુદ્રની સપાટીથી માંડી પડોશના પહાડની ઊંચાઈ સુધીના વિવિધ સ્તર પરની એની રચના આસપાસના પ્રકૃતિસૌંદર્ય સાથે એક અનેરી સંવાદિતા સાધે છે. રાત્રે સ્ટીમરમાં આરામ કરીને ૧૮મીએ સવારે નાહી




બર્ગેન (ડાબી બાજુ) એ આસપાસના પહાડોની પાઈનથી આચ્છાદિત ઢળતી તળેટીમાં વસેલું શહેર છે. નૉર્વેનું એ બીજા નંબરનું મોટું શહેર. ઈ. ૧૦૭૦માં એની સ્થાપના થઈ. મધ્યયુગમાં તો એ નૉર્વેનું પાટનગર હતું. પ્રાચીન–અર્વાચીન બાંધણી, ભદ્ર ખાનદાનો અને બેફિકર લોકોનો જનસમાજ, એક તરફ દુર્ગમ પર્વત-શિખરો તો બીજી બાજુ કુદરતી બારાંવાળો આકર્ષક સાગરકાંઠો, એમ અનેકવિધ પ્રકારનો વિરોધાભાસ એ આ શહેરની લાક્ષણિકતા છે. ઐતિહાસિક સ્થળો, સમૃદ્ધ સંગ્રહસ્થાન વગેરે અનેક જોવાલાયક સ્થાનો ઉપરાંત, અહીંના વિશાળ માછલીઘરમાં યુરોપનાં ખારાં પાણીનાં જળજીવો તથા નૉર્વેની મીઠાપાણીની બધી જ જાતની માછલીઓનો વિશાળ સંગ્રહ છે. **આલસન** (જમણી બાજુ) ત્રણ ટાપુઓ પર વસેલું છે. ઈ. ૧૮૪૮માં એની સ્થાપના થઈ. આજનો એનો ઘણોખરો ભાગ ૧૯૦૪ની ભયાનક આગની તારાજી પછી નવેસરથી બંધાએલો છે. ગામની વચ્ચે પક્ષીઓના કાયમી વસવાટવાળી અહીંની એક ટેકરી યુરોપભરની બંદરગાહોમાં અદ્વિતીય ગણાય છે.

પરવારીને ઉપર ખુલ્લા ડેક પર ગયાં ત્યારે આંખો અને અંતર બન્ને પ્રસન્નતાથી પ્રફુલ્લી ઊઠયાં. સમુદ્રની સુંદરતા સાથે એક અદ્‌ભુત વિશિષ્ઠતા નૉર્વેના સાગર કિનારાને સાંપડી છે તે એ દેશની આગવી કુદરતી સંપત્તિ છે. નૉર્વેજીઅન ભાષામાં એને ફ્યૉર્ડ (Fjord) કહે છે. સમુદ્રની વચ્ચે પહાડી બેટડાઓએ સાગરની અખંડિતતા અને અખિલાઈ સાચવીને, અસંખ્ય અને વિધવિધ આકારે અનેક નાનીમોટી રૂપાળી સામુદ્રધુનીઓની રચના કરી આપી છે. અપૂર્વતા તો એ છે કે એથી જળનાં ઊંડાણને આંચ આવતી નથી. એટલે એ નાનામોટા જળમાર્ગે સ્ટીમરો પ્રવાસ કરી શકે છે એટલું જ નહિ, સાગર ને પહાડોની આ સંવાદિતાથી નૉર્વેને સાગરનાં તોફાનો અને વાવંટોળ સામે રક્ષણ મળે છે.

આવા એક મોટા પહોળા ફ્યોર્ડમાંથી અમારી સ્ટીમર માર્ગ કાપતી હતી. પહાડોના અનેક બેટની પ્રદક્ષિણા કરીને ફરી પોતાના અનંત વિસ્તારને પ્રગટ કરતા ઉત્તર સમુદ્રે અહીં નૉર્વેજીઅન સમુદ્રનું નામ ધારણ કર્યું છે. એની એક બાજુ અતાગ-અમાપ જીવનલીલા ને બીજી બાજુ કિનારાના પહાડોની લલિતભવ્ય સ્થિતપ્રજ્ઞતા. આ બંનેની જીવન-મૈત્રીના કારણે નિસર્ગની સંપદા અખૂટ સંપન્નતાથી મહેકી લાગતી હતી. કુદરતની સાથેનું અંતરનું અનુસંધાન બંધાયું, અને થોડીવારમાં 'મિડનાઈટ સન' યાત્રાના પ્રથમ બંદર આલસન (Alesund)માં લંગર નાખ્યું. દોઢેક કલાકનું રોકાણ હતું એટલે કિનારે ઊતરીને શહેરમાં આંટો મારવાનો અને ત્યાંના લોકો તથા એમનો જીવનવ્યવહાર નીરખવાનો થોડો લાભ મળ્યો. આમ તો એ ૩૯૦૦૦ની વસ્તીવાળું મોટું ગામડું, પણ નાનકડા શહેરનું રૂપ ધારણ કરીને બેઠું હતું. સ્ટીમર ઉપર એક નૉર્વેજીઅન બહેન ભોમિયાની ભૂમિકા બજાવતાં હતાં ને કંઈ વિશેષ જોવા જાણવાનું હોય તો આગળથી નૉર્વેજીઅન ને અંગ્રેજી ભાષામાં માઈક ઉપર કહી દેતાં હતાં. એટલે પ્રવાસીઓ કોઈ વિશિષ્ટ વસ્તુ ચૂકી ન જાય.

આલસન પછી સ્ટીમર મૉલ્ડે (Molde)માં લાંગરી. અહીં સ્ટીમર તરફથી એક ટૂંકો બસ-પ્રવાસ યોજાયો હતો. બંદરથી બસમાં નીકળી, નૉર્વેના અંદરના ભાગની ખેતીવાડીની સૃષ્ટિ નિહાળતાં નિહાળતાં એક ફ્યૉર્ડને કિનારે પહોંચ્યાં. ત્યાંથી ફેરીમાં ટૂંકો જલપ્રવાસ ખેડી બપોરે ત્રીજા બંદર ક્રિશ્ચિયનસન (Kristiansund) આવ્યાં. દરમિયાન અમારી સ્ટીમર પણ અહીં પહોંચવાની હતી. જળયાત્રા પછી ધરતી પર પગ મોકળો કરવાની કોઈ ઓર મજા હતી. ક્રિશ્ચિયનસનમાં અમે એક આધુનિક બાંધણીવાળું દેવળ (ચર્ચ) જોયું. પણ દેવળની ભાવના સાથે બુદ્ધિની આધુનિકતાનો ક્યાંય મેળ મળતો લાગ્યો નહિ. એક તરફ અખૂટ પ્રેમનો શાશ્વત સંકેત કરતો ક્રાઈસ્ટનો ક્રૉસ ને બીજી તરફ અહંકારની પ્રતિનિધિ બુદ્ધિના ગર્વની સમયજીવી સ્થૂલ રચનાનો વિસંવાદ ચિત્તમાં ખટકતો હતો. છતાં અમારા આવા ભાવમાં પણ એ દેવળનું અનુપમ ઑર્ગન નિહાળીને ઊંડો આનંદ અનુભવ્યો. એ આનંદ સાથે અમે ફરી સ્ટીમર પર ચડયાં. પ્રત્યેક બંદરે પ્રવાસીઓની ચડઊતર પણ જાણે એક ક્રમ બની રહેતી. નૉર્વેનાં નિખાલસ અને તંદુરસ્ત સ્ત્રી-પુરુષો, હસતાંરમતાં આહ્લાદ બાળકો અને જીવનનાં વિધવિધ રૂપો પ્રગટ કરતું નવયૌવન એ જે તે પ્રદેશની વિશિષ્ટતા અને વિવિધતાનો ખયાલ આપતાં હતાં.

ક્રિશ્ચિયનસનથી ઊપડીને અમે ટ્રોનડેઈમ (Trondheim)પહોંચ્યાં અહીં એક સુંદર મ્યૂઝિયમ જોયું. આ સ્થાનમાં ઉત્તર નૉર્વેના અને ખાસ કરીને લૅપલૅન્ડના પહાડી લોકોના પ્રાચીન જીવન-વ્યવહાર અને રંગઢંગની રીતિનો ઘણો આબેહૂબ ખયાલ આપવામાં આવ્યો છે. એ પ્રદેશનાં પંખી-પ્રાણીઓનો સંગ્રહ એ પણ અહીંની વિશેષતા હતી. ત્યાર બાદ સ્ટૉકસન, રોરવિક અને સ્વાર્ટસન બંદરોએ થઇને ઓરનેસ (Ornes) થોડું રોકાઈને બોડો (Bodo) પહોંચી 'મિડનાઈટ-સને' શ્વાસ લીધો. બોડો નૉર્ડલૅન્ડનું એક મોટું ને મુખ્ય સ્થાન છે. બોડો પહોંચતાં પહેલાં ફ્યૉર્ડના શાંત સલામત માર્ગની બહાર ખુલ્લા સાગર-



ક્રિશ્ચિઅનસન (ઉપર) પણ ત્રણ ટાપુઓ પર વસેલું ને એથી અગ્યા-બંધ પુલોથી સંકળાએલું ગામ છે. ઈ. ૧૯૪૦માં જર્મન બૉમ્બમારામાં એનો ઘણો ભાગ નાશ પામી ફરી વસેલો છે.

બોડો (જમણી બાજુ) એ નૉર્ડલૅન્ડનું મુખ્ય શહેર. ઈ. ૧૮૦૦થી અહીં વસવાટ આરંભાયો પણ એનો વિકાસ ૧૮૬૦થી ૭૦ના ગાળામાં ઝડપી બન્યો. ઈ. ૧૯૪૦ના મે માસમાં જર્મનોએ અહીં પણ બૉમ્બમારો કરેલો. આજનું બોડો એ પછીના નવનિર્માણની સરજત છે.




માં આવવું પડ્યું હતું. ઉત્તરમાં વિસ્તરેલા આ સાગરનો મિજાજ વળી જુદો જ હતો. અગાઉ ન્યૂ-યૉર્કથી લંડન આવતાં 'ક્વીન ઇલિઝાબેથ'માં વરુણદેવનું ભવ્ય અને ભયાનક તાંડવ જોયું હતું. એમાં બ્યાશી હજાર ટનનીએ મોટી સ્ટીમર પણ લથડાતી હતી. ત્યારે 'મિડનાઈટ-સન' તો ૨૧૬૫ ટનની નાનકડી સ્ટીમર. એનું ગજું પણ કેટલું હોય? પણ એણે સમુદ્ર સામે સારી ટક્કર ઝીલી.

એ સવારે બરાબર ૭-૩૫ વાગ્યે અમારી સ્ટીમરે ઉત્તર ધ્રુવ વર્તુળ (Arctic circle)ની સીમા-રેખામાં પ્રવેશ કર્યો. મોટા ભાગના યાત્રીઓ ત્યારે સ્ટીમરના કૅપ્ટન-ડેક ઉપર ઉપસ્થિત હતા. હમે અમે આર્ક્ટિક સાગરની સરહદમાં આવી ગયાં હતાં. ફરી ફ્યૉર્ડની યાત્રા શરૂ થઈ હોવાથી સાગર પ્રમાણમાં સ્વસ્થ અને શાંત હતો. દૂર એક પહાડ દ્વીપ ઘોડેસવારની આકૃતિમાં સ્થિર ઊભો હતો. સહેજ આગળ નીકળ્યાં ત્યાં તો સામે એક પહાડે બેઠેલા સિંહનું રૂપ ધારણ કરીને અમારું સ્વાગત કર્યું.

બોડો પછી સ્ટૅમસન (Stamsund) અને સ્વોલ્વર (Svolver) બંદરો વટાવીને સ્ટીમરે પાછો ખુલ્લા સમુદ્રમાં પ્રવેશ કર્યો. ધ્રુવ વર્તુલ પસાર કર્યા પછી, નૉર્વેના આ ઉત્તર પ્રદેશમાં રાત્રિ તો નામની જ હોય છે. રાતે દસ વાગ્યે અમે સ્વોલ્વર પસાર કર્યું ત્યારે સંધ્યાનું અજવાળું હતું. હજી સૂર્ય ભગવાન અસ્ત થયા નહોતા. એના પ્રકાશકિરણો સંધ્યાને અનેકગણી રમણીયતા અર્પતાં હતાં. એનાં સૌંદર્યનું પાન કરતાં સૂવા જવાની ઇચ્છા જ નહોતી થતી. પાંચમે દિવસે સવારે સાત વાગ્યે હાર સ્ટેડ (Harstad) બંદરે સ્ટીમર લાંગરવાની હતી. બહુ ટૂંકું રોકાણ હોઈ અને એ જોવાનો લોભ જતો કર્યો.

લગભગ પોણા નવે તો સ્ટીમર હારસ્ટેટ છોડીને ટ્રોમ્સા (Tromsa) ભણી માર્ગ કાપતી હતી. વચ્ચે ફિન્સનેસ (Finnsnes) આવ્યું. આ બંદરેથી સીધો ઉત્તર તરફ જતો આર્ક્ટિક હાઈ-વે નીકળે છે. ઠેક નૉર્વેની રાજધાની ઓસ્લોથી એ આવે છે. આ રીતે આ દ્વીપગ્રામનું મહત્ત્વ ઘણું છે. આગળ જતાં સેન્જા અને ક્વેલોયના બે મોટા બેટ નજરને આંતરે છે. એનું સૌન્દર્ય માણી બપોરે ત્રણ વાગ્યે અમે ટ્રોમ્સા પહોંચ્યાં. ટ્રોમ્સા ઉત્તર નૉર્વેની રાજધાની છે. એને 'આર્ક્ટિક શહેર'નું બિરુદ પણ મળ્યું છે. ઉત્તર ધ્રુવ ભણીની ઘણી શોધસફરો અહીંથી જ આરંભાઈ છે. શહેર-માં લૅપલૅન્ડર પહાડી લોકોએ બનાવેલી અનેક કલાત્મક વસ્તુઓની દુકાનો છે એ એની એક વિશેષતા છે. ઉત્તર ધ્રુવ ભણી પ્રથમ જનાર જગવિખ્યાત યાત્રી રોલ્ડ ઍમનસન (Roald Amundsen)ની કાંસા-ની મોટી પ્રતિમા શહેરના મધ્ય ભાગમાં ઊભી છે. સાંજે છ વાગ્યે ટ્રોમ્સા-થી ઊપડીને ફરી અમે ખુલ્લા સાગરમાં પ્રવેશ કર્યો. સમુદ્રના આ વિભાગને 'લોપા' કહે છે. લોપાનો અર્થ ઊડતી કરડતી માખી થાય છે. અહીંનો સાગર પણ ઉદયનો લઈ લઇને યાત્રીને બહુ ડરાવે છે. (ચાલુ)



હરસ્ટાડ નૉર્વેના સૌથી મોટા ટાપુ હિનોયની ઈશાન કંઠાર પરનું સુંદર શહેર. બળતણ, ખોરાક અને મરામત માટે અહીં દેશ-વિદેશનાં જહાજો લાંગરે છે. અહીં નૉર્વેના સંરક્ષણ દળની કેટલીક કચેરીઓ પણ છે.


કૃત્રિમ ઉપગ્રહ [૩]

લેખક · ડૉ. પરંતપ પાઠક

ઉપગ્રહની ભ્રમણકક્ષા

આ પણી પૃથ્વી અને અન્ય ગ્રહો જે રીતે પોતપોતાની ભ્રમણકક્ષામાં સૂર્યની પ્રદક્ષિણા કરે છે અને જે રીતે ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે તે જ રીતે દરેક કૃત્રિમ ઉપગ્રહ પણ અમુક ચોક્કસ ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. ઈ. ૧૬૦૯માં યોહાનેસ કેપ્લરે જુદાજુદા ગ્રહોનાં અનેક અવલોકનો કરીને તેનાં પૃથક્કરણને આધારે સૂર્યની પ્રદક્ષિણા કરતા ગ્રહોની ભ્રમણકક્ષાને લગતા ત્રણ નિયમો પ્રતિપાદિત કર્યા હતા. આ ત્રણેય નિયમો પૃથ્વીની પ્રદક્ષિણા કરતા દરેક કૃત્રિમ ઉપગ્રહને પણ બધી રીતે લાગુ પડે છે. (જુઓ નીચેની આકૃતિ)

ભૌતિક વિજ્ઞાનની દૃષ્ટિએ જોતાં ભ્રમણકક્ષાને લગતા કેપ્લરના નિયમો ગુરુત્વાકર્ષણના કેન્દ્રીય બળની મુખ્ય અસર દ્વારા સમજાવી શકાય છે. સહુ પ્રથમ વર્તુળાકાર ભ્રમણકક્ષા વિષે વાત કરીએ. એ માટે આ એક સાદું ઉદાહરણ ઉપયોગી થશે: દોરીને એક છેડે પથ્થર બાંધી, બીજા છેડેથી એ દોરી પકડીને આપણે પથ્થરને ગોળ ગોળ ફેરવીએ ત્યારે પથ્થર ઉપર વિરુદ્ધ દિશામાં બે બળ લાગે છે: એક, દોરીનો તણાવ (Tension) અને બીજું, કેન્દ્રત્યાગી બળ. આ જ રીતે પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ઉપગ્રહ ઉપર પણ વિરુદ્ધ દિશામાં બે બળ લાગે છે: એક, પૃથ્વીના ગુરુત્વાકર્ષણને લીધે લાગતું બળ (જે એક અદૃશ્ય દોરીનું કામ કરે છે) અને બીજું, કેન્દ્રત્યાગી બળ. આ ભૌતિક પરિસ્થિતિમાં મળતાં સમીકરણ ઉપરથી ઉપગ્રહને પૃથ્વીથી દૂર કોઈ પણ અંતરે વર્તુળાકાર ભ્રમણકક્ષામાં રાખવા માટે કેટલો વેગ આપવો જોઈએ તે નક્કી કરી શકાય છે. આપણે જાણીએ છીએ કે પૃથ્વીથી જેમ જેમ દૂર જઈએ તેમ તેમ તેનું ગુરુત્વાકર્ષણ બળ અંતરના વર્ગના પ્રમાણમાં ઘટતું જાય



આકૃતિ ૧. કેપ્લરના ત્રણ નિયમો: (૧) બધા ગ્રહોની ભ્રમણકક્ષા લંબવર્તુલાકારની છે, અને સૂર્ય એ દરેકના એક કેન્દ્ર ઉપર છે. (૨) સૂર્ય અને ગ્રહને જોડતી રેખા સરખા સમયમાં સરખું ક્ષેત્રફળ કાપે છે. ઉપર આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ગ્રહને ૧થી ૨ સુધી જતાં અને ૩થી ૪ સુધી જતાં જો સરખો સમય લાગતો હોય તો ટપકાં ભરીને બતાવેલા એ બંને ભાગનાં ક્ષેત્રફળ સરખાં થાય. આ નિયમ ઉપરથી અગત્યનું તારણ એ મળે છે કે જ્યારે ગ્રહ અને સૂર્ય વચ્ચેનું અંતર ન્યૂનતમ હોય ત્યારે ગ્રહનો ભ્રમણવેગ મહત્તમ હોય છે, અને જ્યારે આ અંતર મહત્તમ હોય ત્યારે ગ્રહનો ભ્રમણવેગ ન્યૂનતમ હોય છે. (૩) કોઈ પણ ભ્રમણવેગના વર્ગ અને તેના તથા સૂર્ય વચ્ચેના સરેરાશ અંતરના ઘન વચ્ચેનો ભાગાકાર એક અચળ સંખ્યા હોય છે. ગણિતની રીતે—

$$(\text{ભ્રમણકાળ})^{2} \div (\text{સરેરાશ અંતર})^{3} = \text{અચળ સંખ્યા.}$$


આ ઉપરથી અગત્યનું તારણ એ મળે છે કે, સૂર્ય અને ગ્રહ વચ્ચેનું સરેરાશ અંતર જેમ વધતું જાય તેમ તેનો ભ્રમણકાળ વધતો જાય. (અથવા તેનો ભ્રમણવેગ ઘટતો જાય.) સૂર્યના બધા ગ્રહોનાં સરેરાશ અંતર અને ભ્રમણકાળ તપાસવાથી આ નિયમની યથાર્થતા વિષે સચોટ ખયાલ આવી શકશે.

છે. આ ભૌતિક ઘટનાનું પરિણામ એ આવે છે કે ઉપગ્રહની વર્તુળાકાર ભ્રમણકક્ષા પૃથ્વીથી જેમ જેમ દૂર જતી જાય તેમતેમ તેને આપવા પડતા જરૂરી વેગનું મૂલ્ય ઘટતું જાય છે, અને આથી તેનો ભ્રમણકાળ (પૃથ્વીને ફરતો એક આંટો પૂરો કરવા માટે લાગતો સમય) વધતો જાય છે. સૂર્યના પ્રદક્ષિણા કરતા બધા જ ગ્રહોના ભ્રમણકાળ પણ આ જ રીતે જે તે ગ્રહ અને સૂર્ય વચ્ચેના અંતર સાથે વધતા જાય છે. દાખલા તરીકે, સૂર્યની સહુથી નજીકના ગ્રહ બુધનો ભ્રમણકાળ ૮૮ દિવસનો છે, સહુથી દૂરના ગ્રહ પ્લૂટોનો ભ્રમણકાળ લગભગ ૨૪૮ વર્ષનો છે.

પૃથ્વીથી દૂર કોઈ પણ ઊંચાઈ ઉપર ઉપગ્રહને વર્તુળાકાર ભ્રમણકક્ષામાં રાખવા માટે કેટલો વેગ આપવો જોઈએ તે વિષે હવે જોઈએ. ધારો કે ઉપગ્રહને પૃથ્વીથી તદ્દન નજીક, લગભગ પૃથ્વીને અડીને, તેની સમાંતર વર્તુળાકાર ભ્રમણકક્ષામાં રાખવો હોય તો તેને સેકંડે લગભગ ૮ કિ. મી નો વેગ આપવો જોઈએ, અલબત્ત, પૃથ્વીના ઘટ્ટ વાતાવરણને લીધે ઉત્પન્ન થતા પ્રબળ ઘર્ષણને પરિણામે આ જાતનો કલ્પિત ઉપગ્રહ શકય નથી. પૃથ્વીથી લગભગ ૧૬૦ કિ. મી.ની ઊંચાઈ પર ઉપગ્રહને એક સેકંડે આશરે ૭·૮ કિ.મી.નો વેગ આપવો જરૂરી છે, જ્યારે ૩૫,૮૫૦ કિ.મી.ની ઊંચાઈ માટે આ વેગ એક સેકંડે લગભગ ૩·૨ કિ. મી. જેટલો હોય છે. આ વેગ પૃથ્વીની દૈનિક ગતિ જેટલો જ હોવાથી એટલી ઊંચાઈ ઉપર પૃથ્વીના વિષુવવૃત્તની સમાંતર વર્તુળાકાર ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહનો ભ્રમણકાળ બરાબર ૨૪ કલાક જેટલો જ થાય છે અને આથી આ ઉપગ્રહ પૃથ્વીના વિષુવવૃત્ત ઉપરથી હમેશાં 'સ્થિર' લાગે છે. (પૃથ્વી ઉપર ખૂબ લાંબા અંતરના સંદેશ-વ્યવહાર માટે આ જાતના ભૂસમકમિક—Geosynchronous—ફરતા ઉપગ્રહનો ઉપયોગ કરવામાં આવે છે.) આ રીતે આપણે જોયું કે પૃથ્વીથી જેમ ઊંચે જઈએ તેમ તેમ ઉપગ્રહને વર્તુળાકાર ભ્રમણકક્ષામાં રાખવા માટે આપવો પડતો વેગ ઓછો થતો જાય છે. આ ઉપરથી કદાચ એમ લાગશે કે ઉપગ્રહને પૃથ્વીથી ખૂબ ઊંચે ભ્રમણકક્ષામાં મૂકવાનું વધારે સહેલું છે. પરંતુ આ ખયાલ સાચો નથી, કારણ કે આ માટે ઉપગ્રહને પહેલાં શક્તિશાળી રૉકેટની મદદથી એટલી ઊંચાઈ ઉપર લઈ જવો જોઈએ અને તે માટે ખૂબ વધારે બળ વાપરવું પડે, એટલે સરવાળે ઊલટું આ વધારે અઘરું છે. ખાસ અગત્યનો મુદ્દો એ છે કે ઉપર્યુક્ત જરૂરી વેગ, ઉપગ્રહના વજન ઉપર જરા પણ આધાર નથી રાખતો; ઉપગ્રહનું વજન ઓછું હોય કે વધારે, અમુક ઊંચાઈ ઉપર વર્તુળાકાર ભ્રમણકક્ષામાં રાખવા માટે ઉપગ્રહને ચોક્કસ વેગ આપવો જરૂરી છે.

બીજો અગત્યનો મુદ્દો એ પણ છે કે એક વખત સ્થાયી ભ્રમણકક્ષામાં મુકાયા પછી ઉપગ્રહને પોતાના ભ્રમણ માટે બહારની કોઈ શક્તિની જરૂર પડતી નથી. અલબત્ત, પૃથ્વીનું અદૃશ્ય ગુરુત્વાકર્ષણ બળ જ આમાં મુખ્ય ભાગ ભજવે છે એ કહેવાની જરૂર રહેતી નથી.

ઉપગ્રહને વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવા માટે આપવા પડતા જરૂરી વેગના મૂલ્ય કે તેની દિશામાં અત્યંત સૂક્ષ્મ ફેરફાર થવાથી તેની ભ્રમણકક્ષા વર્તુલાકાર ન રહેતાં લંબવર્તુલાકાર બની જાય છે. આ કારણથી સામાન્ય રીતે કોઈ પણ ઉપગ્રહને સંપૂર્ણ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં મૂકવાનું ખૂબ મુશ્કેલ છે. આર્યભટની ભ્રમણકક્ષા પણ સંપૂર્ણ વર્તુળાકાર નથી; આર્યભટ ને પૃથ્વી વચ્ચેનું મહત્તમ અને ન્યૂનતમ અંતર અનુક્રમે ૬૧૯ અને ૫૬૩ કિ.મી. છે, જ્યારે તેનો ભ્રમણકાળ ૯૩·૪ મિનિટ છે.




આકૃતિ ૨– પૃથ્વીની આજુબાજુ જુદીજુદી ઊંચાઈ ઉપર વર્તુલાકાર ભ્રમણકક્ષામાં રાખવા માટે ઉપગ્રહને આપવો પડતો જરૂરી વેગ (૦ થી ૬૦ તરફ જતી રેખા) અને એ દરેક ઊંચાઈ માટેનો ઉપગ્રહનો ભ્રમણકાળ (અન્ય રેખા) આ આકૃમાં દર્શાવવામાં આવ્યા છે.

વર્તુળાકાર ભ્રમણકક્ષામાં દરેક સમયે ઉપગ્રહનો વેગ એકસરખો જ રહે છે અને બદલાતો નથી, પરંતુ લંબવર્તુળાકાર ભ્રમણકક્ષામાં ઉપગ્રહનો વેગ પૃથ્વી અને ઉપગ્રહ વચ્ચેના અંતર સાથે બદલાય છે. જ્યારે આ અંતર મહત્તમ હોય છે ત્યારે ઉપગ્રહનો વેગ ન્યૂનતમ હોય છે, અને જ્યારે આ અંતર ન્યૂનતમ હોય ત્યારે ઉપગ્રહનો વેગ મહત્તમ હોય છે. ઉપગ્રહના વેગમાં થતું આ પરિવર્તન પણ દોરી સાથે બાંધેલા પથ્થરના સાદા ઉદાહરણ ઉપરથી સચોટ રીતે સમજી શકાશે : પથ્થરને ગોળ ફેરવતાંફેરવતાં દોરી આંગળી ઉપર વીંટાળતા જઈએ તો દેખાશે કે જેમજેમ પથ્થર નજીક આવતો જશે તેમતેમ તેનો વેગ વધતો જશે.


કોઈ પણ ઉપગ્રહની ભ્રમણકક્ષા તેનાં મુખ્ય તત્ત્વો દ્વારા દર્શાવી શકાય છે. આ તત્ત્વો નીચે પ્રમાણે છે : વર્તુળાકાર ભ્રમણકક્ષા માટે— પૃથ્વીની સપાટી અને ઉપગ્રહ વચ્ચેનું અંતર, ભ્રમણકક્ષા અને પૃથ્વીની વિષુવવૃત્તીય સપાટી વચ્ચેનો ખૂણો, અને ઉપગ્રહનો ભ્રમણકાળ. આ ઉપરાંત લંબવર્તુળાકાર ભ્રમણકક્ષા માટે પૃથ્વીની સપાટી અને ઉપગ્રહ વચ્ચેનું મહત્તમ અને ન્યૂનતમ અંતર પણ જાણવું જરૂરી છે. કોઈ પણ ઉપગ્રહ માટે તેની ભ્રમણકક્ષાનાં ઉપર્યુક્ત તત્ત્વો જાણવા ઉપરાંત ગણતરી દ્વારા મેળવેલા તેના વરતારા પણ એટલા જ અગત્યના છે. આ જાતના વરતારા ખાસ તો ભૂમિ-મથક ઉપર ઉપગ્રહમાંથી આવતા રેડિયો-સંદેશા મેળવવા માટે અને ઉપગ્રહને જરૂરી રેડિયો-આદેશ મોકલવા માટે ઉપયોગી છે. જે રીતે આપણે પંચાંગ જોઈને સૂર્ય અને ચંદ્રના ઉદયકાળ કે અસ્તકાળ મેળવીએ છીએ તે જ રીતે ક્ષિતિજ ઉપર કઈ દિશામાં અને કયા સમયે ઉપગ્રહનો ઉદય થશે એ જાણીને ભૂમિ-મથકનું ઍન્ટીના કઈ દિશામાં ગોઠવવું તે નક્કી કરી શકાય છે. આ માટે ઉપગ્રહની 'ભૂમિ-રેખા' ખાસ ઉપયોગી થાય છે. ભ્રમણકક્ષાના દરેક બિંદુ ઉપરથી પૃથ્વીની સપાટી ઉપર દોરેલા લંબ દ્વારા મળતા અસંખ્ય બિંદુઓને જોડતી રેખાને 'ભૂમિ-રેખા' કહે છે. ભૂમિ રેખા અક્ષાંશ, રેખાંશ અને સમય દ્વારા દર્શાવી શકાય છે. આપણી પૃથ્વી ૨૪ કલાકમાં પોતાની ધરી ઉપર એક આંટો (૩૬૦ અંશ) ફરે છે, અથવા દર કલાકે ૧૫ અંશ ફરે છે, આને લીધે ઉપગ્રહની ભૂમિ-રેખા હમેશાં પશ્ચિમ દિશા તરફ ખસતી દેખાય છે. (અહીં ઉપગ્રહનો ભ્રમણકાળ ૨૪ કલાક કરતાં ઓછો ધારવામાં આવ્યો છે.) આર્યભટનો ભ્રમણકાળ લગભગ ૯૬ મિનિટ હોવાથી તેની દરેક ક્રમિક ભૂમિ-રેખા પૃથ્વીના નકશા ઉપર પશ્ચિમ દિશામાં લગભગ ૨૪ અંશ જેટલી દૂર ખસતી જાય છે. આ રીતે આર્યભટ પૃથ્વી ઉપરના બધા જ પ્રદેશો પરથી પસાર થાય છે, પરંતુ આર્યભટની ભ્રમણકક્ષા અને પૃથ્વીની વિષુવવૃત્તીય સપાટી વચ્ચે લગભગ ૫૧ અંશનો ખૂણો હોવાથી આર્યભટની બધી જ ભૂમિ-રેખા ઉત્તર અને દક્ષિણ દિશામાં લગભગ ૫૧ અંશ અક્ષાંશ વચ્ચે જ સીમિત રહે છે.

અત્યાર સુધીની ચર્ચામાં આપણે ઉપગ્રહની ભ્રમણકક્ષા ઉપર મુખ્યત્વે પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળની અસર જ ધ્યાનમાં લીધી છે; પરંતુ આ ઉપરાંત અન્ય સૂક્ષ્મ ભૌતિક પરિબળોની અસરનું અસ્તિત્વ પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. આ અન્ય પરિબળોમાં પૃથ્વીના વાતાવરણ સાથેનું ઘર્ષણ, સૂર્ય-પ્રકાશ દ્વારા ઉત્પન્ન થતું સૂક્ષ્મ દબાણ અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળની સ્થાનીય અનિયમિતતા મુખ્ય છે. પૃથ્વીની આજુબાજુ નજીકની ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહ ઉપર સૂર્ય, અન્ય ગ્રહો અને ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળની અસર અત્યંત નહિવત્ હોવાથી ધ્યાનમાં લેવાની જરૂર નથી.

પૃથ્વીથી જેમજેમ ઊંચે જઇએ તેમતેમ તેનું વાતાવરણ પાતળું થતું જાય છે અને લગભગ ૧૦૦ માઈલની ઊંચાઈ ઉપર વાતાવરણ અત્યંત પાતળું થઈ જાય છે. વાતાવરણની ઘનતામાં થતા આ પરિવર્તનને ભૌતિકશાસ્ત્રમાં 'સરેરાશ મુક્ત માર્ગ' (Mean free path) દ્વારા દર્શાવવામાં આવે છે. પૃથ્વીની આજુબાજુના ઘટ્ટ વાતાવરણમાં હવાના અણુઓ




આકૃતિ ૩ અ



આકૃતિ ૩ બ

પહેલી આકૃતિમાં વર્તુલાકાર અને લંબવર્તુલાકાર ભ્રમણકક્ષા દર્શાવી છે. એમાં બતાવ્યા પ્રમાણે ઉપગ્રહને પૃથ્વીની સમાંતર દિશામાં 'જરૂરી' વેગ આપવાથી સંપૂર્ણ વર્તુલાકાર ભ્રમણકક્ષા (૧) મેળવી શકાય છે. આ વેગમાં વધારો કરવાથી લંબવર્તુલાકાર ભ્રમણકક્ષા (૨) મળે છે, જ્યારે વેગમાં ઘટાડો કરવાથી લંબવર્તુલાકાર ભ્રમણકક્ષા (૩) મળે છે. આ રીતે વેગમાં ઘટાડો કરતા જઈએ તો અમુક વખતે ઉપગ્રહની ભ્રમણકક્ષા પૃથ્વીમાંથી પસાર થાય (૪), અને એથી ઉપગ્રહ પૃથ્વી ઉપર પાછો આવે. વેગ વધારવાથી લંબ વર્તુલાકાર મોટો થતો જાય છે. અને અમુક હદથી વધારે વેગ (જેને પૃથ્વી માટેનો 'પલાયનવેગ' કહે છે) આપવાથી ઉપગ્રહ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળમાંથી મુક્ત થઈને પરવલયાકાર (Parabolic) ભ્રમણકક્ષામાં જતો રહે છે ને છેવટે સૂર્યના ગુરુત્વાકર્ષણબળને લીધે સૂર્યનો 'ગ્રહ' બની જાય છે. આ રીતે વેગ વધારતા જઈએ તો અમુક વખતે ઉપગ્રહ સૂર્યના ગુરુત્વાકર્ષણબળથી પણ મુક્ત થઈને અવકાશમાં દૂરદૂર ફેંકાઈ જાય અને છેવટે કોઈ તારાની આજુબાજુ ભ્રમણકક્ષામાં ફરતો થઈ જાય. ઉપગ્રહને પૂર્વ દિશા તરફ વેગ આપવાથી પૃથ્વીની દૈનિક ગતિનો લાભ પણ લઈ શકાય છે.

આકૃતિ ૩બમાં 'જરૂરી' વેગની દિશા બદલવાથી પણ લંબ વર્તુલાકાર ભ્રમણકક્ષા મેળવી શકાય છે. 'જરૂરી' વેગની દિશા (તીર દ્વારા દર્શાવેલી ૧) રાખવાથી સંપૂર્ણ વર્તુલાકાર ભ્રમણકક્ષા ૧ મેળવી શકાય છે. પરંતુ 'જરૂરી' વેગની દિશા (→૨) કે (→૩) રાખવાથી લંબવર્તુલાકાર ભ્રમણકક્ષા ૨ અથવા ૩ મેળવી શકાય છે.




આકૃતિ ૪. 'આર્યભટ'ની ભૂમિરેખા. શ્રીહરિકોટા ભૂમિમથકની રેડિયો-દૃષ્ટિ મર્યાદા ભારતના નકશાની આજુબાજુ બતાવેલા વર્તુળ જેટલી છે. આ હિસાબે એક દિવસમાં આર્યભટની કુલ ચાર ભ્રમણકક્ષા આ ભૂમિમથક ઉપરથી જોઈ શકાય છે, જે આકૃતિમાં ૦, ૧, ૯ અને ૧૦ આંકડાઓથી દર્શાવેલી ભૂમિરેખા દ્વારા બતાવેલી છે.


એકબીજા સાથે નિરંતર અથડાતા હોય છે, અર્થાત્ આ વાતાવરણ માટેનો 'સરેરાશ મુક્ત માર્ગ' અત્યંત સૂક્ષ્મ હોય છે. (બજારમાં ખૂબ ભીડ હોય અને જતા આવતા માણસો એકબીજા સાથે અથડાતા હોય ત્યારે માણસોનો 'સરેરાશ મુક્ત માર્ગ' પણ ખૂબ નાનો કહી શકાય). ઊંચાઈ વધવાની સાથે પૃથ્વીનું વાતાવરણ પાતળું થવાથી વાતાવરણનો 'સરેરાશ મુક્ત માર્ગ' વધતો જાય છે અને લગભગ ૧૦૦ માઈલની ઊંચાઈ ઉપર તેનું મૂલ્ય લગભગ ૧ મીટર કરતાં વધારે હોય છે. અર્થાત્, આ ઊંચાઈ ઉપર હવાના અણુ એકબીજા સાથે અથડાયા વગર લગભગ ૧ મીટરનું અંતર પસાર કરી શકે છે. આ જાતના અત્યંત પાતળા વાતાવરણની પણ લાંબા ગાળે નોંધપાત્ર અસર થવાથી મોટા ભાગના ઉપગ્રહનો અંત આવે છે. લંબ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં ઉપગ્રહ ને પૃથ્વી વચ્ચેનું અંતર જ્યારે ન્યૂનતમ હોય છે ત્યારે વાતાવરણ સાથેના ઘર્ષણને પરિણામે ઉપગ્રહનો વેગ ઘટતો જાય છે અને તેની ભ્રમણકક્ષા ધીમેધીમે લંબવર્તુળાકારમાંથી વર્તુળાકાર જેવી બનતી જાય છે. આ સાથે પૃથ્વી ને ઉપગ્રહ વચ્ચેનું સરેરાશ અંતર પણ ધીમેધીમે ઘટતું જાય છે, જેથી ઉપગ્રહનો વેગ વધતો જાય છે અને સાથેસાથે વાતાવરણ સાથેનું ઘર્ષણ પણ વધતું જાય છે. આ ઘટનાનું અંતિમ પરિણામ એ આવે છે કે ઉપગ્રહ પૃથ્વીના વાતાવરણમાં બળીને ભસ્મીભૂત થઈ જાય છે. અલબત્ત, આ સંપૂર્ણ ઘટના ઘણો લાંબો સમય લે છે. દાખલા તરીકે, ૫૦૦ કિ.મી.ની ઊંચાઈ ઉપર ઘૂમતા ઉપગ્રહ-નો સંપૂર્ણ ક્ષય થતાં લગભગ ૨૦-૨૫ વર્ષ જેટલો લાંબો સમય લાગે છે. એક વર્ષ સુધી પોતાની ભ્રમણકક્ષામાં રહ્યા છતાં આર્યભટની ભ્રમણ-કક્ષામાં ખાસ નોંધપાત્ર ફેર નથી પડ્યો અને તેના ને પૃથ્વી વચ્ચેના સરેરાશ અંતરમાં લગભગ અર્ધા કિ. મી થી પણ ઓછો ઘટાડો થયો છે.

વાતાવરણ સાથેના ઘર્ષણને પરિણામે લાંબે ગાળે ઉપગ્રહનો અંત આવે છે એ આપણે જોયું, પરંતુ આ ઘટનાની ઊજળી બાજુ એ છે કે જુદાજુદા ઉપગ્રહનો શરૂથી અંત સુધીની ભ્રમણકક્ષાનો ઇતિહાસ તપાસવાથી પૃથ્વીના ઉચ્ચ સ્તરના વાતાવરણની ઘનતા વિષે ઘણી અગત્યની માહિતી મળી શકી છે. આ જાતના સંશોધન ઉપરથી માલૂમ પડ્યું છે કે વાતાવરણના ઉચ્ચ સ્તરની ઘનતા રાત્રિ દિવસ અને પૃથ્વી ઉપરની ઋતુ સાથે બદલાય છે, અર્થાત્ વાતાવરણની ઘનતા અને સૂર્યની ગરમી વચ્ચે ગાઢ સંબંધ છે. આ ઉપરાંત, વાતાવરણની ઘનતામાં લગભગ ૧૧ વર્ષનું નિયમિત પરિવર્તન પણ જોવા મળ્યું છે, જે ૧૧-વર્ષીય સૌર ભૌતિક પ્રક્રિયા ચક્ર સાથે સંબંધિત છે એમ નિઃશંક સ્થાપિત થયું છે. સૂર્ય ઉપર કોઈ કોઈ વાર થતી સ્ફોટક પ્રક્રિયાને લીધે પણ વાતાવરણની ઘનતામાં મોટું પરિવર્તન જોવા મળ્યું છે. આ રીતે અવકાશમાં ઘૂમતો દરેક ઉપગ્રહ, વાતાવરણની ઘનતાના રહસ્યો ઉકેલવામાં મદદરૂપ બની શકે છે.

સૂર્યના પ્રકાશ દ્વારા ઉત્પન્ન થતું દબાણ અત્યંત સૂક્ષ્મ હોવા છતાં લાંબે ગાળે અસર બતાવે છે. આમ છતાં પૃથ્વીની આજુબાજુ નજીકની



△ આકૃતિ ૫. પૃથ્વીના વાતાવરણ સાથેના ઘર્ષણને લીધે ઉપગ્રહની ભ્રમણકક્ષા ઉપર કેવી રીતે અસર થાય છે તે આ આકૃતિ દ્વારા બતાવ્યું છે. ઉપગ્રહની લંબવર્તુળાકાર ભ્રમણકક્ષા ઉત્તરોત્તર વધતા ઘર્ષણને પરિણામે ધીમે ધીમે વર્તુળાકાર જેવી બનતી જાય છે એ ઘટના આ આકૃતિમાં જોઈ શકાય છે.



આકૃતિ ૬. ભ્રમણકક્ષામાં કયા અનુકૂળ સમયે પૃથ્વી ઉપરથી ઉપગ્રહ જોઈ શકાય છે તે દર્શાવતી આકૃતિ. આ પરથી સમજી શકાશે કે ઉપગ્રહ સૂર્યાસ્ત પછી કે સૂર્યોદય પહેલાં અમુક મર્યાદિત સમય સુધી જ જોઈ શકાય છે.

ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહ ઉપર સૂર્ય-પ્રકાશનું દબાણ નકારી શકાય છે. આંતરગ્રહીય યાત્રા માટે મોકલવામાં આવતાં અવકાશયાન માટે સૂર્ય-પ્રકાશના દબાણનો યુક્તિપૂર્વક ઉપયોગ કરીને તેનો લાભ લઈ શકાય છે. જે રીતે વહાણના સઢ દ્વારા પવન-શક્તિનો ઉપયોગ કરવામાં આવે છે તે જ રીતે સૂર્ય-પ્રકાશના દબાણનો ઉપયોગ કરીને બહારના ગ્રહની યાત્રા માટે અનુકૂળ દિશામાં વેગ મેળવી શકાય છે. આ કારણથી આ યુક્તિને 'સૌર સઢ' (Solar sail) કહેવામાં આવે છે.

આપણી પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ બધી દિશામાં સરખું નથી. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળની કેટલીક મુખ્ય સ્થાનીય અનિયમિતતાઓ પશ્ચિમ પ્રશાંત મહાસાગર, હિન્દી મહાસાગર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશોમાં આવેલી છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે પૃથ્વીનો ભાર એના આખા કદમાં સરખી રીતે વહેંચાએલો નથી. આ ઉપરાંત, પૃથ્વીનો આકાર સંપૂર્ણ રીતે ગોળાકાર નથી—તેના વિષુવવૃત્તીય પ્રદેશ ધ્રુવપ્રદેશો કરતાં વધારે ઉપસેલો છે. આ પરિસ્થિતિને લીધે પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ઉપગ્રહ ઉપર તેની ભ્રમણકક્ષાના જુદાજુદા સ્થાને વધારે કે ઓછા ગુરુત્વાકર્ષણ બળની અસર થાય છે, અને પરિણામે તેની ભ્રમણકક્ષા સૂક્ષ્મ રીતે બદલાય છે. આમાં નીચેની બે અસર ખાસ ધ્યાનમાં લેવા જેવી છે:

૧) પૃથ્વીનાં વિષુવવૃત્તીય પ્રદેશોના વધારાના ગુરુત્વાકર્ષણ બળને લીધે ઉપગ્રહની દરેક ક્રમિક ભૂમિ-રેખા પશ્ચિમ તરફ ખસે છે. (આ અગાઉ જણાવ્યા પ્રમાણે, પૃથ્વીની દૈનિક ગતિને કારણે પણ ભૂમિ-રેખા પશ્ચિમ તરફ ખસતી દેખાય છે, જે ફક્ત 'આભાસી' પરિવર્તન જ છે, જ્યારે અહીં આપણે એક સ્વતંત્ર ભૌતિક પ્રક્રિયા વિષે વાત કરીએ છીએ.) ઉપગ્રહની ભ્રમણકક્ષા ને વિષુવવૃત્તીય સપાટી (Plane) વચ્ચેનો ખૂણો જેમજેમ વધતો જાય છે તેમતેમ આ અસર ઓછી થતી જાય છે ને ધ્રુવીય ભ્રમણકક્ષા (પૃથ્વીના ઉત્તર ને દક્ષિણ ધ્રુવ ઉપરથી પસાર થતી ભ્રમણકક્ષા) માટે આ અસર શૂન્ય થઈ જાય છે. આ અસરને લીધે આર્યભટની ભૂમિ-રેખા એક દિવસમાં લગભગ ૪.૫ અંશ જેટલી પશ્ચિમ તરફ ખસે છે. ઉપગ્રહની ભ્રમણકક્ષા પૃથ્વીથી જેમજેમ દૂર જતી જાય છે તેમતેમ (ગુરુત્વાકર્ષણ બળની અસર ઓછી થવાથી) ઉપર્યુક્ત અસર ઘટતી જાય છે.

(૨) વિષુવવૃત્તીય અનિયમિતતાને લીધે બીજી એક અસર એ થાય છે કે લંબ-વર્તુળાકાર ભ્રમણકક્ષાનું ન્યૂનતમ-અંતર-બિંદુ (પૃથ્વી અને ઉપગ્રહ વચ્ચેના ન્યૂનતમ અંતર માટેનું ભ્રમણકક્ષા ઉપરનું બિંદુ—Perigee point) દરેક પરિભ્રમણ સાથે ખસતું જાય છે. આ ઘટના દરમિયાન ભ્રમણકક્ષાની સપાટી બદલાતી નથી. ભ્રમણકક્ષા ને પૃથ્વીની વિષુવવૃત્તીય સપાટી વચ્ચેનો ખૂણો જો લગભગ ૬૩ અંશ કરતાં ઓછો હોય તો ઉપગ્રહની ભ્રમણદિશા અને ન્યૂનતમ-અંતર બિંદુની ગતિની દિશા એક જ હોય છે, પરંતુ આ ખૂણો જો ૬૩ અંશ કરતાં વધારે હોય તો આ બંને દિશા એકબીજાથી ઊલટી હોય છે. ઉપગ્રહની ભ્રમણકક્ષા પૃથ્વીથી જેમજેમ દૂર જતી જાય તેમતેમ આ ઘટનાની અસર પણ ઓછી થતી જાય છે. આર્યભટનું ન્યૂનતમ-અંતર-બિંદુ એક દિવસમાં લગભગ ૫.૫ અંશ જેટલું ખસે છે.

આ ચર્ચા પરથી ખયાલ આવશે કે કોઈ પણ ઉપગ્રહ માટે ચોકસાઈથી ભૂમિ રેખા મેળવવા માટે આ બંને ઘટના ધ્યાનમાં લેવી જરૂરી છે.

ઉપર્યુક્ત બધાં ભૌતિક પરિબળોની અસરને ધ્યાનમાં રાખીને ઉપગ્રહની ભૂમિ-રેખાને લગતા વરતારા બનાવવામાં આવે છે. આ માટેની ગૂંચવણભરી ગણતરી અદ્યતન ઝડપી કૉમ્પ્યુટર વગર અત્યંત મુશ્કેલ છે, આથી આ કામ માટે કૉમ્પ્યુટર એક અનિવાર્ય સાધન છે. પરંતુ, ગણતરી દ્વારા મેળવેલા આ વરતારા પણ લાંબા સમય માટે સાચા પડતા નથી અને તેમાં ધીમેધીમે સૂક્ષ્મ પરિવર્તન જોવા મળે છે. આમ થવાનું મુખ્ય કારણ છે ભ્રમણકક્ષા ઉપર થતી જુદાંજુદાં પરિબળોની સૂક્ષ્મ અસર અને તેમાં કાળક્રમે થતા ફેરફારોનું યથાર્થ મૂલ્યાંકન મેળવવાની અશક્યતા. આ કારણથી ઉપગ્રહની ભ્રમણકક્ષાનાં તત્ત્વોનું પ્રાયોગિક પદ્ધતિ વડે મૂલ્યાંકન કરવામાં આવે છે અને તેની મદદથી ઉપગ્રહની ભ્રમણકક્ષાને લગતા વરતારા સુધારવામાં આવે છે. આ પ્રાયોગિક પદ્ધતિને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય: ૧) દૃશ્ય-પદ્ધતિ અને ૨) રેડિયો-પદ્ધતિ. નીચે આ બંને પદ્ધતિ વિષે અનુક્રમે ચર્ચા કરી છે.

દૃશ્ય-પદ્ધતિ: મોટા ભાગના કૃત્રિમ ઉપગ્રહ નરી આંખથી અથવા દૂરબીનની મદદથી અનુકૂળ પરિસ્થિતિમાં બહુ જ મર્યાદિત સમય માટે જોઈ શકાય છે, કારણ કે કોઈપણ ઉપગ્રહ સૂર્યના પરાવર્તિત પ્રકાશ દ્વારા જ જોઈ શકાય છે અને એ માટે સૂર્યાસ્ત પછીનો કે સૂર્યોદય પહેલાંનો થોડો સમય જ અનુકૂળ હોય છે. એ સમયે આકાશ બહુ તેજસ્વી નથી હોતું છતાં ઉપગ્રહ ઉપર સૂર્યનો પ્રકાશ પડતો હોય છે. આ સમય દરમિયાન ખાસ કૅમેરા વડે ઉપગ્રહની છબી લેવામાં આવે છે. તારાઓની પાર્શ્વભૂમિમાં લેવાએલી આ છબીમાંના તારાઓનાં સ્થાન ઉપરથી એ સમયે ઉપગ્રહનું સ્થાન નક્કી કરી શકાય છે. થોડાથોડા સમયને અંતરે લેવાએલી આવી છબીઓની મદદથી ઉપગ્રહનો વેગ અને તેની દિશા પણ નક્કી કરી શકાય છે. આ પ્રકારનાં અવલોકન માટે પણ ઉપગ્રહની ભ્રમણકક્ષાના પ્રાથમિક વરતારાની ખાસ આવશ્યકતા રહે છે, જેની મદદથી ક્ષિતિજ ઉપર ઉપગ્રહ કઈ દિશામાં અને કયે સમયે દેખાશે તે જાણીને કૅમેરાને નિર્ધારિત દિશામાં ગોઠવી શકાય. અમેરિકાની સ્મિથસોનીઅન ઍસ્ટ્રોફિઝિકલ ઑબ્ઝર્વેટરી તરફથી દુનિયાના ઘણા દેશોમાં આવાં અવલોકન માટે ખાસ પ્રકારના બેકરનન કૅમેરા (Baker-Nunn Camera) ગોઠવવામાં આવ્યા છે, જેના વડે જુદાજુદા ઉપગ્રહની છબી લેવામાં આવે છે. અમુક ઉપગ્રહ માટે જુદાંજુદાં સ્થળેથી લેવાએલી આ પ્રકારની છબીઓની મદદથી તે ઉપગ્રહ માટેના સુધારેલા વરતારા બનાવવામાં આવે છે. ભારતમાં નૈનીતાલ ખાતે આવેલી ઉત્તર પ્રદેશ રાજ્યની વેધશાળામાં

પણ આ જાતના કૅમેરા વડે ઘણા ઉપગ્રહની છબી લેવામાં આવે છે. આર્યભટ માટે પણ આ કૅમેરાનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર્યુક્ત પદ્ધતિ દ્વારા કોઈપણ ઉપગ્રહનું સ્થાન ઘણી ચોકસાઈથી નક્કી કરી શકાય છે. અલબત્ત, આ માટે સમયનું માપ પણ બની શકે તેટલી ચોકસાઈથી મેળવવું ખાસ જરૂરી છે. ઉપર જણાવ્યું એ પ્રમાણે સમયની મર્યાદા, સ્થળ અને ઋતુની અનુકૂળતા વગેરે બંધનોને લીધે આ પદ્ધતિનો ઉપયોગ મર્યાદિત છે. આ કારણથી આ પદ્ધતિ ઉપરાંત રેડિયો-પદ્ધતિનો ઉપયોગ પણ અનિવાર્ય બની રહે છે.

રેડિયો-પદ્ધતિમાં મુખ્યત્વે ઉપગ્રહના ટ્રાંસમીટરમાંથી પ્રસારિત થતા રેડિયો તરંગનો વિવિધ રીતે ઉપયોગ કરીને અમુક સમયે ઉપગ્રહનાં સ્થાન ને ગતિ નક્કી કરવામાં આવે છે. દૃશ્ય-પદ્ધતિની સરખામણીમાં રેડિયો-પદ્ધતિનો વિશેષ લાભ એ છે કે બધી ઋતુમાં અને વધારે સમય માટે એનો સફળતાપૂર્વક ઉપયોગ કરી શકાય છે. આ પદ્ધતિમાં ડૉપ્લર-ઘટના (Doppler Effect)નો ઉપયોગ ખાસ અગત્યનો છે. ખગોળ-ભૌતિકશાસ્ત્રમાં જેનો ફાળો ખૂબ મહત્ત્વપૂર્ણ ગણાય છે એ ડૉપ્લર-ઘટના દ્વારા ઉપગ્રહની સાપેક્ષ ગતિ અત્યંત ચોકસાઈથી માપી શકાય છે. ઈ. ૧૮૪૨માં ડૉપ્લરે શોધી કાઢ્યું હતું કે કોઈપણ સ્રોતમાંથી પ્રસારિત થતા તરંગની લંબાઈ (અથવા કંપ સંખ્યા), અવલોકન-કર્તા અથવા સ્રોતની સાપેક્ષ ગતિ ઉપર આધાર રાખે છે. (આ એક પ્રકારનું 'આભાસી' પરિવર્તન છે, જેમાં સ્થિર રહેનાર અવલોકનકર્તાને સ્રોતની ગતિને કારણે તરંગ-લંબાઈમાં પરિવર્તન દેખાય છે. આનાથી ઊલટી પરિસ્થિતિમાં–સ્રોત સ્થિર હોય અને અવલોકન-કર્તા ગતિમાન હોય તો પણ અવલોકન-કર્તાને આ જ પ્રકારનું પરિવર્તન દેખાય છે.)

આ ઘટના કોઈ પણ પ્રકારના તરંગ માટે લાગુ પડે છે, જે નીચેનાં બે ઉદાહરણ ઉપરથી સ્પષ્ટ થઈ શકશે :–૧) ગતિમાન રેલવે-એન્જિનની સીટીની કંપ-સંખ્યામાં દેખાતું પરિવર્તન ડૉપ્લર-ઘટના દ્વારા સમજી શકાય છે : દૂરથી આપણી તરફ ઝડપથી આવતા રેલવે-એન્જિનની સીટી આપણને વધારે તીણી લાગે છે, પરંતુ એન્જિન આપણી પાસેથી પસાર થઈને દૂર જતું જાય તેમ સીટી ધીમેધીમે ઓછી તીણી થતી જાય છે. ૨) આ જ રીતે અનેક પ્રકાશ-વર્ષ દૂરના તારાઓમાંથી આવતા પ્રકાશની તરંગ-લંબાઈમાં દેખાતું સૂક્ષ્મ પરિવર્તન, ડૉપ્લર-ઘટના અનુસાર, એ તારાઓની પ્રચંડ સાપેક્ષ ગતિ સાથે સંબંધિત છે એમ પુરવાર થયું છે.

આ જ રીતે ગતિમાન ઉપગ્રહના ટ્રાંસમીટરમાંથી પ્રસારિત થતા રેડિયો-તરંગની કંપ-સંખ્યા પણ, ડૉપ્લર-ઘટના અનુસાર, ઉપગ્રહની સાપેક્ષ ગતિ સાથે બદલાતી દેખાય છે. કંપ-સંખ્યામાં દેખાતું આ પરિવર્તન માપવાથી ઉપગ્રહની ગતિ નક્કી કરી શકાય છે. સાધારણ રીતે આ પરિવર્તન અત્યંત સૂક્ષ્મ હોય છે : ટ્રાંસમીટરની ૧૦૦ મેગાહર્ટ્ઝની મૂળ કંપ-સંખ્યા માટે ડૉપ્લર-ઘટના દ્વારા દેખાતું પરિવર્તન લગભગ ૩ કિલોહર્ટ્ઝ જેટલું જ હોય છે. અદ્યતન ઇલેક્ટ્રૉનિક સાધનોની મદદથી આ જાતનાં સૂક્ષ્મ પરિવર્તન પણ ઘણી ચોકસાઈથી માપી શકાય છે અને પરિણામે ઉપગ્રહની ગતિ પણ એટલી જ ચોકસાઈથી માપી શકાય છે. આ ઉપરાંત, લગભગ ૧૦૦ માઈલના સમ-બાજુ ત્રિકોણના ત્રણ ખૂણા ઉપરના ભૂમિ-મથકનો ઉપયોગ કરીને ડૉપ્લર ઘટના વડે ઉપગ્રહનું સ્થાન પણ ઘણી ચોકસાઈથી નક્કી કરી કરી શકાય છે. 'આર્યભટ'નું અવલોકન કરવા માટે ડૉપ્લર-ઘટનાનો ઉપયોગ કરવામાં આવે છે ને આ માટેનું ખાસ સાધન આંધ્ર પ્રદેશમાં શ્રીહરિકોટા ભૂમિ-મથક ખાતે ગોઠવવામાં આવેલું છે.

કૃત્રિમ ઉપગ્રહની દિશા ચોકસાઈથી નક્કી કરવા માટે 'ઈન્ટરફૅરોમેટ્રી' નામે ઓળખાતી રેડિયો-પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં એકબીજાથી ખૂબ દૂર રાખેલાં બે જુદાંજુદાં એરીઅલનો એકસાથે ઉપયોગ કરવામાં આવે છે. સાધારણ રીતે આ બંને એરીઅલ વચ્ચેનું અંતર, ઉપગ્રહની રેડિયો-તરંગ લંબાઈ કરતાં ૫૦ ગણું વધારે રાખવામાં આવે છે. (૧૫૦ મેગાહર્ટ્ઝની રેડિયો કંપ-સંખ્યા—એટલે કે ૨ મીટર તરંગ લંબાઈ માટે આ અંતર ૧૦૦ મીટર જેટલું થાય.) ઉપગ્રહમાંથી પ્રસારિત થતા રેડિયો-તરંગ આ બંને એરીઅલ દ્વારા ગ્રહણ કરીને સરખાવવામાં આવે છે, જે પરથી અમુક સમયે ઉપગ્રહની દિશા નક્કી કરી શકાય છે. આ પદ્ધતિમાં સમય ને બને એરીઅલ વચ્ચેના અંતરનું માપ અત્યંત ચોકસાઈથી નક્કી કરવાં ખાસ જરૂરી છે. દાખલા તરીકે, સમયનું માપ એક સેકંડના હજારમા ભાગ જેટલું ચોક્કસ હોવું જોઈએ, જ્યારે એરીઅલ વચ્ચેના અંતરમાં બે મિલિમીટરની ચોકસાઈ જરૂરી છે.

ઉપર્યુક્ત બંને રેડિયો-પદ્ધતિ ઉપરાંત રેડારના ઉપયોગ દ્વારા ઉપગ્રહ અને પૃથ્વી વચ્ચેનું અંતર નક્કી કરી શકાય છે. આ પદ્ધતિમાં ઉપગ્રહના ટ્રાંસમીટરનો ઉપયોગ ન કરતાં પૃથ્વી ઉપરથી પ્રસારિત કરેલા શક્તિશાળી રેડિયો-તરંગ ઉપગ્રહ દ્વારા પરાવર્તિત થઈને પૃથ્વી ઉપર પાછા આવે એ દરમિયાનના સમયના ગાળા ઉપરથી ઉપગ્રહનું અંતર નક્કી કરવામાં આવે છે. રેડારનો મુખ્ય બે રીતે ઉપયોગ થાય છે. પહેલી રીતમાં ઉપગ્રહ નિષ્ક્રિયરીતે રેડિયો તરંગનું પરાવર્તન કરે છે, જ્યારે બીજી રીતમાં ઉપગ્રહ સક્રિય રીતે ભાગ લે છે. આ માટે ઉપગ્રહમાં 'ટ્રાંસપૉન્ડર' નામનું સાધન રાખવામાં આવે છે, જે પૃથ્વી ઉપરથી પ્રસારિત કરેલા રેડિયો-તરંગને ગ્રહણ કરીને વિસ્તૃત રૂપમાં પુનઃ પ્રસારિત કરે છે. આ રીતથી ઘણે દૂર ઘૂમતા ઉપગ્રહનું અંતર પણ અત્યંત ચોકસાઈથી નક્કી કરી શકાય છે, એટલે મોટે ભાગે આ રીતનો ઉપયોગ વધારે થાય છે.

ઉપગ્રહનાં સ્થાન, ગતિ, દિશા, અંતર વગેરે નક્કી કરવા માટે વપરાતી આ વિવિધ પદ્ધતિઓ એકબીજાની પૂરક હોવાથી કોઈ એક જ પદ્ધતિનો ઉપયોગ ન કરતાં, આવશ્યકતા પ્રમાણે, અમુક પદ્ધતિઓનો યોગ્ય મિશ્રિત ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે, 'આર્યભટ' માટે આ બધી પદ્ધતિઓનો વધતે ઓછે અંશે ઉપયોગ કરવામાં આવે છે. □

અનુસંધાન] **ડૉ. મધુસૂદન પારેખ** [પૃષ્ઠ ૩૭૭થી

તેને માઠું તો નહિ લાગ્યું હોય ને ?...પછી તે છેલ્લી વાર મળ્યા ત્યારના પોતાના વ્યવહારો તપાસવા માંડે. કોઇને સ્વપ્નમાં ય દુભાવે એવો તેમનો સ્વભાવ નથી. છતાં વિચારે, શંકા કરે ને આપણે ફોન પર જણાવીએ કે બીમાર હતો કે બહારગામ ગએલો ત્યારે જ એમને નિરાંત થાય.

ને મધુભાઈ પ્રોફેસર છે એટલે ઇશ્વરે તેમને ભૂલકણાપણાનું વરદાન પણ આપ્યું છે. (ઇશ્વર ખરેખર દયાળુ છે. પ્રોફેસરોને ય તે પૂરા પ્રોફેસર બનાવે છે.) મધુભાઈ ચહેરો ને નામ બન્નેને સાથે યાદ નથી રાખી શકતા. તે કોઈની ય મદદ વગર પોતાનું નામ યાદ રાખી શકે છે એનું ઘણાને આશ્ચર્ય થતું હશે. ઘણાં વરસ સુધી મને તે વિનોદભાઈ ને બદલે રમેશભાઈ કહીને બોલાવતા; ને એમને માઠું લાગશે એ ભયે એમની ભૂલ હું સુધારતો નહિ. (એક વાર તો એવો વિચાર પણ આવી ગએલો કે મારું નામ વિનોદને બદલે રમેશ રાખી લઉં.)

પણ ભૂલવામાં તે અપકાર જ ભૂલી જાય છે. કોઈનો ઉપકાર તે ક્યારે ય નથી ભૂલતા. કોઇને ઉછીના આપેલા પૈસા તે પાછા માગવાના ભૂલી જાય છે કે નહિ એની ખબર નથી. જો ભૂલી જ જતા હોય તો નસીબ અજમાવવું છે. □

(આવતા મહિને ચીમનભાઈ પટેલ-'સંદેશ' વાળા)

શંભુ મિત્ર

બંગાળી રંગભૂમિના પ્રતિભાવંત નાટ્યકાર
આ વર્ષના મૅગસેસે ઍવૉર્ડ વિજેતા



લેખક
શિવકુમાર
જોષી

યાદ કરું છું, શંભુ મિત્રને સૌપહેલાં ક્યારે જોયા હશે? * સૌથી અજબ આકર્ષણ કશું હોય એમની બાબતમાં, તો એ છે એમનો અવાજ! તખ્તા માટે જ જાણે કુદરતે એમને એ અવાજની દેણગી કરી હશે. ત્રણ સપ્તકમાં ફરી વળતા નીવડેલા શાસ્ત્રીય સંગીતના ગાયક કલાકારોને ઘણી વાર સાંભળ્યા છે. એ રીતે શંભુદાનો કંઠ પણ ત્રણ જુદી-જુદી સપાટીએ આસાનીથી હરતોફરતો રહે છે અને સાંભળનારને મંત્ર-મુગ્ધ કરવાની છે એ અવાજમાં મોહિની!

ન્યૂ એમ્પાયરમાં 'બહુરૂપી' 'રક્ત કરબી' (લાલ કરેણ) ભજવે છે એમ જાણ્યું એ પહેલાં એકવાર શુભો ટાગોરે કલકત્તાના કાલિકા થીએટરમાં સ્વ. રાજગોપાલાચારી જ્યારે બંગાળના (સૌ પ્રથમ) રાજ્યપાલ હતા ત્યારે એમની હાજરીમાં બહુ બૂરી રીતે ભજવ્યાનું સ્મરણ છે. એ નાટક રવિ ઠાકુરની જીવન પ્રત્યેની ફિલસૂફી–બંધન ને મુક્તિની વ્યાખ્યા, સત્તા અને શાસિત વચ્ચેનો સંબંધ–પ્રગટ કરે છે એમ ઘણાંનું માનવું છે. પણ એને તખ્તા ઉપર રજૂ કરવાનું કામ ઘણું જ કઠણ. રવિ ઠાકુરે નંદિનીનું પાત્ર સર્જ્યું ખરું, પણ એમની હયાતીમાં પોતે જ સર્જેલાં એ પાત્રને ન્યાય થાય એ રીતે તખ્તા ઉપર ઉતારી શક્યા ન હતા એમ જાણકારોનો મત છે.

શંભુ મિત્રે તૃપ્તિ મિત્ર દ્વારા પહેલી વાર એક રસળતી રમતી મુક્ત પંખિણી સમી નંદિનીને રજૂ કરીને નાટ્યલેખક તથા પાત્ર બન્નેને ચિરંજીવ બનાવી દીધાં. આ પહેલાં, રવિ ઠાકુરની કવિ તરીકે જેટલી પ્રતિષ્ઠા હતી તેની ગણતરીમાં નાટ્યકાર તરીકે ન હતી, એમ જે લોકો વિચારતા હતા એમને શંભુએ જડબેસલાક જવાબ આપ્યો હતો.

હા, એ વાત સાચી કે રવિ ઠાકુરનું જ 'રક્ત કરબી' આ ગણાય નહિ એવો એક ઊહાપોહ પણ શંભુ મિત્રની એ વેળાની રજૂઆતને કારણે વહેતો થયો. રવીન્દ્રના અભ્યાસી કવિ ઉમાશંકર જોશી પણ શંભુ મિત્રની આ રજૂઆતના એ કારણે ટીકાકાર બની ગયા હતા. 'વિશ્વભારતી'માં વર્ષો સુધી રહેલા 'આનંદ બજાર પત્રિકા'ના તંત્રીમંડળમાંના એક અગત્યના સભ્ય સાગરમય ઘોષે પણ એ રજૂઆતની આકરી ટીકા કરી હતી: 'આ રક્ત કરબી' તે રવિ ઠાકુરનું નાટક નથી. એ છે રાજકારણની ચોક્કસ વિચારસરણીને વરેલા એક કમિટેડ દિગ્દર્શકનું નાટક...!'

આને આક્ષેપ કહો, સાચી ટીકા કહો કે ગમે તે કહો, પણ શંભુ મિત્ર એક સમર્થ દિગ્દર્શક તરીકે નાટ્યપ્રેમીઓની સામે પ્રકટ થયા. તખ્તાનો કેટકેટલી રીતે ને કેવી કલાત્મક રીતે ઉપયોગ થઈ શકે, નાટકના તખ્તાની સીમાને કેવી રીતે અસીમ બનાવી શકાય તેની પ્રતીતિ તેમણે કરાવી. નજરે પડતા પરિવેશની ચોમેર અને ઊંડે સુધીનું એક સૂચિત વિશ્વ ખડું કરવાની એમની હથોટીનો જો વિચાર કરીએ તો એમનાં રાજકારણીય મંતવ્યોને બાજુએ રાખીને એક કળાકારની કૃતિ માણ્યાનો સંતોષ થાય.

---

* બહારના લોકો આપણી પ્રતિભાવંત વ્યક્તિઓને આપણા કરતાં વહેલી પિછાને છે અને વધુ ઝડપથી પરખી લે છે. કવિવર ટાગોર, પંડિત રવિશંકર ને સત્યજિત રાયની વિદેશીઓએ કરેલી કદર આનું પ્રમાણ છે. તાજેતરમાં ગઈ તા. ૩૧મી ઑગસ્ટે મનિલામાં બંગાળની રંગભૂમિના પ્રખર નાટ્યકાર શંભુ મિત્રનું આ વર્ષના મૅગસેસે ઍવૉર્ડનું પ્રદાન થયું અને ફરી એક વધુ વાર આવું જ બન્યું. કેટલાંક વર્ષ પૂર્વે કાર્લોવીવેરીના આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં 'જાગતે રહો' નામની હિંદી ફિલ્મને ઉચ્ચ ઍવૉર્ડ પ્રાપ્ત થયો ત્યારે એવું આંતરરાષ્ટ્રીય માન પામનાર ગણીગાંઠી હિંદી ફિલ્મમાંની એ એક આરંભની ફિલ્મના દિગ્દર્શનમાં આ જ શંભુ મિત્રનો મહત્ત્વનો ફાળો હોવા છતાં આપણે એમનું નામ એટલું ચમકાવી શક્યા નહોતા. પણ ફિલ્મક્ષેત્રે સત્યજિત રાયની દેણગીનું જે મહત્ત્વ છે તેવા જ મહત્ત્વનું પ્રદાન રંગભૂમિના ક્ષેત્રમાં શંભુ મિત્રને રહ્યું છે. શંભુ મિત્રને મૅગસેસે ઍવૉર્ડનું પ્રદાન પણ એમની કોઈ એક વિશિષ્ટ સિદ્ધિ માટે નહિ, પરંતુ એમના ઉત્કૃષ્ટ નાટ્યનિર્માણ, અભિનય અને લેખન વડે માનવતાની દૃષ્ટિએ સાંસ્કૃતિક ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સમજણ વધારવામાં એમણે દાખવેલી વ્યાપક સિદ્ધિ બદલ જ અપાયો છે. એમની એ મહત્તાનો કંઈક ખ્યાલ એમનાથી સુપરિચિત લેખક શિવકુમાર જોષીએ અહીં આપ્યો છે. આ ઍવૉર્ડના પ્રદાન નિમિત્તે 'સ્ક્રીન' સાપ્તાહિકમાં જ્ઞાનેશ્વર નાડકર્ણીએ નાટ્યક્ષેત્રે શંભુદાની દેણગીને બિરદાવતાં એક ટકોર પણ કરી છે કે, બ્રિટન–અમેરિકામાં સુખ્યાત નાટકોને તખ્તા પરના એના અસલ રૂપમાં જ ફિલ્મમાં પણ મઢી લેવાય છે. મહાન અભિનેતાઓની તખ્તા પરની અદાકારીને ફિલ્મમાં સંઘરી લેવાય છે. નૅશનલ થીએટરના લૉરેન્સ ઑલીવિયરની ભૂમિકાવાળા 'ઓથેલો' નાટકને અને ખુદ ઑલીવિયરે દિગ્દર્શિત કરેલા ચેખૉવના 'ધ થ્રી સિસ્ટર્સ' નાટકને આમ ફિલ્મમાં ઉતારી લેવાયાં છે. આ રીતે આપણી રંગભૂમિના મહાન અભિનેતાઓના અભિનયને ફિલ્મમાં સંઘરી લેવાનું ભાગ્યે જ બન્યું હશે. મરાઠી તખ્તાના મહાન અભિનેતા-ગાયક બાલગાંધર્વ કે પૃથ્વીરાજ કપૂરની તખ્તા પરની અદાકારીની આવી કોઈ નોંધ આપણી પાસે નથી. આથી ભવિષ્યના આપણા અભિનયના વિદ્યાર્થીઓ તો આવા શ્રેષ્ઠ નાટ્ય–અભિનેતાઓનાં માત્ર નામ જ સાંભળશે, પણ એમનું કામ જોવા-સમજવાનું એમના નસીબે નહિ હોય. આ એક ખરેખર વિચારણીય ટકોર છે. ❑ એ તો યાદ હશે કે આ અગાઉ સાંસ્કૃતિક ક્ષેત્રે કમલાદેવી ચટ્ટોપાધ્યાય, એમ. એસ. સુબ્બલક્ષ્મી ને સત્યજિત રાયને, પણ આ ઍવૉર્ડ એનાયત થએલો છે. માનવતાની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય સમજણ વધારવામાં વ્યાપક સિદ્ધિ દાખવનાર વ્યક્તિઓને આ ઍવૉર્ડ અપાય છે. આ રીતે ભારે ઔદ્યોગિક એન્જિનીઅરિંગના ક્ષેત્રમાં ભારતમાં સર્વહિતકારી કેટલુંક પાયાનું પ્રદાન કરવા બદલ ડેન્માર્કના હેનિંગ હૉક લારસન ('લારસન ઍન્ડ તૂબ્રો'ના ચેરમૅન)ને, સામાજિક ક્ષેત્રે ગ્રામ-વિસ્તારમાં ઉત્કૃષ્ટ અગ્રગામી કાર્ય કરવા બદલ જાપાનના ડૉ. તોશિકાઝુ વાકાત્સુકીને, કોલંબો નજીક બાલનગર દિયાગાલા તથા શ્રીલંકા ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક બ્રધર હરમેન્ગિલ્ડ જૉસેફને એમની જાહેર સેવા બદલ તથા સરકારી સેવામાં પછાત લોકો માટે ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ હૉંગકૉંગના શ્રીમતી એલ્સી એલિયટને પણ મૅગસેસે ઍવૉર્ડ આપી જે તે ક્ષેત્રની એ સૌની સિદ્ધિઓ અને સેવાઓને બિરદાવવામાં આવી છે. —સંપાદકીય



'ચાર અધ્યાય'માં તૃપ્તિ અને શંભુ મિત્ર



'રાજા ઇડિપસ'માં શંભુ મિત્ર

એમ કરીએ—થોડા દિવસ ભૂતકાળમાં ડોકિયું કરી લઇએ…

એ વર્ષોમાં હું પણ એ જ લત્તામાં રહેતો હતો જ્યાં શંભુ મિત્ર અને એમના મિત્ર નાટ્યકાર વિજન ભટ્ટાચાર્ય રહેતા હતા. મારા ઘરનો નંબર ૩૦, એમનો નંબર મોટે ભાગે ૨૦ પદ્મ પુકુર રોડ.

આમ તો માંડ મૅટ્રિક સુધીનો જ અભ્યાસ પૂરો કરનાર શંભુ મિત્ર ૧૯૪૦માં કલકત્તા આવ્યા ત્યારથી જ લગભગ નાટ્યક્ષેત્રમાં પ્રવેશ્યા ગણાય. શ્રી ભૂપેન રૉયનું નામ આમ બહુ જાણીતું ન થયું, પણ નાટ્ય-ક્ષેત્રે શંભુને દીક્ષિત કરનાર એ મહાનુભાવ હતા. એમની નાટક અંગેની સમજ અને રસ ઊંચા પ્રકારનાં. એમણે નટસૂર્ય ગણાતા શિશિર ભાદુડી સાથે શંભુનો પરિચય કરાવ્યો ૧૯૪૦માં. નાટકની દુનિયાનો સીધો અને વ્યવસ્થિત અનુભવ શિશિરબાબુના 'શ્રીરંગમ્ થીએટર'થી શંભુને થયો. ઈ. ૧૯૪૨-૪૩ દરમિયાન એમણે શિશિર ભાદુડીના 'આલમગીર' વગેરે જાણીતાં ને લોકાદર પામેલાં નાટકોમાં નાનીનાની ભૂમિકાઓ ભજવી. એમને માટે એ તાલીમનો પ્રથમ તબક્કો ગણાય.

આશ્ચર્યની વાત છે કે શિશિરને શંભુ મિત્રમાં એ વર્ષોમાં એવી કોઈ અદ્વિતીય પ્રતિભા દેખાઈ નહિ. એમણે ક્યારે ય અગત્યની કોઈ પણ ભૂમિકાની જવાબદારી શંભુ મિત્રને ન સોંપી!

એ જ કારણે કદાચ-(એવો કોઈ મત બાંધે તો એને ક્ષમા આપવી રહી) પાછળથી શંભુ મિત્રે 'પરિચય' નામના નાટક અંગેના માસિકમાં શિશિર ભાદુડીના નાટ્યપ્રયોગોની કડકમાં કડક, દયામાયા મૂકીને ટીકા



△ રવીન્દ્રનાથના 'રક્ત કરબી'માં નંદિની તરીકે તૃપ્તિ મિત્ર. ખુદ રવીન્દ્રનાથ કરતાં પણ શંભુદાએ પોતે રજૂ કરેલા આ નાટકમાં નંદિનીના પાત્રને વધુ સારો ઉઠાવ આપ્યો હતો એમ જાણકારો માને છે. ખાલેદ ચૌધરીએ તેમાં નવતર પરિવેશ-કલ્પના કરેલી.

લખ્યે રાખી. જો કે એવી ટીકા લખતી વેળા શિશિર ભાદુડી વ્યક્તિને એમણે બાજુએ રાખીને નિષ્પક્ષભાવે કૃતિસન્નિષ્ઠ તર્કશુદ્ધ ટીકા જ કરી હતી એવો બચાવ કરનારો પક્ષ જ બહુમતીમાં છે. પરંતુ આવો વર્તાવ શંભુ મિત્રની જુદીજુદી બાજુઓ પ્રગટ કરે છે.

વિજન ભટ્ટાચાર્ય, શંભુ મિત્ર, તૃપ્તિ (ભાદુડી) મિત્ર, શોભા સેન, સવિતા વ્રત વગેરે કલાકારો, તે વેળા બીજું યુદ્ધ હજી પૂરું થવામાં હતું તે દરમિયાન શરૂ થએલા 'ઇન્ડિઅન પીપલ્સ થીએટર' ('ઇપ્ટા')ના કલા-કાર વૃન્દમાં અગ્રસ્થાને હતાં. શિશિર ભાદુડી સાથે કામ કરતી વેળા મનોરંજન ભટ્ટાચાર્ય જેવા જૂના જોગી અઠંગ કલાકાર ને વિદ્વાન વડીલના પરિચયમાં શંભુ મિત્ર આવ્યા હતા. પુરાણો અને ભારતીય તત્ત્વજ્ઞાનના મનોરંજન બાબુ ઊંડા અભ્યાસી. એવા ધંધાદારી અને આગલી પેઢીના કલાકાર વડીલને પણ શંભુ મિત્ર ઇપ્ટાની પ્રવૃત્તિમાં તાણી લાવ્યા.

ઈ. ૧૯૪૩ના દુષ્કાળના હૃદયવિદારક પ્રતિભાવ કંઈક કલાકારોએ દિલમાં ભંડારી રાખ્યા હતા. વિજન ભટ્ટાચાર્ય તો એ પ્રદેશોમાં જાતે ઘૂમી વળેલા. એમનું બાળપણ વીત્યું હતું મેદિનીપુર અને બંગાળના દરિયાકાંઠાના હરિયાળા ગ્રામવિસ્તારોમાં. એ ભયંકર દુષ્કાળનો તો આ લેખકને પણ ખૂબ નિકટથી પરિચય થએલો. જે ભવાનીપુર લત્તામાં વિજન-શંભુ રહેતા હતા એ લત્તાના પાર્કમાં અને આજુબાજુ ટગલાબંધ દુષ્કાળગ્રસ્ત, હરતાંફરતાં અને 'ખેતે દાઓ મા, ખેતે દાઓ' પોકારતાં હાડપીંજરોને છેલ્લા શ્વાસ લેતાં જોએલાં. 'નબાન્ન' નાટક દ્વારા વિજન બાબુએ પોતે અનુભવેલી-જોએલી એ બિભીષિકાને તખ્તા ઉપર ઉતારી.

શંભુ મિત્ર માટે આ 'નબાન્ન' નાટક, એમની નાટ્ય-પ્રયોજક તરીકેની કારકિર્દીના માર્ગનું અગત્યનું સીમા-ચિહ્ન ગણાય. નાટકના લેખક વિજન ભટ્ટાચાર્ય (સદ્ભાગ્યે આ નાટકનો ગુજરાતી અનુવાદ 'નૅશનલ બુક ટ્રસ્ટ' માટે હમણાં જ પૂરો કર્યો હોઇને એની અસરમાંથી મુક્ત થવું સરળ નથી) પાસે એ દેહાતી ભાષાની અસલ લઢણોનો પાકો અનુભવ; ઉપરાંત એમની રહનસહનથી પણ એ પૂરા વાકેફ હતા; છતાં, નાટકજગતની આંટીઘૂંટીથી બિલકુલ અજાણ! શંભુ સમા અનુભવી સાથીદાર ઉપર દિગ્દર્શનનો ભાગ સોંપી દીધો. છ-સાત મહિનાની તાલીમને અંતે તે 'શ્રીરંગમ'ના તખ્તા પર લાગલાગટ સાત દિવસ સુધી રજૂ થતું રહ્યું, ને તે પછી યે પાકિસ્તાન સર્જાયા પહેલાં સારા યે બંગાળને ગામેગામ ભજ-વાતું રહ્યું. શંભુ મિત્ર અને એમના સાથીદારો માટે એ સારો ય ગાળો નાટકની તાલીમ માટેનો વધુ અગત્યનો અને બીજો તબક્કો ગણાય.

વિજન ભટ્ટાચાર્યનું બીજું ટૂંકું નાટક 'જબાનબન્દી' (જુબાની) 'ન-બાન્ન' પહેલાં લખાએલું. એનો હિંદી અનુવાદ 'અંતિમ અભિલાષા' નામ-



'દશચક્ર' ('લોકશત્રુ'–ઈબ્સન)માં ડૉક્ટરની ભૂમિકામાં શંભુદા

થી તૈયાર થયો. સંચાલન શંભુ મિત્રનું અને સાથીદારોમાં 'ઇપ્ટા'ના કાર્યશીલ કલાકારો. બલરાજ સાહની પણ એમાં ખરા. બંગાળના દુષ્કાળ અને બીજી આપત્તિઓને પહોંચી વળવા દેશને ખૂણેખૂણેથી ફંડફાળો એકઠો કરવા આ નાટકનો ઉપયોગ થએલો. પણ નાટક તો માત્ર પચાસ મિનિટનું હતું, એટલે વધારાનો સમય પૂરવા આ મંડળી સાથે નૃત્યકારોની એક મંડળી પણ જોડાઈ. સ્વ. શાંતિ વર્ધન, પંડિત રવિશંકર (ત્યારે કદાચ એ પંડિત નહિ કહેવાતા હોય) ને ઉદયશંકરની આલ્મોડાની નૃત્યશાળા અસ્ત પામી તે વેળા જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ છૂટાં પડ્યાં હતાં તેમાંનાં ઘણાં આ મંડળીમાં જોડાયાં. માત્ર બંગાળની ન બની રહેતાં આ નૃત્ય-નાટક મંડળી ભારતીય બની ગઈ. રવિશંકર, કૌમુદી, કામિનીશંકર, શાંતિ બર્ધન-ગુલ બર્મન જેવાંએ તો મુંબાઇને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું. આ વેળા રવિશંકરે 'સારે જહાં સે અચ્છા' એ ત્યારના રાષ્ટ્રગીતની નવી સૂરબાંધણી રજૂ કરી જે આજે પણ સ્વીકારાઈ રહી છે.

આમ, સ્વાતંત્ર્ય આવતાં અગાઉ અને બીજું વિશ્વયુદ્ધ પૂરું થવામાં હતું એ બે તારીખો વચ્ચે શંભુ મિત્રનું નાટ્યપ્રયોજક તરીકેનું ઘડતર થતું રહ્યું. ઈ. ૧૯૪૬નું વર્ષ શંભુએ મુંબાઈમાં ગાળ્યું. કે. એ. અબ્બાસનું 'ધરતી કે લાલ' ત્યારે પ્રયોજાયું. એમાં શંભુએ મુખ્ય ભૂમિકા ભજવેલી.

ઈ. ૧૯૪૮માં ફરી એકવાર શંભુ કલકત્તા પાછા ફર્યા અને એ જ વર્ષમાં એમની 'બહુરૂપી' સંસ્થાની સ્થાપના થઈ. એ જ વર્ષમાં ફરી એકવાર 'નબાન્ન'નું નિર્માણ થયું. એમાં ઋત્વિક ઘટકે પણ પાઠ ભજવ્યો હતો.

'બહુરૂપી'ના પ્રથમ પ્રમુખ બન્યા મનોરંજન ભટ્ટાચાર્ય. ભટ્ટાચાર્યે કદાચ પહેલી જ વાર તખ્તા ઉપરના પરિવેશને સજાવવા માટે વાંસ અને કંતાનનો મૌલિક રીતે ઉપયોગ કરી બતાવ્યો હતો. તુલસી લાહિડી સમા નાટ્યકાર-કલાકાર અને બીજા પણ ચારપાંચ ધંધાદારી બંગાળી રંગભૂમિના અદાકારો 'બહુરૂપી'માં જોડાયા. ઈ. ૧૯૪૯માં કલકત્તાના જાણીતા ન્યૂ એમ્પાયર થીએટરમાં બહુરૂપીનો પ્રથમ નાટ્ય-મહોત્સવ ઉજવાયો, જે આજની આધુનિક ગણાતી બંગાળી રંગભૂમિના પ્રાગટ્ય અને પ્રગતિ માટે ઘણે અંશે કારણભૂત બન્યો.

તુલસી લાહિડીના 'પથિક'નું સ્વ. દેવકીકુમાર બસુએ દિગ્દર્શન કરેલું. શંભુનું પોતાનું લખેલું નાટક 'ઉલ્લુખાગડા' (ઝાંખરાં). ['રાજ્યે રાજ્યે જુદ્ધ હોય, ઉલ્લુખાગડાર પ્રાણ જાય'—'પાડેપાડા લડે ને ઝાડનો ખો થાય' એ ગુજરાતી કહેવત સાથે તેને સરખાવી શકાય.] સામાન્ય જનતાની અવદશા, એના પીસામણની વાત આ નાટક દ્વારા શંભુને કરવી હતી.

નાટ્યક્ષેત્રમાં આવેલી આ નવજાગૃતિનો લંબાણ ઉલ્લેખ ૧૯૪૯માં અન્નદાશંકર રાય જેવા પ્રથમ કોટિના સાહિત્યકારે 'દેશ' પત્રિકામાં કર્યો.



ડાબી તરફથી અમર જરીવાલા, શિવકુમાર જોષી, શંભુ મિત્ર અને તરુણ રૉય. ગુજરાત નાટ્ય સંઘના ઉપક્રમે એક મિલન.

બંગાળી નાટ્યપ્રેમીઓ માટે નવું દ્વાર ખૂલી ચૂક્યું હતું. બહુરૂપી, શંભુ મિત્ર, તૃપ્ત મિત્ર એ રસિકોની જીભે રમતાં નામ બની ચૂક્યાં હતાં.

શંભુ મિત્રે રવીન્દ્રનાથનાં ટૂંકાં નાટકો અને ચેખૉવનાં એકાંકીઓ પણ આ ગાળામાં ભજવ્યે રાખ્યાં હતાં, જાપાનીઝ જેસ્ચર્સ (Jestures) પદ્ધતિનો સાથ લઈને એમણે પોતે એક 'વિભાવ' નામનું પ્રયોગશીલ નાટક પણ તે વેળા લખ્યું ને ભજવ્યું, જેમાં ખુરશી કે બારી યા રસ્તો બધું હાવભાવથી ઉલ્લેખવાનું હતું.

પરંતુ સર્જનક્ષેત્રે શંભુ મિત્રનો સૌથી અગત્યનો તબક્કો તો ૧૯૫૨ થી '૫૫નો. આ વર્ષોમાં એમણે ઉપરાઉપરી માન મુકાવે એમાં નાટકો રજૂ કર્યાં. રવિ ઠાકુરનું 'રક્ત કરબી', ઈબ્સનનું 'પુતુલ ખેલા' (Doll's House) 'ચાર અધ્યાય', 'ડાકઘર', 'દશચક્ર' (Enemy of the People).

'ઢીંગલીઘર'માં દીના પાઠક (તે વેળા દીના ગાંધી)ને જોએલાં, ને એ જ નૉરાના પાત્રમાં તૃપ્તિને 'પુતુલ ખેલા'માં જોયાં. ફરી એક વાર ઈબ્સનનું આ જ જગવિખ્યાત નાટક પશ્ચિમ બર્લિનના એક રૂપાળા થીએટરમાં જોવા મળ્યું હતું. ને માનશો ? દીના કે તૃપ્તિએ રજૂ કરેલી 'નૉરા' પાસે પેલી જર્મન તારિકાએ અભિનય શીખવો જોઈએ એવો પ્રતિભાવ લઈને હું બર્લિનના એ થીએટરની બહાર નીકળ્યો હતો.

શંભુ-તૃપ્તિની જોડીએ રજૂ કરેલાં નાટકો-'પુતુલખેલા', 'ચાર અધ્યાય', 'રાજા', 'ઇડિપસ'-ફરીફરીને જોયા છતાં જાણે તૃપ્તિ અનુભવાતી નથી. એક વાર 'પુતુલખેલા'નો પ્રયોગ પૂરો થયા પછી શ્રી ચં. ચી. મહેતા ગળગળા થઈ ગએલા. બીજે દિવસે વહેલી સવારે ફૂલવાળાને ત્યાંથી એક મોટો પુષ્પગુચ્છ લઇને અમે બન્ને શંભુને ત્યાં પહોંચ્યા. હજી તો એ પતિપત્ની માંડ ઊઠ્યાં હશે, ત્યાં જ એમનો કૉલબેલ વગાડ્યો ! એમની તૈયારી પણ નહિ હોય અમારા જેવા અતિથિઓના સ્વાગત માટેની. બારણું ખૂલ્યું. ચં. ચી.એ પૂછ્યું 'તૃપ્તિ ક્યાં?' ને લઘરવઘરવેશે તૃપ્તિ બેઠકમાં પ્રવેશ્યાં. માનશો ? ફુલગુચ્છ એમના હાથમાં મૂકી ચં. ચી.એ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ એક પાવનકારી દૃશ્ય હતું. ગુજરાતના નાટ્યજગતના એક જાણકાર, વિદ્વાન, રસજ્ઞ નાટ્યકાર અને પ્રથમ કક્ષાના અભિનેતા તે વેળા અભિનય નહોતા કરતા એની હું ખાત્રી આપું છું. શંભુ ને તૃપ્તિ બન્નેની આંખમાં જ નહિ, મારા જેવા સાક્ષીની આંખમાં પણ ઝળઝળિયાં આવી ગયાં.

આમ, શંભુની સર્જનલીલાએ સારા કલકત્તાને જ નહિ, ભારતભરના નાટ્યરસિકોને, રસજ્ઞોને, રંગભૂમિમાં ગોઠવાઈ ચૂકેલાં અને પદાર્પણ કરવા માગતાં સૌને ઢંઢોળ્યાં. બંગાળના નાટ્યજગતમાં નવોન્મેષ પ્રકટ થયો. એની હવા સારા યે દેશને ખૂણેખૂણે પ્રસરવા લાગી એવું વિધાન કોઈ

કરે તો એમાં અતિશયોક્તિ નથી.

શંભુની કાર્યપ્રણાલિનો પણ વિચાર કરવા જેવો છે. નાટકની પ્રયોજનામાં જેઓને રસ છે તેઓએ આ પાઠ ઘૂંટવો જોઈએ. શંભુ કડક હાથે કામ લેનારા ચીકણા સંચાલક છે. ઝીણીઝીણી વિગતો એ પોતે ઇચ્છે તે રીતે તૈયાર ન થાય ત્યાં સુધી કળાકારને શાંતિથી શ્વાસ લેવા ન દે. નાટકની અખિલાઈની વાત મુ. જયશંકર સુંદરીને મોંએ કે મુ. રસિકભાઈ પરીખની પાસેથી 'નટમંડળ'ના વર્ગો ભરતી વેળા ઘણીવાર સાંભળી હતી, પણ એનો પ્રત્યક્ષ પરિચય શંભુ મિત્રનાં નાટકો જોતાં થવા માંડયો.

સ્વભાવથી શંભુ અસહિષ્ણુ પણ ગણાય છે. પરંતુ દિલથી પાછા કોમળ છે. 'વજ્રાદપિ કઠોરાણિ...' જેવું વર્ણન શંભુ માટે કદાચ ન કરીએ, પણ શિવશંભુ સમા એ, ક્ષણ પછી ક્રોધ ભૂલીને પોતાના કલાકારને ગળે લગાડનાર ભોળાનાથ સમા છે એમ એમની સાથે કામ કરનારા સ્વીકારે છે.

'રાજા' (રવીન્દ્રનાથનું 'કિંગ ઑવ ધ ડાર્ક ચેમ્બર') અને ગ્રીક કરુણાંત નાટક 'ઇડિપસ'ને શંભુ 'થીમ્સ ઑાફ ડાર્કનેસ' તરીકે ઓળખાવે છે. આ બે એમનાં ઉત્તમ નાટક ગણાય છે.

નાટકમાં કવિતાના અંશો આવવા જ જોઇએ એવું માનનાર શંભુ ૧૯૬૫માં પહેલીવાર તદ્દન વાસ્તવિક ભોમ ઉપર પગ માંડે છે. 'બર્બર બંશી' એ બરછટ ગણાય એવી બસ્તી અને સાંકડી ગલીચ ગલીઓની ભાષામાં રજૂ થએલું એમનું પહેલું નાટક! ત્યાર પછી એક સુભગ સંયોગ ઊભો થાય છે. આજે ભારતપ્રસિદ્ધ ગણાતા થોડા નાટયલેખકોમાં જેમનું નામ મોખરે છે તે, 'એવં ઈન્દ્રજિત'ના લેખક શ્રી બાદલ સરકાર સાથે એક સમાન મિત્ર એમનો પરિચય કરાવે છે. 'એવં ઈન્દ્રજિત' વંચાતું સાંભળ્યા પછી શંભુ બોલી ઊઠે છે: 'I was thrilled'. શંભુ એમ વાતવાતમાં અભિભૂત થઈ જાય એવા પ્રયોજક નથી. બાદલમાં એમણે તેજ જોયું, આધુનિક ભારતીય નાટયકાર તરીકેની શક્તિ નિહાળી અને તે પછી ઉપરાઉપરી 'બાકી ઇતિહાસ', 'ત્રિશ શતાબ્દી', 'પાગલા ઘોડા', 'જદિ એક વાર' જેવાં નાટકો બહુરૂપીના આશ્રયે રજૂ થવા માંડયાં. આધુનિક બંગાળી રંગભૂમિના ઇતિહાસ માટે આ નાટયકાર-દિગ્દર્શકનું સુભગમિલન નવા પ્રકરણ લખી ચૂક્યું છે.

અને છેલ્લે અગત્યની એક બીજી વાત: શંભુએ સૌ પહેલાં કદાચ પોતાના કલાકારોને કાવ્યપાઠમાં રસ લેતા કર્યા. બહુરૂપીના મોટા ભાગના કલાકારો પાસેથી રવીન્દ્ર કવિતાની 'આવૃત્તિ' (કાવ્યપાઠ માટે વપરાતો બંગાળી શબ્દ) કે પુરાણપ્રસિદ્ધ તેમજ પ્રાચીન બંગાળી કવિઓથી માંડીને જીવનાનંદ દાસ કે તે પછીની પેઢીના આજના કવિઓની કૃતિનો પાઠ સાંભળવાનો પ્રસંગ સાંપડે તો તે લ્હાવો ગણાય. શંભુએ પોતે તો એક રસજ્ઞ કવિતાપ્રેમી તરીકે પોતાના વૈવિધ્યપૂર્ણ કંઠનો લાભ બંગાળી કવિઓની કૃતિને આપ્યો છે, પણ તૃપ્તિ કે કુમાર રૉય, એમની પુત્રી સાંવલી યા બહુરૂપીના કોઈ પણ કલાકારને મુખે કવિતા સાંભળવી તે એક સંતર્પક અનુભવ બની જાય છે. અને સારા નાટયકલાકાર થવા માટે આ કાવ્યપઠનની તાલીમને તેઓ અનિવાર્ય માનતા હોય તો નવાઈ નહિ.

ચારથી છ મહિના સુધીની એ અખંડ તાલીમ. બરાબર સાંજે સાડા છ વાગ્યે નં. ૭, લૉઅર રેન્જ, કલકત્તા-૧૭ની બહુરૂપીની ઑફિસમાં સંસ્થાના બધા જ કલાકારોએ હાજર થવાનું જ. નવ વાગ્યા સુધી તાલીમ ચાલે. તમારો વારો તાલીમ દરમિયાન આવે કે ન આવે, પણ છેક સુધી બેસવાનું જ. આવા મહાવરા પછી 'શંભુદા'ને સંતોષ થાય ત્યારે જ નાટક તખ્તા ઉપર રજૂ થવાનું.

પણ આ ઉપરાંત, શંભુદાની બીજી પણ એકબે ન સમજાય એવી બાજુઓ છે. એમના પ્રયોગોની ટીકા એ સહન કરી શકતા નથી. દિલ એમનું ખૂબ આળું છે. એમનાં નાટકોની નિખાલસ કે આકરી ટીકા કરનાર કોઇકોઇ નાટયવિવેચકો સાથેના એમના સંબંધો કથળ્યાનું પણ જાણવા-સાંભળવા મળે છે.

એ કયા રાજકીય પક્ષમાં છે તે અંગે તેઓ ક્યારેય પોતાની જાતને 'કમિટ' કરતા નથી. આમ તો 'ઈપ્ટા' સમી વામ-પંથીઓની જ ગણાતી આવેલી સંસ્થામાં એમનાં મૂળ નખાયાં હોઈને અને 'રક્ત કરબી' નાટકનું એમણે જે રીતે રહસ્યોદ્ઘાટન કર્યું છે તે જોતાં એમનું સામ્યવાદી વલણ સ્પષ્ટ થતું હતું; પરંતુ સ્વ. હુમાયુન કબીર જેવા ચુસ્ત રાષ્ટ્રવાદી કૉંગ્રેસી નેતા સાથે એમનો ઘનિષ્ટ મૈત્રી-સંબંધ એમના સામ્યવાદી મિત્રોને જ્યારે પજવવા માંડયો ત્યારે શંભુએ જાહેર કર્યું કે 'હું ક્યારે ય સામ્યવાદી પક્ષનો સભ્ય ન હતો.'

એમના આવા વિધાન સામે પડકાર ફેંકવામાં આવે છે, પણ બંગાળમાં સાંસ્કૃતિક ક્ષેત્ર અને રાજકારણના ક્ષેત્ર વચ્ચે આવી ખેંચતાણ ચાલ્યા જ કરતી હોય છે. પોતાની ભૂમિના એક સુપુત્રને પોતાના અંકમાં બેસાડવાની વૃત્તિ કયા પક્ષને ન થાય?

ફિલ્મ ક્ષેત્રમાં પણ શંભુ મિત્રનું અર્પણ સાવ નગણ્ય નથી. એમનું 'જાગતે રહો' (બંગાળીમાં 'એક દિન રાત્રે') એમણે અમિત મૈત્ર સાથે રાજકપૂર માટે લખ્યું અને એનું સંચાલન પણ કર્યું. એ ચલચિત્રને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર પણ મળેલો.

પુરસ્કારોની શંભુ મિત્રને નવાઈ નથી રહી; નથી એમના મિત્રોને. એક રમૂજભરી ઘટના તેમ છતાં ઉલ્લેખી લઉં. કોઈ એક સમારંભમાં [અહીંની 'આઈ. એન. ટી.' સંસ્થામાં એમને પ્રથમ પ્રમુખ અને આ લેખકને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા હતા, એ સંસ્થાને આશ્રયે એક સમારંભમાં] કોઈએ જાહેર કર્યું કે આપણા શંભુદાને 'પદ્મશ્રી'નું માન મળ્યું તે માટે સંસ્થા ગૌરવ અનુભવે છે. તો શંભુદા કહે, એમને કહો કે 'પદ્મશ્રી' નહિ 'પદ્મભૂષણ' મને મળ્યો છે. ને મને હસવું આવેલું. શો ફેર પડે? પદ્મશ્રી કે પદ્મભૂષણ, પદ્મવિભૂષણ કે ભારતરત્ન ગણાયેથી?! ને હવે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એમને મૅગસેસે ઍવૉર્ડ જેવું વજનદાર પારિતોષિક મળે છે તેથી આશ્ચર્ય નહિ પણ રાજીપો જરૂર થાય છે.

હમણાંથી એ ક્ષેત્રસંન્યાસની વાતો કરતા રહે છે, પણ અમને કલકત્તાવાળા સૌ નાટયરસિકોને ખાતરી છે કે તખ્તાનો માણસ, ગ્રીનરૂમ ને ફૂટલાઈટનો પ્રેમી અદાકાર, ક્ષેત્રસંન્યાસ લે તો ગૂંગળાઈ મરે, અને હવે તો ખાસ! આવાં પારિતોષિકો સજગ કળાકારને ચીંધી બતાવે છે એની ફરજ, અને સૂચવે છે કે 'સ્કાય ઈઝ ધ લિમિટ'—ઊંચે, વધુ ઊંચે... □

અનુસંધાન] કુ. એલીસ બૉનર [પૃ. ૩૫૯થી

સ્વાધીનતા-પ્રાપ્તિ પછીથી ભારતમાં થએલા નૈતિક મૂલ્યોના ક્રમશઃ હ્રાસથી મિસ બૉનર ખૂબ જ ચિંતિત-દુઃખિત રહે છે. ભારતની વિવિધ કાલિક-પ્રાદેશિક શૈલીઓમાં નિર્માએલાં અજોડ અને સેંકડો પુરાતન મંદિરોનાં બેમૂલ સ્થાપત્યના અભ્યાસકો-વિશેષજ્ઞો આજે દેશમાં, સાઠ કરોડને આરે પહોંચેલી વસતિમાં, ચાર-પાંચથી વિશેષ નથી એનો એમને ભારે રંજ રહે છે. પોતે નહિ હોય ત્યારે પોતાના કાર્યને આગળ ધપાવવા યોગ્ય વારસની આજે વર્ષોથી નિષ્ફળ શોધમાં છે. આ કારુણ્યનો બોજ કેટલીક વાર તેમને હતાશ કરી દે છે.

એમના સૌ મિત્રો-પ્રશંસકો આ પળે અંતરથી વાંછે છે કે મિસ બૉનર શતાયુ બને અને એમનું બાકી રહેલું કાર્ય તેઓ પોતે જ, આગળના જેવી ક્ષમતાપૂર્વક પૂરું કરી એમનાં શ્રેષ્ઠતમ પ્રદાનો આપી રહે તેવું સામર્થ્ય પ્રાપ્ત કરી રહે. ભારતવાસીઓ તેમના કાર્યનું ઋણ તો ભવિષ્યમાં ચૂકવે ત્યારે ખરા. □

પ્રાચીન તીર્થનગરી

કાશીના કલાઉદ્યોગો

—લેખક અને આલેખક—
વાસુદેવ સ્માર્ત



◁ લક્ષ્મી. કાશીના મેળાઓમાં વેચાતાં આવાં દેવદેવીઓનાં માટીનાં શોભન-ખચિત રમકડાં એ ત્યાંની એક વિશિષ્ટતા છે. નીચે : રાજઘાટના ઉત્ખનનમાંથી મળેલો ઢાળામાં ઢાળીને બનાવેલા હાથીસવારનું માટીનું પ્રાચીન રમકડું અને લાકડામાં કોરેલી સવત્સ ગાયનું આજનું રમકડું.

યુગોથી કાશી ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે. પુણ્યસલિલા ગંગાને તીરે ઊંચાણ પર વસેલી આ નગરી ભગવાન શંકરના ત્રિશૂળ પર સ્થિત હોવાની કલ્પના પુરાણોમાં મળે છે. હિમાલયનાં શિખરો જેવાં ઉત્તુંગ મંદિરો ગંગાના ઘાટે સેંકડો વર્ષોથી અહીં અચળ ઊભાં છે. બહુ નજીકનજીક બંધાએલા ભવ્ય આવાસો ને એની વચ્ચેની સાંકડી ગલીઓ આ નગરનો વર્ષો જૂનો ઇતિહાસ જાળવી રહી છે. વિધવિધ દેવદેવીઓનાં સંખ્યાબંધ મંદિરો, સિદ્ધપીઠો, નવ દુર્ગા ને આઠ ભૈરવ, બાર વીર ને છપ્પન ગણપતિ એમ કંઈ કેટલાં યે દેવસ્થાનો અહીં વિદ્યમાન છે. આખા ભારતવર્ષનાં તીર્થો કાશીમાં સમાયાં છે. એમાં ભગવાન વિશ્વનાથનું મંદિર લાખો લોકોની ભક્તિભાવનાનું કેન્દ્રસ્થાન છે. પ્રત્યેક હિંદુને જીવનમાં એક વાર કાશી વિશ્વનાથનાં દર્શન અને અહીં ગંગાસ્નાન કરવાની એષણા હોય છે; તો બીજી બાજુ વિદેશી પ્રવાસીઓ પણ ભારતની આ તીર્થનગરીની મુલાકાત લેવાનું ચૂકતા નથી.

આ ઉપરાંત પણ કાશીની અનેક વિશેષતાઓ છે. અહીંની પ્રજા રંગીલી ને એવી જ ભાવુક છે. અનેક પ્રકાંડ પંડિતો, કલારસિકો, રઈસો ને ગુણીજનો અહીં વસે છે. ગવૈયા-બજવૈયાનું તો આ ઘર. શિક્ષણ અને કલાઓનું પણ કેન્દ્ર. કલાઉદ્યોગોનું તો આ ધામ. જોકે એમાંના અહીંના અનેક કલાઉદ્યોગોમાંથી ઘણા તો આજે કાળ બળે વિલીન થઈ ગયા છે, પણ એક જમાનામાં એની વ્યાપક બોલબાલા હતી. આજે યે એમાંના કેટલાક ટકી રહ્યા છે. આજે અહીં આપણે કાશીના એ લુપ્તપ્રાયઃ કલાઉદ્યોગો પર દષ્ટિપાત કરીએ.


કાશીના સુખ્યાત 'ભારત કલા-ભવન'ના પ્રણેતા અને સ્થાપક રાયકૃષ્ણદાસજી અહીંના એક ઉચ્ચ કોટિના રઈસ છે. એમની રઈસી પરંપરાની વાતો સાંભળીએ ત્યારે એ જમાનો આપણી સમક્ષ ખડો થઈ જાય. પચ્ચાશી વરસની પાકટ વયે, શરીરે અશક્ત છતાં એમનો વિદ્યાભ્યાસંગ આજે યે એવો જ સઘન છે. કાશીના ભૂતકાલીન કલા-ઉદ્યોગોની જે વાત અહીં ઉતારી છે તે એમણે જાતે જોએલા છે. એમાંના અનેકના અતિ સુંદર નમૂના પણ એમણે સંઘરેલા છે. કાળક્રમે એમાંના કેટલાક ઉદ્યોગો જેમ લુપ્ત થઈ ગયા છે તો કેટલાકે નવો અવતાર પણ ધર્યો છે.

માનવ જીવનના બાલ્યકાળમાં જેનું મહત્ત્વનું સ્થાન છે ને કલાનું પણ જે એક બળુકું પ્રતીક છે એ, આકારે ને રંગે સુંદર અનેકવિધ રમકડાંનો અહીંનો ઉદ્યોગ એક કાળે તો ચોમેર ખ્યાત હતો. રમકડાંની પરંપરા તો યુગોજૂની છે. કાશી તહેવારો અને પર્વોની નગરી છે. આ પર્વો પર અહીં ઠેરઠેર મેળા ભરાય છે. ત્યારે આસપાસનાં ગામડાંમાંથી અહીં માનવ-મહેરામણ ઊમટે છે. જાતજાતનાં રમકડાં એ પણ આ મેળાઓનું એક ખાસ આકર્ષણ. રથયાત્રા, શ્રાવણી પર્વ, જન્માષ્ટમી, નવરાત્રી કે કોઈ વિશેષ સંતોની સ્મૃતિ એમ અનેકવિધ નિમિત્તે આ મેળા ભરાય અને એ વખતે એને અનુલક્ષીને પ્રસંગાનુરૂપ રમકડાં એમાં વેચાવા આવે. આ રમકડાં માટીનાં, લાકડાનાં, કાપડનાં ને કાગળના માવાનાં બનેલાં હોય. ગૃહસ્થીથી માંડી વિવિધ દેવતાઓ, પંખી ને પ્રાણીઓની વૈવિધ્યપૂર્ણ લીલાઓની પરંપરિત રજૂઆત એમાં પ્રકટ થાય છે. સાદા આકાર અને આકર્ષક રંગો એ એની વિશિષ્ટતા છે. સેંકડો વર્ષ પહેલાંની આ પુરાણી નગરીના રાજઘાટના ઉત્ખનનમાં પણ સાંચામાં ઢાળીને બનાવેલાં પાકી માટીનાં રમકડાં આ તરફના એ પ્રાચીન વ્યવસાય અને પ્રસારનાં દૃષ્ટાંત રૂપ છે.

તે પછી વિકસેલું લખેરાઓનું કામ રમકડાંની બનાવટની એક બીજી દિશા નિર્દેશે છે. કાશી ને તેની આસપાસનાં ગામડાંના ખરાદીઓએ સંઘાડા પર ઉતારેલાં લાકડાનાં રમકડાં પર આ લખેરાઓ રંગબેરંગી લાખનો ચળકતો ઓપ આપતા. સંઘાડા પર ચૂડી-કંગન અને અન્ય આભૂષણો પણ બનતાં. બહુ જ મુલાયમ છતાં મજબૂત એવા 'ભુરકુન' લાકડાનો એમાં ઉપયોગ થતો. આભૂષણો પર સોનાના વરખ લગાડી એને સોનેરી ચમક પણ અપાતી. હવે ભુરકુનના બદલે પિત્તળનાં આભૂષણો બને છે. આ ઉપરાંત દ્યુત રમવાના કારીગરીયુક્ત પાસા પણ બનતા.

એક જમાનામાં દૂરદૂરની ખાણોમાંથી કાશીમાં આવતા હીરાના પથ્થર પર અહીંના 'હીરાતરાશો' અજબગજબ પહેલ પાડતા. લખનૌ, બિહાર ને દક્ષિણમાં છેક હૈદરાબાદ સુધી એનો વેપાર હતો. આ જ રીતે હક્કાક પથ્થરનું કામ પણ અહીં થતું. 'બેગડી'ઓ સ્ફટિક ને શાલિગ્રામના પથ્થર પર વિવિધ દેવદેવીઓ અને તાંત્રિક યંત્રો કોરતા. કમળ કે સોપારી જેવા આકાર પર ગણેશ, દુર્ગા, શિવ તથા અન્ય દેવદેવીઓ સાથે એમની સ્તુતિના શ્લોકો કોરાતા. આ કામ અત્યંત બારીકીવાળું ને શાસ્ત્રોક્ત શુદ્ધિવાળું બનતું. જાણીને નવાઈ લાગે, પણ આ કળાના છેલ્લા કારીગરો મુસલમાનો હતા. પરધર્મી હોવા છતાં એમને હિંદુઓના શ્લોકો કંઠસ્થ હતા. પોતાની કલાકારીગીરી તેઓ કબીલા બહારના કોઈને શીખવતા નહિ. બેગડીઓ રત્નોના દાગીના પણ બનાવતા.

કાશીનાં આભૂષણોની પણ એક ઓર ખ્યાતિ હતી. અંદરના પોલાણમાં લાખ ભરીને ઉપરના સોનાના આવરણ પર સુંદર ભાત ઉપસાવવામાં અહીંના કારીગરો અજબ કળાકૌશલ દાખવતા. અહીંનાં કડાંકંકણની મોટી માગ રહેતી. બનારસની 'મીનાકારી' પણ ભારતભરમાં પ્રસિદ્ધ હતી. અહીંનો ગુલાબી મીનો દેશભરમાં અદ્વિતીય ગણાતો. એ સમયનાં સમૃદ્ધ એવા લખનૌ, દિલ્હી વગેરે શહેરોમાં એની મોટી માગ







△ કાશીના વસ્ત્ર પરની એક જરીકૃતિ

રહેતી. પોલાં આભૂષણોમાં લાખ ભરનારાઓનો અલગ વ્યવસાય પણ થતો. 'જડિયા'-ઓ લાખ પર 'ડાક' બેસાડી તેના પર વિવિધ નંગ ને પન્ના વગેરે જડતા. નંગની આસપાસ સોનાના વરખ લગાડીને એનું જડતર કરવાની એમની એક આગવી જ કળા હતી.

બનારસ—કાશીનો વસ્ત્ર-ઉદ્યોગ તો આજે પણ ખ્યાત છે. સદીઓથી અહીંના કિનખાબ ને એનું સોનેરી-રૂપેરી જરીકામ વિખ્યાત રહ્યું છે. અમદાવાદ અને સૂરતમાં પણ કિનખાબ બનતાં, પણ બનારસનું કામ આગવું જ હતું. અહીંનાં સાડી–શેલાં તો બેનમૂન જ. રેશમની સાથે જરીનું બારીક વણાટ આજે યે કાશીમાં હાથશાળ પર જ થાય છે. અહીંના મદનપુરાનો કિનખાબ ને અલઈપુરીની સાડીઓ સુખ્યાત છે. અહીંના સુતરાઉ ડોરિયા, અંગોછા, જોલાટા ને દોબસ્તી પણ વખણાય છે.

સોનાના ટુકડાને જતરડામાં ખેંચીખેંચીને બનાવેલા વાળ જેવા બારીક તાર સાથે રેશમના તાર લપેટીને બનાવાતા 'કલાબત્તુ'ની કાશીની કારીગરી પણ વિખ્યાત છે. આ કલાબત્તુ સોનાનો ઢોળ ચડાવેલા ચાંદીના તારમાં પણ બનતું.

કાપડમાં કાણાં પાડી તેમાં 'બાદલા'ને દાબીને બનાવાતી વિધવિધ ભાત 'કામદાની' કહેવાતી, જાડા કાપડની ટોપીઓ, પાથરણાં, તકિયા ને હાથીઘોડાની ઝૂલ પર 'કાચબીચી'નું કામ થતું. એમાં કાપડ પર ભાત પ્રમાણે રૂ મૂકી તે પર 'કલાબત્તુ' વડે ઉપસતી ભાત બનાવાતી. વૈષ્ણવ મંદિરોમાં જૂની પિછવાઈઓ પર આ પ્રકારનું કામ જોવા મળે છે.

'દસ્તારબંધો'ની કારીગરી વળી અનોખી હતી. દસ્તારબંધ એટલે પાઘડી બાંધનારા. માથાના માપ પ્રમાણેના લાકડાના ઢીમચા પર વિવિધ આકારની પાઘડીઓ બાંધવાની પણ એક કળા હતી. આજે તો પાઘડીઓ જ નથી રહી એટલે આ કારીગીરી લગભગ લુપ્ત જ થઈ ગઈ છે.

પહેલાંના જમાનામાં ઈસ્ત્રી તો હતી નહિ, એટલે ચોળાઈ ગએલાં કિંમતી વસ્ત્રો ને કાપડ પર કાંજી ચડાવીને પછી એને ટીપીટીપીને સફાઈદાર બનાવવામાં આવતાં. આ કામ 'કુંદી' નામે ઓળખાતું. આજે હવે એવા કામની જરૂરત રહી નથી એટલે એ કૌશલ પણ ગયું છે જો કે હજી આજે યે બનારસમાં કુંદીઘર ટોલા નામનો લત્તો તો છે જ.

કંસારાને અહીં 'કસેરા' કહે છે, પણ પિત્તળનાં વાસણ બનાવનારને 'ઠઠેરા' કહે છે. અહીંની ઠઠેરી ગલીમાં આજે પણ કિસમ કિસમનો પિત્તળનો સામાન મળે છે. અગાઉ તો આ બજારમાં વૈવિધ્યપૂર્ણ કળામય અનેક વસ્તુઓ મળતી. ઠઠેરાઓ દેવીદેવતાઓની સુંદર મૂર્તિઓ પણ બનાવતા. પાનદાન, અત્તરદાન, ગુલાબપાશ વગેરેના આકારોમાં તો પુષ્કળ વૈવિધ્ય અને નજાકતભરી કળા જોવા મળતી.




△ કાશીના પિત્તળકામની કલાકૃતિ

પિત્તળના લોટા પર વિવિધ ભાત ખરોંચી (કોરી)ને તેમાં ચાંદી કે તાંબાના તાર ઠોકીને બેસાડવાનું કામ તે 'ઠરાઇ'. એ વળી એક અનોખું જ કૌશલ હતું. મંદિરોનાં શિખરો પર શોભતા કળશો પર સોનાનો ઢોળ ચડાવવાનું કામ એટલે 'મુલમ્મા'. પારામાં સોનાના તબક (વરખ) મેળવી કળશ પર તે લગાડીને પછી એ કળશને ધીમે તાપે તપાવતાં પારો ઊડી જઈને સોનું ચોંટી રહેતું. એના પર યશબ જેવા પથ્થર વડે ખૂબ ઘસીરગડીને એક અનોખો ચળકાર આપવાની કારીગરી પણ વિશિષ્ટ ગણાતી.

હાથીના હોદ્દા, ઘોડાના સાજ, ચાંદીના તામજામ ને ખુરશીઓ વગેરે સામગ્રી એટલે 'મર્દાના સાજ'. કાશીમાં આ મર્દાના સાજના ખાસ કારીગરો હતા. ચારચાર આદમીઓ પણ માંડ ઊંચકી શકે એવા મોટા હોદ્દાથી માંડી ઘોડાના શણગારની નાનીનાની કલામય ચીજો તેઓ બનાવતા.

રઈસજાદાઓ અને એમના ઝનાનખાનાનાં દશ્યોવાળાં ઘણાં જૂનાં ચિત્રોમાં હુક્કા પણ જોવા મળે છે. આ હોકાની જુરજુરી ને એની ચલમ પર લગાડાતી બારીક તારની વિવિધ ભાતવાળી જાળીની વળી આગવી જ કારીગરી થતી. કાશીમાં એ કામ પણ થતું. વળી, હુક્કાની લાંબી 'સટક' (કાપડની નળી) પર સોનાચાંદીના તારનું શોભન પણ થતું, જેમાં કલાબત્તુનો ઉપયોગ પણ થતો.

બિંદી એ તો સ્ત્રીઓનો યુગજૂનો સૌભાગ્ય-શણગાર. એ માટે સફેદ કાચને અગ્નિમાં તપાવીને ફૂંક મારીને બનાવેલા પરપોટા જેવા ફુગ્ગાને કાતરથી કાપીને 'તિકુલી'—બિંદી–બનાવતી. આ તિકુલી લગાડવા માટે એની એક તરફ ગુંદર લગાડાતો ને બીજી બાજુએ કમળ વગેરે જેવાં



△ કાશીના એક જૂના મકાનની ભીંત પરનું શોભનચિત્ર

વિવિધ ભાત-આકાર ચીતરાતાં. આ કામ ખાસ કરીને સ્ત્રીઓ કરતી હતી. આ ઉપરાંત, કાચને ખૂબ તપાવી-ઓગાળીને ખાસ પ્રકારની શીશીઓ બનાવાતી, જેને 'આતશી' કહેતા. મકરધ્વજ, રસસિંદૂર કે ચંદ્રોદય જેવી કિંમતી ઔષધિઓ ભરવા માટે 'આતશી'નો ઉપયોગ થતો.

ગૃહનિર્માણમાં વાસ્તુશાસ્ત્રના જાણકાર 'ઓસ્તાકાર'ની સલાહ લેવાતી. દોષરહિત ગૃહનિર્માણ માટે એમનું શાસ્ત્રજ્ઞાન અનિવાર્ય લેખાતું. વાસ્તુશાસ્ત્રના શ્લોકો એમને કંઠસ્થ રહેતા. મુસલમાનો પણ આ કામ કરતા. મકાનોને અનેકવિધ શોભનોથી શણગારાતું, જેને 'નકશા' કહેતા. ચૂનામાં જુદીજુદી ભાત ઉપસાવવાનું જે શોભનકામ થતું તે 'ચિરાઈકામ' કહેવાતું. ખાસ કરીને તાજી જ ચણાતી ભીની ભીંતો પર એ કામ કરાતું. મસ્જિદોમાં ને રઇસોના આવાસમાં ચિરાઈકામની માગ રહેતી. પથ્થરની કોતરણી કરતાં એ સસ્તું પડતું.

લહિયાઓનો પણ એક ખાસ વર્ગ હતો. કાળી શાહી માટે કાજળ અને લાલ માટે હિંગૂર વાપરીને તેની સાથે અન્ય ખાસ પદાર્થો ભેળવી કાગળ પર રેલાય નહિ અને વર્ષો સુધી ટકી શકે એવી શાહી તેઓ જાતે બનાવતા. વળી, દાયકાઓ સુધી ચળકતી રહે એવી સોનેરી શાહીનો કસબ પણ તેઓ જાણતા. મૂલ્યવાન ગ્રંથોમાં આવી સોનેરી શાહી વપરાતી. આ માટેના કારીગર હોવા ઉપરાંત મરોડદાર અક્ષરાલેખનની કળા પણ તેમને સિદ્ધ હતી. (અનુસંધાન પૃ. ૩૮૧ પર)



વિનોદની નજરે [૭]

ડૉ. મધુસૂદન પારેખ

('પ્રિયદર્શી')

લેખક **વિનોદ ભટ્ટ**

ઇતિહાસમાં અગાઉ એક 'પ્રિયદર્શી' થઈ ગયો; તે આ નહિ. આ પ્રિયદર્શી તો અશોકના યે બાપા છે. હા, એમના ચિરંજીવીનું નામ અશોક છે: ડૉ. અશોક. બાપ-બેટો બન્ને ડૉક્ટર છે. પણ એ બન્નેના ડૉક્ટરપણામાં બાર ગાઉનો ફેર છે. મધુભાઈ કોઈ દર્દીને દવા નથી આપતા; (દર્દીનું એ સદ્‌ભાગ્ય છે) કેમકે તે પીએચ. ડી. છે. 'ગુજરાતી નવલકથા સાહિત્યમાં પારસીઓનો ફાળો' એ વિષય પર તેમણે મહાનિબંધ લખેલો.

એકાદ ટર્મ પૂરતું મારા પ્રોફેસર થવાનું સદ્‌ભાગ્ય મધુભાઈને પ્રાપ્ત થએલું ખરું. અમને તે સરસ્વતીચન્દ્ર ભાગ-૧ ભણાવતા. કૉલેજ નવી નવી. પહેલો જ પીરિયડ તેમનો. તેમણે ભણાવવું શરૂ કર્યું ને દસ-પંદર મિનિટમાં જ છેલ્લી પાટલી પરથી અવાજ આવવા માંડ્યો: 'સાહેબ, તમે બહુ હસાવો છો.'—ને આખો ક્લાસ હસી પડ્યો! તેમનો પીરિયડ પૂરો થયા પછી મારી બાજુમાં બેઠેલા વિદ્યાર્થીને આ રહસ્ય બાબત પૂછતાં મારી સામે આશ્ચર્યથી જોતાં તેણે પૂછ્યું: 'અલ્યા, એ મોટા હાસ્યલેખક છે એ તું નથી જાણતો?' ત્યારે જ મને જાણ થઈ કે 'પ્રિયદર્શી' નામે જે હાસ્ય-વિનોદના લેખો લખે છે તે ડૉ. મધુસૂદન પારેખ આ છે. તેમની ગંભીર મુખમુદ્રા જોઈને ભાગ્યે જ ખયાલ આવે કે તે હાસ્ય લેખક હશે. 'તમે બહુ હસાવો છો' કહીને તેમની ગંભીર પ્રકૃતિ પર પાછલી બેન્ચવાળાઓ પ્રહાર કરતા'તા.

આ પછી તો હું તેમના ઘણા નિકટના પરિચયમાં આવ્યો. હાસ્યલેખક પાસે અનપેક્ષિત એવી ગંભીરતા તે ધરાવે છે. હાસ્યલેખ લખતા હશે એટલી ક્ષણો પૂરતા જ તે અ-ગંભીર થઈ જતા હશે. છેલ્લાં બારતેર વર્ષથી તેમને મળું છું. સાંભળું છું (જો કે અત્યારે હું તેમને સાંભળું છું એ કરતાં તે મને વધારે સાંભળે છે: કૉલેજમાં રોજ ૪૫-૪૫ મિનિટ એકધારું અમને સંભળાવ્યા કરતા'તા એનો બદલો વાળું છું.)

હાસ્ય-લેખકો ઘણે ભાગે પોતાના હાસ્યકારપણા અંગે સભાન હોય છે. પોતે જાણે ફુલટાઈમ હ્યુમરિસ્ટ હોય, પ્રજાને સતત હસતી રાખવાની જવાબદારી પોતાને શિરે જ હોય, એમ હસાવવા માટે લોકોને સતત શાબ્દિક ગલીપચી કરતા હોય છે. બર્નાર્ડ શૉ જેવા યે આમાંથી બાકાત નહોતા. જે કોઈ મહેમાન આવે તેને શૉ ટુચકા કહીને હસાવ્યા કરે. એક વાર એક મુલાકાતી આવ્યા. ઍનેક્ડોટ્સ કહીને શૉ તેને ખડખડાટ હસાવવા માંડ્યા. પાસેની ખુરશીમાં શ્રીમતી શૉ બેઠેલાં. ઊનના દડાને જમીન પર રગડતો રાખીને તે સોયાથી સ્વેટર ગૂંથ્યા કરતાં'તાં. શૉની કોઈ વાત જાણે સાંભળતાં જ ના હોય એમ તોબરો ચડાવીને પોતાનું ગૂંથણકામ ધપાવ્યે રાખતાં'તાં. પેલા મુલાકાતીને આ જોઇને આશ્ચર્ય થયું. તેણે મિસિસ શૉને ઠપકાભર્યા સ્વરે પૂછ્યું: 'તમારા પતિ આવી મજેદાર રમૂજો કહે છે ને તમે તો મોં ચડાવીને બસ, ગૂંથ્યા જ કરો છો, એમ કેમ?' ત્યારે શ્રીમતી શૉએ શૉ સામે એક ઊડતી નજર નાખતાં કહ્યું: 'આ બધી રમૂજો અગાઉ હું લાખ્ખો વખત સાંભળી ચૂકી છું. તેમનું ગળું દબાવી દેવાની મને અદમ્ય ઇચ્છા થઈ આવે છે; પણ ગુસ્સામાં હું તેમ ના કરી બેસું એ માટે જ બન્ને હાથને ગૂંથવાના કામમાં રોકી રાખ્યા છે.'

શૉની જેમ મધુભાઈને ક્યારેય મેં 'જોક' કહેતાં નથી સાંભળ્યા કે નથી કુસુમબેનને સોયાથી સ્વેટર ગૂંથતાં જોયાં. એનો અર્થ એવો નથી કે મધુભાઈ રમૂજ નથી જ કરતા. મિત્રોમાં કોઈ વાર થઈ જાય તો થવા દે છે, પણ તે ય કોઈ પણ જાતના આયાસ વગર જ.

જૂનાગઢમાં સાહિત્ય પરિષદ વખતે અમે ઊભા'તા. મધુભાઈ પણ સાથે ઊભેલા. પાસેના મકાનની લૉબીમાં છોટુભાઈ અનડા (અનડા બુક ડીપોવાળા—જે મધુભાઈના પડોશી છે) ઊભા હતા. અનડાએ ઉપરથી એટલું જ કહ્યું: 'જોઈ ગયો, સાહેબ... જોઈ ગયો...'

'એમાં શી ધાડ મારી? હું તો રોજ જોઉં છું.' મધુભાઇએ ઉપર છોટુભાઈ સામે જોઇને જવાબ આપ્યો. મને આ સમજાયું નહિ એટલે કુતૂહલથી મેં પૂછ્યું, 'એ શું જોઈ ગયાનું કહે છે?'

'મારી ટાલ.' મધુભાઈ એ ખુલાસો કર્યો: 'હું ઉપર રહું છું ને એ નીચે રહે છે. રોજ સવારે દાતણ કરતી વખતે હું એમની ટાલ જોઉં છું. આજે એ મારી ટાલ જોઈ ગયા.'

મધુભાઈને ત્યાં એક વાર હું બેઠેલો. રવિવારની સવાર હતી. વાળંદ પેટી લઈ ને આવ્યો એટલે મધુભાઈ એ તેને કહ્યું: 'આવો પારેખ.' મને મનમાં સહેજ શંકા પડી કે મધુભાઈ કદાચ એ જ જ્ઞાતિના હશે. મધુભાઈના ખયાલમાં મારી શંકા આવી ગઈ. વાળંદે હજામત કરી લીધી એટલે મધુભાઈ એ તેના હાથમાં પૈસા મૂક્યા, જે વગર આનાકાનીએ લઇને પેલો ચાલ્યો ગયે 'હવે તો ખયાલ આવી ગયોને કે હું આશા પારેખની નાતનો છું?' બોલી મધુભાઈ મરકવા માંડ્યા. (નાઈ ને નાવિક ક્યારે ય પોતાના જાતભાઈ પાસેથી પૈસા નથી લેતા.)

મધુભાઈ મિત્રો આગળ ખીલે, પણ અંતર્મુખ વધારે. એમના કોઈ લેખની પ્રશંસા કરીએ તો શરમાઈ જાય. મોઢા પર શરમના શેરડા પડી જાય. આ ઉમરે ય એમને શરમાતા જોવા એ લ્હાવો ગણાય. પોતાની જાત વિષે તો એ બહુ ઓછું બોલવાના—બોલવા જેવું ઘણું હોવા છતાં એ નથી બોલતા. વર્ષો અગાઉ સાહિત્યક્ષેત્રે એમ મનાતું કે નંદશંકર તુલજાશંકર મહેતા રચિત 'કરણઘેલો' જ ગુજરાતની પ્રથમ નવલકથા છે; પણ મધુભાઈ એ સંશોધન દ્વારા સાબિત કરી બતાવ્યું કે 'કરણઘેલો' કરતાં યે ચાર વર્ષ અગાઉ (એટલે કે ૧૮૬૨માં) સોરાબશા દાદાભાઈ મુનસફ નામના પારસી લેખકે 'હિન્દુસ્થાન મધ્યેનું એક ઝૂંપડું' નામની નવલકથા અંગ્રેજીમાંથી અનુવાદિત. (આ જાણીને કોઈકને કદાચ આઘાત લાગશે.)

વાતચીતમાં મધુભાઈનું કોઈ વાક્ય 'હું'થી શરૂ નથી થતું. (એમનું વ્યાકરણ એટલું કાચું, બીજું શું?). 'હું'ને ડૂબાડીને જ એ વાત કરે છે; ને કોઈના યે વિષે તે ઘસાતું નહિ બોલે. ખૂબીની વાત એ છે કે વર્ષોથી હાસ્યરસનું લખે છે છતાં ઘણાખરા હાસ્યલેખકોને તે મળ્યા નથી. મધુભાઈ સામેથી પરિચય કરવા ભાગ્યે જ જાય. એમને ફાવે જ નહિ. હા, મળે તેની સાથે બહુ જ પ્રેમથી વાત કરે. કોઈ કે કહ્યું છે કે 'યોગ એકાંત-

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. મધુસૂદન પારેખની—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૫મો · પ્રકરણ ૨જું


◁ બેન જૉન્સન

સત્તરમા સૈકાની કવિતા

ઇંગ્લૅન્ડની રાણી ઈલિઝાબેથનું ઈ. સ. ૧૬૦૩માં અવસાન થયું અને જેઈમ્સ પહેલાના આગમનથી નવો સ્ટુઅર્ટ વંશ શરૂ થયો. ઈલિઝાબેથના યુગમાં રાષ્ટ્રમાં ચૈતન્યનો આવિર્ભાવ ઉત્કટપણે થયો હતો. સ્પેઈનના નૌકાકાફલા સામે વિજય, નવી શોધખોળો, એ બધાંને કારણે પ્રજાજીવનમાં એક નવી ખુમારી પ્રકટી હતી. રાષ્ટ્ર માટે પ્રેમ અને ભક્તિની ભરતી સમગ્ર પ્રજાજીવનમાં ઊછળી રહી હતી. આ સુવર્ણયુગની અસર કવિતામાં પ્રકટ થયા વિના કેમ રહી શકે ? કવિતામાં પણ નવા વિષયોનો, નવી ભાષા, નવી શૈલીનો ચમકાર—ચમત્કાર વરતાવા માંડ્યો.

જેઈમ્સ પહેલાના આગમન પછી—સત્તરમા સૈકામાં યુગ પલટાયો. રાજા અને પાર્લમેન્ટ વચ્ચે સત્તાના સંઘર્ષ શરૂ થયા. પ્રજાજીવનમાં અસ્વસ્થતા, ક્લેશ અને અજંપો આવ્યાં. તદુપરાંત ઈ. ૧૫૯૯માં સ્પેન્સરનું અવસાન થયું. અલબત્ત ઈલિઝાબેથ યુગની કવિતાનો પ્રવાહ સ્ટુઅર્ટ સમયમાં પણ વહેતો રહ્યો, પણ વહેણ બદલાયાં. કવિતા સભાન બનવા માંડી. ઉત્સાહ, કૌતુકમયતા અને ગ્રામજીવનનાં રંગભર્યાં ચિત્રો કાવ્યમાંથી ઓસરવા માંડ્યાં. કવિતામાં ધર્મનો રંગ દેખાવા માંડ્યો. બોધલક્ષિતા પ્રકટવા માંડી. સ્પેન્સરની કવિતામાં પ્રકટેલાં ગ્રામજીવનનાં મનહર ચિત્રો, આકર્ષક રૂપકો, દેશભક્તિ—આ સર્વને સમગ્રપણે ખેડનાર કોઈ કવિ સ્પેન્સર પછી દેખાતો નથી. અલબત્ત એ તત્ત્વો છૂટાંછવાયાં ખેડીને સ્પેન્સરની પ્રણાલી જાળવવામાં ડ્રેઈટન, જ્યૉર્જ વીધર, વિલિયમ બ્રાઉન ઈત્યાદિ કવિઓનો ફાળો છે.

જ્યૉર્જ વીધર

જ્યૉર્જ વીધર—George Wither (૧૫૮૮-૧૬૬૭) એની ગ્રામજીવનની કવિતાને કારણે જ પંકાયો છે. એની 'ધ શેફર્ડ્ઝ હન્ટિંગ' (The Shephard's Hunting) બે પાત્રોના સંવાદ રૂપે રજૂ થએલી મનહર ગ્રામજીવનની ઊર્મિકવિતા છે. પ્રકૃતિ પ્રત્યેનો કૃતજ્ઞતાનો જે ભાવ તેમાં પ્રકટે છે તે વર્ડ્ઝવર્થના આ પ્રકારના ભાવની આગાહી કરે છે. એની બીજી એક કૃતિ 'ફિડેલિયા' (Fidelia) પ્રેમ વિષેની કરુણ પ્રશસ્તિ છે. આ પ્રકારની કવિતામાં તેની શક્તિ જેટલી ઝળકે છે તેટલી તેની કટાક્ષરચનાઓમાં—બોધલક્ષી કવિતામાં ઝળકતી નથી.

વિલિયમ બ્રાઉન

વિલિયમ બ્રાઉન—William Browne (અંદાજે ૧૫૯૧—અંદાજે ૧૬૪૩)ની ખ્યાતિ મુખ્યત્વે તેણે બ્રિટનના ગ્રામજીવનને અનુલક્ષીને રચેલી કૃતિ 'બ્રિટાનિયાઝ પાસ્ટરલ્સ' (Britannia's Pastorals) ને કારણે છે. સ્પેન્સરનો સ્પષ્ટ પ્રભાવ એમાં વરતાય છે. જોકે તેણે નમૂના તરીકે સિડનીની 'આર્કેડિયા' (Arcadia) કૃતિને નજર સમક્ષ રાખી લાગે છે. બ્રાઉનની બીજી એક કૃતિ 'શેફર્ડ્ઝ પાઈપ' (Shepherd's Pipe)માં તો સ્પેન્સર કૃત 'કૅલેન્ડર' (Calander)ની જ પ્રેરણા છે. તેમાં કવિએ ગ્રામજીવનને લગતાં ટૂંકાં ઊર્મિકોની શ્રેણી રચી છે. બ્રાઉનની કવિતામાં એના ડેવન પરગણા પ્રત્યેની ભક્તિ અને એ પરગણાની પ્રકૃતિનું સૌંદર્ય ધ્યાનપાત્ર બની રહે છે.

ફીનિયસ ફ્લેચર

ફીનિયસ ફ્લેચરે Phinas Fletcher (૧૫૮૨-૧૬૫૦) સ્પેન્સરનો પ્રભાવ સવિશેષ ઝીલ્યો છે. એની પ્રતીતિ એના 'ધ પર્પલ આઈલૅન્ડ' (The Purple Island) ઉપરથી થાય છે. એ જ પુસ્તકમાં તેણે જે ઊર્મિકોનો વિભાગ મૂક્યો છે તેમાં સ્પેન્સરનાં કાવ્યોમાં આવતા ગોવાળોને બદલે તેણે માછીમારોને ગોઠવ્યા છે, અને સ્પેન્સરના ગોવાળોની જેમ જ ફ્લેચરના માછીમારો વારાફરતી ધર્મ અને પ્રેમની ગોષ્ઠિ કરતા દેખાય છે. 'ધ પર્પલ આઈલૅન્ડ'માં સ્પેન્સરની રીતિનું અનુકરણ કરીને તેણે પણ રૂપકો યોજ્યાં છે. તેમાં પર્વત, નદી અને જંગલોથી યુક્ત ટાપુને મનુષ્યનો દેહ કલ્પ્યો છે, અને પછી ફ્લેચર માનવઅંગોની અને ટાપુનાં ભૌગોલિક અંગોની તુલના એવી ઝીણવટથી કરવા માંડે છે કે સમગ્ર રૂપક નીરસ—અરે હાસ્યાસ્પદ બની જાય છે. સ્પેન્સરની 'ફેઈરી ક્વીન'નું અનુકરણ કરવાનો આ તેનો નિષ્ફળ પ્રયાસ છે. અલબત્ત, પ્રકૃતિમાંથી તારવેલાં કલ્પનોમાં કેટલીકવાર શક્તિનો ચમકાર લાગે છે, ધાર્મિકતાનાં વર્ણનોમાં તેની ધર્મભાવનાનો સાચો રણકો પણ સંભળાય છે, પણ સમગ્રપણે તેની કવિત્વશક્તિ સાધારણ છે.

જાઈલ્સ ફ્લેચર

જાઈલ્સ ફ્લેચર—Giles Fletcher—(૧૫૮૮ ?—૧૬૨૩) એ ફીનિયસ ફ્લેચરનો ભાઈ અને ધર્મગુરુ હતો. ધાર્મિક ઉત્કટતા એ તેની કવિતાનું મુખ્ય તત્ત્વ છે. તેની મુખ્ય અને સંભવતઃ એકમાત્ર કૃતિ 'ક્રાઈસ્ટ્સ વિક્ટરી ઍન્ડ ટ્રાયમ્ફ' (Christ's Victory and Triumph)માં એની કલાકાર તરીકેની અપક્વતા દેખાય છે, તો પણ એની ભાષાનો ઠાઠ અને કલ્પનાનો વૈભવ ધ્યાન ખેંચી રહે છે. સ્પેન્સરનો પ્રભાવ આ કવિ પર પણ નાનોસૂનો નથી. કાવ્યના આરંભમાં ન્યાય અને દયાની વારાફરતી ઈશ્વર પાસે દલીલો અને ઈશ્વરે દયાની તરફેણમાં આપેલો ચુકાદો ઈસુનો સ્વર્ગમાં વિજય સૂચવે છે. એ પછી પૃથ્વી પર રણમાં સેતાનનાં પ્રલોભનોનો એ પ્રતિકાર કરે છે, લોભ, નિરાશા, ગર્વ એ સર્વથી મુક્ત બને છે અને તેનો વિજય થાય છે. એ જ રીતે ઈસુ મૃત્યુંજય બને છે તેનું પણ આકર્ષક ચિત્ર કવિએ આલેખ્યું છે. તેમાં તેના વાક્વૈભવની પ્રતીતિ થાય છે. એક વિવેચકે નોંધ્યું છે તેમ કવિ શેલીનાં સ્વર્ગ વિષેનાં કલ્પનાચિત્રો બાદ કરીએ તો આ ધર્મગુરુ-કવિએ આલેખ્યાં છે તેવાં ચિત્રો અંગ્રેજી સાહિત્યમાં વિરલ છે. મિલ્ટન અને બનિયનનાં આ પ્રકારનાં ચિત્રો પણ જાઈલ્સ ફ્લેચરનાં ચિત્રો જેવાં આનંદ છલકતાં નથી. ઈંગ્લૅન્ડના ધર્મલક્ષી કવિઓમાં જાઈલ્સ ફ્લેચરનું સ્થાન મોખરાનું છે. તેને મન ધર્મ એ નીતિનો અંચળો ઓઢવા માટે કે ભય ઉપજાવવા માટેનો નહિ પણ સૌંદર્યમઢ્યાં સુખભર્યાં ચિત્રો માટેનો સ્રોત છે. એની ઉપર્યુક્ત કૃતિ વિષયવસ્તુની દૃષ્ટિએ સ્પેન્સર અને મિલ્ટન વચ્ચે કડીરૂપ બની રહે છે.

ફ્રાન્સિસ ક્વૉર્લ્સ

સત્તરમા સૈકાના ધર્મલક્ષી કવિતાપ્રવાહમાં ફ્રાન્સિસ ક્વૉર્લ્સ—Francis Quarles (૧૫૯૨-૧૬૪૪)નો પ્રતીકાત્મક કાવ્યોનો 'એમ્બ્લેમ્સ' (Emblems) નામનો કાવ્યસંગ્રહ નવી ભાત પાડે છે. એમાં કવિ ધર્મગ્રંથમાંથી કોઈ પાઠ રજૂ કરે છે, તેનું પ્રતીકાત્મક ચિત્ર આલેખે છે અને છેલ્લી ચાર પંક્તિમાં સૂત્રાત્મક શૈલીમાં બોધ રજૂ કરે છે, એટલે

એની કવિતામાં કલા કરતાં ચાતુર્ય વિશેષ વરતાય છે.

બેન જૉન્સન

અત્યાર સુધીના કવિઓમાં પોતાની કાવ્યરીતિથી નિરાળા તરી આવનારા કવિઓ બે છે : બેન જૉન્સન અને જ્હૉન ડન. સ્પેન્સરની પ્રેરણામાંથી મુક્ત રહીને તેમણે નિજ કેડી પર ચાલવાનું પસંદ કર્યું અને છેક રેસ્ટોરેશન (રાજાની પુનઃસ્થાપના) સુધી અનેક કવિઓ તેમની પ્રબળ અસર ઝીલીને કાવ્યો રચતા રહ્યા.

બેન જૉન્સન–Ben Jonson–(૧૫૭૩?–૧૬૩૭)ની કીર્તિ આમ તો શેક્સ્પીયરના એક સમર્થ સમકાલીન નાટ્યકાર તરીકેની છે. તેની નાટ્યકલાની ચર્ચા આગળ થઈ ગઈ છે. નાટકો ઉપરાંત તેણે કાવ્યરચના પણ ઠીક પ્રમાણમાં કરી છે. સમગ્ર જીવન દરમ્યાન તેણે કાવ્યની પ્રવૃત્તિ કર્યા જ કરી છે અને તેના નામે ત્રણેક કાવ્યસંગ્રહો જમા થયા છે: 'એપિગ્રામ્સ' (Epigrams), 'ધ ફૉરેસ્ટ' (The Forest) ને 'અન્ડરવૂડ્ઝ' (Underwoods). પહેલા–'એપિગ્રામ્સ' કાવ્યસંગ્રહમાં મુબારકબાદીઓ અને કટાક્ષકાવ્યોનો સમાવેશ થાય છે. જૉન્સને એનાં કૉમેડી (નાટકો)માં કટાક્ષચિત્રો આલેખ્યાં છે તેવાં તેના ઉપર્યુક્ત કાવ્યસંગ્રહમાં પણ મળે છે. વીસેક પંક્તિમાં તો જૉન્સન સરસ મઝાનું કટાક્ષયુક્ત વ્યક્તિચિત્ર આલેખી શકે છે. કટાક્ષચિત્રો ઉપરાંત પોતાના કેટલાક સમકાલીનો–બેકન, ડ્રેઈટન, ડન, શેક્સ્પીઅર ઇત્યાદિને અભિનંદતાં કાવ્યો તેણે કર્યાં છે તે પણ તેના વ્યક્તિત્વનાં દ્યોતક છે. શેક્સ્પીઅર સાથેના તેના સંબંધો અવારનવાર મીઠા ને તીખા રહેલા, પણ શેક્સ્પીઅરના મૃત્યુ પછી તેણે તેની નાટ્યકલાને મોકળા હૃદયે બિરદાવી હતી. તેણે ગ્રીક કાવ્યસંગ્રહોના અનુકરણ રૂપે કેટલીક કરુણપ્રશસ્તિ અને થોડાક મૃતલેખો (Epitaph) પણ રચેલા અને એમાં તેની શક્તિનો વિશેષ ચમકાર જોવા મળે છે.

બેન જૉન્સનની 'ક્વીન ઍન્ડ હન્ટ્રેસ' (Queen and Huntress) જેવી કોઈક કાવ્યરચના અતીવ સુંદર ગણાઈ છે અને એની 'Drink to me only with thine eyes' જેવી રચનાએ તેને સારી પ્રસિદ્ધિ આપી છે, તેમ છતાં સમગ્રપણે બેન જૉન્સનની કવિતામાં તેની કલા પાંડિત્યના ભાર તળે ચંપાય છે. એ પોતે ગ્રીક-લૅટિન ભાષા સાહિત્યનો, એ યુગનો એક ઉત્તમ અભ્યાસી હતો અને એની બળકટ કવિપ્રતિભાને લૅટિનના નમૂના વધારે અનુકૂળ નીવડે તેમ હતા; પણ સ્પેન્સર કે શેક્સ્પીઅર જેવા કવિમાં જે અનાયાસ ઊર્મિ ઊછળે છે, એમનાં ચિત્તમાંથી જે સ્ફૂર્તિલાં કલ્પનાચિત્ર પ્રગટે છે તે બેન જૉન્સનની કવિતામાં સહસા ઉદ્ભવેલાં દેખાતાં નથી. એની કવિતામાં સહજ આનંદોર્મિનો અભાવ દેખાઈ આવે છે. એના છંદોમાં વૈવિધ્ય હોવા છતાં સ્પેન્સરમાં જેમ તે સુષ્ઠુ સુષ્ઠુ લાગે છે તેમ લાગવાને બદલે બધું કઠોર કઠોર લાગે છે. ઇચ્છાપૂર્વક તેણે કાવ્યોમાં મુલાયમતાને ટાળીને અક્કડતા–ક્લિષ્ટતા દાખલ કરી છે. એની કેટલીક કાવ્યપંક્તિઓ જડબાતોડ (Jaw-breaking) ગણાઈ છે. છતાં તેણે એ જમાનાની કવિતામાં ખૂટતાં નવાં તત્ત્વો દાખલ કર્યાં. એક તો ઊર્મિ કે ભાવ કરતાં વિચાર ને તેની અભિવ્યક્તિનો મહિમા કર્યો ને છંદોબદ્ધ પંક્તિઓ તેણે અર્થખચિત બનાવી. કવિતામાં તેણે બળકટતા આણી; તાર્કિકતા અને આત્મસંયમ પર ભાર મૂક્યો. એની કાવ્યરચનાઓમાં નવાં આવેલાં તત્ત્વોમાંથી અંગ્રેજી કવિતામાં 'નીઓ-ક્લાસિસીઝમ'ને પ્રવેશવાનો માર્ગ મળ્યો. આ રીતે જોતાં બેન જૉન્સનની કવિતા અંગ્રેજી કવિતામાં એક નવો વળાંક આપનારી બની રહે છે.

જ્હૉન ડન

જ્હૉન ડન–John Donne (૧૫૭૨–૧૬૩૧)ની કવિતાપ્રવૃત્તિ આરંભાઈ તે કાળે સ્પેન્સરની કવિતાની મોહિની એ યુગના અનેક કવિઓને વ્યાપી વળી હતી. પેટ્રાર્કની કેડીએ કૂચ કરનારા સૉનેટકારો પણ સંખ્યાબંધ હતા. જ્હૉન ડનને આ પ્રણાલીઓમાં બંધાઈ રહેવાનું રુચ્યું જ નહિ. એનું ચિત્તઘડતર જ અનોખા પ્રકારનું હતું. મધ્યયુગના યુરોપની વિદ્યા પામેલો, રોમન કૅથોલિક તરીકે ઊછરેલો ને પાછળથી ઍન્ગ્લીકન ધર્મ-સમાજમાં ભળેલો, સંત પૉલના 'ડીન'ની પદવી પ્રાપ્ત કરી ચૂકેલો જ્હૉન ડન વિલક્ષણ પ્રકૃતિનો કવિ હતો. એણે એના યુગની પ્રણાલીગત કવિતા-રીતિ ફગાવી દીધી. અતીવ શબ્દમાધુર્ય, રૂપકોની જાળ, છંદનાં નિયમિત આવર્તન, સંવાદિતા એ સર્વને ઉવેખીને તેણે તેના વ્યક્તિત્વને અનુકૂળ આગવી કેડી પાડી. અમુક જ પ્રકારની શબ્દાવલીના બંધનને તેણે ઉવેખીને અવનવા, તળપદા શબ્દો યોજ્યા, ગીતના લય–ઢાળ કે સૂરને સ્થાને અર્થ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. બેન જૉન્સને તેની લાક્ષણિકતા ને મર્યાદા ઓળખીને તેને માટે લખ્યું : he is 'the first poet in the world for somethings', but also that, 'Donne, for not keeping of accent, deserved hanging.' (કેટલીક ઉત્તમ સિદ્ધિઓ લક્ષમાં લેતાં તે દુનિયાનો સમર્થ કવિ છે. પણ લયભંગ માટે તો તેને ફાંસીએ જ ચડાવવો ઘટે.)

અલબત્ત, બેન જૉન્સન પોતે પણ આ સજામાં ભાગીદાર થઈ શકે તેમ છે. પણ મુદ્દાની વાત એ છે કે ડને પણ પોતાની વિશિષ્ટ, બળકટ, વિચારપ્રધાન, અધ્યાત્મરંગી કવિતાથી એક નવી પ્રણાલિકા સ્થાપિત કરી અને કવિઓનો એક સમુદાય તેની રીતિનો પુરસ્કર્તા બની રહ્યો. ડનની કવિતા તરંગો અને વિચારણાથી સભર છે.-બુદ્ધિચાતુર્ય તેની કાવ્યરચનામાં સર્વત્ર વ્યાપેલું છે. તત્ત્વજ્ઞાનને લગતાં નિર્દેશનો—ઉલ્લેખો તો અવશ્યપણે તેનાં કાવ્યોમાં આવે છે. તેની કલા વારંવાર ભૌતિક જગતથી ઊંચે અધ્યાત્મજગત સુધી ઊડી જાય છે. અગમ્ય વર્ણનોમાં તેની કલા રાચે છે. દુર્બોધતા એ પણ તેની 'લાક્ષણિકતા' છે. ડ્રાયડને તેની કવિતાનાં આ લક્ષણો ધ્યાનમાં રાખીને જ તેની કવિતાને 'અધ્યાત્મરંગી' (metaphysical) કહી છે.

ડનની કેટલીક રચના 'સૉન્ગ્ઝ ઍન્ડ સૉનેન્ટ્સ'ને લગતી છે. કટાક્ષકાવ્ય અને કરુણપ્રશસ્તિ પણ તેણે રચી છે. પ્રેમ વિષેની તેની કવિતામાં તેના ચિત્તની વિધવિધ અવસ્થા પ્રકટ થઈ છે. યુવતીઓ પરના તેના કટાક્ષ એ પણ તેનાં આરંભનાં કાવ્યોની એક લાક્ષણિકતા છે. એનાં કાવ્યો કેટલીકવાર પ્રશ્નથી આરંભ પામે છે અને પછી એ ક્રમશઃ પોતાના વિચારને વિકસાવે છે—વિસ્તારે છે. એની રીત વાચકને પ્રથમ આઘાત આપીને પછી તેને વિચાર કરતો કરી મૂકવાની છે. એના કાવ્યનો ઉઘાડ આકર્ષક હોય છે. કેટલીક પંક્તિઓ તો સહસા ચિત્તને જકડી લે તેવી છે. For God sake hold your tongue and let me love— (ઇશ્વરને ખાતર મૌન જાળવ, અને મને પ્રેમ કરવા દે), I wonder by my truth what thou and I did, till we loved? (સાવ સાચું કહું છું—મને તો આશ્ચર્ય થાય છે કે પ્રેમમાં પડ્યાં ત્યાં સુધી આપણે શું કરતાં હતા?); Busy old fool, unruly sun, / Why dost thou thus / Through windows and through curtains call on us? (અરે મૂર્ખ, નાપાક સૂર્ય! શા માટે તું અમારી બારીઓમાંથી અને પડદામાંથી ડોકિયાં કરે છે?)

ડનની કેટલીક આધ્યાત્મિકતાની છાયા પ્રગટ કરતી કવિતા તેની ઉત્તર વયમાં રચાઈ હતી. એ કવિતામાં ડન પૂર્વજીવનના વૈભવને વિસ્મરીને મનુષ્યના ઇશ્વર સાથેના, અનંત તત્ત્વ સાથેના સંબંધ અંગેની તીવ્રપણે ખોજ કરતો દેખાય છે. 'ઍન ઍનૅટૉમી ઑવ ધ વર્લ્ડ' (An Anatomy of the world)માં આ જગતના ભ્રષ્ટાચાર અને અનવસ્થાનાં વર્ણન છે, તો 'ઑવ ધ પ્રોગ્રેસ ઑવ ધ સોલ' (Of the Progress of the Soul) એ તેની ધર્મતત્ત્વને અનુલક્ષતી દીર્ઘરચના છે. અલબત્ત, એમાંની દુર્બોધતા કોઈ પણ ભાવકને કઠે તેવી છે, તેમ છતાં ડનની આ પ્રકારની આધ્યાત્મિક ઝલક દાખવતી કવિતાએ એના સમકાલીન તેમજ અનુગામી કવિઓને આકર્ષ્યા અને 'metaphysical school'ના જનક તરીકે ડનનું નામ જોડાઈ ગયું.

(ચાલુ)

ગત જમાનાનાં સામાન્ય જનોની અવિચળ શ્રદ્ધા અને ઉચ્ચ જીવન-ભાવનાના

પાંચ પ્રસંગો

લેખક - મુકુન્દરાય વિ. પારાશર્ય

૧

કોટડા-સાંગાણીમાં જાગો પટેલ નામે ખેડૂ હતા. સાંજે પંચનાથની આરતી વખતે એ સીમમાંથી પાછા વળતા હોય ત્યારે પંચનાથ મંદિરે આવે. સાથેના બંને બળદોને લઈ એ મંદિરની સામે ઓટા આગળ નીચે બે બળદોની વચમાં ઊભા રહે. આરતી થાય ત્યારે હાથ જોડી સાથે આરતી બોલે. પૂજારી આરતી આપે તે બંને બળદની આંખે, માથે ને ગળે અડાડે. પછી મંદિરને ઓટે ચડી, ઘંટા બજાવી દેવને તથા પૂજારીને સાષ્ટાંગ પ્રણામ કરી બીજાઓને નમસ્કાર કરતા કરતા પાછા પગે ઊતરી બળદને લઈ ઘેર ચાલ્યા આવે.

૨

જેષ્ઠારામ અપુત્ર ગુજરી ગયા, નિઃસંતાન ગુજરી ગયા. એ અને એનાં પત્ની ગાયની ભાવથી સેવા કરતાં. જેષ્ઠારામની ઉત્તરક્રિયામાં એમનાં પત્ની મોંઘીમાએ ગૌદાનમાં ઘરમાં હતી તે દૂઝણી ગાય આપી દીધી. પણ પછી એમને ગાય વગર ગોઠતું નહિ. નાના ગામડામાં ગાય વેચાતી મળે એવો એ જમાનો ન હતો. વળી ગાય પાછી માગવી એ યોગ્ય ન હતું. મોંઘીમા રોજ સવારે ગાયની પૂજા કરવા કોઇને ઘેર જતાં. પૂજા કરવી એટલે ગાયના કપાળે માત્ર ચાંદલો કરવો તેમ ન હતું. જેષ્ઠારામ જીવતા ત્યારે સ્થિતિ સારી હતી, ખડનાં ભરોઠાં વેચાતાં લઈ શકે તેવી હતી. એ વખતે પણ મોંઘીમા સીમમાં ખડ વાઢવા જતાં. એ જ રીતે એ પછી પણ સીમમાંથી ખડ વાઢી ભાદરવા-આસોમાં ઘરમાં સંઘરો કરતાં ને રોજ ચાર-છ પૂળા ગાયને નીરતાં.

ગામના ગરાસિયા દરબારે પોતાને ત્યાંની ગાયોમાંથી ઠીક પડે તે લઈ જવા મોંઘીમાને કહ્યું. ઘણા આગ્રહ પછી મોંઘીમાએ એ શરતે હા કહી કે પોતે પસંદ કરે તે જ ગાય દરબારે દેવી. દરબારે હા કહી. મોંઘીમાની પસંદગી એક વૃદ્ધ વસૂકી ગએલી ગાય પર ઊતરી. દરબારે એ ઉપરાંત બીજી લેવા આગ્રહ કર્યો. માએ ના કહી. પતિ ગયા પછી તો એને ગાય કેવળ સેવા માટે જ જોઈતી હતી.

મારાં મોટીબા ને મોંઘીમાને ગાઢ સંબંધ હતો. એ મારાં મોટીબા કરતાં બે દાયકા મોટાં હતાં. સત્સંગ માટે મારાં મોટીબા પાસે વારંવાર આવતાં છતાં એમણે કદી પોતાના જીવન વિષે કે વ્રત-નિયમ સંબંધે કશી વાત કરતાં નહિ.

દરબાર પાસેથી ગાય લીધા પછી થોડા વખતે એ બીમાર થઈ ગયાં. એમની માંદગી ગંભીર લાગવાથી મારાં મોટીબા, મારા દાદા વૈદરાજ કાનજીભાઇને તેમની તબિયત જોવા તેડી ગયાં. અશક્તિ ઘણી લાગવાથી વૈદ્યે મધમાં ચાટવા માટે પડીકાં આપ્યાં, ઉપર દૂધનું અનુપાન લેવા કહ્યું અને સારવાર-સંભાળની ઘણી જરૂર લાગવાથી કોઈ નજીકનાં સગાંને પાસે રાખવા સૂચવ્યું. મોંઘીમાના ઘરમાં દૂધ ન હતું. મારાં મોટીબા ઘેરથી ટબૂડી ભરી દૂધ લઈ ગયાં ને મધમાં દવા ચટાડી ઉપર દૂધ પાવા ધર્યું. ત્યારે મોંઘીમાએ ના કહી. દેહ ટકાવવા એ ઘણું જરૂરી છે વગેરે દલીલો વડે સમજાવતાં મોટીબાએ બહુ આગ્રહ કર્યો ત્યારે ભરપૂર માંદગીની પથારીમાં પડેલી વૃદ્ધ મોંઘીમાએ હાથ જોડી કચવાતા અવાજે કહ્યું કે બેન, મારે બોલવું નહોતું, પણ તમે એટલો આગ્રહ કરો છો કે કંટાળીને જણાવું છું કે પરણીને આવી ને જરા સમજણી થઈ ત્યારથી દૂધ, છાશ, ઘી, માખણ કંઈ એ મોંમાં નાખ્યું નથી. ઉમર ગઈ હવે અંતકાળે પીને મારે શું કરવું છે—ક્યાં જવું છે? મોટીબાએ આગ્રહ છોડી દીધો.

રાતે આઘેડ ઉમરનું એક દંપતી સૂવા આવેલું. આવેલ બાઇએ મળસ્કે ઊઠી જોયું તો સામે પથારીમાં મોંઘીમા ન હતાં. એમણે તપાસ કરી તો ફળીમાં એક ઢાળિયામાં ગાય પાસે ઢગલો થઈ પડેલાં મોંઘીમાને જોયાં. ખીલે સાંકળે બાંધેલી ગાય ડોક લંબાવીને મોંઘીમા પાસે મોઢું લઈ જઈ સૂંઘતી હતી. મોંઘીમાનો આત્મા ઊડી ગયો હતો. એ શા માટે ત્યાં આવ્યાં હશે એ અછતું ન રહ્યું. ગાયને ખીલે બે વખત બથમાં લઈને નીર્યું હોય તેટલું ખડ પડયું હતું.

૩

મોરબીમાં ગોવિંદરામ નામે ધાર્મિક બ્રાહ્મણ હતા. જોશી તરીકે પૂજાતા. રાજદરબારમાં રોજ શ્રીમદ્ ભાગવત વાંચવા જતા, તેમનાં પત્ની અત્યંત પતિપરાયણ અને ધાર્મિક હતાં. જરૂર વખતે પણ એટલું ઓછું બોલતાં કે મૂગી મા તરીકે ઓળખાતાં. વાચસ્પતિ મિશ્રની સેવા તેમનાં પત્ની ભામતીએ જેવી કરેલી તેવી ગોવિંદરામની સેવા તેમનાં પત્ની કરે છે એમ એમની વિદ્યાવ્યાસંગી ભગવદ્પારાયણ જ્ઞાતિમાં કહેવાતું; એ દંપતીને વનસ્પતિ પ્રત્યે ફક્ત આદરભાવ નહિ, ભક્તિ હતી.

ગોવિંદરામનું મકાન ઘણું વિશાળ હતું. રહેણાકનો ભાગ પૂર્વ તરફ હતો અને પશ્ચિમ તરફ લાંબું – ઘણું લાંબું ફળિયું હતું. ત્યાં ગૌશાળા હતી, એક ઓરડો હતો અને બાજુમાં ભીંત પાસે સૈકાથી યે જૂનો પીપળો હતો. એ ફળીમાં તુલસીક્યારો હતો. પણ ઘરનાં ઢોર ત્યાં ન પહોંચે માટે પાકા બાંધકામથી ઘણો ઊંચો તુલસીક્યારો બંધાવેલો અને ઓસરીના ઊંચા ઓટે ઊભા રહી એ ક્યારામાં પાણી રેડાતું. સવાર-સાંજ એ તુલસીની પૂજા ઘરનું દરેક જણ કરતું.

પશ્ચિમના પછીત પીપળાને ફરતો ક્યારો હતો. ગોવિંદરામનાં પત્ની પરણીને આવ્યાં ત્યારથી વૃદ્ધ થઈ ગયાં તોયે, અને ઘેર બે દીકરાની વહુઓ આવી હોવા છતાં યે રોજ સવારે જાતે છેક મચ્છુ નદીમાંથી બે બેડાં પાણી લાવી એને પાતાં. પછી પૂજન કરતાં તેમ જ સાયંકાળે તુલસીક્યારે તેમ જ પીપળાને થડે જોડ દીવા ધરી પગે લાગતાં. ગોવિંદરામ ભટ્ટ ગાયત્રીની અગિયાર માળા પીપળાને થડે બેસી કરતા અને શ્રાવણ માસમાં ત્યાં સવા લાખ ગાયત્રી જાપ કરતા.

ગોવિંદરામની પોણોસો વર્ષની વયે તેમનાં પત્નીનું અવસાન થયું. ગોવિંદરામની ભક્ત, જ્ઞાની અને વ્યવહારકુશળ તરીકેની નામના હતી. ગામમાં જ્ઞાતિનાં ત્રણચાર ઘર હતાં. પણ તેમાં કોઈ ગોવિંદરામની હેડીનું ન હતું. મ. મ. શાસ્ત્રીએ શંકરલાલના પિતા માહેશ્વર ભટ્ટ ગોવિંદરામથી બે દાયકા નાના હતા.

પત્નીના અવસાન પછી અમુક દિવસે એક મધરાત પછી ગોવિંદરામ એ પીપળાના થડને બથ ભરીને પોકે પોકે રોયા. રહેણાક ઘર દૂર હોવાથી ઘરનાં છોકરાંઓએ સાંભળ્યું નહિ. પણ પીપળાની નજીકના મકાનમાં રહેતી વૃદ્ધ પડોશણ બાઈએ એને છાના રાખવા યત્ન કર્યો અને જઈને ગોવિંદરામનાં છોકરાંઓને જગાડી લાવ્યાં. ગોવિંદરામ ભટ્ટ માંડ છાના રહ્યા.

વળતે દિવસ ખબર પડવાથી ગામના ઘણા માણસો તેમની પાસે આવેલાં. તેમાં બે વૃદ્ધ સદ્ગૃહસ્થોની રૂબરૂમાં માહેશ્વર ભટ્ટે પીપળાને થડે રડવાનું કારણ પૂછતાં ગોવિંદરામ ભટ્ટે કચવાતા દિલે જણાવ્યું કે પીપળાએ અમારા કુટુંબની વંશપરંપરા જોઈ છે. કુટુંબમાં સહુના વડીલ એ છે. અમને દરેકને એ જેટલું ઓળખે છે તેટલું અમે અમને પોતાને કે અંદરઅંદર નથી ઓળખતાં. હું ઘરભંગ થયો, છોકરાંની મા ગઈ, એ બધાંનું દુઃખ હું સમજું છું પણ એ મૂંગું સંતાન જવાથી એ વડીલ

પીપળાને અત્યારે શું થતું હશે? અમને તો સહુ રોજ આશ્વાસન દો છો, પણ એ એકલા જીવની શી દશા હશે, એ વિચાર મને રોજ આવતો તેથી ઊંઘી ન શકતો. રાતે એનાં ફફડતાં પાંદડાં સાંભળી એમનો આત્મા એકલો કકળે છે ને હું આમ સૂતો રહું છું એમ લાગતું'તું. ગઈ કાલ તો મારાથી સહન ન થયું.

૪

બડેબાબા રાધારમણ ચરણદાસ દેવબાબાજી ચૈતન્ય સંપ્રદાયના એક મહાન સંત હતા. એ બડેબાબા જગન્નાથજીનાં મંદિરે દર્શન અને સમુદ્રસ્નાન કરી સાથીઓ સાથે કીર્તન કરતાંકરતાં જતા હતા ત્યાં માર્ગમાં એક ઘર પાસે એક કાળી કૂતરી ઊંચું મોઢું કરી રોયા કરતી'તી. બાબાજીએ કીર્તન બંધ કરાવી ત્યાંની એક વૃદ્ધ બાઈને આ કૂતરીના રોવાનું કારણ પૂછયું. એ ડોશીએ કહ્યું કે બાબા, આ કૂતરીને ચાર બચ્ચાં હતાં. બચ્ચાં ગમી જવાથી આ મહોલ્લાના લોકો તેને પકડીને ગઈ કાલ સવારે લઈ ગયા છે. ત્યારથી આ કૂતરીએ ખાધુંપીધું નથી ને આમ ઊંચે અવાજે સતત રોયા જ કરે છે. એ સાંભળી બાબા એ કૂતરી પાસે જઈ નમસ્કાર કરી સામે બેસી ગયા ને કહ્યું: 'મા! આ સંસારનો આ નિયમ! વિધાતા જેમ ધારે છે તેમ થાય છે. કોણ કોનું સંતાન! કોણ કોનાં માતપિતા! સંસારના સંબંધ પાયા વગરના છે. મા, તમને પૂર્વનાં પુણ્યને અંગે આ જગન્નાથપુરીમાં જન્મ મળ્યો છે. આ અવસરને નિષ્ફળ ન જવા દેવો ઘટે. માયાના ખેલ આજ દિ' સુધી જોયા. હવે નિત્યનિરંતર પ્રભુસ્મરણ કરો અને સાધુસંગમાં જીવન વીતાવો. અમે બધાં તમારાં બાળક જ છીએ. અમે તમને મા કહી બોલાવશું. અમારે આશ્રમે પધારો. ત્યાં પ્રસાદ લેજો ને રે'જો'. આમ કહી બાબા ઊભા થયા ને નમસ્કાર કરી ચાલવા લાગ્યા. ત્યારે બાબાની સામે એકી ટશે જોઈને સાંભળી રહેલી કૂતરી પણ બાબાની પાછળ ચાલવા લાગી. બાબા આશ્રમે આવ્યા ને મેડી પર ગયા તો એ કૂતરી પણ પાછળ મેડી પર ચડી ગઈ. બાબાએ સેવકને કહ્યું કે નીચે લઈ જઈને આ નિમાઈ-માને મહાપ્રસાદ ખવડાવો. બાબાની આજ્ઞા પ્રમાણે મહાપ્રસાદ કૂતરીને આપ્યો ને તેણે સૂંઘીને ખાધો.

ત્યારથી એ કૂતરી ત્યાં જ રહી. બાબા જ્યાં જ્યાં કીર્તન કરવા જાય ત્યાં ત્યાં સાથે જતી. કોઈ તેને કંઈ ખાવા નાખે તો ન ખાતી, મહાપ્રસાદ આપે તે સૂંઘી ખાત્રી કરીને ખાતી. મહાપ્રસાદને નામે આપેલી બળતી વસ્તુને સૂંઘી, ધરનારની સામે જોઈ એ પાછી ફરી ચાલી જતી, ફરી તેનું આપેલું સૂંઘતી પણ નહિ. જ્યારે ઠાકુરની આરતીની ઘંટા વાગતી કે તરત એ ધ્વનિ સાથે મેળવી પોતે ઊંચે સ્વરે અવાજ કરતી. બાબા જ્યારે 'હરિ બોલ' એમ શબ્દ કરે ત્યારે બે પગ ઊંચા કરી ઊભી થઈ 'હો હો' કરતી. જીવી ત્યાં સુધી એ એવી રીતે વર્તી.

૫

આશરે એંશી વર્ષ પહેલાંની આ વાત છે. રાજકોટથી રીબડા સ્ટેશને ઊતરીને કોટડા-સાંગાણી જતાં વચમાં અરડોઈ ગામ આવે છે. અરડોઈથી રસ્તો દક્ષિણે થઈ પૂર્વે કોટડા તરફ વળે છે. એ રસ્તો ત્યારે ઉજ્જડ હતો. રસ્તા પર ઝાડ ન હતું. એ વળાંકથી દક્ષિણે ચારેક ખેતરવા દૂર સામા પટેલનું એક ખેતર હતું. સામા પટેલ વૃદ્ધ થયા ત્યારે તેમણે રસ્તાના વળાંક પર એક વડલો ને પાંચછ પીપળ વાવી. પોતાના ખેતરની કૂઈએથી જાતે પાણી સારી લાવીને એને પાયું. કોઈ પૂછે કે આ શું કરો છો, તો કહેતા કે સીમમાં વસતિ કરું છું.

વાવતાં વવાઈ ગયાં, પણ વળતે વરસે વરસાદ ઓછો થવાથી સામા પટેલની કૂઈમાં પાણી ન રહ્યાં. એ ઘણે જ દૂરથી રોજ કાવડમાં પાણી લાવી પાતા. જેને ખેતરેથી પાણી લાવતા તેણે કહ્યું કે ભાભા, આ ઉંમરે શીદને વેઠ કરો છો? ત્યારે જવાબ દીધો કે લાંબે ઉજ્જડ માર્ગે ઉનાળામાં ક્યાંય છાંયો હોય તો માણસને તેમ જ ઢોર-પંખીને વિસામો મળે. પેલા ખેડૂતે ફરી કહ્યું કે એ માટે તો એક વડલો યે બસ છે. તમારી કાયા હાલતી નથી તો પીપરુંને શીદ પાણી પાવ છો? મર સૂકાય. સામા પટેલનો જવાબ હતો કે આપણે વગડે રે'તા હોઈએ ને એકલાં જીવ મૂંઝાય તો કોક દિ' હાલીને એકાદ ગામ જઈએ ને આપણા જેવાને મળીને મન ઠારીએ. એકલું ઝાડ ક્યાં જાય? છેટે નજર નાખે. ઝાડને ય એકલું ન ગોઠે. બેપાંચ જીવ ભેગા સારા. સામા ભાભાને વળી કોક કે'તું કે પાંચછ પીપરુંને બદલે બેત્રણને જ પાવ તો ચારેક ઝાડ રે'શે ને તમારી મજૂરી અરધી થઈ જશે. ત્યારે સામા ભાભાએ કહેલું કે ઊઝરતાં ઝાડ પોતાની હારનાં બીજાંને મરતાં જોઈ અકળાય ને હું જ એને ઊઝરતાં મારી નાખું ઈ મારાથી ન ખમાય.

ભાભાને ત્રણચાર દીકરા હતા. પણ પાણી પોતે જ પાતા. ને એમણે રસ્તાના વળાંક પર વૃક્ષો ઉછેર્યાં. આજે સામો ભાભો નથી. એનાં સંતાનોમાંથી કોણ એમને યાદ કરતું હશે, મને ખબર નથી. પણ ભાભાએ વાવેલાં એ ઝાડ હજી છે. ઉનાળાના ઘણા બપોર પશુ, પંખી ને માણસોની પેઠે, એ ઝાડની છાયામાં મેં ગાળ્યા છે, ઉપરાંત, ટીમણ કર્યાં છે ને ક્યારેક એના થડને બથ ભરી પ્રમાણ પણ કર્યા છે, એ ભાવનાથી કે એ પ્રણામ એ ઝાડના વાવનારને પણ પહોંચે. □

અનુસંધાન] **કાશીનો કલાઉદ્યોગ** [પૃષ્ઠ ૩૭૬થી

બનારસના ભારત કલાભવન પાસે આવા હસ્તલિખિત કળામય ગ્રંથોનો સુંદર મોટો સંગ્રહ છે. પણ આજે હવે લહિયાઓની કળાકારીગરી બિનજરૂરી બની જઈ ભુલાઈ ગઈ છે.

સમાજમાં જ્યાં સર્વ સ્તર પર કલામયતાની મહત્તા હોય ત્યાં 'ચિતેરા'—ચિતારા વિના તો કેમ ચાલે? આજે યે કાશીનાં અનેક જૂનાં મંદિરો અને આવાસોની ભીંતો પર એમનું ચિત્રકામ જોવા મળે છે. અલબત્ત, એમના કામમાં રૂઢ આકાર–આકૃતિઓ જ સવિશેષ જોવા મળે છે, પણ એમાં લોકકલાનું ખરું સ્વરૂપ પ્રકટ થાય છે. રામાયણના પ્રસંગો, દેવદેવીઓ—ખાસ કરીને હનુમાન, છડીદાર, હાથી ને ઘોડેસવાર, કદલીસ્તંભો, કળશ, માછલી વગેરેનાં એમનાં આલેખનોમાં બળુકી રેખાઓ ને ચમકદાર રંગો ખાસ ધ્યાન ખેંચે છે. હજી યે અહીંના કુંભાર લગ્નપ્રસંગે માટીના મોટા ઘડાઓ પર વેલબુટ્ટા અને પક્ષીનાં આલેખનો ખૂબ સરળતા ને સહજતાથી ચીતરી આપે છે. રમકડાં પર પણ તેઓ સુંદર રંગકામ ને સજીવ રેખાંકન કરે છે.

આમ, કાશી જેમ એક પ્રાચીન ધર્મનગરી છે તેમ કલાની પણ નગરી છે. નિત્ય નિયમિત અગણિત યાત્રીઓ ને સહેલાણીઓની અવરજવરને લીધે ઘણા કલાઉદ્યોગોને અહીં સારું પ્રોત્સાહન મળતું હતું. આજે પણ કેટલુંક કલાકૌશલ હજી જળવાઈ રહ્યું છે, પણ અનેક કારણોસર એમાં પ્રાચીન કક્ષાની ઉચ્ચતા જોવા મળતી નથી. અમુક ક્ષેત્રમાં પરંપરિત રૂઢતા જળવાએલી લાગે, તો બીજી બાજુ કાળબળે વિવિધ પ્રભાવ તળે અહીંની કળાકારીગરીએ નવા વળાંકો પણ લીધેલા દેખાય છે. □

શરદબાબુ વિષે નિબંધસ્પર્ધા

ગુજરાત શરચ્ચંદ્ર શતાબ્દી સમિતિએ કૉલેજના વિદ્યાર્થીઓ માટે (૧) નવલકથાકાર શરદબાબુ અથવા (૨) શરદબાબુની શ્રેષ્ઠ નવલકથા એ વિષય પર તેમજ, શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે (૧) શરદબાબુનાં પાંચ મુખ્ય સ્ત્રી-પાત્રો અથવા (૨) શરદબાબુની કોઈ પણ ત્રણ લઘુનવલો એ વિષયની નિબંધ સ્પર્ધા યોજી છે. આ નિબંધો શ્રી રઘુવીર ચૌધરી, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯ એ સરનામે તા. ૧૫મી નવેમ્બર '૭૬ સુધીમાં મોકલવાના છે.

માં થઈ શકે; પણ હાસ્યલેખક એ રીતે ના થવાય.' મધુભાઇએ એ કથન ખોટું પાડયું છે. (આ માણસ ઘણુંબધું ખોટું પાડવા સર્જાયો હોય એવું લાગે છે.) એ લોકોથી બને એટલા દૂર રહે છે, છતાં એ લોકોની નબળાઇઓ, બાધાઇઓ, બેવકૂફીઓ, દંભ વગેરેને ખૂબ જ ઝીણવટથી પકડે છે.

મધુભાઈ પ્રેમાળ પણ ઘણા. નિરપેક્ષભાવે પ્રેમ આપ્યા કરે. તેમની આંખમાં પ્રેમની ચમક સતત દેખાયા કરે. તે આંખોથી હસીને આવકાર આપે. આપણને ખયાલ પણ ના આવે એ રીતે ચા-નાસ્તો આવી જાય. આપણને ના પાડવાનો વિવેક કરવાની તક જ ના મળે. તેમને ત્યાં જનારની તાકાત નથી કે કશું ય લીધા વગર તેમને ત્યાંથી બહાર નીકળી શકે. એક વાર તો 'ફલાણાભાઈ કયાં રહે છે?' એવું તેમના ઘેર પૂછવાવાળા અજાણ્યા જણને ય પરાણે બેસાડીને ચા પીવડાવેલી! 'કોઈ આપણે ઉંબરે કયાંથી?' એ ભાવના તેમના મનમાં કાયમ હોય છે. પણ તેમની સાથે વાતો કરનાર બધાને તે ચા પાઈ શકતા નથી; કેમ કે તેમને ત્યાં ફોન છે, ને ફોનમાં હજી સુધી એવી કોઈ સગવડ શોધાઈ નથી. (એનું કદાચ તેમને દુઃખ પણ હશે) છતાં ફોન પર વાત કરનાર મિત્ર-ઓળખીતાને ય તે ચા પીવા આવવા આમંત્રણ તો આપે જ છે. જો કે બધાને નહિ—કોઈ રૉંગ નંબરવાળા ય એમાં હોય છે.

પણ તેમનો આ વ્યવહાર એકમાર્ગી છે—વન વે. બધાને પોતાના ઘેર ચા પીવા કે જમવા બોલાવશે, પણ તે કોઈના ય ઘેર નહિ જાય. હજુ સુધી તેમણે મારું ઘર જોયું નથી. એ સૂરતી લાલા છે, એટલે ટેઈસ્ટફુલ ફરસાણ ખાવાના જબરા શૉખીન છે; પણ ખાવા કરતાં ય ખવડાવવાના વધારે શૉખીન છે. એ કોઇને ત્યાં જમવા નથી જતા તેનું સાચું કારણ મને તો એ લાગે છે કે બીજાઓનાં બૈરાં કુસુમબેન જેવી રસોઈ નથી કરી શકતાં એવું કદાચ એ માનતા હશે!

પોતાના પ્રિય વિદ્યાર્થીઓ પર હમેશાં તે અમીભરી નજરે જોયા કરે. તેની સાથે મૈત્રીપૂર્ણ વર્તન રાખે—ગુરુ જેવું નહિ. બહાદુરશાહ પંડિત સ્કૂલમાં તેમના વિદ્યાર્થી હતા. (આ બેમાંથી કોને અભિનંદન આપવાં એની મૂંઝવણ થાય છે.) પણ મધુભાઈનું તો એવું જ—'વન્સ અ સ્ટુડન્ટ, ઑલવેઈઝ અ સ્ટુડન્ટ.' બહાદુરશાહ બી.એ.ની પરીક્ષા આપવા ગયા ત્યારે કૉલેજના ઝાંપે મધુભાઈ ઊભેલા. પંડિતને એમ કે મધુભાઈ પોતાના કોઈ સ્નેહીના બાળકને મૂકવા આવ્યા હશે; પણ એ તો ખાસ પંડિત માટે જ ઊભા હતા. પંડિતના હાથમાં તેમણે ફાઉન્ટન પેન મૂકી—શુભેચ્છાઓ સાથે, વાત્સલ્યથી ભર્યાભર્યા ચહેરે.

પોતાના વિદ્યાર્થીના સુખે સુખી ને દુઃખે દુઃખી થનાર મધુભાઈ જેવા બહુ ઓછા શિક્ષકો જોવા મળશે. એચ. કે. કૉલેજમાં ગુજરાતીના પ્રોફેસર થયા પહેલાં મધુભાઈ શરૂઆતમાં ભારતી વિદ્યાલયમાં શિક્ષક હતા. વિદ્યાર્થીઓ સાથે લાગણીનો તંતુ ઘણો જ મજબૂત. એક દિવસ પ્રિન્સિપલ કે. ટી. દેસાઈની વિરુદ્ધ જઇને વિદ્યાર્થીઓએ હડતાળ પાડી; ને હડતાળના સૂત્રધાર સમા બે વિદ્યાર્થીઓએ તો ઊપવાસ પર ઊતરવાની જાહેરાત પણ કરી દીધી! આ બન્ને વિદ્યાર્થીઓને મધુભાઈએ બોલાવ્યા; સમજાવ્યા. બેમાંનો એક—કદાચ લાંબો સમય ભૂખ્યા નહિ રહેવાતું હોય એટલે કે પછી મધુભાઈને ઓબ્લાઈજ કરવા—માની ગયો. બીજો જરા જક્કી. કેમે ય ના માને. પછી મધુભાઇએ પેલાને કહ્યું: 'ભલે ભાઈ, તો ઊતરો ઉપવાસ પર... પણ એટલો ખયાલ રાખજો કે તમે ઉપવાસ કરશો ત્યાં સુધી મારાથી ખવાશે નહિ. હું યે નહિ ખાઉં!' ઉપવાસ ને હડતાળ બધું જ સમેટાઈ ગયું—મધુભાઈના પ્રેમાળ વ્યવહારથી.

પણ મધુભાઈ માત્ર જીવંત વ્યક્તિઓને જ પ્રેમ કરે છે એવું નથી; સોપારી જેવી જડ વસ્તુને ય પ્રેમ કરે છે—પોતાનામાં સમાવી દે છે. તે રોજ જમતા હશે એના કરતાં સોપારી વધારે ખાય છે. તે સોપારી જેટલું જમે છે ને જમવા જેટલી સોપારી ખાય છે એવું કહેવામાં મને તો જરા યે અતિશયોક્તિ નથી લાગતી. ઘેર તૈયાર કરેલી મસાલાવાળી સુગંધિત સોપારી ખાવાનું વ્યસન તો તેમણે એચ. કે. આર્ટ્સ કૉલેજના તેમના પ્રોફેસર મિત્રોને ય પાડી દીધું છે. પ્રોફેસર-રૂમમાં તેમની (અને એમની સોપારીની) ગેરહાજરીની ખાસ નોંધ લેવાય છે. તે બે-ચાર દિવસની રજા પર હોય તો કેટલાક પ્રોફેસરો એકબીજાને ચિંતાથી પૂછે છે ય ખરા: 'મધુભાઈ કેટલા દિવસની રજા પર છે?'

મધુભાઈ વાણિયા હોવા છતાં પૈસાની બાબતમાં ગણતરીવાળા રહ્યા નથી. પૈસાનો મોહ બહુ જ ઓછો—જરૂરિયાત પૂરતો જ—રાખ્યો છે. રતિલાલ સાં. નાયક, જયંત કોઠારી ને મધુભાઈ ત્રણેએ સાથે મળીને 'સુદામા-ચરિત્ર'નું સંપાદન કરેલું. આ પુસ્તકની બીજી આવૃત્તિ થઈ એટલે રતિલાલ નાયક મધુભાઇને એમના ભાગના પૈસા આપવા ગયા. મધુભાઈ બીજી આવૃત્તિમાં મદદ કરી શકેલા નહિ (જોકે એમાં ખાસ કંઈ કરવા જેવું ય નો'તું), એટલે મધુભાઈએ રતિભાઇને સ્પષ્ટપણે કહ્યું: 'આમાં મેં કંઈ જ કામ નથી કર્યું એટલે આ પૈસા મારાથી ના લેવાય. બીજી આવૃત્તિ પૂરતો હું તો સ્લીપિંગ પાર્ટનર ગણાઉં.'

ખોટા પૈસા તો શું, ખોટાં અભિનંદન સ્વીકારતાં યે મધુભાઈ ખમચાય. વચ્ચે એક વર્ષ સુધી એચ. કે. આર્ટ્સ કૉલેજના ઍક્ટિંગ પ્રિન્સિપલ તરીકે તેમણે કામ કર્યું. ઘણા મિત્રો-સ્નેહીઓ મધુભાઈને અભિનંદન આપતા. (જો કે મેં તો મનોમન યશવંતભાઇને જ અભિનંદન આપેલાં—તેમની ખુરશી સાચવવા માટે ઉત્તમ માણસ શોધવા બદલ.) પણ મધુભાઈ તો યશવંતભાઈની ખુરશી પર ભરતવૃત્તિથી બેઠેલા, એટલે અભિનંદન સ્વીકારતા નહિ; ને ખુરશી પર પણ અધુકડા જ બેસતા. વિદ્યાર્થીઓ સામે આંખના ખૂણાને લાલ બનાવ્યા વગર મધુભાઇએ એક વર્ષ ખેંચી નાખ્યું, ને યશવંતભાઇએ વર્ષ પૂરું થયે સૌરાષ્ટ્ર-વાસ વેઠીને પાછા આવી ખુરશીનો હવાલો ફરી પાછો સંભાળ્યો ત્યારે મધુભાઇએ 'હા...શ, છૂટયા'નો ભાવ અનુભવેલો.

આ માણસ એકદમ સ્ટ્રેઈટ ફૉરવર્ડ—સીધાસાદા, ભલા—વ્યવહારુ ભાષામાં અવ્યવહારુ લાગે એટલા ભલા. એક પ્રકાશકે તેમનું પુસ્તક છાપ્યું. પ્રકાશક મારા સારા મિત્ર છે. મધુભાઈના પણ મિત્ર થાય તો મને ગમે, એટલે મધુભાઈ સાથે વાત નીકળતાં મેં જસ્ટ કૅઝ્યુઅલી કહ્યું કે 'કોઈ વાર એ તરફ નીકળો તો એમને મળજો. સારું લાગશે. જસ્ટ અ કર્ટસી કૉલ.'

'જઇએ તો સારું લાગે, નહિ?' તેમણે નિર્દોષ ભાવે પૂછયું.

'હા, માત્ર પુસ્તક છપાવવા જ જઈએ તો ગેરસમજ થાય. સ્વાર્થી ગણાઈ જઈએ.'

'તમારું કહેલું સાચું છે. જઈ આવીશ.' મધુભાઈ બોલ્યા.

પણ સ્વભાવ પ્રમાણે તે ન જ ગયા. પ્રિયકાન્ત મણિયારની શોકસભામાં પેલા પ્રકાશક, હું ને મધુભાઈ ભેગા થઈ ગયા. અમે ત્રણેય બાજુબાજુમાં બેઠા. મધુભાઇએ પ્રકાશકને કહ્યું: 'હું તમને મળવા આવવાનો જ હતો. વિનોદભાઇએ કહેલું કે કર્ટસી કૉલ ખાતરે ય મારે તમને મળવું જોઇએ.' હું તો આ સાંભળીને સડક જ થઈ ગયો!

મારા એક જ્યોતિષી મિત્રે કેટલાક હાસ્યલેખકો તથા મિમિક્રી-આર્ટિસ્ટ્સની કુંડળીઓ જોઇને તે એક તારણ કાઢયું છે કે આ લોકોમાં બુધ ઘણો જ પાવરફુલ હોય છે. બુધને કારણે લોકોમાં બે વસ્તુઓ એકસાથે જ જોવા મળે છે: 'વિટ'-બુદ્ધિ, અને લુચ્ચાઈ મધુભાઈની કુંડળી એને બતાવું તો એ પોતાનું તારણ બદલે કદાચ.

આ માણસ લાગણીશીલ પણ ઘણો છે. અઠવાડિયામાં એકાદ-બે વાર મારે તેમને ફોન કરવાનો. કામના દબાણને કારણે દસ-પંદર દિવસ સુધી તેમને ફોન ના કરી શકું તો મધુભાઈ ચિંતામાં પડી જાય: વિનોદે કેમ ફોન નહિ કર્યો હોય?

(અનુસંધાન પૃષ્ઠ ૩૭૦ પર)

ભારતીય મંદિર-સ્થાપત્યનાં વિવિધ અંગ [૩] સ્તંભ

લેખક - હરિપ્રસાદ સોમપુરા

ભારતીય સ્થાપત્યરચનાઓમાં શોભનખચિત શૈલ સ્તંભોનું આગવું સ્થાન છે. પશ્ચિમ ભારતનાં નાગર શૈલીનાં મંદિરોના સ્તંભોનું કલાત્મક વૈવિધ્ય વિખ્યાત છે. કુંભારિયા, દેલવાડા, રાણકપુર, મોઢેરા વગેરે અનેક સ્થળોનાં મંદિરોની અનેકવિધ સ્તંભરચના તથા તેનું વૈવિધ્યસભર શોભન-કંડારણ એનું દ્યોતક છે. આ વિધાના વિકાસમાં મંદિરસ્થાપત્યનો ઘણો મોટો ફાળો છે, કેમકે પ્રાચીન કાળે મંદિરોમાં લોખંડ વાપરવાનું વર્જ્ય ગણાતું, એટલે મંદિરની બાંધણીનો ઘણો મોટો ભાર સ્તંભો પર જ મુકાતો. એક પર બીજા સ્તંભ મૂકીને રચેલા અનેક મજલાવાળી રુદ્રમાળની રચના એનું સુંદર દૃષ્ટાંત છે. આ રીતે ભવ્ય મંદિરોમાં સાત સાત માળ સ્તંભોના આધારે ગોઠવાતા.

મંદિરોમાં રંગમંડપનો ઘુમટ તો મુખ્યત્વે સ્તંભો ઉપર જ આધારિત જોવા મળે છે. એમાં જેની ચારે બાજુ જોઈ શકાય એવા ખુલ્લા સ્તંભો ઉપરાંત, દીવાલો સાથેના અર્ધ સ્તંભો (અડધિયા કે ભીંતા સ્તંભ) તથા ખૂણામાં દેખાતા ૫ા ભાગના 'પાવલા' સ્તંભો પણ હોય છે. સમગ્ર ઘુમ્મટનો ભાર વહી શકે એ માટે આ સ્તંભો મજબૂત પથ્થરના હોવા જરૂરી છે. ગુજરાતમાં આ માટે આરસ અથવા ધ્રાંગધ્રા કે હિંમતનગરના પથ્થર વપરાતા રહ્યા છે. પોરબંદરનો પથ્થર પણ જાણીતો છે, પણ એ પોચો હોઈ ભારવાહક સ્તંભ માટે વાપરવો યોગ્ય નથી ગણાયો.

ભારતીય મંદિર-સ્થાપત્યમાં સ્તંભોની ગોળ, ચોરસ કે બહુકોણી આકૃતિ પ્રમાણે શિલ્પગ્રંથોમાં એના વિધવિધ પ્રકાર વર્ણવ્યા છે. જેમાં—

ચોરસ આકારના સ્તંભને 'ક્ષીરાર્ણવ' તેમજ 'મત્સ્યપુરાણ'માં 'રુચક સ્તંભ' કહ્યા છે, જ્યારે 'માનસાર' ગ્રંથમાં એને 'બ્રહ્મકાંત' કહ્યો છે.

ચોરસમાં પણ ત્રણ ખાંચા પાડેલા ભદ્રવાળા 'ત્રિનાશ' સ્તંભને ક્ષીરાર્ણવમાં 'ભદ્રક સ્તંભ' કહ્યા છે. આ જ રીતે ચોરસમાં પાંચ ખાંચયુક્ત પ્રતિભદ્રવાળા સ્તંભને 'વર્ધમાન સ્તંભ' કહ્યા છે. આઠ ખૂણાવાળા અષ્ટાંશ સ્તંભને ક્ષીરાર્ણવમાં 'અષ્ટક', મત્સ્યપુરાણમાં 'વજ્ર' અને માનસારમાં 'વિષ્ણુકાન્ત' સ્તંભ કહ્યા છે.

વેદિકા–આસન પટ ઉપરની ભદ્ર અષ્ટાંશને—આઠ કણીવાળા સ્તંભને 'સ્વસ્તિક' સ્તંભ કહે છે. સોળ ખૂણાવાળા સોળાંશને મત્સ્યપુરાણ 'દ્વિવજ્રક' અને માનસાર 'રુદ્રકાન્ત' કહે છે.

બત્રીસ ખૂણાવાળાને મત્સ્યપુરાણ 'પ્રલિનક' અને માનસાર 'સ્કંધકાન્ત' કહે છે. ગોળાકાર સ્તંભને આ ગ્રંથો 'વૃત્ત' કહે છે.


સ્તંભની શરૂઆત નીચેની 'કુંભી'થી થાય છે. બહુધા એ તળમાં ચોરસ આકારની અને ઓછાવત્તા પ્રમાણમાં અલંકૃત હોય છે. દક્ષિણ પ્રદેશોમાં ખૂણે પત્રો (પાન) કરીને મધ્યમાં કુંભનો આકાર કંડારાએલો જોવા મળે છે. એ રીતે એ 'કુંભી' નામ સાર્થક કરે છે.

કુંભીથી ઉપરનો ભાગ 'સ્તંભ' જ કહેવાય છે. સામાન્ય રીતે કુંભી ચોરસ હોય, તેથી એની ઉપરનો આ સ્તંભ-ભાગ અષ્ટાંશમાં કરી તેના પર વિવિધ દેવો, દ્વારપાલો, દિગ્પાલો, ગ્રહો આદિ કંડારાય છે. દેલવાડામાં આવાં સ્વરૂપો જોવા મળે છે. આની ઉપર સોળ ખૂણા પાડી વિવિધ દેવીઓ, દેવાંગનાઓ કે નૃત્યાંગનાઓ કંડારાય છે. રાજસ્થાનનાં જૈન મંદિરોમાં એ જોવા મળે છે. સોળાંશ ઉપર બત્રીસ ખૂણા પાડી તેમાં હાથી, અશ્વ, મકર આદિ પ્રાણીઓ તથા ત્યાર બાદ એની ઉપર ગોળાકાર ભાગમાં વિધવિધ ભૌમિતિક આકૃતિઓ કંડારાય છે.

'ઘટપલ્લવ' સ્તંભમાં ભદ્રક ઉપરના અઠાંશ ઉપર ગોળાકાર કરી તેની ઉપર છએક ઇંચ પહોળો અઠાંશ પટ્ટો કરી તેમાં ગ્રાસમુખ કે પુષ્પો કંડારાય છે. તેમાં નીચેના ગોળ ભાગમાં કણી ને બાંધણાના બંધો કરીને ઊભી સાંકળી, ઘંટા કે પુષ્પગુચ્છ કંડારાય છે. બારમી-તેરમી સદીમાં આવા ઘટપલ્લવયુક્ત સ્તંભો રચાએલા જોવા મળે છે. સ્તંભ ઉપર 'ભરણું' કરી તેની ઉપર કિન્નર કે કીચકના રૂપથી અલંકૃત 'સરુ' મુકાય છે.



તળના આકાર પ્રમાણે સ્તંભના કેટલાક પ્રકાર ▽



વળી, મંદિરમાં સ્તંભો માત્ર તેની ઉપરના પાટને ટેકવીને જ ઊભા હોય તે બરાબર ન લાગે એટલે કુશળ શિલ્પીઓ બે સ્તંભોની વચ્ચે વિવિધ પ્રકારનાં તોરણોની રચના ઉમેરીને સૌંદર્યમાં વધારો કરે છે. ક્યાંક જો તોરણનો અવકાશ ન લાગે તો ત્યાં સ્તંભ ઉપર 'મદલ' (બ્રૅકેટ) કરી તેમાં દેવાંગના કે નૃત્યાંગનાઓ કંડારે છે.

આમ, કુંભી, સ્તંભ, ભરણું અને સરુ એ ચાર વિભાગે સ્તંભ પૂર્ણ થાય છે. એના મુખ્ય ચોરસ, અષ્ટકોણ કે ગોળાકાર ઉપરનાં કંડારણ અને શોભનથી એની લાક્ષણિકતાઓ અને સ્વરૂપમાં બહુવિધ વૈવિધ્ય સિદ્ધ કરાય છે. ગુજરાતના સુખ્યાત પ્રાચીન મંદિરોમાં આવા નાનાવિધ સ્તંભોનાં શોભનખચિત સુંદર ઉદાહરણો પુષ્કળ છે. પથ્થર જેવા માધ્યમમાં શિલ્પીઓએ જે હેતુપૂર્ણ ને નયનાકર્ષક કંડારણ કર્યું છે તે બદલ તેમને ભારોભાર સોનું અપાયું હોય તોયે તે ઓછું ગણાય એટલું એ સુંદર છે. આમ, દેવસ્થાનના સ્તંભો એ માત્ર એના સ્થાપત્યનું એક આવશ્યક અંગ જ ન રહેતાં મંદિર બંધાવનાર અને (અનુ. પૃ. ૩૯૦ પર)



કલાવાર્તા

કલાકાર દિનેશ શાહ

'કુમાર'ના વાચકો દિનેશ શાહને એમનાં ચિત્રો તથા રેખાંકનો દ્વારા જાણે છે. અસ્ખલિત પ્રવાહમાં વહેતાં રેખાંકનો, સુંદર ચિત્રસંયોજનો, લાવણ્યમય આકૃતિઓ, રંગવિન્યાસની અદ્ભુત લીલા, અલંકરણયુક્ત વસ્ત્રવિધાન ઈત્યાદિથી શોભતાં એમનાં ચિત્રો એક નવી ને આગવી ભાત પાડે છે. પણ એમની પ્રતિભા બહુમુખી છે. ચિત્રકળા ઉપરાંત શિલ્પવિધાન તથા વિવિધ માધ્યમોમાં રચેલી અનેક પ્રકારની આકર્ષક કલાકૃતિઓ એની પ્રતીતિરૂપ છે. બાટિક, સીમેન્ટ, પથ્થર ઈત્યાદિ વિવિધ માધ્યમથી એમણે ભીંતો ય શણગારી છે. ચિત્રશિક્ષણક્ષેત્રે મુંબાઈના ન્યૂ એરા સ્કૂલના કલાવર્ગમાં અને માનવમંદિરમાં બાળકો પાસે સદ્ભાવ ને સહાનુભૂતિથી કામ કરાવતા દિનેશ એક આત્મીય શિક્ષક પણ છે. બાળકની નિજી પ્રતિભા પ્રકટાવવા તેમણે સંખ્યાબંધ સફળ પ્રયોગો કર્યા છે. એમની સાથેના અનેક પ્રવાસોમાં એમની પેનને સતત ચાલુ જ જોઈ છે. જોતજોતાંમાં એમની સ્કેચબુક ભરાઈ જાય. જોરદાર રેખામાં પાત્રને ઉપસાવવાની શક્તિ અદ્ભુત છે. એમનાં ચિત્રસંયોજનો જાણે સીધા હાથમાંથી સરી પડતાં હોય એમ એ ચીતરે છે એ પણ એક ઉપલબ્ધિ છે. સરકસનાં રેખાંકનોમાંથી સર્જેલાં ઘોડા, હાથી અને ઊંટોનાં સુંદર ચિત્રો, હરણોનાં ટોળેટોળાંનાં ગતિને ચપળતાભર્યાં રેખાંકનોના લાંબા ચિત્રપટ, સરખેજની શેરીઓનાં દશ્યો, ભૂદાનની પદયાત્રામાં ઝડપથી કરેલાં સંતવિનોબાનાં રેખાંકનો એમની શક્તિનો ખયાલ આપે છે. હજારોની સંખ્યામાં કરેલાં વૈવિધ્યપૂર્ણ રેખાંકનો એમનો અમૂલ્ય નિધિ છે. કલાના વિદ્યાર્થીઓને પ્રેરણા લેવા જેવો એ કલાવારસો છે. વ્યવસ્થાશક્તિમાં તો શાયદ કોઈક જ કલાકાર એમના જેવો કુશળ હશે. મુંબાઇનું એમનું નિવાસસ્થાન એનું ઉદાહરણ છે. ત્યાં નાનકડી આલમારીથી માંડી બધી વસ્તુઓ સ્વયંનિર્મિત છે, અને સર્વસાધનસંપન્ન છે.


દિનેશનાં ચિત્રોની વિશેષતા એની સુંદર સંયોજના ને રંગવિધાન છે. જોરદાર રેખાંકન અને મર્યાદિત છતાં આંખે વળગે એવા રંગો એમનાં ચિત્રોમાં મધુર છંદ, લય અને પ્રવાહ પ્રકટાવે છે. પાત્રોનું નિરૂપણ ભાવવાહી હોય છે. એની પરાકાષ્ઠા આધુનિક ચિત્રશૈલીની પ્રતીકાત્મક સંજ્ઞામાં પણ પરિણમી છે. કોઈપણ માધ્યમપર અધિકાર પ્રાપ્ત કરવાની કળા એમના અભ્યાસની દ્યોતક છે. ન્યૂ એરા સ્કૂલની બહારની ભીંત પર ગાંધી શતાબ્દી નિમિત્તનું, સીમેન્ટ પથ્થર ઈત્યાદિ માધ્યમમાં ઉતારેલું ૪૦ ફૂટ લાંબું ચિત્ર એનું પ્રમાણ છે. રામટેકમાં 'કુમારસંભવ' પર આધારિત ચિત્ર રંગરેખાની પ્રવાહિતા પ્રકટાવે છે. કોચીન એરપોર્ટ (વિમાન મથક) પર ૪૩'×૮' લાંબું રામાયણનું ચિત્ર સીમિત રંગોમાં હોવા છતાં એની બળુકી રેખાઓને કારણે પ્રભાવક છે. નાનકડાં ચિત્રોમાં 'કાલીયદમન' સર્પની ગતિશીલતા ને કૃષ્ણની ચપળતા દર્શાવે છે, જ્યારે 'રૂપનું ગોકુળિયું' ચિત્ર સ્ત્રી દેહના લાવણ્યને વ્યક્ત કરતું એક સુંદર ચિત્ર છે.

સદ્ભાગ્યે એમનાં પત્ની ઓનિતાબેને પણ એમને પગલે કળાપ્રદેશમાં પ્રવેશ કરી સારી એવી હથોટી બેસાડી છે. સુંદર બટવા, બાટિક, કાગળનાં રમકડાં ઇત્યાદિનું એમણે સરસ સર્જન કર્યું છે. પતિપત્ની બંને બાળશિક્ષણક્ષેત્રે નવાનવા પ્રયોગો કરતાં જ રહે છે. ને નાનકડી અમીના રંગપીછીના કાલાઘેલા પ્રયોગો માતાપિતાનો વારસો તે સાચવશે એમ દર્શાવે છે.

—વાસુદેવ સ્માર્ત

પીળી ભોમકા

કાઠિયાવાડ એટલે ધોમ ધખતા તડકામાં તપતી ધૂળછાયી ધરતી અને એના પર પથરાએલાં ગામડાં તથા એનાં ગાર-ગોમટડીથી લીંપ્યાં ઘરખોરડાં. આ બધાંનો એકજ રંગ: પીળો. આવળનાં ફૂલ જેવો નહિ, અસલ ધરતીનો રંગ—પીળી ભોમકાનો રંગ. આ ધરતીનાં માનવી યે ખડતલ. શહેરની સુંવાળપ એમાં ન દેખાય, પણ દિલના દિલાવર ને નિખાલસ. અંતરમાં ઊગે એ એમના આચારમાં ઊતરે, વાણીમાં વહે અને એમની હાથ-કારીગરીમાં કળાય. પ્રશિષ્ટતાનો ઓપ એમાં ન દેખાય, પણ હૃદયના ભાવથી સોહાય. એમની દુનિયા નાની, પણ ભરીભાદરી. એમની કલ્પના સીમિત, પણ ભાવનાના રંગે રંગાએલી. 'નગરજન' નહિ, પણ 'લોક'ના નામે તેઓ ઓળખાય. એમની ભાષા લોકબોલી, એમનાં ગીતસંગીત એ લોકગીત ને લોકસંગીત. એમની કળા એ લોકકળા. તાલીમની આંટીઘૂંટીમાંથી અટવાઇને નહિ, પણ હૈયામાંથી પ્રકટતી એમની સઘળી સર્જન-પ્રવૃત્તિમાં અલંકરણનો આડંબર ને સંજ્ઞા-સંકેતની ગૂઢતા કે આડકતરાં સૂચનોના મરડને બદલે જે મળે તે સાધનસામગ્રી અને હૈયાઉકલતથી જે સૂઝે તે એમાં પ્રકટે. તટસ્થતાથી એમનું એ પારદર્શક સર્જનકાર્ય જોવા—સમજવાનો પ્રયત્ન કરીએ તો એની પાછળની સરળ સહજ ભાવનાઓ તુરત પરખાઈ જાય—સ્પર્શી જાય.



ખોરડાની ગારલીંપી ભીંત ઉપર મહુવા પંથકની લોકનગરીએ કરેલા આળેખ

આવો એક પ્રયાસ કર્યો હતો સ્વ. મેઘાણીએ, ને કાઠિયાવાડી લોકસાહિત્યના મહામૂલા ભંડારની આપણને જાણ થઈ. અભ્યાસની એક નવી દિશા ઊઘડી. હવે કળા-કૌશલના ક્ષેત્રમાં પણ લોક-સર્જનની મૂલવણી થવા લાગી છે. કાઠિયાવાડી ચાકળા-ચંદરવા છેક દૂર દેશાવરમાં કદર પામવા લાગ્યા છે. કાઠિયાવાડ જ નહિ દેશ આખામાં બધે જ લોકસંસ્કૃતિના વિવિધ અંગોનો હવે અભ્યાસ થવા લાગ્યો છે. ભાગવતમેલા, ઓડિસી, કુચિપુડી અને છાઉ વગેરે નૃત્યો, ભવાઈના વેશ, માંડણાં ને મધુબનીનાં ચિત્રાલેખનો, લોકગીતો ને લોકસંગીતના ઢાળ વગેરેનો પરિચય ને પ્રસાર આવા અભ્યાસનું જ પરિણામ છે. ભારતમાં લોકસમાજ પણ એટલો જ બહોળો છે. એમાં બાર ગાઉએ બોલી જ નહિ. (અનુ. સામેની પૂર્તિની પાછળ)

શિવ-પાર્વતી-વિવાહ નાગપુર પાસે રામટેકમાં 'કાલિદાસ મેમોરીઅલ હૉલ' માટે ચિત્રકાર દિનેશ શાહે કરેલાં ભીંતચિત્રનું રેખાંકન. કાલિદાસના 'કુમારસંભવમ્'માંથી લીધેલા શિવવિવાહ-પ્રસંગના આ ચિત્રસંયોજનમાં લગ્ન માટે જવા તૈયાર થતા શિવજી, વિષ્ણુ સહિત દેવો અને પોતાના ગણો સાથે વાજતેગાજતે શ્વશુર-ગૃહે જતા શિવ, શ્વશુર-ગૃહે સ્વાગત પામતા શિવ, અને લગ્નની વેદિ સમક્ષ પાર્વતી સાથે પરણતા શિવના, ચિત્રના મથાળે ડાબે ખૂણેથી આરંભાઈ જમણી બાજુથી નીચે સુધીનાં પ્રસંગાલેખનોના ક્રમબદ્ધ ને સુંદર આયોજનમાં વચ્ચે પિતૃગૃહે લગ્ન માટે સાજ સજતી, ને છેવટ વિદાય લેતી પાર્વતીના આલેખનને પણ બહુ ચાતુરીપૂર્વક સાંકળી લીધું છે. પર્વતો, વાદળ, પાર્વતીનો આવાસ અને સંખ્યાબંધ પાત્રોની ગીચ છતાં ચિત્રમાં પૂરક બની રહેતી સુંદર સંયોજનામાં ચિત્રકારની કલાદૃષ્ટિ ને શક્તિનો પરિચય મળે છે. (બ્લૉક. ચિત્રકારના સૌજન્યથી)


પીળી ભોમકા

(અનુસંધાન 'કલાવાર્તા'નું)


બધું બદલાતું દેખાય છે. એની ઓળખ-પરખનું કાર્ય પણ એથી એટલું જ વ્યાપક છે. કોઈ એકલદોકલના પ્રયત્નથી તો માત્ર એનો અમુક અંશ જ પરખાય. ગુજરાતની લોકકળા ઓળખવાના પણ આવા થોડા પ્રયાસો થાય છે. એમાં ઉપાકાન્ત મહેતા અને સુરેશ શેઠે હમણાં એક નવું ઉમેરણ કર્યું છે. એમનો પ્રયાસ પોતાને વધુ પરિચિત એવા, ભાવનગર નજીકના મહુવા તળાજા પંથકનાં ગામોની લોકકળા પૂરતો જ સીમિત રાખીને એમણે એને વધુ વિગતવાર રીતે રજૂ કર્યો છે. પોતાની હૈયા ઉકલત ને સ્વાભાવિક સૌંદર્યસૂઝથી સૈકાઓથી પોતાની પરંપરાને જાળવી રાખનાર આ પંથકની લોકનારીની કળાનો એમણે પરિચય કરાવ્યો છે. પલાળેલી ખડી ને દાતણના ટોચા જેવાં સાધનો વડે પોતાનાં ઘરઓરડાંની લીંપેલી ભીંત પર એ લોકનારીએ કરેલાં ચિતરામણો, રંગબેરંગી હીર અને ચીંદરડાંથી ભરેલા ચાકળા-ચંદરવા વગેરે જેવાં અનેકવિધ ઘરશણગાર, તથા હૈયું પરોવીને કરેલું મોતીગૂંથણ અને કુટુંબ પ્રત્યેની શુભભાવનાભરી શ્રદ્ધાથી પાણિયારે આલેખેલાં શુકનિયાળ ચિત્રોનો અભ્યાસ આ બંને લેખકોએ આપ્યો છે. વળી, બાળાભોળાનાં રમકડાં, ગામના ગૌરવની સ્મૃતિ સાચવતા પાળિયા, ખાધેપીધે સુખી એવાં ઓરડાંની સમૃદ્ધિનાં દ્યોતક સમાં કાચ(પર)નાં ચિત્રો વગેરે પ્રકારની લોકકળાના વિધવિધ અંગની વિગતભરી ઓળખ આપી છે. વાર-તહેવારે આ લોકસમાજમાં ભરાતા મેળાનો એક ખ્યાલ આપવા એમણે થોરા પંથકમાં જાણીતા નકળંગના મેળાને પણ એક અનોખી ઢબે વર્ણવ્યો છે.

બંને લેખકો ચિત્રકળા ને ફોટોગ્રાફીના જાણકાર હોઈ સંખ્યાબંધ ફોટોચિત્રો વડે પોતાના પુસ્તકને શણગાર્યું છે ને એ સાથે લોકકળાનો તાદૃશ ખ્યાલ પણ આપ્યો છે. આ ઉપરાંત, દરેક પ્રકરણને છેડે જે તે વિષયના અન્ય લેખકોનાં પુસ્તકોની સંદર્ભસૂચિ મૂકીને આ પ્રકાશનની ઉપયોગિતા વધારી છે. લોકકળાના પોતાના આ અભ્યાસનો હેતુ સ્પષ્ટ કરવા સાથે એમણે આ વિષયની સારી છણાવટ કરી છે, તો છેલ્લે 'દિશાસૂચન'નું પ્રકરણ લખીને એમણે આ ક્ષેત્રે શું શું થવું ઘટે છે એ અંગેના પોતાના વિચારો પ્રકટ કર્યા છે. બાંધણી અને સજાવટમાં એમની કલાદૃષ્ટિ તથા લેખનમાં એમની આ વિષયની સૂઝ દેખાઈ આવે છે. પોતાના આ પુસ્તકને 'પીળી ભોમકા'નું નામ આપવાથી માંડી એની સમગ્ર માંડણીમાં લેખકોનો ગ્રામસંસ્કૃતિ ને લોકકળા પ્રત્યેનો આદર વ્યક્ત થાય છે. ખટકે છે એક માત્ર પુસ્તકની કિંમત. એની ૪૦/- રૂપિયા જેટલી કિંમત કદાચ લેખોની ચીવટભરી છપાઈ, ફોટોચિત્રો માટે વાપરવો પડેલો આર્ટ પેપર, સ્ક્રીન પ્રિન્ટિંગથી છાપેલા આવરણ તથા અંદરનાં હાથબનાવટના કાગળ પરનાં ચાર ખાસ પૃષ્ઠો સાથે પાકી બાંધણી અને માત્ર ૫૦૦ જેટલી જ નકલ તૈયાર કરવાને કારણે રાખવી પડી હશે. પણ એનો ઉકેલ શોધી શકાયો હોત તો આ પ્રકાશનનું જે એક ધ્યેય છે તે, લોકકલાની ઓળખ વધુ વ્યાપ પામી શકત.

['પીળી ભોમકા'. પ્રકાશક: બુટાલા પ્રકાશન, સૂર્યનારાયણ બાગ સામે, રાવપુરા, વડોદરા-૧. જાડા કાગળનાં ૭૬ પૃષ્ઠ, ફોટોચિત્રોની ૪૩ જેટલી પ્લેટ, લીંપેલી ભીંત પરનાં આલેખનો તાદૃશ ખ્યાલ આપવા માટે ખાસ કાગળ પરનાં ચાર પાનાં, પાકું બાઇન્ડિંગ. કિં. ૪૦/- રૂપિયા.]



△ **રામાયણ:** કોચીનના એરપોર્ટ પર દિનેશ શાહે તાજેતરમાં કરેલા બેતાળીસ ફૂટ લાંબા ચિત્રનું રેખાંકન. એમાં એમણે સીમિત માત્રામાં જ રંગો પૂર્યા છે, પણ એની બળુકી રેખા અને સુંદર સંયોજનાને કારણે એ પ્રભાવક છે. રામના બાલ્યકાળથી માંડી, આવાસો, વૃક્ષરાજિ, જલપુકુર ઇત્યાદિનાં શોભનયુક્ત સંયોજન વચ્ચે એમણે રામાયણના મુખ્ય મુખ્ય પ્રસંગોને આલેખતા જઈ છેક સીતાના ભૂમિપ્રવેશ સુધીની કથા રજૂ કરી છે. ઝીણવટથી જોતાં એમાં બાળક રામની આભનો ચાંદ લઈ રમવાની બાળહઠ, જલભરી થાળીમાં એ ચંદ્રનું પ્રતિબિંબ જોઈ એ હઠનું નિવારણ, માતાપિતાના લાડ, કુમાર વયે પહોંચેલા રામ-લક્ષ્મણ, ઋષિ વિશ્વામિત્ર સાથે જતાં માર્ગમાં તાડકાવધ, સીતા સ્વયંવરમાં શિવધનુષભંગ, નવપરણિત રામસીતા, કૈકેયીને મંથરાની ભંભેરણી, રામનું વનવાસ-ગમન અને ગંગા પાર કરતાં નાવિકની શંકાનું નિવારણ, પંચવટીમાં સુવર્ણ મૃગ પાછળ રામનું ગમન અને એકલી પડેલી સીતાના હરણ માટે રાવણનું આગમન, રામરાવણ યુદ્ધ, સીતાની અગ્નિપરીક્ષા, પુષ્પક વિમાનમાં રામનું પુનરાગમન, રામનો રાજ્યાભિષેક, સીતાના લંકાવાસ પર ટીકા કરનાર ધોબી, અને એ ટીકા બાદ ત્યક્તા સીતાને વાલ્મીકિના આશ્રમમાં આશ્રય ને ત્યાં લવકુશનો ઉછેર, રામના અશ્વમેધના ઘોડાને બાંધતા લવકુશ સાથે લક્ષ્મણનું યુદ્ધ, રામને લવકુશનો પરિચય અને છેવટ સીતાનો ભૂમિપ્રવેશ તથા એના વિના સૂના રાજપ્રાસાદમાં પુત્રો સહિત દુ:ખી રામનું ચિત્રણ એમાં જોઈ શકાશે. (બ્લૉક 'એર ઇન્ડિયા'ના સૌજન્યથી)



સરખેજ-અમદાવાદ વચ્ચે બસમાં જતાં-આવતાં જોએલા ચહેરાના ત્વરિત આલેખનો






વાતચીત

ચિત્રસર્જનમાં પોતાની એક આગવી પરિપાટી વિકસાવ્યા છતાં યે દિનેશ શાહ સદા પ્રયોગશીલ રહ્યા છે. વિવિધ માધ્યમની અજમાએશ ઉપરાંત તેઓ અનેકવિધ શૈલીએ સતત ચિત્રાલેખન કરતા રહે છે. અહીં એનાં દૃષ્ટાંતરૂપ કેટલાંક ચિત્રો આપ્યાં છે. ઉપરનું 'વાતચીત' કરતાં પાત્રોનું ચિત્ર એમણે તૈલરંગના લપકાઓ મૂકીને સર્જ્યું છે તો 'કોચીનની હોડીઓ' માત્ર કાળા ચાકથી જ. 'ઈડરનું બજાર' પેન ઍન્ડ ઇંકમાં છે તો 'ભરવાડ' તૈલરંગમાં જરા જુદી જ રીતે આલેખ્યો છે.



કોચીનની હોડીઓ

સંખ્યાબંધ હોડીઓથી ઢંકાઈ ગએલા કોચીનના જલમાર્ગની હોડીઓના જૂથની ઊભી ભાતગૂંથણીમાં જે સંયોજન કર્યું છે તેનાથી એની સ્થિરતા ને ગીચતા ઉપરાંત એના પડછે પાણીની પ્રવાહિતા પણ પ્રકટ થાય છે.





△ ઈડરનું બજાર



ભરવાડ

માત્ર કાળી શાહીના ઉપયોગ અને છાયાપ્રકાશની રમત દ્વારા નાના ગામ-ની સાંકડી બજારની તાદશતા, ઊભી ચિત્રરચના ને સાદગીભર્યા ચિત્રણ દ્વારા બકરાં વચ્ચે ઘેરાએલા ભરવાડની ખડતલતા ને ગામડાનાં ઘરની ઓબડધોબડ બાંધણીના વાંકાચૂકા આકારની રેખાઓમાં લયમાધુરી વધારીને એના સૌંદર્યને પ્રકટ કરવાનું કૌશલ દાખવતી કૃતિઓ.



ગામડાનાં ઘર



શિવ-પાર્વતી-વિવાહ નાગપુર પાસે રામટેકમાં 'કાલિદાસ મેમોરીઅલ હૉલ' માટે ચિત્રકાર દિનેશ શાહે કરેલાં ભીંતચિત્રનું રેખાંકન. કાલિદાસના 'કુમારસંભવમ્'માંથી લીધેલા શિવવિવાહ-પ્રસંગના આ ચિત્રસંયોજનમાં લગ્ન માટે જવા તૈયાર થતા શિવજી, વિષ્ણુ સહિત દેવો અને પોતાના ગણો સાથે વાજતેગાજતે શ્વશુર-ગૃહે જતા શિવ, શ્વશુર-ગૃહે સ્વાગત પામતા શિવ, અને લગ્નની વેદિ સમક્ષ પાર્વતી સાથે પરણતા શિવના, ચિત્રના મથાળે ડાબે ખૂણેથી આરંભાઈ જમણી બાજુથી નીચે સુધીનાં પ્રસંગાલેખનોના ક્રમબદ્ધ ને સુંદર આયોજનમાં વચ્ચે પિતૃગૃહે લગ્ન માટે સાજ સજતી, ને છેવટ વિદાય લેતી પાર્વતીના આલેખનને પણ બહુ ચાતુરીપૂર્વક સાંકળી લીધું છે. પર્વતો, વાદળ, પાર્વતીનો આવાસ અને સપ્રમાણ પાત્રોની ગીચ છતાં ચિત્રમાં પૂરક બની રહેતી સુંદર સંયોજનામાં ચિત્રકારની કલાદૃષ્ટિ ને શક્તિનો પરિચય મળે છે



બોગનવેલ

અમીલાલ ઢાંકી

બોગન વેલ જેનું જે નામનું આપણે સરળ રૂપાંતર કરી નાખ્યું છે એ નામ મૂળ તો છે 'બૂગેનવીલિયા'. લૂઈ આંત્વા દ બૂગેનવિલે નામના એક સાહસિક ફ્રેન્ચ નાવિકના નામ પરથી એ નામ પડયું છે. ઑસ્ટ્રેલિયામાં ક્વીન્સલૅન્ડની અગ્નિ કંઠારથી થોડે દૂર કોરલ સમુદ્રમાં 'બૂગેનવિલે રીફ', તિમૂરની બરાબર દક્ષિણે પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના ઉત્તર કિનારે 'બૂગેનવિલે કેઈપ' અને ન્યૂ ગીનીની પૂર્વમાં સૅાલૅામન ટાપુઓમાંના 'બૂગેનવિલે ટાપુ'નાં નામ પણ આ ફ્રેન્ચ આદમીના



નામ પરથી જ પડેલાં છે. ઈ. ૧૭૨૯ની ૧૧મી નવેમ્બરે પારી(સ)માં એનો જન્મ થએલો. વકીલનો એ પુત્ર, એટલે એણે યે કાયદાનો અભ્યાસ કર્યો, પણ એ ધંધામાં ગોઠયુ નહિ એટલે ઈ. ૧૭૫૩માં એ લશ્કરની બંદૂકબાજ કટુડીમાં જોડાઈ ગયો. પચ્ચીસ વર્ષની વયે એણે 'ઇન્ટ્રીગલ કૅલ્કયુલસ' નામે પુસ્તક લખ્યું. ૧૭૫૫માં લંડનમાં ફ્રેંચ એલચીનો મંત્રી અને રૅાયલ સોસાએટીનો સભ્ય બન્યો, ૧૭૫૬માં એને માર્ક્વિસ દ મૅાન્તકલામના સૈન્યમાં કૅપ્ટનપદ મળ્યું ને ૧૭૬૧થી ૧૭૬૩ દરમિયાન એણે સપ્તવર્ષીય યુદ્ધમાં પણ ભાગ લીધો. એ પછી શાંતિ સ્થપાતાં એણે પોતાના ખર્ચે ફૅાકલૅન્ડ ટાપુઓ પર વસાહત સ્થાપવાનું કામ આદર્યું, પણ એણે કરેલું ખર્ચ ભરપાઈ કરી આપવાની શરતે ફ્રેન્ચ સરકારે એ વસાહત સ્પેનિયાર્ડોને સોંપી દીધી. ઈ. ૧૭૬૬ના ડિસેમ્બરમાં તે રાજ્યની સહાય લઈ દરિયામાર્ગે દુનિયાની પ્રદક્ષિણા કરવા ઊપડયો. પૃથ્વીની પ્રદક્ષિણા કરનાર એ પહેલો ફ્રેન્ચ હતો પોતાની સફરનું એણે સરળ રમૂજી શૈલીમાં વર્ણન કરતું એક સરસ પુસ્તક પણ લખ્યું છે. આ પછી એણે ઉત્તર ધ્રુવની યાત્રા માટે પણ એક યોજના વિચારી હતી, પણ એમાં એને ફ્રાંસના રાજ્યનો ટેકો મળ્યો નહિ. એની ઉત્તરાવસ્થામાં નેપોલીઅન પહેલાએ એને સેનેટર, કાઉન્ટ ઑાવ એમ્પાયર અને લીજિયન ઑાવ ઑાનરનું બહુમાન આપેલું. ૧૮૩૧ની ૩૧મી ઑાગસ્ટે પારી(સ)માં એનું અવસાન થયું. આ બૂગેનવિલેના નામ પરથી જ મૂળ દક્ષિણ અમેરિકાના, વેલા જેમ ચડતા સપુષ્પ સુંદર છોડને 'બૂગેનવીલિયા' નામ અપાયું અને સામાન્ય વપરાશમાં આપણે એ 'બોગનવેલ' બનાવી દીધું.

દક્ષિણ અમેરિકાના ઉષ્ણ અને સમશીતોષ્ણ પ્રદેશની આ વનસ્પતિની મૂળ તો ચારેક મુખ્ય જાત, પણ એની સુંદરતાને કારણે તથા ઉછેરવી સરળ હોવાથી એ ધીરેધીરે લોકપ્રિય બનવા સાથે એનો પ્રસાર વ્યાપક બની ગયો, તથા અકસ્માત, કુદરતી રીતે અને બાગાયતનિષ્ણાતોના સફળ પ્રયોગોના પરિણામે આજે તો એની સંખ્યાબંધ સંકર જાતો જાણીતી બની ગઈ છે. એ વિધવિધ જાતની લાક્ષણિકતાનો પરિચય તથા આ 'બોગનવેલ'ના ઉછેર-સંવર્ધન વિષે માર્ગદર્શન આપવાનો આ નાનકડા લેખમાં પ્રયાસ છે. —સંપાદકીય

વિવિધરંગી ભભકવાળાં ફૂલો અને એને ઉગાડવાની સરળતાને કારણે આપણે ત્યાં 'બોગનવેલ'ના નામે સારી પેઠે જાણીતી આ ફૂલવેલ મૂળ તો દક્ષિણ અમેરિકાની છે. 'બૂગેનવીલિયા' એ એનું ખરું નામ. દક્ષિણ અમેરિકાથી એ નામના એક ફ્રેંચ શોધસફરીએ એને ફ્રાંસમાં આણી અને ત્યાંથી એ લોકપ્રિય બનતી જઈ ઉષ્ણ અને સમશીતોષ્ણ પ્રદેશોમાં લગભગ બધે જ ફેલાઈ ગઈ છે.

આછી ઘેરી ઝાંયવાળાં સફેદ, પીળાં, કેસરી, લાલ, ગુલાબી, ગુલબાસી, બદામી એમ અનેક રંગનાં ફૂલઝૂમખાંથી શોભતી આ વેલ જાહેર બાગબગીચા ને ખાનગી આવાસોમાં પસંદગી પામે એ સ્વાભાવિક છે. વળી, ઉગાડવા-ઉછેરવામાં પણ એ સરળ છે. જાત પ્રમાણે એનાં ફૂલ ખીલવાનો કાળ પણ થોડો આગળ-પાછળ રહેતો હોઈ જો વિચારપૂર્વક વાવી હોય તો એની એક બીજી જાતનાં અને જુદાજુદા રંગનાં ફૂલથી એ બારે માસ શોભા આપતી રહે છે. ઉનાળામાં જ્યારે બીજાં ફૂલ ઓછાં જોવા મળે છે ત્યારે ય બૂગેનવીલિયાનાં ફૂલ બાગબગીચાની શોભા સાચવી લે છે. વળી, ફૂલવેલ તરીકે એ ગમે ત્યાં ચડાવી શકાય છે. આ વેલ પર થોડા કાંટા પણ હોય છે એટલે વાડ માટે પણ એનો ઉપયોગ થઈ શકે છે. કાળજીપૂર્વક એને કાપતા રહીએ તો ફૂલપાનથી ઘટાદાર નાના એકલ શોભનવૃક્ષ તરીકે પણ એ સુંદર રીતે ખીલે છે.

આમ, અનેક કારણે બહુ જાણીતી બની ગએલી આ વેલના દેખાવ વગેરેનું વર્ણન અહીં અપ્રસ્તુત છે. બીજ રોપીને, કાપકલમથી, દાબકલમથી કે આંખ ચડાવીને એનું સંવર્ધન થઈ શકે છે.

ત્રણ રંગીન પાન જેવી પાંખડીવાળાં એનાં ફૂલઝૂમખાં તો સૌએ જેયાં હશે. એ ત્રણ પાંખડીની વચ્ચે ત્રણ દાંડલી હોય છે, જેની ટોચ પર જ્યારે એ પૂર બહારમાં હોય ત્યારે ટચૂકડા ફૂલ જેવો સુંદર આકાર પ્રકટે છે. પકવ થઈને આ દાંડલીઓ કોકડું વળી જાય છે.

બૂગેનવીલિયાનાં બીજ ત્રણ ચાર આંગળ છેટે ક્યારામાં કે મધ્યમ કદના કુંડામાં પાંચ-છની સંખ્યામાં વાવીને રોપ તૈયાર કરી શકાય. એ રોપ એકાદ ફૂટ જેટલા વધીને મજબૂત બને ત્યારે એને જ્યાં કાયમ રોપવી હોય એ જગ્યાએ ફરી રોપીને આ વેલ વિકસાવી શકાય.

કાપકલમ માટે બૂગેનવીલિયાની એકાદ ફૂટ લાંબી અને દાતણ જેટલી જાડી તંદુરસ્ત તથા નીચલા છેડે આંખવાળી ડાળ પસંદ કરીને કાપવી. પછી એના પરનાં પાનને સંભાળપૂર્વક તોડી એ ડાળને ખાતર ભરેલી પોચી જમીનમાં સહેજ ત્રાંસી રાખીને એનો આંખવાળો છેડો બેત્રણ ઇંચ ઊંડો રહે એ રીતે રોપી દેવી. બે ભાગ માટી, એક ભાગ મીઠી-ખારાશ વિનાની-રેતી અને એક ભાગ છાણના ગળતિયા ખાતરનું મિશ્રણ આ વેલને માટે યોગ્ય છે. વળી, કલમ રોપતાં પહેલાં એના નીચલા છેડે 'સેરેડિક્સ' પાઉડર લગાડવો પણ સલાહભર્યો છે.

છોડ કે વેલની વાંકી વળી શકે તેવી સારી તંદુરસ્ત ડાળને નમાવીને એનો ગાંઠવાળો અમુક ભાગ જમીન અગર કુંડામાં ખાતરની અંદર દાટી-દબાવીને એનાં મૂળ ઉગાડવાં એને 'દાબકલમ' કહે છે. બૂગેનવીલિયાની દાબકલમ માટે પણ આવી જ ડાળ પસંદ કરી એમાં જ્યાં ગાંઠ હોય ત્યાંથી બેએક ઇંચ નીચે ચપ્પુ વડે નાનકડો ઊભો કાપ મૂકવો ને એ કાપને ખુલ્લો રાખવા તેની વચ્ચે દીવાસળી જેવી સળી ભરાવી દેવી. પછી આ કાપવાળો ભાગ ચારેક ઇંચ ઊંડો દબાવી. ઉપર ખાતર મૂકી ઢાંકી દેવો અને દબાવેલી ડાળ ઉપર ખેંચાઈ ન આવે એ સારુ તેના પર ઇંટ-પથ્થરનું વજન મૂકી રાખવું. થોડા દિવસો બાદ દાબકલમમાં પૂરતાં મૂળ ફૂટયાંની ખાતરી થાય ત્યારે એને મૂળ વેલાથી અલગ પાડવા એ ડાળ પર એની અર્ધી ઊંડાઈ જેટલો કાપ મૂકવો. દસેક દિવસ રહીને બાકીનો

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૯

સોરીઆસિસ

સોરીઆસિસ (Psoriasis) એ ચામડીનો એક હઠીલો રોગ છે અને તે ફરી ફરી ઊથલો મારતો રહે છે. વળી તે સહેજે મટતો પણ નથી. આ રોગના પૂર્વ લક્ષણોમાં માથું ધોઇને બરાબર સાફ રાખવા છતાં વાળ ઓળતી વખતે ખોડા જેવી સફેદ ફોતરી ખરે છે. કાનની અંદર અને પાછળ ઘસીને આંગળી ફેરવતાં સફેદ ફોતરી આવે. કોરા માથામાં હાથ ઘસીને ખંખેરવાથી પણ સફેદ ફોતરી ખરે.

આ રોગમાં કપાળ અને વાળ જ્યાં ભેગા થાય છે ત્યાં સફેદ ચમકતી કિનારી થાય છે. કેડ, ડોક, કોણી, ઘૂંટણ કે પગની નીચેના ભાગમાં સફેદ અનિયમિત ચાઠાં થઈ તેમાંથી ફોતરી નીકળે. આ ફોતરી સૂર્યનાં કિરણોમાં અભ્રકના પડ જેવી ચળકતી હોય છે. રોગ વધુ હોય તો પેટ ઉપર, છાતીમાં કે ઘણી વાર આખા શરીરે સફેદ ફોતરી કે ભીંગડાવાળાં ચાઠાં થાય છે, જે નિત્ય વધઘટ પામ્યા કરે છે. ઘણાંને તેમાં અતિશય ખંજવાળ આવે તો કેટલાકને કાંઈ થાય જ નહિ. ઘણાંને તેમાંથી પ્રવાહી નીકળે, તો કોઈને તદ્દન સૂકાં ચાઠાં પણ હોય. ઢોકળામાં લોટ જેમ આથો ઊપસી આવે તેમ ચામડી ઉપર આછાઆછા કઠણ ઢીમણાં ઊપસી આવે છે, ને તેના પરથી પાતળી ચમકતી ફોતરી ઊખડે છે.

આ રોગ થવાનું કોઈ ચોક્કસ કારણ જણાયું નથી, પણ આ રસવિકૃતિજન્ય રોગ મનાય છે, જેનું મુખ્ય કારણ આહારજન્ય છે. વધુપડતું ખાનાર, ભૂખ વિના અને વારંવાર ખાનાર, ને બહુ ગળ્યા પદાર્થો ખાનારને આ રોગ વિશેષ થાય છે.

રોગીએ સાવ સાદો ખોરાક જ ખાવો. ગળપણ ને તીખાશ તદ્દન બંધ કરવાં. થોડા દિવસ મીઠું બંધ કરાય તો ઉત્તમ.

દવામાં સવાર-સાંજ બે બે તોલા મહાપંચતિક્ત ઘૃત લેવાનું. ચાઠાં ઉપર મહામરિચ્યાદિ તેલ ઘસવું. આરોગ્યવર્ધિની વટીની બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવી. ગરમાળાની છાલને પાણીમાં ઉકાળી તે પાણી જ પીવું, તેનાથી જ નાહવું. ગરમાળાનાં પાનને છાશમાં વાટીને ચાઠાં ઉપર લેપ કરી શકાય. મરી ને કાળીજીરીનું ચૂર્ણ પણ અર્ધો અર્ધો તોલો ઘી સાથે સવાર સાંજ ચાટી શકાય.

ટૂંકમાં જીવન ખૂબ સંયમિત કરી નિત્ય ઔષધસેવનથી રોગ ઉપર કાબૂ મેળવી શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અર્ધ કાપ કાપી ડાળને વેલાથી અલગ પાડવી. જો દાબકલમ કૂંડામાં કરી હોય તો એ કૂંડું છાંયે રાખી એને જરૂર મુજબ પાણી આપતાં રહેવું.

આંખ ચડાવવાની રીત સંવર્ધન ઉપરાંત સંકર જાત બનાવવા માટે પણ ઉપયોગી છે. એમાં એક જાતની ડાળ પર કાપ મૂકીને તેમાં બીજી જાતની આંખ ચડાવીને એક જ વૃક્ષ કે વેલ પર બે રંગનાં ફૂલ ઉગાડી શકાય છે. આ કામ થોડી આવડત માગી લે તેવું છે અને શિયાળાના ઠંડા ખુશનુમા હવામાનમાં એ વધુ સારી રીતે થઈ શકે છે.

પાણીના નિતારવાળી ને સૂર્યપ્રકાશ પામતી કોઈ પણ પોચી જમીન બૂગેનવીલિયા માટે અનુકૂળ છે. તૈયાર કરેલી કલમને કે રોપને બેએક ફૂટ લાંબા પહોળા ને એટલા જ ઊંડા ખાડામાં અગાઉ કહ્યું તેટલું ખાતર પૂરીને રોપવાં. જુલાઈથી સપ્ટેમ્બર માસનો ચોમાસાના આરંભનો સમય આ માટે યોગ્ય છે. આ રીતે રોપેલા રોપને જમીનની જરૂરિયાત પ્રમાણે સાંજના વખતે જ પાણી આપવું. સ્થાયી થઈ ગએલા વેલાને વધુ પાણી આપવાથી એનાં ફૂલ વહેલાં ખરી જાય છે એટલે પાણીનું પ્રમાણ માફકસર જ રાખવું.

ફૂલના વિવિધ રંગ તથા અન્ય લાક્ષણિકતાવાળી બૂગેનવીલિયાની સંખ્યાબંધ જાત હવે તો જોવા મળે છે. એમાંની ઘણી તો અકસ્માત કુદરતી રીતે જ સરજાઈ છે તો અન્ય ઘણી સંકર જાત યોજનાપૂર્વક ઉપજાવેલી છે. મૂળ મુખ્ય તો ચાર જાત : 'બી. ગ્લેબ્રા', 'બી. સ્પેક્ટૅબિલિસ', 'બી. પેરુવીઆના' અને 'બી. બુટ્ટીઆના.' એની ઊગવાની લાક્ષણિકતા, પાનના આકાર ને કદ, ફૂલનો રંગ અને આગવી ખાસિયત વગેરે બાબતમાં એ એક બીજીથી ભિન્ન છે. ફૂલોમાં સફેદ, આછો અને ઘેરો ગુલાબી, ગુલબાસી, લાલ, કેસરી ને પીળો રંગ મુખ્ય છે. આ ઉપરાંત એની કેટલીક જે ખાસ જાત વિકસાવાઈ છે તે આ છે.

મિસિસ બટ્ટ ૧) : ઈ. ૧૯૨૦માં કલકત્તામાં એસ. પરસી લૅન્કેસ્ટરે લાલ રંગના ફૂલવાળી આ ખાસ જાત તૈયાર કરેલી. એ સહેલાઈથી ઊગે છે ને ઝડપથી વધે છે. ૨) મૅરી પામર : આ જાત પણ લૅન્કેસ્ટરે જ ઉપજાવી છે. એમાં એક જ ડાળ ઉપર સફેદ અને ગુલાબી રંગનાં ફૂલ ખીલે છે. ૩) થિમ્મા : મેરી પામરમાંથી જ વિકસાવેલી આ જાતને સફેદ ને ગુલાબી ફૂલ આવવા ઉપરાંત, એનાં પાન પર આછાં પીળાં ચાઠાં હોય છે. ૪) રાવ : આનાં પાન પર પણ પીળાં ચાઠાં હોય છે, પણ ફૂલ લાલ હોય છે. ૫) સ્નો-ક્વીન : એનાં સફેદ ફૂલ શિયાળામાં જ ખીલે છે. ૬) સ્પ્લેન્ડેન્સ : એના પર વસંતઋતુમાં ઘેરા જાંબલી રંગનાં ફૂલ ખીલે છે. ૭) પાર્થા : એક જ વેલ પર કેસરી ને ઘેરા ગુલાબી રંગનાં ફૂલ આવે છે. ૮) લેડી મેરી બેરિંગ : પીળાં ફૂલની જાત. ૯) સંડેરિયાના : જાંબુડી ઝાંયવાળાં ઘેરાં ગુલાબી ફૂલની જાત. ટ્રિનિડાડ : ૧૦) જાંબલી ઝાંયવાળાં આછા ગુલાબી ફૂલની જાત. ૧૧) ડૉ. આર. આર. પાલ : આ જાતનાં ફૂલ ઇંટિયા લાલ રંગનાં હોય છે. બીજા રંગની આંખ ચડાવવા માટે આ એક યોગ્ય જાત છે. એનાં પાન પર સફેદ રંગનાં ચાઠાં હોય છે. ૧૨) મહારાજા ઑવ મૈસૂર : નાના કદનાં આછા ગુલાબી ફૂલની જાત. ૧૩) ગોપાલ : આ મોટાં કૂંડાંમાં પણ ઉગાડી શકાય છે. એનાં ફૂલ આછા જાંબુડી ને ગુલાબી રંગનાં હોય છે. ૧૪) મહાત્મા ગાંધી : તેજસ્વી ગુલાબી રંગનાં મોટાં કદનાં ફૂલવાળી જાત. ૧૫) જયાલક્ષ્મી : ઝાંખા ગુલાબી રંગનાં ફૂલવાળી જાત. ૧૬) ભાભા : એનાં ફૂલ નારંગી રંગનાં અને પાન લીલાં ચાઠાંવાળાં આછા પીળા રંગનાં હોય છે. ૧૭) ઈલિઝાબેથ : કિન્યા (પૂ. આફ્રિકા)માં આ જાત તૈયાર થએલી. એનાં ફૂલ ઘેરા લાલ રંગનાં હોય છે. ૧૮) બેગમ અલીયાવર જંગ : દિલ્હીમાં વિકસાવાએલી ટમાટા જેવા લાલ રંગનાં ફૂલવાળી જાત.

આ ઉપરાંત, બીજી યે સંખ્યાબંધ જાતો છે, જેમાં ઘેરા ગુલાબી ફૂલવાળી 'મિસિસ બક', કેસરી ફૂલવાળી 'લૂઈ વાથેન' અને 'એનિડ લૅન્કેસ્ટર', ઠીકરા જેવા બદામી ફૂલવાળી 'ટૉમેટો', ઘેરા ગુલબાસી રંગનાં ફૂલવાળી 'સેન્શેશન', આછા ગુલાબી ફૂલવાળી 'સૉનેટ', મધ્યમ ગુલાબી ઝાંયનાં ફૂલવાળી 'સ્પ્રિંગ ફેસ્ટિવલ', ભભકાદાર લાલ ફૂલવાળી 'સમર ટાઈમ' વગેરે જાણીતી જાતો છે. આમાંની સ્નો ક્વીન, ટ્રિનિડાડ, ને ટૉમેટોને વહેલાં ફૂલ આવે છે. વળી ટૉમેટો, મિસિસ બક, મૅરી પામર, સૉનેટ ને સંડેરિયાના તો મોટાં કૂંડાંમાં પણ સરસ ઊગે છે.

આ ઉપરાંત, પીળાં, સફેદ વગેરે જેવા રંગધબ્બાવાળાં પાનવાળી પણ કેટલીક જાત લોકપ્રિય છે. થિમ્મા એમાંની જ એક છે. આમ, બૂગેનવીલિયાની સંખ્યાબંધ જાતો છે. કુદરતી રીતે જ નિપજેલી કેટલીક સંકર જાતો ઘણી ખડતલ ને સહેલાઈથી ઊગે તેવી ને આકર્ષક હોઈ બાગબગીચા માટે ઘણી ઉપયોગી છે. સ્થાન-સ્થળને લક્ષમાં રાખીને વિચારપૂર્વક પસંદ કરીને અને યોગ્ય લાલનપાલનથી ઉગાડેલી બૂગેનવીલિયાની કોઈ પણ જાત આકર્ષક બની રહે છે.

પ્રાચીન સિક્કા ૨૨

દક્ષિણ ભારતના સિક્કા

લેખક · ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



△ અશોકના મરણ પછી દક્ષિણ હિંદનો મહાન અંધ્ર વંશ ઈ.પૂર્વે ૨૩૦માં સ્વતંત્ર થયો અને ઇતિહાસમાં અજોડ એટલી લાંબી મુદત-સાડા ચારસો વર્ષ ચાલ્યો. દક્ષિણે છેક મદ્રાસથી પશ્ચિમે કોંકણ અને ઉત્તરે માળવા સુધી વિસ્તરી રહેલા તેના મહાન અને બળવાન સામ્રાજ્યમાં ઠેરઠેર તેના સિક્કા મળી આવે છે. મોટે ભાગે તે રૂપા અને ત્રાંબાના મિશ્રણની 'બિલન' ધાતુના અથવા સીસાના હોય છે અને તેના ઉપર હાથી, ચૈત્ય, ધનુષબાણ વગેરે સંજ્ઞાઓ હોય છે. અહીં ઉપર આપેલો મોટો સિક્કો બિલન ધાતુનો આશરે ૨૦૦ ગ્રામ વજનનો છે. એની એક તરફ કઠેડા-વાળો ચૈત્ય, તેના મથાળે સ્વસ્તિક અને બાજુમાં વૃક્ષની સંજ્ઞાઓ છે. બીજી બાજુ ધનુષબાણ તથા તેની આસપાસ તે સિક્કા પડાવનાર રાજાનું નામ 'રઞો ગોતમીપુતસ બિળિવાયકુરસ' એવું લખાણ છે. નીચેનો નાનો સિક્કો પણ અંધ્ર ગોતમીપુતસ શ્રી યજ્ઞ શતકર્ણીનો ચાંદીનો છે. તેની એક તરફ રાજાનો ચહેરો તથા બ્રાહ્મીમાં 'રઞો ગોતમીપુતસ સિરિયઞ સાતકણિસ એવું લખાણ તથા પાછલીબાજુ ઉજ્જન અને ચૈત્યની સંજ્ઞા સાથે દક્ષિણી બ્રાહ્મીમાં 'ગોતમ (મી) પુતશ હિરુ યઞ હાત-કણિષ' એવું લખાણ છે.

દક્ષિણ ભારતમાં અન્ધ્ર મૂલક અને અસ્મક નામે જનપદ હતાં. તેમાં પ્રાગ્-મૌર્ય કાળમાં (ટંક) આહત સિક્કા પડાયા હતા. પછી મગધ સામ્રાજ્યનું શાસન પ્રસરતાં ત્યાં મગધના આહત સિક્કા પ્રચલિત થયા. ચાંદીના આહત સિક્કાઓના અનેક નિધિ દક્ષિણ ભારતમાં મળ્યા છે. અર્વાચીન વિદ્વાનોને ભારતમાં આહત સિક્કાના નમૂના પહેલવહેલા કોઈમતૂર જિલ્લામાં મળેલા. આહત સિક્કાઓનો સહુથી મોટો નિધિ પણ દક્ષિણ ભારતમાં મળ્યો છે–ગુંતુર જિલ્લાના અમરાવતીમાં ૭,૬૬૮ સિક્કાઓનો. મૌર્ય સામ્રાજ્યના અંત પછી પાંડ્ય દેશમાં સ્થાનિક પ્રકારના ચાંદીના આહત સિક્કા પડાયા. એમાં અગ્રભાગ પર પાંચ ચિહ્ન હોય છે—૧૨ કિરણવાળું સૂર્યબિંબ, ષડ્ભુજ પ્રતીક, સ્તૂપ જેવી ઈમારત, વૃક્ષ અને વેદિકામાં ત્રિશૂલ-પરશુ. પૃષ્ઠભાગ પર રેખાઓમાં મત્સ્યની આકૃતિ હોય છે. આ સિક્કા અર્ધા 'પણ' જેવડા છે.

એ અરસામાં સમગ્ર દખ્ખણમાં, ખાસ કરીને પાંડ્ય અને અંધ્ર પ્રદેશમાં, મુદ્રા–આહત સિક્કા પ્રચલિત થયા. પાંડ્ય પ્રદેશના એવા તાંબાના સિક્કા લંબચોરસ આકારના છે ને એના પર હમેશાં હાથનું ચિહ્ન હોય છે. અંધ્રના સિક્કા જૂજ મળે છે. એના પર પર્વત, નંદિપાદ, સ્વસ્તિક, શ્રીવત્સ, વૃષભ, કે વેદિકામાં વૃક્ષનું એકાદ ચિહ્ન હોય છે.

અનુ-મૌર્ય કાળમાં દક્ષિણ ભારતમાં મહારઠીઓએ સ્વતંત્ર શાસકો તરીકે પોતાના નામના સિક્કા પડાવવા માંડ્યા. 'સદકણ' કુલના સિક્કાઓ સીસાના છે. એના અગ્રભાગ પર ઊભો વૃષભ અને લેખ હોય છે, જ્યારે પૃષ્ઠભાગ પર વેદિકામાં વૃક્ષ અને ષટ્-કૂટ પર્વતનું ચિહ્ન હોય છે. કોલ્હાપુરની આસધાસના પ્રદેશમાં મહારઠી રાજાઓએ સીસાના અને તાંબાના તથા સીસા–તાંબાની મિશ્ર ધાતુના સિક્કા પડાવ્યા, તેના અગ્રભાગ પર ધનુષ-બાણ અને લેખ તથા પૃષ્ઠભાગ પર પર્વતનું કે પર્વત અને વૃક્ષનું ચિહ્ન હોય છે.

પુરાણોમાં અંધ્ર વંશના ત્રીસેક રાજા ગણાવ્યા છે તે પૈકીના છેલ્લા નવ રાજાઓના જ સિક્કા મળ્યા છે. ઇતિહાસમાં તેઓ 'સાતવાહન' વંશના કહેવાય છે.

વિદિશા પ્રદેશમાં 'સાત' અને 'સાતકર્ણી' નામે રાજાઓના તાંબાના આહત સિક્કા મળ્યા છે. એ પુરાણોમાં જણાવેલા અંધ્ર વંશના રાજા શ્રીસ્વાતિ અને ગૌતમીપુત્ર શાતકર્ણી છે. તેઓની સત્તા પશ્ચિમ ભારત તથા દખ્ખણના વિસ્તૃત પ્રદેશમાં પ્રસરી હતી. તેઓ તે તે પ્રદેશ માટે તે તે પ્રદેશના પ્રચલિત પ્રકારના સિક્કા પડાવતા. વિદિશા પ્રદેશમાં જ ટંક આહત સિક્કા પડાવતા, બીજા બધા પ્રદેશોમાં મુદ્રા આહત સિક્કા પડાવતા. ત્રિપુરી આસપાસના પ્રદેશના સિક્કાના અગ્રભાગ પર ઊભા મનુષ્યની આકૃતિ અને પૃષ્ઠભાગ પર ચાર જુદાંજુદાં ચિહ્ન હોય છે. માળવામાં મુખ્ય આકૃતિ સિંહની હોય છે. ગુજરાતમાં એક બાજુ હાથી અને બીજી બાજુ વેદિકામાં વૃક્ષ દેખા દે છે. આ સિક્કા સીસાના અથવા તાંબાના હોય છે. મહારાષ્ટ્રના-વિદર્ભના ઘણા સિક્કા તાંબાના કે પૉટનના છે; એની એકબાજુ પર હાથીનું અને બીજી બાજુ પર ઉજ્જનનું ચિહ્ન હોય છે. આ પ્રકારના સિક્કા આ બે રાજાઓ ઉપરાંત શ્રીપુલુમાવિ, શિવ શ્રી. પુલુમાવિ, સ્કન્દ શાતકર્ણી શ્રીયજ્ઞ શાતકર્ણી, વિજય શાતકર્ણી અને પુલહમાવિ નામે રાજાઓના પણ મળ્યા છે. શ્રીયજ્ઞ શાતકર્ણી પછીના રાજાઓ વિદર્ભમાં રાજ્ય કરતા, જ્યારે રુદ્ર શાતકર્ણી જેવા બીજા રાજાઓ મહારાષ્ટ્રમાં રાજ્ય કરતા.

દખ્ખણમાં શ્રી સાતિ, શ્રી શાતકર્ણી અને શ્રીપુલુમાવિના સીસાના સિક્કા હૈદરાબાદમાં મળ્યા છે. એના અગ્રભાગ પર ત્રિકૂટ પર્વતનું અને પૃષ્ઠભાગ પર ઉજ્જનનું ચિહ્ન હોય છે. મહારાષ્ટ્રના સિક્કા સીસાના જ છે. એના પૃષ્ઠભાગ પર ઉજ્જન ચિહ્ન હોય છે, જ્યારે અગ્રભાગ પર પર્વત, અશ્વ, સિંહ, નૌકા કે ચક્રનું ચિહ્ન હોય છે. આ સિક્કાઓ પર માતૃકુલવાચક નામ હોય છે, જેમકે ગૌતમીપુત્ર શાતકર્ણી, વાસિષ્ઠીપુત્ર પુલુમાવિ.

'સાતવાહન' નામવાળા સીસાના અને તાંબાના કેટલાક સિક્કા દખ્ખણમાં મળે છે. કેટલાક રાજાઓએ ચાંદીના સિક્કા પણ પડાવ્યા હતા. ગૌતમીપુત્ર શાતકર્ણીએ તો ક્ષહરાત ક્ષત્રપોનું રાજ્ય જીતી લઈ નહપાનના સિક્કાઓને પોતાના નામથી પુનર્મુદ્રિત કરાવેલા. એના અગ્રભાગ પર પર્વતનું અને પૃષ્ઠભાગ પર ઉજ્જનનું ચિહ્ન હોય છે, પછીના રાજાઓના ચાંદીના સિક્કાઓમાં અગ્રભાગ પર રાજાનું મુખ અને પૃષ્ઠભાગ પર પર્વતનું તથા ઉજ્જનનું ચિહ્ન હોય છે, અગ્રભાગ પરનો લેખ પ્રાકૃતમાં અને પૃષ્ઠભાગ પરનો પ્રાયઃ તમિળમાં હોય છે.

આ કાળ દરમિયાન દક્ષિણ ભારતમાં માલની ખરીદી માટે સોનાના તથા ચાંદીના રોમન સિક્કા ઘણા આવતા. ઘણી વાર એના પરની રોમન સમ્રાટની આકૃતિ ટોચી નાખી તેની જગ્યાએ અહીંના રાજાની આકૃતિ અંકિત કરવામાં આવતી.

ત્રીજી સદીમાં અંધ્ર-સાતવાહન સત્તાનો અસ્ત થતાં ઇક્ષ્વાકુ વગેરે અન્ય રાજવંશોની સત્તા પ્રવર્તી. તેમના સિક્કા અંધ્ર પ્રકારના છે. તેના અગ્રભાગ પર હાથી કે સ્વસ્તિકનું ચિહ્ન અને પૃષ્ઠભાગ પર ઉજ્જન ચિહ્ન હોય છે. ત્રીજી અને સાતમી સદી વચ્ચેના ગાળાના સિક્કા દક્ષિણ ભારતમાં જૂજ સંખ્યામાં મળે છે. સાતમીથી દસમી સદીનો ગાળો સિક્કાની બાબતમાં અંધકારમય છે.

પત્ની

શારદાબેન બાબુભાઈ શાહ

થોડા સમયથી ઉષાની તબિયત નરમગરમ રહેતી. એવી ખાસ માંદગી તો નહોતી, પરંતુ હવાફેરથી થોડું સારું જણાશે એમ લાગતાં એક દિવસ પતિ પાસે પ્રસ્તાવ મૂક્યો: 'થોડા દિવસ મહાબળેશ્વર જઈ આવું એમ થાય છે. ચેઈન્જ રહેશે. ખોરાક પણ હમણાં ખાસ લેવાતો નથી.'

'ભલે, આપણી ક્યાં ના છે?' વિનયે હા તો પાડી, પણ અંદરથી ઉષા ક્યાંય જાય એ એને ગમતું નહોતું. પત્ની વગર તે ઢીલોપોચો બની જતો.

'મુન્ની મારી સાથે રહેશે. અને, તમે એમ કરો: બેએક દિવસ સાથે રહી જજો. તેડવા પાછા ક્યારે આવવું તે હું તમને જણાવીશ.'

'બે દિવસ?' વિનયની આંખો પહોળી થઈ ગઈ: 'મારાથી બે દિવસ ન રહેવાય. તમને લોકોને મૂકીને તે જ દિવસે નીકળી જાઉં તો ફાવે.'

ઉષાને ખૂબ જ માઠું લાગી ગયું. વિનયનાં આંખ–માથું દુ:ખે ત્યારે પોતે અરધી અરધી થઈ જતી, અને પોતાની માંદગી વખતે તે આવું કરે? રોષે ભરાઈ તે ઝડપથી રસોડામાં ચાલી ગઈ અને બે ચાર વાસણો આમતેમ પછાડી ગુસ્સાથી ગર્જી ઊઠી: 'હા, હા! અમારો સરસામાન હોટલમાં મૂકી નીકળી જજો તે જ દિવસે, બસ?' અને બન્ને વચ્ચે બોલાચાલી વધી ગઈ. વિનયે ખીંટીએથી કારની ચાવી અને બૅગ લઈ ચાલતી પકડી. ટેબલ પર કાજુના દાણા એમ જ પડી રહ્યા. નિયમ મુજબ 'આવજો' કહેવા ઉષા બારણે ન ગઈ.

'સાંજે ડૅડી આવે ત્યારે તમે લોકો જમી લેજો. મારે હમણાં કોઈની વચ્ચે આવવું નથી.' કહેતી ઉષા સડસડાટ દાદરો ચડી ગઈ. બંને છોકરીઓ મમ્મી–ડૅડીની લડાઈથી હેબતાઈ એક બાજુ ઊભી રહી.

સાંજ પડી. રોજ કરતાં વિનય વહેલો ઘેર આવ્યો. ઘરનું વાતાવરણ ટાઢુંબોળ. શુચિ-મુન્ની બંને ચૂપ હતાં. ઉષા ક્યાંય દેખાતી નહોતી. હાથ મોં ધોઈ વિનય છાપું ખોલી બેઠો, પરંતુ એનું બધું ધ્યાન દાદર પર સાડીનો ફરફરાટ ક્યારે સંભળાય એ તરફ મંડાયું હતું.

'ડૅડી, જમવાનું કાઢું?'... ત્યાં ઉપરથી હાક સંભળાઈ: 'શુચિ!'

'મમ્મી બોલા...વે...' વિનયે હાક ઝીલી લીધી. ગણ્યા શબ્દોમાંથી નીતરેલી લાગણીએ ભોંય પર રેલા પાડ્યા.

દીકરી રૂમમાં આવતાં ઉષાએ હળવેથી સૂચના આપી: 'ફ્રીઝમાં મગ પડ્યા છે તે ગરમ કરી ડૅડીને આપજે. એમને બહુ ભાવે છે.'

હકારમાં માથું હલાવી શુચિ પાછી ફરવા ગઈ કે ઉષા તેને અટકાવી, બે પળ થોભી બોલી: 'કંઈ નહિ, રહેવા દે. હું જ નીચે આવું છું.' □

અનુસંધાન] **બે શિષ્યો** [પૃષ્ઠ ૩૯૦થી

'ઊભો રહે તો પછી. વેંગણનાં ભજિયાં લઈ લઉં એ બધું ખાવાને મળે નહિ મને. તું ખાઈશ?' કૈવલ્યાનંદને જરાક અપમાન જેવું લાગ્યું. કહે: 'સંન્યાસીઓ રસ્તામાં એમ બજારની વસ્તુ ખાતા નથી.'

'હું તો ખાઈશ. તૈલંગ સ્વામી હોત તો મારી વાતનું સમર્થન કરત.'

વેંગણનાં ભજિયાં ખાતો ખાતો સુધીર સ્વામી કૈવલ્યાનંદની પાછળ પાછળ જવા માંડ્યો. કૈવલ્યાનંદ ગંભીર. સુધીરની આંખો અને મુખ પર અનુપમ હાસ્ય. અચાનક એણે પૂછ્યું: 'છત્રી લાલ શા માટે? કાળી છત્રી જ સારી.' પણ કૈવલ્યાનંદે કોઈ ઉત્તર ન દીધો.

જરા આગળ વધ્યા તો એક ખૂબ મોટા મહેલ જેવા મકાન સામે જઈને કૈવલ્યાનંદ ઊભા રહ્યા. અંદરથી એક નોકર દોડતો આવ્યો અને ચાખડી સમેત પગ પર એક બાલદી ભરી ગંગાજળ રેડ્યું.

'સુધીર, તું પણ પગ ધોઈ લે. રસ્તાના ખરડાએલા પગે આશ્રમમાં દાખલ થવું સારું નહિ.'

'પગ ધોઉં? અચ્છા, તું કહે છે તો ધોઈશ.' બીજી એક બાલદી ભરી જળ આવ્યું. સુધીરે ચાકરના હાથમાંથી બાલદી લઈ પોતાની મેળે જ પગ ધોઈ લીધા. 'ચાલ હવે.'

અંદર વિશાળ એક પાકું ચોગાન. પ્રવેશતાં જ કૈવલ્યાનંદ અટકીને ઊભા રહ્યા ને પછી બરાડી ઊઠ્યા: 'કેશવ! કેશવ!'

એક પુરોહિત જેવો લાગતો છોકરો દોડતો બહાર આવ્યો.

'ધૂપની સુગંધ કેમ નથી આવતી? આજ ધૂપ નથી કર્યો?'

'ધૂપ ખલાસ થયો છે. હમણાં જ લેવા મોકલું છું.'

'મને કેમ કહ્યું નહિ? ચોગાનના ખૂણામાં પેલા ભાંગેલા કૂંડામાં શું છે?'

'મિસ્ત્રી કામ કરતો હતો, તેની થોડીક રેતી બચી છે.'

'લઈ આવ જોઈએ,' કેશવ ઉતાવળે કૂંડું લઈ આવ્યો. કૈવલ્યાનંદે એમાંથી એક મૂઠી રેતી ઉઠાવી લીધી. 'કૂંડું નીચે મૂકી હાથ ધર.'

જોયું તો કૈવલ્યાનંદના સ્પર્શે રેતી ધૂપમાં પલટાઈ ગઈ હતી! 'જા બેસવાના ખંડમાં સારી પેઠે ધૂપ કરી આવ. ગૂગળ અને સુખડ ભેળવજે.'

'હા જી.' કહી રોમાંચિત થતો કેશવ ચાલ્યો ગયો. એ ગયો કે તરત જ સુધીર ખડખડાટ હસી પડ્યો—એવો કે હસતાં હસતાં આંખોમાં આંસુ આવી ગયાં! પછી આંખો લૂછી બોલ્યો: 'આખરે ધૂપ— હેં?'

કૈવલ્યાનંદ મૃદુ હસી ગર્વભેર બોલ્યા: 'હા, રેતીને હું ધૂપમાં રૂપાંતરિત કરી શકું છું.'

'એ તો મેં નજરોનજર જોયું. પણ આપણે તો ભાઈ બ્રહ્મની શોધમાં નીકળ્યા હતા, ધૂપની નહિ. ધૂપ તો બજારમાં બહુ મળે છે. તું...' અને ફરી સુધીર હસી પડ્યો.

કૈવલ્યાનંદ જરાક ખીજવાઈ ગયા. બોલ્યા: 'કોણ કહે છે મને બ્રહ્મદર્શન નથી થયાં? પણ આ બધુ ન કરીએ તો આ બજારમાં પ્રખ્યાતિ શી રીતે મળે? આપણને માને કોણ?'

'ઓહ, એમ વાત છે? અચ્છા જોઉં, હું કરી શકું છું કે નહિ.' એમ કરી સુધીરે રેતીના કૂંડામાં હાથ નાખી ડુબાડી એક મૂઠી રેતી ઊંચકી.

'આ શું? કંઈ જ ન થયું! તું એક વાર કર તો ભાઈ. હું જોઉં.'

કૈવલ્યાનંદે સગર્વ હાથ નાખ્યો અને બોલ્યા: 'એમાં તો કંઈ જ મોટી વાત નથી.' પરંતુ હાથ બહાર કાઢતાં જ તેમનું મોં પડી ગયું. રેતી રેતી જ રહી! ધૂપ ન બન્યો. સુધીર મરક મરક હસી રહ્યો હતો: 'અચ્છા, ભાઈ, હું જાઉં છું.

'એટલામાં જ શું ચાલ્યો? આટલા વખતે મળ્યા. તું ક્યાં છો આજકાલ?''

'હું એ જ ટેકરી પર એ જ સરોવરની ધારે ઘૂમતો ફરું છું.'

'કંઈ મળ્યું?' 'કંઈ જ નહિ. હજુ ખોળી જ રહ્યો છું.'

'ગુરુદેવ પણ ત્યાં જ છે?'

'ના તેઓ પાછા ફર્યા જ નહિ કદી. તેઓ વધુ ઉપર ચાલ્યા ગયા. જાઉં છું.' એટલું કહી સુધીર બહાર નીકળી ગયો. □

ઈ. ૧૯૭૬ના સપ્ટેમ્બર થી ૧૯૭૭ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ · નડિયાદ) તરફથી

તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

આપવાનું આ વર્ષે પણ ચાલુ રહે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટોબર ૧૯૫૧-સળંગ અંક ૩૩૪



બેનમૂન કલાકારીગરી, શેખ સાદીનાં વ્યવહાર ડાહ્યાં વચનો, ઉમર ખય્યામની ગૂઢ–મસ્ત રૂબાઈઓ, શરાબ અને સુંદરીની રંગદર્શી જીવનલીલા તથા પ્રવાહી સોના સમા તેલના ભંડારોનો પ્રદેશ તે ઈરાન. પચ્ચીસ વર્ષ પહેલાં અનેક ચિત્રો સાથે આ દેશનો વિસ્તૃત પરિચય 'કુમાર'માં પ્રકટ થએલો. એની થોડી તારવણી

ફારસી સાહિત્ય ને ઇતિહાસમાં ગોરવથી જે 'ઈરાન સર-જમીન'ને નામે ઓળખાય છે તે ઇરાનનું નામ આજે યે એની પ્રાચીન કલા કારીગરી અને સૌંદર્ય તથા ભવ્યતાથી એટલું જ રસપ્રદ બની રહે છે. પૂર્વે છઠ્ઠી સદીમાં મકદુનિયાથી હિંદોસ્તા સુધીના એક મહાસામ્રાજ્યનું એ મધ્યબિંદુ હતું. સિકંદરે તેનો નાશ કર્યો. પાંચ જ સદી બાદ સાસાનિયન રાજવંશે તેને ફરી પતિષ્ઠા અપાવી દીધી. આ કાળમાં ત્યાં પહલવી ભાષા પ્રચલિત થઈ, જેમાં ત્રીજા સૈકાનું ઈરાનનું ધાર્મિક સાહિત્ય લખાયું પછી પ્રાચીન ફારસી ભાષા વિકાસી જેમાં સૌ પ્રથમ લખાએલું કવિ ફિરદૌસીનું 'શાહનામા' તો આલમ મશહૂર છે.

આ પારસિક મુલકમાં પ્રથમ 'પેશદાદીઆન'-નું રાજ હતું. પરંતુ ત્યારે ઇરાની પ્રજા ઘણી પછાત હતી. બાદશાહ જમશેદના અમલમાં આતશપરસ્તી (અગ્નિપૂજા) પ્રચલિત થઈ. તે પછી બસોએક વર્ષ ઝરથુસ્તનો બોધ ધર્મ તરીકે આખા દેશમાં પ્રસર્યો. સાથેસાથે કલા કૌશલ, સાહિત્ય આદિ સાંસ્કૃતિક અંગો પણ વિકાસ પામ્યાં. ત્યારબાદ ઈસ્લામપ્રચારક મહમ્મદને હાથે હાર પામી ઝરથુસ્તીઓ હિંદુસ્તાન તરફ હિજરત કરી આવ્યા. પછી અરબ તુર્ક અને મોંગોલ સંસ્કૃતિઓની અસર નીચે ત્યાંની સંસ્કૃતિ ઘડાઈ; જેના અવશેષ રૂપ ત્યાંની કલા ને કારીગરીના બેમૂલ નમૂના, ઉમરખય્યામની ગૂઢમસ્ત રૂબાઈઓ ને શેખ શાદી જેવાનાં બોધવચનો, ગુલ અને બુલબુલ તથા શરાબ અને સુંદરીના રંગદર્શી જીવનની કથાઓ તથા ઈશ્કે હકીકી અને ઈશ્કે મિજાઝીની વિચારધારાઓ આદિથી આપણે પરિચિત છીએ

ઇરાનનું ભૌગોલિક મહત્ત્વ પણ છે ભૌગોલિક દૃષ્ટિએ જોતાં ઈરાનની સરહદનો મોટો ભાગ ઈરાનના અખાત અને અરબી સમુદ્ર પર છે. અહીંનું પાણી શિયાળામાં ઠરી જતું નહિ હોવાથી આ કિનારાનાં ઇરાની બંદરો બારે માસ ખુલ્લાં રહી શકે છે. પણ આ બધાંમાં સૌથી મહત્ત્વનું તો છે ઇરાનમાંથી નીકળતું તેલ. એક લાખ ચોરસ માઈલ (એટલે કે ઈરાનનો લગભગ છઠ્ઠો ભાગ) તો એ તેલક્ષેત્રો જ રોકે છે. બાકીની મોટા ભાગની જમીન ફળદ્રુપ હોવા છતાં તદ્દન સૂકી છે ફક્ત કાસ્પિયન સમુદ્રના કાંઠા પાસેની જમીન પર નહેર વિના અનાજ ઉગાડવા જેટલો વરસાદ થાય છે. ચારે તરફથી ઊંચા અને વચ્ચેથી નીચાણવાળા ઈરાનના રકાબી જેવા પ્રદેશમાં ચોતરફ આવેલા પર્વતોમાંથી શિયાળુ વરસાદ અને ઓગળતા બરફનું પાણી નદી ઝરણાં રૂપે મધ્યના નીચા પ્રદેશ તરફ ઊતરી આવે છે, અને તે ખેતી માટે વપરાય છે, પણ એ પાણી યે મધ્ય અને પૂર્વ ઈરાનનાં મોટાં રણ સુધી પહોંચતાં તો સુકાઈ જાય છે અને જો ક્યારેક પૂરતો બરફ કે વરસાદ નથયો હોય તો આખી ફસલ નિષ્ફળ પણ જાય છે.

આમ, બધો પ્રદેશ સૂકો હોઈ ત્યાંનું હવામાન પણ ઊંચા પર્વતો સિવાય બધે ગરમ જ રહે છે. વિશ્વના સૌથી સુક્કા ગણાતા આ રણપ્રદેશમાં પણ આલ્પ્સ અને હિમાલયની ગિરિમાળા જેવો કચ્ચ પ્રદેશ છે, જેમાં દેમાવન્દ નામે ૧૯,૦૦૦ ફૂટ ઊંચો પર્વત છે દક્ષિણમાં વહેતી કરુન નદી મોટી હોઈ જલમાર્ગ તરીકે તેનો ઉપયોગ થાય છે. દેશના વાયવ્ય કોણમાં ઉરુમિયા નામે એક સો માઈલ લાંબું સરોવર પણ છે. દેશનો બધો વ્યવહાર ચલાવવાનું મુખ્ય સાધન ટ્રાન્સ ઈરાનિયન રેલવે છે તે ઈરાનના અખાતના શાપુર બંદરે શરૂ થઇ ઉત્તરમાં ૮૬૫ માઈલ દૂર બંદરશાહ સુધી જાય છે. અંદરના પ્રદેશમાં મોટરો, ઘોડા, ખચ્ચર, ઊંટ વગેરે દ્વારા વ્યવહાર ચલાવાય છે. બસરા કરમનશાહ અને બગદાદ ખાતે હવાઈ માર્ગની સગવડ છે. ઈરાનના ઘોડા બહુ વખણાય છે, તેમજ ત્યાંની બિલાડી પણ તેના સૌન્દર્ય માટે જાણીતી છે.

ઈરાનની વસ્તીમાં અરબ, તુર્ક, કુર્દ, બલોચ

કેવો કરુણ યોગાનુયોગ?! તાજેતરમાં અવસાન પામેલા લાડીલા યુવાન કવિ પ્રિયકાંત મણિયારનું કવિ સંમેલનો તથા કવિતા રસિકોમાં પ્રિય બનેલું એમનું કીર્તિદા ગીત 'કુમાર'માં આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં પ્રસિદ્ધ થએલું. તે એમના પોતાના હસ્તાક્ષરમાં ('કવિતા' દ્વિમાસિકના સૌજન્યથી) અહીં ઉતારીએ છીએ.

કૃષ્ણ-રાધા

આ નભ ઝૂક્યું તે કાનજી ને
ચાંદની તે રાધા રે!
આ સરવર જલ તે કાનજી ને
પોયણી તે રાધા રે!
આ બાગ ખીલ્યો તે કાનજી ને
લહેરી જતી તે રાધા રે!
આ પરવત શિખર કાનજી ને
કેડી ચડે તે રાધા રે!
આ ચાલતાં ચરણ તે કાનજી ને
પગલી પડે તે રાધા રે!
આ કેશ ગૂંથ્યા તે કાનજી ને
સેંથી પૂરી તે રાધા રે!
આ દીપ જલે તે કાનજી ને
આરતી તે રાધા રે!
આ લોચન મારાં કાનજી ને
નજરું જુએ તે રાધા રે!

પ્રિયકાન્ત મણિયાર



△ ઉપર: ઈરાનનો નકશો—મથાળાના નાના નકશામાં પડોશી દેશોની વચ્ચે ઈરાનનું સ્થાન દર્શાવ્યું છે.

વગેરેની ભટકતી પ્રજા પણ છે. યેઝદના જરથોસ્તી પારસીઓ સિવાય આખી પ્રજા શિયાપંથી મુસ્લિમોની છે. પ્રજા તરીકે ઈરાનીઓ અતિશય વિવેકી અને કલાપ્રેમી હોઈ 'પૂર્વના ફ્રેંચો' તરીકે ઓળખાય છે. ઈરાનનું પાટનગર તેહરાન છે. શેતરંજી, રેશમ અને રૂનું ઉત્પાદન તેના મુખ્ય ઉદ્યોગો છે. ખલીફાઓનું પુરાણું પાટનગર અને મહત્ત્વનું વ્યાપારી કેન્દ્ર ઇસ્પહાન તહેરાનની દક્ષિણે ૨૨૬ માઈલ દૂર આવેલું છે. પ્રાચીન ભવ્યતાનાં ખંડેરો વચ્ચે આવેલું આ ફળદ્રુપ ભૂમિવાળું નગર મખમલનો સામાન, તલવારનાં મ્યાન તેમજ દાગીના બનાવવા માટે મશહૂર છે. ઉત્તર ઈરાનનું બીજું પ્રાચીન નગર દમઘાન, ત્યાંના 'દમઘાન ટાવર' માટે પ્રસિદ્ધ છે. તહેરાનથી નૈઋત્યે ૧૦૦ માઈલ દૂર કુમ આવેલું છે. ગયા વંશોના છ રાજાઓ, ૪૦૦-૫૦૦ સંતો અને બીજી કેટલીયે જાણીતી ઈરાની વ્યક્તિઓને અહીં દફનાવાઈ છે. ઈરાનનું સૌથી પ્રાચીન પાટનગર તો પર્સિપોલીસ. ઈ. પૂર્વે ૩૩૧માં સિકંદરે તેનો નાશ કર્યો. ઈસ્ફહાન જવાના માર્ગે પર, પ્રખ્યાત ઈરાની કવિ શેખ સાદી અને હાફિઝની જન્મભૂમિ તથા પ્રાચીન ઇરાનના સંસ્કૃતિધામ શિરાઝથી ૩૦ માઈલ દૂર એ આવેલું છે. સો સ્તંભોવાળા વિશાળ ખંડનાં ખંડિયેર ત્યાં છે. ઈરાનના વ્યાપારના બીજા મુખ્ય કેન્દ્ર તેબ્રીઝમાં શેતરંજી, સૂકો મેવો, રૂ, ચામડાં વગેરેનો વેપાર છે.

કારીગરી, રંગમિલાવટ અને બનાવટની બારીકી માટે દુનિયાભરમાં જે મશહૂર છે તે, ઉસ્તાદ કસબીઓએ હાથે વણેલ કીંમતી ઈરાની ગાલીચા, ઊન, સૂકો મેવો, તમાકુ, ચામડાનો બનાવેલો સામાન, દાગીના, અત્તર, કેસર, તલવાર ને કટાર વગેરે હથિયારો, કાચનો સામાન, આરસ અને પીરોઝના પથ્થરો વગેરે અહીંની મુખ્ય નિકાસ છે. આ ઉપરાંત, ઇરાનના અખાતમાં માછીમારી કરવા સાથે મોતી પણ કાઢવામાં આવે છે. દુનિયામાં સર્વોત્તમ ગણાતાં ગુલાબી મોતીઓ ઇરાનના અખાતમાંથી જ મળે છે. ઇરાનના કાસ્પિયન સમુદ્ર પરના ઇરાની કાંઠા પર સારી જાતની માછલીઓ પણ થાય છે. વળી ઇરાનના પર્વતોમાં મૅંગેનિઝ, સીસું, પારો, સોનું, રૂપુ, નિકલ જસત વગેરેની કાચી ધાતુઓ પણ મળી આવે છે, પરંતુ બહુ થોડા પ્રમાણમાં. કારખાનાંઓ પણ ઈરાનમાં બહુ ઓછાં છે. કાપડની થોડી મિલો, સિગારેટનાં કારખાનાં વગેરે જે કંઇ થોડાં છે તે બધાં રાજ્ય દ્વારા જ ચલાવાય છે. પરંતુ ઈરાનનો મુખ્ય ઉદ્યોગ તો તેલનો જ.

નીચે: ઈરાનના માટીકામનો ૧૩ની સદીનો નમૂનો: સુંદર ઘાટ અને ચિત્ર તથા સુવાક્યો લખેલો રંગીન ઓપદાર સુલતાનાબાદી કૂજો.



અનુસંધાન] **સ્તંભ** [પૃષ્ઠ ૭૭૯થી

દ્યોતક બનવા સાથે સાર્વજનિક કલાધામનું અંગ પણ બની રહે છે.

ડૉ. હરિલાલ ગૌદાની 'ગુજરાતનો ભવ્ય ભૂતકાળ'માં જણાવે છે કે પોળોના જંગલમાં હિરણ્ય નદીના કાંઠે આવેલા લાખેણા મંદિરમાં ઘટપલ્લવ સ્તંભથી ભિન્ન એવા આરસના બે 'રવૈયા સ્તંભો' છે. ગુજરાતના ગૌરવ સમા આ સ્તંભોને અજમેરની પ્રખ્યાત ખ્વાજા શરીફની દરગાહમાં ગોઠવવા માટે સર મિરઝા ઈસ્માઈલે માગણી કરી હતી. સદેવંત સાવળિંગાની ચૉરીવાળા મંદિરના ચાર સ્તંભોનો તો હાલ પત્તો જ નથી! મોઢેરાના સૂર્યમંદિરના સભામંડપના સોળ સ્વસ્તિક-સ્તંભોમાં ક્યાંક ક્યાંક રતિક્રિયાનું કંડારણ પણ છે. જ્યારે ડાકોર નજીકના ગળતેશ્વરના મંદિરમાં સ્તંભ પર કીચકને સ્થાને વાનર કોતર્યા છે. વળી, એમણે નોંધ્યું છે કે ટુવા પાસે શરભંગ ઋષિના સ્થાનકમાં શિવમંદિરના સ્તંભો સાલ પદ્ધતિવાળા છે ને આ જાતનું મંદિર ગુજરાતમાં આ એક જ છે. હકીકતે સાલપદ્ધતિ સમગ્ર ભારતમાં જોવા મળે છે. મોઢેરાના મંદિરમાં આવા જ સ્તંભો છે. આજે પણ મંદિરોમાં સાલવાળા સ્તંભો કરાય છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા: મીઠું · સબરસ

'મીઠું'નો મૂળ અર્થ તો 'સ્વાદુ', 'ગળ્યું', 'મધુર'. સંસ્કૃત મૃષ્ટ નો એક અર્થ છે 'સ્વાદિષ્ટ અને તેના પરથી પ્રાકૃતના પ્રભાવે થએલા મિષ્ટનો અર્થ છે 'મીઠું', 'મધુર'. આપણે મિષ્ટાન્ન, મિષ્ટભાષી જેવામાં તે વાપરીએ છીએ. તેના પરથી પ્રાકૃતમાં મિટ્ઠ અને પછી 'મીઠું' અને તેના પરથી 'મીઠાઇ', 'મીઠાશ' વગેરે.

પરંતુ જેના કારણે રસોઈમાં મીઠાશ–સ્વાદ આવે છે તે નિમકને માટે પણ ગુજરાતીમાં 'મીઠું' (અને મરાઠીમાં 'મીટ') પ્રચલિત થયો. એના પરથી વળી પાછો લાક્ષણિક અર્થ 'અક્કલ', 'પહોંચ', વિકસ્યો. (જેમ કે 'એનામાં મીઠું જ ક્યાં છે?')

'મીઠું' ઉપરાંત મર્યાદિત પ્રયોગોમાં આપણે 'નિમક', 'સબરસ' અને 'લૂણ' વાપરીએ છીએ. 'નિમક' (ફારસી નમક પરથી) પરભાષામાંથી લીધેલા 'નિમકહલાલ', 'નિમકહરામ' જેવામાં જ વપરાય છે. 'સબરસ' બેસતા વરસના શુકન તરીકે લેવાતા મીઠા માટે તથા વાતને ઓપ આપવા 'મીઠું'ની બદલીમાં કેટલીક વાર વપરાય છે. ખાટો, તીખો, તૂરો વગેરે રસો હોય ત્યારે પણ જેને લીધે બધી રસોઈમાં રસ–એટલે કે સ્વાદ આવે છે તે 'સબરસ'. 'સબ' શબ્દ હિંદીનો છે તે જોતાં 'સબરસ' સાધુ મહાત્માની 'નમક તો ભાઈ સબરસ હૈ' એવી ઉક્તિ પરથી રૂઢ થએલો જણાય છે.

આશરે ચૌદમી શતાબ્દીના અંત ભાગમાં રચાએલા જૂની ગુજરાતીના ફાગુ–કાવ્ય 'વસંતવિલાસ'માં વિરહિણી નાયિકા સખીને કહે છે કે મારા દુઃખનો અંત આવતો નથી. હીરચીર દીઠાં ગમતાં નથી, ભોજન અકારું થઈ પડ્યું છે અને પાણીના સ્વાદમાંથી મીઠાશ જતી રહી છે:

'માઈ મૂ દૂખ અન્તડઉં, દીઠઉં ગમઈ ન ચીરુ,
ભોજનુ આજુ ઉબીઠઉં, મીઠઉં સ્વદઈ ન નીરુ.'

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

વ્યુત્પત્તિવિચાર: ગુજરાતી સાહિત્યની સાથે સાથે ભાષાનો પણ અભ્યાસપ્રિય વર્ગ વધતો જાય છે ત્યારે વ્યુત્પત્તિશાસ્ત્રની દિશામાં પણ સન્નિષ્ઠ પ્રયાસો થાય એ ખાસ જરૂરી છે. પ્રસ્તુત પુસ્તકમાં જાણીતા ભાષાવિદ ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ભાષાપરિવર્તનના સામાન્ય સ્વરૂપ અને ભાષા તેમજ સંસ્કૃતિના ઇતિહાસ વગેરેની વ્યુત્પત્તિના વિષયમાં શી ઉપયોગિતા છે તે દર્શાવ્યા બાદ ધ્વનિ સ્વરૂપના પરિવર્તનની સોદાહરણ રૂપરેખા આપી છે અને છેલ્લે શબ્દ તેમજ શબ્દજૂથોની વ્યુત્પત્તિદર્શક નોંધો આપી છે તે બધું આ વિષયમાં પ્રવેશ કરવા માગતા જિજ્ઞાસુને માટે જરૂર ઉપયોગી થઈ પડશે. (પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬; કાચું પૂઠું, પૃ. ૩૦૬, રૂ. ૧૯–૫૦)

આયુર્વેદનું અમૃત: આયુર્વેદનું આકર્ષણ વધી રહ્યું છે ત્યારે આ પ્રકારના ગ્રંથોનું પ્રકાશન આયુર્વેદના અભ્યાસીઓ, વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ સર્વેને ઉપયોગી થઈ પડશે; કારણ કે અહીં ગ્રંથકર્તા પ્રજારામ રાવળે બે ખંડમાં સંશોધન ચિકિત્સા અને સંશમન ચિકિત્સાના ૭૮ કેસો રજૂ કર્યા છે. આ પ્રકારનું આ પ્રથમ શ્રદ્ધેય પુસ્તક હોઈ ખૂબ આવકાર્ય છે. (પ્ર. કમલ આર્ટ પ્રિન્ટરી, ૩૮, પોલીસ કોર્ટ લેન, કોટ, મુંબઈ–૧; પાકું પૂઠું, પૃ. ૪૨૪, રૂ. ૩૦)

અનુવાદની સમસ્યાઓ: વિવિધ ભાષાના સાહિત્યનો સંપર્ક પામવા માટે અનુવાદની મદદ સિવાય મોટા ભાગના વાચકો માટે ઉગારો નથી એ વાસ્તવિકતાના સ્વીકાર સાથે અનુવાદની પણ કેટલીક સમસ્યાઓ છે જ. એ વિષે રચાએલી એક સંગોષ્ઠિમાંના વિવિધ લેખકોના અહીં રજૂ થએલા લેખો યોગ્ય રીતે જ ધ્યાન દોરી સભાન કરે છે. (સંપા. મોહનભાઈ પટેલ, પ્રકા. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪, કાચું પૂઠું, પૃ. ૧૩૯, રૂ. ૧૨)

Qissa–i–Ghamgin (કિસ્સા-એ-ગમગીન): ૧૮મી સદીના અંતકાળે ભરૂચનું રાજ્ય જે રાજકીય કટોકટી અને આફતમાંથી પસાર થયું તેની કપરી ને કરુણ કથની ગુજરાતમાં ઉર્દૂ પદ્યમાં આલેખતી મુન્શી અબ્બાસ અલીની આ જૂની કૃતિ ભરૂચના ઇતિહાસ ઉપરાંત તે વખતે બોલાતી ઉર્દૂનું ભાષાસ્વરૂપ અને સાહિત્ય સમજવા માટે પણ કીમતી સામગ્રી પૂરી પાડે તેમ છે. (પ્રકા. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા; સંપા. સતીશ સી. મિશ્રા, પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૨૦)

ગુજરાતનો પૉટરી ઉદ્યોગ: માટીકામના ઉદ્યોગના પ્રાચીનથી અર્વાચીન કાળ સુધીના ઇતિહાસથી માંડી ગુજરાતમાં તેના અદ્યતન સ્વરૂપના ઉદ્યોગો સુધીનું આ માહિતીપ્રદ પુસ્તક તૈયાર કર્યું છે શાંતિલાલ પ્ર. પુરોહિતે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૮·૭૫)

અચેતન સાક્ષીઓ: ગુનાની અનેક કથાઓનો એક મોટો વાચક વર્ગ ઊભો થયો છે ત્યારે ગુનાની દુનિયામાં ગુનેગાર પોતાની પાછળ જે સગડ મૂકતો જાય છે તે ગુનાશોધકોને કેવી રીતે ઉપયોગી થઈ પડે છે તેની રસપ્રદ માહિતી આપતી લેખમાળા અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ગએલી તેનો આ પુસ્તકદેહ આકર્ષક વાચન પૂરું પાડશે. (પ્રકા. એન. એમ. ત્રિપાઠી, ૧૬૪, સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૨, લે૦ પુષ્કર ગોકાણી, પાકું, કાચું પૂઠું, પૃ. ૩૦૪, રૂ.૧૪)

બીકણ બિલ્લી: સુપ્રસિદ્ધ નાટ્યકાર પરમસુખ પંડ્યાએ એક અંગ્રેજી નાટકનું ગુજરાતી રૂપાંતર કરી આ ત્રિઅંકી નાટક બનાવ્યું છે તે નાટકરસિયાઓને જરૂર ગમે તેવું છે. (પ્ર. ઉપર મુજબ, પાકું પૂઠું. પૃ. ૨૧૨, રૂ. ૬)

મધ્યકાલીન ગુજરાતની પ્રેમકથાઓ: મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રેમકથાઓનો તેના સ્વરૂપ તથા વિકાસની દૃષ્ટિએ વિશ્લેષણાત્મક અને સન્નિષ્ઠ અભ્યાસ રજૂ કરતું ડૉ. હસુ યાજ્ઞિકનું આ પુસ્તક સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (પ્રકા. લેખક પોતે જ; મુ. વિક્રેતા: આર. આર. શેઠની કંપની, કાચું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૬)

મહિમા તો માનવતાનો!: માનવતાનાં વિવિધ પાસાંઓને ફોરાવતી છગનલાલ પરમારની ૨૦ હેતુલક્ષી વાર્તાઓનો સંગ્રહ. (પ્રકા. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૪)

દયારામ-રસધારા ૩ અને ૪: મધ્યકાલીન ગુજરાતીના સમર્થ ઊર્મિ-કવિ દયારામની કૃતિઓના સંચયના પ્રસ્તુત બન્ને ખંડના સંપાદકો છે કે. કા. શાસ્ત્રી અને જીવનલાલ છ. જોશી (પ્રકા. ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ; બન્નેનું કાચું પૂઠું, પૃ. ૧૫૦, ૩જા ખંડની કિં. રૂ. ૪–૫૦; ચોથા ખંડના રૂ. ૫)

મારી કરમકથની: મરાઠીના લબ્ધ પ્રતિષ્ઠિત અને પ્રારંભના નવલકથાકાર સ્વ. હરિ-

મુંબાઈ-૮૯, કાચું પૂઠું, પૃ. ૫૯, રૂ. ૨.)

આપણો સાહિત્યવારસો-સંપુટ ચોથો: લોકમિલાપ ટ્રસ્ટ તરફથી પ્રશિષ્ટ ગુજરાતી કૃતિઓને સસ્તા દરે વિશાળ વાચક-સમુદાય સુધી પહોંચાડવાની ઉમદા નેમથી શરૂ કરવામાં આવેલી પ્રકાશન શ્રેણી 'આપણો સાહિત્ય-વારસો'ના ચોથા સંપુટમાં જે પાંચ પુસ્તકો પ્રકટ થયાં છે તે આ પ્રમાણે છે: (૧ સત્યકથા (મુકુન્દરાય પારાશર્ય, કાચું પૂઠું પૃ. ૧૩૬), ૨) જ્યોતીન્દ્રના હાસ્યલેખો: (સંપાદક બકુલ ત્રિપાઠી, કાચું પૂઠું, પૃ. ૧૩૮), ૩) સુન્દરમનાં કાવ્યો: (સંપા. જયેન્દ્ર ત્રિવેદી, કાચું પૂઠું, પૃ. ૧૨૦), ૪) ઉમાશંકરની વારતાઓ: (સંપા. યશવન્ત શુક્લ, કાચું પૂઠું, પૃ. ૧૫૬), ૫) શરદબાબુની કથાઓ: (અનુ. મહાદેવ દેસાઈ, કાચું પૂઠું, પૃ. ૨૫૨). આ પાંચે ય પુસ્તકના સંપુટની કિં. રૂ. ૧૬+ ટપાલ રવાનગી રૂ. ૨ાા

ગાંધીજીનો અક્ષરદેહ-૩૮: ૧૯૨૮ના નવેમ્બરની ૧લીથી ૧૯૨૯ના ફેબ્રુઆરીની ૩જી સુધીના ગાળાને આવરી લેતાં ગાંધીજીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો આ સંગ્રહ ભારતની આઝાદીની લડતમાં સીધેસીધું ફરી વાર એમણે ઝંપલાવ્યું તેના આરંભનો કાળ સૂચવે છે. આમાં આઝાદી માટેની સર્વપક્ષીય એકતા સ્થાપવાના તેમના વિચારો, તે માટેના પ્રયત્નો, અહિંસા અને સત્યાગ્રહનું મૂલ્ય વગેરે સમજાવતાં તેમનાં મંતવ્યો આદિ સ્પષ્ટપણે પ્રાકટ્ય પામ્યાં છે. (પ્રકા. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪ પાકું, પૃ. ૪૬૬, રૂ. ૧૬ાા.)

અભિનવ મહાભારત-ખંડ ૧લો: મુનિશ્રી સંતબાલાજીએ આપણા ધર્મસંસ્કૃતિ ગ્રંથ મહાભારતનાં પાત્રો-પ્રસંગોમાં આધુનિક સંદર્ભે જે નવદર્શન કર્યું તે આ પુસ્તકમાં નિરૂપાએલું છે. આપણા સંસ્કારોને પોષી સામાજિક, રાજકીય અને વ્યક્તિગત ઉન્નતિ તરફ લઈ જાય તેવું આ નવદર્શન પ્રત્યેકને વાંચવું ગમશે. (પ્રકા. ઉપર મુજબ: સંપા. મનુ પંડિત, કાચું પૂઠું, પૃ. ૪૦૨, રૂ. ૧૨.)

દિલની વાતો: રસિક ઝવેરીની કલમે લખાએલાં સંસ્મરણોનો આ ત્રીજો ભાગ એના પુરોગામી બે ભાગ જેટલો જ આસ્વાદ્ય છે. (પ્રકા. સોમૈયા પબ્લિકેશન્સ, ૩૭૨ મુંબાઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય માર્ગ, મુંબાઈ-૧૪; કાચું પૂઠું, પૃ. ૨૩૮, રૂ. ૧૮)

વાગ્ભટાલંકાર બાલાવબોધ: સંસ્કૃત અલંકારગ્રંથ 'વાગ્ભટાલંકાર' પર મેરુસુન્દર ઉપાધ્યાયે રચેલા આ બાલાવબોધનું જાણીતા વિદ્વાન ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કરેલું સંપાદન અને પ્રસ્તુત ગ્રંથમાળાના ૧૩મા ગ્રંથ તરીકેનું આ પ્રકાશન જૂની ગુજરાતીની એક વિશિષ્ટ કહી શકાય તેવી વાર્તિક શૈલીનો પણ પરિચય કરાવી જાય છે. અભ્યાસીઓને આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૧૨.)

ગુજરાતી ગ્રંથકાર શ્રેણી

અંગ્રેજીમાં જુદા જુદા સર્જકો વિષે નાની પુસ્તિકાઓની એક કરતાં વધુ શ્રેણી સુલભ હોય છે. સાઠ-પોણોસો પાનાંના આવા લઘુગ્રંથ (મોનોગ્રાફ)માં તેને સર્જક પ્રતિભા વિષે જાણવા જેવી બધી વિગતોનો એમાં સમાવેશ કર્યો હોય છે. ગુજરાતી સાહિત્યના સર્જકો-વિવેચકો-ચિંતકો વિષે આવી એક શ્રેણી શ્રી રમણલાલ જોશીના સંપાદન નીચે શરૂ થઈ છે. તેની પ્રથમ પુસ્તિકા 'પ્રિયકાન્ત મણિયાર' ડૉ. શાન્તિભાઈ આચાર્યે લખેલી પુસ્તિકા પ્રેસમાં જશે.

આ શ્રેણીમાં સર્વશ્રી ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, મનસુખલાલ ઝવેરી, યશવંત શુક્લ, અનંતરાય રાવળ, ગુલાબદાસ બ્રોકર, નિરંજન ભગત, ધીરુ પરીખ, સુભાષ દવે, રઘુવીર ચૌધરી, વાડીલાલ ડગલી, વગેરે જૂનીનવી પેઢીના લેખકોનો સમાવેશ થાય છે. પ્રકાશક: કુમકુમ પ્રકાશન, મોડેલ સિનેમા સામે, ગાંધી-રોડ, અમદાવાદ-૧ દ્વારા પ્રકાશિત થશે.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



આર. આર. ભારદ્વાજ

રલયરામ આર. ભારદ્વાજ. **જન્મ:** ૨૮ ઑગસ્ટ ૧૯૦૩. પંજાબમાં ખાડ નામે ગામમાં. મૅટ્રિક સુધી ભણ્યા પછી લાહોરમાં અબ્દુરરહેમાન ચુઘતાઈ પાસે કલા અને ફોટોગ્રાફી શીખી હિંદુસ્તાનના પુરાતત્વખાતામાં ફોટોગ્રાફર. લાહોરમાં પોતાનો સ્ટૂડિયો કર્યો. કોડાક કંપનીની સામગ્રીના ટેક્નિકલ ડેમૉન્સ્ટ્રેટર બન્યા. મસૂરીમાં ફરી સ્ટૂડિયો કર્યો, ને અંતે ૧૯૪૮ થી મુંબાઈમાં વસ્યા. દરમિયાન પોતાની કળાથી દેશ-વિદેશમાં ખ્યાતિ મેળવી. છ વાર તો તેઓ હિમાલયમાં ઘૂમ્યા છે. ફોટોગ્રાફીમાં સંખ્યાબંધ શ્રેષ્ઠ ઈનામો જીત્યાં છે. એમના અનેકવિધ વિષયોના સાદા તેમજ રંગીન ફોટોગ્રાફોની સંખ્યા લાખ ઉપરની છે, અને આજે યે એ ક્ષેત્રમાં એમની એટલી જ ઉજ્જવળ પ્રતિષ્ઠા છે.

૧ ફોટોગ્રાફીમાં આપને કયું ક્ષેત્ર વધુ પસંદ છે?

ફોટોગ્રાફીની કલા માટે સારું યે જગત પડયું પાથર્યું છે. અનંત આકાશ, ભવ્ય પર્વતો, કૂદતાં વનચર ને તરતી માછલીઓ, હરિયાળાં ખેતરો ને ગાઢાં જંગલો, મોહક મુખાકૃતિ ને વૃદ્ધ ચહેરા, હાસ્ય ને આંસુ એમ જ્યાં જુઓ ત્યાં ફોટોગ્રાફીની તક પડી જ છે. માત્ર એ માટે દષ્ટિ જોઈએ.

૨ આ દષ્ટિ કઈ રીતે કેળવાય?

મારે મન તો એ જન્મજાત આંતર પ્રતિભા છે. છતાં ફોટોગ્રાફી પ્રત્યે રસ ને ખંત રાખીને આપસૂઝ ને સતત પુરુષાર્થથી આંખ, મન ને આવડત કેળવીને આ કળા સિદ્ધ કરી શકાય.

૩ આપ સૌંદર્ય શાને કહેશો?

ફોટોગ્રાફીના રસે મને શીખવ્યું છે કે કુરૂપતા ક્યાંયે નથી. વિકૃતિ તો આપણું મન સરજે છે. બાકી નજર કેળવીએ તો સૌંદર્ય સર્વત્ર વ્યાપેલું છે. એને પકડતાં અને ફોટોગ્રાફમાં ઝડપી લેતાં આવડે એટલે પ્રત્યેક ફોટો-સર્જન કલામય બની રહે.

૪ આપ આખું ભારત ઘૂમ્યા છો. એમાં કયું સ્થળ આપને વિશેષ સુંદર લાગ્યું?

આમ તો મને સર્વત્ર સુંદરતા દેખાય છે, પરંતુ હિમાલયની ગોદમાં હું મારી જાતને યે ભૂલી જાઉં છું. એના નિત્યાનંદી મોહક જાદુમાં મને ઈશસાન્નિધ્યનો અનુભવ થાય છે. એમાંથી મને પ્રેરણા, પ્રજ્ઞા ને પ્રોત્સાહન મળ્યાં છે ને એ મારી શાશ્વત મૂડી છે.

૫ આપને કયો ફોટોગ્રાફર સૌથી વધુ ગમ્યો? કોનું વ્યક્તિત્વ ને કયો ચહેરો સૌથી વધુ ગમ્યાં?

સ્પર્ધા, સરખામણી ને પૃથક્કરણમાં હું નથી માનતો. સૌંદર્યના ચાહકને તો બધે નરી સુંદરતા જ દેખાય. પક્ષપાત, પ્રત્યાઘાત, ગમો-અણગમો એ બધું માનવીના માનસને વિકૃત કરે છે. અભેદભાવે બધું જોતાં જીવનમાં નવીન ચમક ને ઓર આનંદ ભાસશે.

૬ છતાં આપ શ્રેષ્ઠ ફોટોગ્રાફર કોને ગણો?

કલાસર્જન માટે જેનું હૃદય તીવ્રપણે તલસે એને.

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-કમરેઠ))ની સલાહ

Q. સફેદ છાશ જેવો પેશાબ થવાનું શું કારણ હશે?

* ફૉસ્ફેટ્યુરિયા નામે ઓળખાતી આ સ્થિતિમાં પેશાબમાં ફૉસ્ફેટ જાય છે. જેમની કિડનીમાં કૅલ્શ્યમની પથરી જામતી હોય તેને આવો પેશાબ થાય છે. ફૉસ્ફરસના અભિશોષણની ખામીથી પણ આવું થાય છે. બીજાં કારણોમાં દૂધનો પુષ્કળ ખોરાક ને વિટામિન 'ડી'નું સેવન છે. હાડકાંના ઓસ્ટીઓમાયેલાઈટિસ અને હાઈપર પેરાથાયરૉઈડ રોગ વખતે ફૉસ્ફરસનું પુષ્કળ વિસર્જન થાય છે.

તે થવાનું કારણ જાણી લઈ તદનુસાર ઔષધોપચારથી તે મટે છે. દૂધ ખાવાનું છોડી પેશાબ અમ્લ બને તેવાં ઔષધો લેવાથી આરામ થાય છે.

Q. એરકન્ડિશનિંગમાં રહેવાથી ચામડી સૂકી બને ખરી? ચહેરા ઉપર અકાળે કરચલીઓ પડે ખરી?

* હવામાં ભીનાશનું પ્રમાણ વધારીને કે ઘટાડીને ભેજનો અંકુશ આણવો તે એરકન્ડિશનિંગ છે. આની સાથે હવાને ઠંડી કે ગરમ કરી ઉષ્મામાનનો અંકુશ થાય છે, હવા ગળાવાથી તેનું શુદ્ધિકરણ થાય છે હવાની ગતિ અને હવાદારીનો અંકુશ પણ થાય છે. હવામાં ભેજ ઘટવાથી ચામડી સુકાય છે. એરકન્ડિશનિંગની પાસે બેસવાથી ચામડી વધારે પડતી સૂકી બને છે. અને તેથી એના ઉપર બારીક રેખાઓ પડે છે. પણ આ ચહેરા પર કરચલીઓ થવાનું કારણ ન હોઈ શકે.

એરકન્ડિશનિંગથી ચામડી વધારે પડતી સૂકી બનતી હોય તો ચામડી ઉપર ડર્મેટાઇટિસ (સોજો) થયાની અથવા ચામડી વારંવાર ધોવાની ટેવ હોઈ શકે છે. જો ચામડી પુષ્કળ ધોવાનું છોડવામાં આવે તો ચામડીના પ્રશ્નો હળવા બને છે.

Q. હાલતા દાંતનો શો ઉપાય?

* બાળપણમાં દાંતની સંભાળ બરાબર ન લેવાઈ હોય તો પુખ્ત વયે દાંતની પીડા થાય છે. શરૂઆતમાં પેઢાંમાંથી લોહી પડે છે અને બીજાં કામકાજની આડે તેની દરકાર ન કરવાથી રોગાવસ્થા આગળ વધે છે.

આપણે ખાઈએ ત્યારે બધા દાંત થોડાઘણા તો હાલે છે. દાંતનાં મૂળ કરતાં જડબામાં દાંતનો ગોખ મોટો હોય છે. સ્નાયુઓ દાંતનાં મૂળને એનાં સ્થાનમાં બરાબર જકડી રાખે છે. આ સ્નાયુઓ ઢીલા પડે, જડબું પોચું કે ચેપવાળું બને ત્યારે દાંત ઢીલા પડે છે.

પાયોરિયા રોગથી કે અપૂરતા પોષણની સ્થિતિના કારણે યા દાંત કચકચાવવાની ટેવના લીધે અને અવાળાં બગડવાના કારણે પણ દાંત ઢીલા પડે છે. રોગીષ્ઠ અવાળાં ફૂલેલાં, ચળકતાં ને રંગમાં ગાઢાં જણાય છે. દાતણ કે બ્રશ કરતી વખતે પેઢાંમાંથી લોહી પડે છે. દાંત આગળ અવાળાં ઢીલાં પડવાથી, ખાતાં ઊંચાં થવાથી તેમાં ખોરાક ને ટાર્ટર જમા થાય છે, જેના કારણે પાયોરિયા રોગ થાય છે.

અવાળાં બગડતાં હોય દાંત હાલતા હોય ત્યારે આટલું કરવું જોઈએ. ૧) ખોરાક સમતોલ જોઈએ. જરૂર પડે ઔષધરૂપમાં વિટામિનો લેવાં. ૨) શરીરના બીજા રોગના ઉપચાર કરવા. ૩) દાંત ઉપર જામેલો ટાર્ટર દૂર કરાવવો. ડેન્ટિસ્ટ પાસે અવારનવાર નિયમિત દાંતની તપાસ કરાવવી. ૪) દાંત ઉપર દિવસમાં સવાર ને સાંજ બે વાર ટુથપેસ્ટ લગાડવો. નારાયણ તેલ કે થાયમોસિનનું અવાળાં ઉપર માલિસ કરવું. ૫) રાતના દાંત કચકચાવાની ટેવ હોય તો માનસવિજ્ઞાનની સલાહ લેવી. ૬) જો થોડા દાંતનું ચાબખું હોય તો તેની ને બીજા દાંતની ડેન્ટિસ્ટ પાસે તપાસ કરાવવી.

Q. મગફળી અને અખરોટ બંનેમાંથી કોનું આહારમૂલ્ય વધારે છે?

* અખરોટ કરતાં મગફળીમાં લગભગ બમણું પ્રોટીન છે, પણ અખરોટમાં પોષણ દ્રવ્યો, બી વિટામિન, લોહ વગેરે વધારે છે. અર્ધા ઔંસ અખરોટમાંથી ૯૮ ઉષ્માંક મળે છે તો છોડાવાળી એટલી મગફળીમાંથી ૮૦ ઉષ્માંક. બંનેનું આહારમૂલ્ય સારું છે, બંને ખાવાથી ખાધાનો સંતોષ મળે છે અને પેટ ભરાય છે.

Q. રોજ જેટલું ખાઇએ તે પ્રમાણમાં વજન કેમ વધતું નહિ હોય?

* ખોરાકનું પ્રમાણ નહિ, પણ તેની કૅલરી વજન વધારનાર છે. હા, ખાધા બાદ ખોરાકના વજન જેટલું શરીર ભારે થાય ખરું. પણ ખોરાકના ચયાપચય બાદ જેટલી કૅલરી પેદા થાય અને રોજિંદી જીવનક્રિયામાં તેનો વપરાશ થયા બાદ જેટલી તે વધે તેના પ્રમાણમાં શરીરનું વજન વધે છે. ૩૫૦૦ કૅલરીમાંથી એક રતલ વજન પ્રાપ્ત થાય છે.

વળી, શરીરનું વજન કદી સ્થિર હોતું નથી. પરંતુ અમુક વજનની આસપાસ તેની વધઘટ થયા કરે છે. □

ટિકિટ-સંગ્રહ





છેલ્લા એકાદ માસમાં ભારતની ઘણી નવી ટપાલટિકિટો બહાર પડી. એમાંની ઉપરની ટિકિટ શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા યુનિવર્સિટી (મુંબાઇ)ની સુવર્ણજયંતી નિમિત્તની છે. જમણી બાજુ મથાળે ડાબી બાજુથી અનુક્રમે (૧) ગઈ સદીના વિખ્યાત હિંદી સાહિત્યકાર તથા સમાજસુધારક ભારતેન્દુ હરિશ્ચંદ્રની યાદમાં (૨) બંગાળી સમાજ અને ખાસ તો નારી-ભાવનાઓનું અત્યંત સુંદર આલેખન કરનાર સુખ્યાત લેખક શરદચંદ્ર ચટ્ટોપાધ્યયની જન્મ શતાબ્દી નિમિત્તે, (૩) મહાભારતકાલીન આગ્રેય જનપદ સ્થાપક રાજા અગ્રસેનની યાદમાં (એના સમયના એક સિક્કા તથા તે કાળના એક પુરાવશેષના ચિત્રણ સાથે, (૪) ગાંધીજીના જન્મદિને (પાંચમી નિયત ટિકટ), (૫) સ્વૈચ્છિક રક્તદાનની ભાવના તથા (૬) પરિવાર નિયોજનના વિચારને વેગ આપવા નિમિત્તે બહાર પટેલી ટિકિટો છે. દરેક પર જે તે નિમિત્તનાં સુંદર સૂચક ચિત્ર તથા છબી આપ્યાં છે.





△ આ માસમાં ભારતીય વન્યજીવોને રજૂ કરતી આ ચાર ખાસ બહુરંગી ટિકિટો પણ આકર્ષક બની રહી છે. એના પર (ઉપરથી ડાબી બાજુ) અનુક્રમે તરાઈ, આસામ ને સુંદરવનમાં દેખાતા બારાસિંગાનું, દીપડાનું, કચ્છ તરફ 'હ્રયનાતરા' નામે ઓળખાતા રણ-ઝાંખરાંવાળા સૂકા પ્રદેશના બિડાલવર્ગના હિંસક પ્રાણીનું તથા છેલ્લે એક માત્ર ગિરમાં જોવા મળતા એશિયાઈ સિંહનું સુંદર આલેખન છે.

◁ બ્રિટનમાં મુદ્રણકળાના સ્થાપક કૅક્સ્ટન પ્રેસની ગયા માસમાં ૫૦૦મી જયંતી ઊજવાઈ, એ નિમિત્તની આ ચાર ખાસ ટિકિટમાંની મૂલ્યાનુક્રમે પહેલી ત્રણ ટિકિટ પર એ પ્રેસમાં આરંભકાળમાં છપાએલા નમૂનાઓનું ને છેલ્લી પર એ સમયના મુદ્રણયંત્રનું આલેખન છે. (પ્રેષક : રમણિકલાલ સોલંકી, લંડન)

વૃક્ષ-વેલ-પરિચય [૫૦]
લકુચ



લકુચ એ ફણસની જાતનું જ એક મોટું પાનખરી વૃક્ષ છે. એને 'ક્ષુદ્રફણસ' પણ કહે છે.

એની છાલ ખરબચડી ને રતુમડા તપખીરી રંગની. પાન દોઢ-બે વેંત લાંબાં ને ત્રણથી પાંચ આંગળ પહોળાં, મજબૂત તથા ચવડ. ઉપરથી એ લીસાં ને નીચલી બાજુએ રુંવાટી-વાળાં હોય છે.


લકુચને પણ નર-માદા એમ અલપ અલગ ફૂલ હોય છે. નર ફૂલ એક વર્ષ જૂની ડાખળી પર માદા ચાલુ વર્ષની ડાખળી પર ઊગે છે. દેખાવે એ બંને ભિન્ન જણાઈ આવે છે. નર ફૂલનાં ટોચકાં ખાઈ શકાય છે.

લકુચનું ફળ સીતાફળ જેવડું ને અનિયમિત દડાકારનું હોય છે. એની છાલ લગભગ લીસી હોય છે. પાકે ત્યારે એ પીળચટું બની જાય છે. લકુચ (ફળ) ખાઈ શકાય છે એટલે જ અને છાયાવૃક્ષ તરીકે એને ખાસ ઉગાડાય છે. વગ-ડાઉ દશામાં આ વૃક્ષ જવલ્લે જ મળતું હોઈ લકુચનું લાકડું વિવિધ ઉપયોગમાં સારું ગણા-વા છતાં બહુ ઓછા પ્રમાણમાં મળે છે.

લકુચનાં બીજ પણ જલદી સડી જતાં હોઈ તાજાં જ વવાય છે. પ્રથમ કૂંડામાં એનો છોડ તૈયાર કરીને પછી એને સ્થાયી જગ્યાએ રોપી-ને ઉછેર કરવામાં આવે છે.

લકુચના મૂળમાંથી પીળો રંગ મળે છે.

અસલ આ વૃક્ષ કયા પ્રદેશનું છે એ નિશ્ચિત નથી. પણ હિમાલયની તળેટીમાં કુમાઉંથી આસામ સુધી ને ઓરિસ્સા તથા પશ્ચિમ ઘાટ-માં ને આંદામાનમાં મોટા પ્રમાણમાં એને ઉગાડાય છે. શ્રીલંકા તથા બ્રહ્મદેશમાં પણ આ વૃક્ષ ઘણું જાણીતું છે. □




અને નવા વર્ષ તણું પ્રભાત
માનવ્યના ભવ્ય અનંત સ્વપ્ન શા
કો આત્મલક્ષી યુગની અનર્ગલા
બની રહે આરતી નવ્ય મંગલા.

—કરસનદાસ માણેક

આદર્શ કેળવણીકાર અને વિદ્વાન સ્વ. કલ્યાણરાય જોષી

ગયા જુલાઈ માસની ૧૯મી તારીખે દ્વારકાના સુવિખ્યાત કેળવણીકાર ને પુરાતત્ત્વરસિયા વિદ્યાવ્યાસંગી કલ્યાણરાય નથુભાઈ જોષીનું પોરબંદરમાં ૯૨ વર્ષની વયે અવસાન થયું. એમના જવાથી, અનેક સંકટો વેઠી આપબળે વિદ્યાસાધના કરી શિક્ષણક્ષેત્રે અક્ષરજ્ઞાન ઉપરાંત વિદ્યા-ર્થીઓમાં જીવનના ઉચ્ચ આદર્શો સીંચનાર એક આદર્શ પુરુષાર્થીની આજના સમયમાં પુ-રાવી મુશ્કેલ એવી ખોટ પડી છે.

એમનો જન્મ દ્વારકા પાસેના બેટ શંખોદ્ધારમાં તા. ૧૨મી જુલાઈ ૧૮૮૫ (સંવત ૧૯૪૧ જેઠ વદ અમાસ)ના રોજ થએલો. દાદા ત્યાંના મંદિરના રસોઈઘરમાં કામ કરતા. એક નાનકડા ખંડમાં સમાવેશ પામતા સમગ્ર કુટુંબની કંગાળ આર્થિક સ્થિતિ સુધારવા પિતાએ દ્વારકા જઈ નસીબ અજમાવવા કોશિશ કરી, પણ એ નિષ્ફળ ગઈ. અને એવી તંગ સ્થિતિમાં કલ્યાણરાય-ભાઈએ એ સમયનાં અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો. વધુ અભ્યાસની ત્યારે ત્યાં સગવડ નહોતી અને અગિયારમે વર્ષે તો એમનાં લગ્ન થઈ ગએલાં, એટલે કુટુંબમાં સહાયરૂપ બનવા એમણે બેટમાં જ પાંચ રૂપિયાના માસિક પગારે શિક્ષકની નોકરી સ્વીકારી લીધી. પણ એમની વિદ્યાભ્યાસની લગની સતત જલતી જ રહી હતી. એક તક મળી ગઈ: રાવબહાદુર સુંદરદાસ નારણદાસ સૉલિસિટર પોતાના પુત્રના શિક્ષણાર્થે એમને મુંબાઈ લઈ ગયા. ત્યાં કલ્યાણ-રાયભાઈને પોતાનો અધૂરો અભ્યાસ પૂરો કરવાની પણ સગવડ મળી. મૅટ્રિકની પરીક્ષામાં વિજ્ઞાનમાં બહુ જ સારા માર્ક સાથે તેઓ પાસ થયા અને એ બદલ શિષ્યવૃત્તિ તથા જી. ટી. બોર્ડિંગમાં રહેવાની સગવડ મળી. એથી પ્રોત્સાહિત થઈ તેઓ એલ્ફિન્સ્ટન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે જોડાઈ ગયા. પણ આનાથી કુટુંબની આર્થિક ભીંસમાં કંઈ ફર્ક પડ્યો નહિ. એ-વામાં પિતાનું અવસાન થયું અને કૌટુંબિક જવાબદારી વધી પડતાં એમણે બહુ દુભાતે દિલે અભ્યાસ છોડી દેવા વિચાર્યું. રેલવે ખાતામાં નોકરી પણ મળી. પરંતુ એ જ વખતે શેઠ હંસ-રાજ પ્રાગજી ઠાકરસીએ એમની તેજસ્વિતા પિછાની લઈ એમના વધુ અભ્યાસની જવાબ-દારી પોતે ઉપાડી લેવાની ભાવના પ્રકટ કરતાં વિદ્યાપ્રેમી કલ્યાણરાયભાઈએ નોકરી જતી કરી અભ્યાસ જારી રાખ્યો.



કૉલેજમાં એમના સંસ્કૃતના પર્યાપ્ત જ્ઞાનથી પ્રભાવિત ડૉ. ભાંડારકરે એમને હવે આગળ અભ્યાસમાં સંસ્કૃત છોડી વિજ્ઞાનનો અભ્યાસ કરવા સલાહ આપતાં એને માન્ય રાખી કલ્યા-ણરાયભાઈ ફીઝિક્સ–કેમિસ્ટ્રીનો વિષય લઈ બી. એ. થયા. વિદ્યાભ્યાસમાં એમણે દાખવેલી પ્રતિભાથી પ્રભાવિત થઈ વડોદરા રાજ્યના વિ-દ્યામંત્રી મસાણીએ એમને રાજ્યની મહિલા સ્કૂલના આચાર્ય તરીકે તુરત ઝડપી લીધા, પણ વતનની સેવાની ધગશથી કલ્યાણરાય-ભાઈએ દ્વારકામાં નવ ધોરણ સુધીની શાળાના

આચાર્યપદની માગણી મૂકી અને માત્ર ૨૪ વર્ષની વયે તેઓ એ શાળાના આચાર્ય બન્યા. અહીંથી આરંભીને એમણે કેળવણીના ક્ષેત્રમાં ઉત્તરોત્તર જે સુવાસ ફેલાવી તેનાથી તેઓ એક આદર્શ કેળવણીકાર તરીકે સુખ્યાત બની ગયા.

એ કાળે એમણે ગાંઠને ખર્ચે રાજ્યના કેળવણી ખાતામાં ધક્કા ખાઈખાઈને બાલમંદિર, કન્યાશાળા, ઉર્દૂ મદ્રેસા ને ચુમાળીસ ગામોમાં નવી શાળાઓ સ્થાપી હતી. ઈ. ૧૯૪૪માં વડોદરા રાજ્યની નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યારે રાજકોટના જાણીતા વીરાણી-પરિવારે એમની સેવા સત્કારીને ત્યાંની વિવિધલક્ષી વીરાણી હાઈસ્કૂલની સ્થાપના કરી. સૌરાષ્ટ્રની સરકારે પણ પોતાના કેળવણી-ખાતામાં એમને સલાહકાર તરીકે નીમેલા. દ્વારકાની શારદાપીઠ સંસ્કૃત સંશોધન કેન્દ્ર ને કૉલેજ, ગર્લ્સ હાઈસ્કૂલ, ઓખા–મીઠાપુરની હાઇસ્કૂલો, હંસરાજ પ્રાગજી ઠાકરસી કેળવણી ટ્રસ્ટની સંસ્થાઓ, એમ સૌરાષ્ટ્રના એ પંથકની સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓના વિકાસમાં કલ્યાણરાયભાઈનો શિક્ષણપ્રેમ અને સક્રિય સાથ રહ્યો છે. ઓખામંડળની અભણ વસતિ માટે ધંધાકીય તાલીમનો ખયાલ પણ એમણે છેક ઈ. ૧૯૧૭–૧૮ના અરસામાં વડોદરા રાજ્ય સમક્ષ મૂકેલો. બેટ શંખોદ્ધારમાં નૌકાશિક્ષણની શાળા સ્થાપવાનું સૂચન પણ એમણે કરેલું. વડોદરા રાજ્યના ગામેગામમાં સહકારી મંડળો, વૈદકીય સારવાર, ઉત્તમ ઓલાદનાં ઢોરનો ઉછેર, ઘાસચારાની કાયમી વ્યવસ્થા ને પાણીના પુરવઠાની યોજનાઓ પણ એમણે રજૂ કરેલી. ઓખામંડળના ભારાડી વાઘેરોને સારા નાગરિક બનાવવાનું કામ પણ એમણે ઉપાડેલું. મોતીભાઈ અમીને ઉપાડેલી પુસ્તકાલય પ્રવૃત્તિમાં પણ એમણે પૂરો સાથ આપેલો. અસ્પૃશ્યતા નિવારણની પણ એમણે હિમાયત કરેલી. પાટણ હાઈસ્કૂલમાં સામાન્ય જ્ઞાન વ્યાખ્યાનમાળા શરૂ કરીને એમણે શિક્ષણક્ષેત્રે એક નવી દિશા પણ ખોલી હતી. આમ, 'કેળવણી માટે જીવન અને જીવન એટલે કેળવણી' એ એમના એક મુદ્રાલેખ અનુસાર એમણે સમાજની સર્વાંગી કેળવણીમાં માત્ર રસ જ નહિ સક્રિય કાર્ય કરી એક આદર્શ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

વળી, કેળવણી ઉપરાંત, સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ ઈત્યાદિમાં પણ રસ કેળવેલો. ઈ. ૧૯૧૬ થી '૨૨ દરમિયાન 'કેળવણી' નામના સામયિકનું તંત્રીપદ એમણે સંભાળેલું. 'સયાજી વિજય'ના ભેટપુસ્તક માટે એમણે 'સ્નેહગીતા' અને 'સ્નેહજ્યોત.' એ બે નવલકથાઓ લખેલી. 'સ્નેહજ્યોત'ની તો બળવંતરાય ઠાકોરે પણ પ્રશંસા કરેલી. એમનું લખેલું 'સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી'નું ચરિત્ર પણ પ્રશંસનીય બન્યું હતું. અંગ્રેજીમાંથી વિજ્ઞાન-વિષયક કેટલાંક ભાષાંતરો પણ એમણે કર્યાં હતાં, અને એ વિષયનાં કેટલાંક સ્વતંત્ર ગુજરાતી પાઠ્યપુસ્તકો પણ એમણે લખેલાં. હમણાં ત્રણેક વર્ષ પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલું 'દ્વારકા–વસઈના પુરાણા અવશેષો'નું સચિત્ર પુસ્તક એમની પુરાવસ્તુપ્રીતિ ને સંશોધનપ્રેમનું દ્યોતક છે. 'ઓખામંડળના વાઘેર' વિષેના એમના પુસ્તકને તો ૧૯૬૬–૭૦ દરમિયાનના શ્રેષ્ઠ ઈતિહાસ ગ્રંથ તરીકે 'નર્મદ સુવર્ણચંદ્રક' પણ મળ્યો હતો. અને આ વાઘેરો વિષે એમની લખેલી બીજી ઘણી સામગ્રી હજી અપ્રકટ છે. વડોદરાના 'ઓરીએન્ટલ ઇન્સ્ટિટ્યુટ' અને 'પ્રેમાનંદ સાહિત્ય સભાના' ઉપક્રમે એમણે વ્યાખ્યાનો પણ આપેલાં. આ સિવાય વિધવિધ સામયિકોમાં પણ એમણે અવારનવાર ઘણું લખ્યું છે. કાવ્યરચનાઓ પણ એમણે કરી હતી. અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તેઓ એક ઉત્તમ વક્તા હતા. આમ એમની અનેકવિધ લોકોત્કર્ષ સાધક પ્રવૃત્તિઓને કારણે તેઓ સંખ્યાબંધ સંસ્થાઓ સાથે સંકળાએલા રહેતા અને એમાં માનભર્યું સ્થાન પણ પામેલા. અનેક વિદ્વાનો અને બહુશ્રુત વ્યક્તિઓનો એમને સતત સંપર્ક હતો. રણજિતરામ વાવાભાઇ જેવા સાક્ષરે એમને 'સૌરાષ્ટ્રના સાચા માસ્તર' તરીકે તો કવિ નાનાલાલે એમને 'દ્વારકાના સાચા બ્રાહ્મણ' તરીકે બિરદાવ્યા હતા. કવિ નાનાલાલના ગીતાના સમશ્લોકી ભાષાંતરના પ્રકાશનનું ઉદ્‌ઘાટન પણ એમના હસ્તે કરવામાં આવેલું. દ્વારકા મ્યુનિસિપાલિટીના તેઓ પ્રથમ લોકલ પ્રમુખ બનેલા. પરંતુ એમની આ બધી જ અને અનેકવિધ પ્રવૃત્તિઓની પાછળ એમની એક આદર્શ કેળવણીકાર તરીકેની પ્રતિભા જ મુખ્યત્વે ઊપસી આવે છે. અને એમાં એમની કોઇ એષણા નહોતી.

એમના આ આદર્શ જીવનનો પ્રભાવ એમના કુટુંબમાં પણ પ્રતિબિંબિત થાય છે. એમના પુત્ર લલિતવદન આજે પોરબંદરમાં 'એ. સી. સી.'માં ઉચ્ચ અધિકારીપદે છે. એમનાં પુત્રી સ્વ. નિર્મળાબહેન દ્વારકામાં હાઈસ્કૂલમાં સહશિક્ષણ લેનાર પ્રથમ વિદ્યાર્થિની હતાં. એમનાં પુત્રવધૂ પણ પોતાના અભ્યાસમાં એમનું માર્ગદર્શન પામતાં રહેલાં. કથળતી ગએલી શિક્ષણપદ્ધતિ પ્રત્યે એમને ઊંડું દુઃખ હતું. છેક ઈ. ૧૯૩૪માં બાળકોને સાચા અર્થમાં શિક્ષિત બનાવવા એમણે માત્ર શાળાઓ પર આધાર ન રાખતાં પ્રત્યેક મા–બાપ અને સૌ લાગતાંવળગતાંને પણ સજગ રહેવા સૂચન કરેલું. ઈ. ૧૯૨૬માં એમણે શિક્ષકના મોભાને ઊંચું સ્થાન આપવામાં ન આવે તો પ્રજા પર એક પ્રકારની આફત ઊતરી આવશે એવી આગાહી કરી હતી. છેલ્લે મૃત્યુને પણ એ જીવી ગયા. વર્તમાનપત્રમાં એક મૃત્યુ–નોંધ જોઈ એમણે પુત્રવધૂને કહેલું કે આવતી કાલે મારી પણ મૃત્યુ નોંધ પ્રગટ થશે. સૌએ એ વાત હસી કાઢી. બીજી સવારે કહે: 'મારા પૌત્રને યોગ્ય શિક્ષણ મળ્યું, આજે સારી નોકરી પણ મળી. સંસારમાં સારાં કાર્યો કર્યાનો સંતોષ છે. હવે જવાનું છે તો પણ કેટલી પ્રસન્નતા છે!' સાંજે પૂછ્યું: 'ભાઈ (લલિતવદન) આવ્યો?' અને ભાઈ આવ્યા ત્યારે એને સ્નેહ કરી પોતે પોઢી ગયા–સદાને માટે. કેળવણી માટે એ જીવ્યા અને મૃત્યુને પણ કેળવણીનું એક રૂપ આપતા ગયા.

—પુષ્કરભાઈ ગોકાણી

મોરીશિયસ

ગયા ઑગસ્ટની આખરમાં 'દ્વિતીય વિશ્વ-હિંદી સંમેલન'ના આયોજનને કારણે અને તાજેતરમાં આપણાં વડાં પ્રધાનની ત્યાંની મુલાકાતને લીધે મોરીશિયસનું નામ છાપાંઓમાં ઠીકઠીક ચમકી રહ્યું છે. હિંદી મહાસાગરમાં માલાગાલી પ્રજાસત્તાક (માડાગાસ્કર)થી પૂર્વમાં પાંચસો-સાડાપાંચસો માઈલ દૂર આવેલો આ ટાપુ સામાન્ય કદના નકશામાં તો માત્ર એક ટપકા જેટલો જ જણાય છે. માત્ર ૭૨૦ ચો. મા.નો એનો વિસ્તાર છે. છત્રીસેક માઈલ લાંબા અને છવીસેક માઈલ પહોળા આ ટાપુનો આકાર કંઈક ત્રિકોણ જેવો લંબગોળાકાર છે. તે અનિયમિત કંઠારવાળો છે. આટલાંટિક મહાસાગરને તળિયે આવેલી દુનિયાની જે સૌથી લાંબી પર્વતમાળ છે એ દક્ષિણ આફ્રિકાને ચકરાવો લઈને હિંદી મહાસાગરમા બે શાખામાં ફંટાય છે. એમાંની એક પૂર્વ આફ્રિકા તરફની લાવારસની બનેલી શિખરમાળાનાં કેટલાંક શિખરો હિંદી મહાસાગરમાં સપાટી બહાર નાનામોટા બેટ રૂપે ડોકાય છે. મોરીશિયસ એવો જ એક બેટ છે. ઉત્તરથી આરંભાઈ એના મધ્ય ભાગ સુધીનો પ્રદેશ ઊંચાં શિખરોવાળો છે, તો એથી આગળ દક્ષિણ અને પશ્ચિમ કંઠાર તરફનો ભાગ એકદમ નીચો છે.

અગાઉ અરબ, મલય અને પોર્ટુગીઝ લોકોને આ ટાપુના અસ્તિત્વની જાણ તો હતી જ, પણ ઈ. ૧૫૯૮માં ડચ લોકો પહેલી વાર આ ટાપુ પર આવીને રહ્યા હતા. પોતાના રાજા 'પ્રિન્સ મોરિસ ઑવ નાસુ'ના નામ પરથી એમણે આ ટાપુને મોરીશિયસ નામ આપ્યું. ઈ. ૧૬૩૮થી લો એમણે અહીં રીતસર વસાહત સ્થાપી, પણ પછી માફક ન આવતાં ૧૭૧૦માં તેઓ અહીંથી ચાલ્યા ગયા. આ પછી થોડાં વર્ષે ફ્રાંસના માહે દ' લાબુરદોનાઈસે આ ટાપુ કબજે કરી એને 'આઈલ દ' ફ્રાંસ' નામ આપ્યું. પશ્ચિમ કંઠારે પર્વતોથી વીંટળાએલી થોડી સપાટ ભૂમિમાં એણે પોર્ટ લૂઈનું બંદર વિકસાવ્યું અને વહીવટી વડું મથક પણ ત્યાં જ રાખ્યું. આજે યે પોર્ટ લૂઈમાં એની યાદમાં એક કાંસ્યપ્રતિમા ઊભી છે. પોર્ટ લૂઈમાં એણે કિલ્લેબંધી પણ ઊભી કરી. આ ટાપુ પર અવારનવાર ફૂંકાતા વાવંટોળ સામે ખેતી માટે સલામત એવી શેરડીનું વાવેતર પણ કરાવ્યું. યુરોપમાં શેરડી થતી નથી અને બીટમાંથી બનતી ખાંડ શેરડીની ખાંડ જેવી મીઠી હોતી નથી એટલે ટાપુની સમૃદ્ધિ વધારવા શેરડીના વાવેતરને યોગ્ય રીતે જ પસંદ કરેલું. વળી, લાવારસની બનેલી આ ભૂમિની ફળદ્રુપતા પણ એને વધુ અનુકૂળ બની રહી. આપણે ત્યાં મોરીશિયસથી ખાંડની મોટી આયાત થતી. મોરીશિયસ પરથી જ આપણામાં ખાંડને માટેનો 'મોરસ' શબ્દ પ્રચલિત બન્યો છે.

નેપોલીઅન સામેના યુદ્ધ દરમિયાન ફ્રાંસનો આ ટાપુ અંગ્રેજોએ ત્યાં લશ્કર મોકલીને કબજે કરી લીધેલો અને પારી(સ)ની સંધિ અનુસાર એને સત્તાવાર રીતે પોતાના સામ્રાજ્યમાં જોડી દીધો. આ પછી ઈ. ૧૯૦૩ સુધી મોરીશિયસનો વહીવટ સીશલિસ ટાપુના વહીવટની જોડે સંકળાએલો રહ્યો હતો. પણ પછી બંને ટાપુને વહીવટી રીતે અલગ પાડવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી પૂર્વની બ્રિટિશ રાજસત્તાના અનેક દેશોની જેમ ઈ. ૧૯૬૮ની ૧૨મી માર્ચે આ ટાપુને પણ સ્વતંત્ર રાજસત્તા મળી અને ઈ. ૧૯૬૮ના એપ્રિલમાં એને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ સ્થાન મળ્યું.

દક્ષિણ ગોળાર્ધમાં ૧૯°-૫૮' ને ૨૦°-૩૨' દ. અક્ષાંશની વચ્ચે તથા ૫૭°-૧૮' અને ૫૭°-૪૯' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલા આ બેટનું હવામાન શિયાળામાં ખુશનુમા અને ડિસેમ્બરથી એપ્રિલ દરમિયાન બહુ ગરમ રહે છે. વરસાદ પશ્ચિમમાં સરાસરી ૩૧ ઇંચ જેટલો તો અગ્નિકોણ તરફ કલની બાજુ ૧૪૫ ઇંચ જેટલો પડે છે. અહીં નદીઓ નાની જ છે. વરસાદમાં છલકાય, ગરમીમાં સુકાઇને ઝરણા જેવી બની રહે. મુખ્ય નદી ગ્રાંદ રીવીએર માત્ર દસ જ માઈલ લાંબી છે.

પહેલી વાર ગોરાઓ અહીં આવ્યા ત્યારે ફળ પર નભતાં વનવાગોળ સિવાય આ બેટ પર અન્ય કોઈ સસ્તન પ્રાણીઓ નહોતાં. પાછળથી બહારથી કેટલાંક પ્રાણીઓ અહીં આવ્યાં છે.

પોર્ટ લૂઈ એ મોરીશિયસનું મુખ્ય શહેર અને બંદર. ટેકરીઓથી વીંટળાએલા કિલ્લેબંધીવાળા આ શહેરથી દૂર ૧૮૦૦ ફૂટની ઊંચાઈએ ક્યોરપાઈપ નામે એક બીજું શહેર વસ્યું છે, એ પણ એક મુખ્ય શહેર છે. આ ઉપરાંત રોઝ હિલ અને બ્યુ બેસીન પણ અગત્યનાં મોટાં ગામ છે. સમગ્ર ટાપુની વસતિ ૧૯૭૦ના આંકડા પ્રમાણે નવેક લાખની છે. આમાં લગભગ અર્ધોઅર્ધ તો મૂળ ભારતીય હિંદુ છે. બ્રિટિશોએ જ્યારે અહીં શેરડીનાં વાવેતર વધાર્યાં ત્યારે હિંદુસ્તાનમાંથી ખેતમજૂરી માટે ગુલામો લઈ ગએલા. ઈ. ૧૮૦૩ના ગુલામીની નાબૂદીના કાયદા પછી એ બધા સ્વતંત્ર બન્યા, ને ત્યાં જ સ્થાયી થઈ રહ્યા. બીજી બાજુ આ દેશની વધતી જતી સમૃદ્ધિ ને ખુશનુમા હવામાનથી આકર્ષાઈને ગોરાઓ પણ આવ્યા. એમણે નવાંનવાં હિલસ્ટેશનો વિકસાવ્યાં. નૅરોગેજ રેલવે પણ નાખી. આજે લગભગ ૧૧૦૦ માઈલ જેટલો ધોરી માર્ગ પણ છે. આજે તો આ ટાપુ પર પણ વસતિ ખદબદે છે. અર્ધોઅર્ધ વસતિ હિંદુસ્તાનના હિંદુઓની, ચૌદેક ટકા હિંદી મુસલમાનો અને સત્યાવીસ ટકા ક્રેઓલ એટલે કે યુરોપવાસીઓની તથા બાકીની અન્ય પ્રજા છે, જેમાં હિંદીઓની પેઠે અહીં આવેલા આફ્રિકી ગુલામોના વંશજો પણ સમાવિષ્ટ થાય છે. આ જ પ્રમાણે પ્રજા મુખ્યત્વે હિંદુ, ખ્રિસ્તી, મુસલમાની અને ત્રણેક ટકા અન્ય ધર્મ પાળે છે. વહીવટી ભાષા અંગ્રેજી પછી હિંદી, ઉર્દૂ ને અરેબિકનું ચલણ મુખ્ય છે. અહીં પાર્લમેન્ટરી રાજવહીવટ ચાલે છે જેમાં વડા પ્રધાન એ વહીવટી વડા ગણાય છે. મોરીશિયસના આજના વડા પ્રધાન શિવસાગર રામગુલામ હિંદુ છે. ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ અહીં ખાસ નજરે ચડે છે. વસતિમાં બેએક હજાર મૂળ ગુજરાતી, બારેક હજાર મહારાષ્ટ્રી, સોળેક હજાર આંધ્રવાસી ને ચુંમાળીસેક હજાર તમિળ છે એટલે સ્વાભાવિકરીતે જ હિંદી ભાષાનો પ્રભાવ અહીં વિશેષ દેખાય છે. અને એથી જ બીજું વિશ્વ-હિંદી સંમેલન યોગ્ય રીતે જ અહીં યોજાયું હતું. ભારત પ્રત્યે આ પ્રજાને આદરભાવ છે. અહીંની સરકારી માધ્યમિક શાળાઓમાં હિંદી શીખવાય છે અને આગળ જતાં આ ભાષાને યુનિવર્સિટીમાં પણ સ્થાન મળશે જ. અંગ્રેજી ને ફ્રેંચ ઉપરાંત અહીં હિંદી, ઉર્દૂ ને તમિળ નાટકો પણ હવે ભજવાવા લાગ્યાં છે. મરાઠીમાં પણ હવે ભજવવાની વિચારણા ચાલે છે.

મોરીશિયસ બીજી બે રીતે પણ મહત્ત્વનો ટાપુ છે. એક તો આજે તદ્દન નાશ પામી ચૂકેલા 'ડોડો' પંખીનું એ વતન છે. નાની પાંખોને કારણે ઊડી નહિ શકતા, ત્રણેક ફૂટ ઊંચા આ પંખીની સમગ્ર જાત આરંભમાં અહીં આવીને રહેનારા માનવીઓએ પોતાના પેટમાં હોમી દીધી છે! છેલ્લી બે સદીથી આ પંખીનો નાશ થઈ ગયો છે. અને બીજું, આ ટાપુ પર સાપ થતા નથી. આ ટાપુ પર બિલકુલ લશ્કર નથી. સ્વાતંત્ર્ય પછી અહીં રમખાણો થએલાં ત્યારે વડા પ્રધાન રામગુલામની વિનંતીથી બ્રિટને છેક હૉંગકૉંગથી લશ્કર લાવીને એને શમાવી દીધાં હતાં.

ખાંડ, મોલેસિસ, રમ અને સિગારેટ એ અહીંનું મુખ્ય ઉત્પાદન; શેરડી, ચા, તમાકુ, બટાટા ને ડુંગળી મુખ્ય પેદાશ; મીઠું અને ચૂનો મુખ્ય ખનિજ; ચોખા, ઘઉં, કાપડ, પેટ્રોલિયમની પેદાશો, ખાતર અને યંત્રોની આયાત સામે ખાંડ, મૉલેસિસ ને ચાની નિકાસ થાય છે.

પચરંગી મલય પ્રજા

જ્યારે આર્યો ભરતખંડમાં આવી રહ્યા હતા ત્યારે સિયામ (થાઈલૅન્ડ), મલાયા અને ઈન્ડોનેશિયા તરફ ચીનના યુનાન પ્રાંતમાંથી વૃક્ષોની આંતરછાલ પહેરતી પ્રજા ઊતરી આવી. આગળ જતાં બીજી જાતિઓ



મલાયાની સમગ્ર વસતિ મિશ્ર છે, જેમાં મુખ્ય છે: (ડાબી બાજુથી) મલાયન, ચીની, હિંદી–તમિળ, આદિવાસી અને અંગ્રેજ

સાથે એ ભળી ગઈ અને તેમાંથી આજની મૂળ મલય પ્રજા બની. એ ખેતી કરતી અને ભેંસ તથા ભૂંડ ઉછેરતી.

વિષુવવૃત્તથી થોડા જ અંશ ઉત્તરે આવેલો આ દેશ એની અસાધારણ ફળદ્રુપતાને કારણે તથા ભારતથી ચીન જવાના જળમાર્ગ પર અગત્યના સ્થાન પર હોઈ બહુ પુરાતન કાળથી દેશવિદેશ સાથેના એના સંબંધો વિકસેલા છે. મલાક્કા ને સુંદ સામુદ્રધુની પર ઈ. ૯૦૦થી ૫૦૦ વર્ષ સુધી સાર્વભૌમત્વ ધરાવી ગએલા બૌદ્ધ રાજા શ્રીવિજયના સામ્રાજ્ય જેટલો જૂનો ભારત અને આ તરફના દેશોનો સંબંધ છે. શ્રીવિજયનો આ વ્યાપાર-સામ્રાજ્ય વિસ્તાર હતો. ભારત અને દૂર પૂર્વના દેશો વચ્ચેના અહીંના જળમાર્ગે ચાલતા વ્યાપાર પર એ કરવેરા ને જકાત ઉઘરાવતો. અનેક સાહસિક વસાહતીઓ, ધર્મપ્રવર્તકો, કારીગરો, વેપારીઓ, યુદ્ધ-વિશારદો, કલાકારો, કૃષિનિષ્ણાતો વગેરે ભારતથી અહીં આવી વસ્યા હતા. મલય પ્રજા તેમની પાસેથી લિપિ, વિદ્યા, કળા અને ધર્મ પામી. શ્રીવિજયની યે પહેલાંથી ભારત સાથેનો આ નાતો ચાલુ હતો. મલાયા, સિયામ અને હિંદી ચીનમાં હિંદુ સામ્રાજ્ય પણ સ્થપાયું હતું. આ પછી જાવાના મહ્જાયહિત હિંદુ રાજાએ શ્રીવિજયને હરાવીને મલાક્કાથી પીછેહઠ કરવાની ફરજ પાડી. ત્યાર પછી જાવી શાસ્ત્રો, ભાષા ને લોકકથાઓ એ મલાયાની જીવનપ્રણાલિનાં અંગ બની ગયાં. ૧૫મી સદીની શરૂમાં પ્રસિદ્ધ મલયકુમાર પરમેશ્વરની સત્તા નીચે મલાક્કાએ મુક્તિનો આસ્વાદ માણ્યો હતો. તે જાવાની રાજકુમારીને પરણ્યો હતો; પણ પછી રાજકીય કારણોથી વૃદ્ધાવસ્થામાં સુમાત્રાની મુસ્લિમ શાહજાદીને પરણીને મુસ્લિમ બની ગયો હતો ને મેગાત ઈસ્કંદરશાહ નામ ધારણ કરેલું. પરંતુ એના વારસે બૌદ્ધ ધર્મ રાખીને શ્રીવિજયના મહારાજાનો ખિતાબ પસંદ કર્યો. તેણે ભારતીય ઢબે રાજતંત્ર સ્થાપ્યું.

પરંતુ આરબો ઉપરાંત ભારતના પૂર્વકાંઠેથી પણ મુસલમાનો આ તરફ પ્રસરી રહ્યા હતા. તમિળ મુસ્લિમ વેપારીઓએ હિંદુ ગાદીવારસનું ખૂન કરાવી તમિળ માતાથી જન્મેલા એના નાના ઓરમાન ભાઈને ગાદીએ બેસાડયો ને એને સુલતાન મુઝફ્ફરશાહ નામ આપ્યું. આ મુઝફ્ફરશાહે મલાયા ને સુમાત્રામાં મુસ્લિમ ધર્મ વધુ પ્રસાર્યો. આમ, અગ્નિએશિયામાં આજે જ્યાં મુસ્લિમ ધર્મ છે તે ફેલાવવામાં હિંદુસ્તાનના તમિળ મુસ્લિમોનો ફાળો આગળપડતો છે. સત્તરમી સદીમાં તો આખા મલાયામાં અરબી લિપિ પણ પ્રસરી ચૂકી.

ઈ. ૧૫૧૧માં આલ્ફોન્ઝો દ આલ્બુકર્કનાં માણસોએ દૂર પૂર્વના વેપારના થાણા તરીકે મલાક્કા જીત્યું. મલય લોકોએ એમને ગોરી ચામડીવાળા હિંદી ગણી આવકાર્યા. સંત ફ્રાન્સિસે ત્યાં જઈ ધર્મોપદેશ આપ્યો. આ પોર્ટુગીઝો તો જોકે બહુ ન ટકયા, પણ એનાથી ડચ અને બ્રિટિશો માટે માર્ગ મોકળો થયો.

હિંદુસ્તાનથી આગળ વધી ઈસ્ટ ઇંડિયા કંપની, હિંદુસ્તાન તથા ચીન વચ્ચે મલાક્કાની સામુદ્રધુનીના જળમાર્ગનું મહત્ત્વ સમજી જઈ એ દિશામાં પગપેસારો વધારી રહી હતી. એવામાં ઈ. ૧૭૮૬માં કેદાહના સુલતાને બ્રિટિશોને પિનાંગ ટાપુ પટે લખી આપ્યો. ધીરેધીરે બ્રિટિશોએ આ બધો પ્રદેશ પોતાનો કરી લીધો. અંગ્રેજો પાછળ હિંદી વેપારીઓ પણ લાખોની સંખ્યામાં ત્યાં જઈ વસ્યા.

મલાયા અને સિંગાપુરની વચ્ચે જોહોર નામની ખાડી છે. ખાડી પાર ટાપુ ઉપર સિંગાપુર બંદર વસેલું છે. સુમાત્રાના હિંદુ રાજાએ એ બંદર વસાવેલું. એનું વ્યાપારી અને વ્યૂહાત્મક મહત્ત્વ ઘણું હતું અને આજે યે છે. ઈ. ૧૦૨૫માં તમિળનાડુના ચોળ વંશના રાજા રાજેન્દ્રકોલાદેવ બીજાએ આ ટાપુ જીતી એને સિંહપુર નામ આપેલું અને અંગ્રેજોએ એનો સિંગાપોર ઉચ્ચાર કર્યો.

આમ, મલાયાની વસતિ એટલી પચરંગી છે કે એને નાનકડું એશિયા જ કહે છે. ત્યાંના મૂળ આદિવાસીઓ ઉપરાંત મલય લોકો એ ત્યાંની તળપદી પ્રજા. એમાં યે મોટા ભાગે પ્રાચીન ભારતીય અને સીલોની લોહી છે, કેમ કે જાવામાંથી આવેલી બૌદ્ધ અને હિંદુ સંસ્કૃતિ અહીં પચી જ ગઈ છે. એ પછી વેપાર અર્થે આવેલા ચીના, હિંદી અને લંકાવાસીઓનું પણ એટલું જ પ્રમાણ છે ને છેલ્લે યુરોપીઅનો પણ અહીં આવી રહ્યા છે.
(‘નવનીત’માંના વિજયગુપ્ત મૌર્યના લેખ અને અન્ય સામગ્રી પરથી)

ન તક્રસેવી વ્યથતે કદાચન

એટલે કે તક્ર (છાશ)નું સેવન કરનાર કદી રોગી બનતો નથી. છાશની પ્રશસ્તિ કરતા એક શ્લોકનું આ પહેલું ચરણ છે. છાશના ચાર પ્રકાર છે: તક્ર, મથિત, ઘોળ અને ઉદ્શ્વિત. દહીંમાં પાણી મેળવી તેને વલોવવાથી જે દ્રવ તૈયાર થાય તેને તક્ર કહેવામાં આવે છે; જ્યારે ખૂબ વલોવીને તેમાંથી માખણ કાઢી લેવામાં આવે ત્યારે તેને નિઃસ્નેહ તક્ર કહે છે. પાણી મેળવ્યા સિવાય દહીંને વલોવીને તૈયાર કરવામાં આવતા દ્રવને 'મથિત' કહેવામાં આવે છે. આપણે તેને 'ઘોળવું' કહીએ છીએ. દૂધમાં ગરમ લીંબુ નાખી, તેને ફાડયા બાદ એ ફાડેલા દૂધનો દ્રવાંશ જુદો પાડવામાં આવે તેને 'ઉદ્શ્વિત' કહેવામાં આવે છે. તેનો જે ઘટ્ટ ભાગ જુદો પડે તેને પનીર કહેવામાં આવે છે.

તક્ર એટલે છાશ પચવામાં હલકી, પચ્યા પછી મધુર, ઉષ્ણ, રુક્ષ અને લઘુ છે. તે ભૂખ લગાડનાર અને હૃદયને બળ આપનાર છે. તેનો આંતરડાં પરનો પ્રભાવ પ્રસાદક હોય છે. અતિસાર અને ગ્રહણી રોગનું (સ્પ્રુ) તે વિશિષ્ટ ઔષધ છે. છાશના ઉપયોગથી આહાર-વિષ, સોજો, પાંડુરોગ, ગુલ્મ, અરુચિ, વમન, યકૃતના અને પ્લીહાના રોગો, તૃષા, શૂળ, મૂત્રાઘાત, મેદોવિકાર નષ્ટ થાય છે. છાશ આંતરડાંના સ્રોતોને શુદ્ધ કરીને તેને પુષ્ટ અને બળવાન બનાવે છે.

વાયુના રોગોમાં છાશ, સૂંઠ, સિંધવ, નમક વગેરે સાથે પ્રયોજ્ય છે. પિત્તમાં સાકર મેળવેલી છાશ ઉત્તમ છે. કફવૃદ્ધિમાં સૂંઠ, મરી, પીપર મેળવેલી છાશ ઉત્તમ છે. ભૂંજેલી હીંગ, ભૂંજેલું ધાણાજીરુ અને સિંધવ મેળવેલી છાશ વાયુનો નાશ કરનાર, મસા, કબજિયાત, આફરો, અરુચિ, આંતરડાંની નબળાઈ, જૂનો મરડો, પાંડુરોગ, કૃમિ, ભગંદર, સંગ્રહણી વગેરે રોગોમાં હિતાવહ છે. વાયુ અને કફના રોગોમાં તો તક્ર કરતાં સારું ઔષધ કોઈ નથી.

(સંદેશ) —મનુભાઈ ગોદાની

સમાજઘડતર: ફાધર વાલેસનાં લખાણોનો સંચય


ફાધર વાલેસનાં લખાણો ગુજરાતનાં લાખો યુવક-યુવતીઓ સુધી દૈનિક છાપાં તથા સામયિકો મારફત પહોંચતાં રહ્યાં છે. એ લખાણોના સંગ્રહોની હજારો નકલો, ગુજરાતી સાહિત્યમાં જવલ્લે જ જોવા મળે તેવી ઝડપે, વેચાતી રહી છે.

સરળ, મધુર શૈલીએ લખાએલાં આ પ્રેરણાદાયી લખાણોનો ગુજરાતી પ્રજામાં હજી વધુ વ્યાપક ફેલાવો થાય તે માટે ફાધર વાલેસના ચૂંટેલા લેખોનો એક સંગ્રહ ૧૯૭૭ની ૨૬ જાન્યુઆરીએ લોકમિલાપ ટ્રસ્ટ તરફથી પ્રગટ કરવામાં આવશે. 'આપણો સાહિત્ય-વારસો'ને ધોરણે આગોતરા ગ્રાહકો નોંધીને ચાલુ બજાર-ભાવના કરતાં ત્રીજા-ચોથા ભાગની કિંમતે આ પુસ્તકની નકલો સુલભ બનાવવાની યોજના છે. શ્રી અનંતરાય રાવળ, શ્રી યશવંત શુક્લ તથા શ્રી ચિમનલાલ ત્રિવેદીનું સંપાદિત પાકા પૂઠાનું આ પુસ્તક ૪૫૦થી ૫૦૦ પાનાંનું હશે અને પ્રકાશન પછી તેની છાપેલી કિંમત રૂ. ૧૨ (+ રૂ. ૪ ટપાલ-રવાનગી) રહેશે. પણ ઓછામાં ઓછી દસ નકલની આગોતરી વરધી તા. ૧૫-૧૧-૭૬ સુધીમાં નોંધાવનાર વાચકોને આ પુસ્તક ઘેરબેઠાં માત્ર રૂ. ૮માં મળી રહેશે. એ રીતે દસ ગ્રાહકો પાસેથી (આઠ-આઠ રૂપીઆ લેખે) કુલ રૂ. ૮૦ ભેગા કરનાર સંયોજક તેમાંથી વ્યવસ્થા-ખરચના નકલ દીઠ ૦-૫૦ પૈસા કાપીને બાકીની રકમ ચેક, ડ્રાફ્ટ કે મનીઑર્ડરથી નીચેને સરનામે મોકલાવે, તેવી વિનંતી છે.

લોકમિલાપ ટ્રસ્ટ

પો. બો. ૨૩ (સરદારનગર), ભાવનગર ૩૬૪-૦૦૧

સાઈક્રોમીટર



સાઈક્રોમીટર એ હવામાં કેટલો ભેજ છે તે જાણવાનું સાધન છે. ઘર કે શાળામાં બનાવી શકાય એવું આ એનું સાદું રૂપ છે. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક પાટિયા પર એક જ સરખાં બે થર્મૉમીટર જડી દો અને એમાંના એક નીચે પહોળા મોંનો શાહીનો ખાલી ખડિયો કે એવું કંઈ લગાડી દઈ એમાં પાણી ભરો. પછી પાતળા કાપડની વીસેક સે. મી. લાંબી એક વાટ બનાવી એનો એક છેડો એક થર્મૉમીટરના નીચલા છેડે વીંટી દો ને બાકીની વાટ પાણીમાં બોળી રાખો. આ વાટની ભિનાશને કારણે એની સાથેનું થર્મૉમીટર ઓછી ઉષ્ણતા દર્શાવશે, જ્યારે બીજું હવામાં રહેલી ખરી ઉષ્ણતા દેખાડશે. બંને થર્મૉમીટરમાં દેખાતા ઉષ્ણતામાનના તફાવત પરથી હવામાંના ભેજનું સાપેક્ષ પ્રમાણ જાણી શકાશે. હવામાન જેમ સૂકું તેમ બંને થર્મૉમીટરમાં દેખાતા ઉષ્ણતામાનના આંકનો તફાવત વધારે. નિષ્ણાતો આ તફાવત પરથી ભેજનું ચોક્કસ પ્રમાણ જાણવા એની ગણતરીના તૈયાર કોઠા વાપરે છે. પણ શાળા કે ઘરમાં તો આવું ઘરગથ્થુ સાધન બસ છે.

જીવનખાદ

ખેતીના વિકાસ સાથે આપણે ત્યાં ખાતરની માગ પણ સતત વધતી રહી છે. સેન્દ્રીય ખાતર પૂરતા પ્રમાણમાં મેળવવું મુશ્કેલ બની રહ્યું છે, જ્યારે રાસાયણિક ખાતરની ઘણી મર્યાદાઓ છે. આવામાં અમે અમારી 'શબરીવાડી' (વાલુકડ–ભાવનગર)માં 'જીવનખાદ'નો પ્રયોગ કર્યો. અનાજ, મગફળી, શાકભાજી, ફળઝાડ અને રજકા સુધ્ધાં પર અમે એની અજમાયશ કરી, જેનું પરિણામ ઘણું લાભદાયી આવ્યું છે.

કુદરત ખાતર રૂપે અમુક અતિ સૂક્ષ્મ જીવાણુઓ પેદા કરે છે. આ જીવાણુઓ હવામાંથી નાઇટ્રોજન શોષવાની અને એના દ્વારા વનસ્પતિને વધુ પોષણ આપવાની ક્ષમતા ધરાવે છે. આ શક્તિશાળી બૅક્ટીરિયાને બાયો-ફર્ટિલાઈઝર પ્રયોગશાળામાં યોગ્ય માધ્યમ સાથે ભેળવીને મોટા પ્રમાણમાં જાળવી રખાય છે. આ જાળવણીની બનાવટને 'બૅક્ટીરિયલ કલ્ચર્સ', 'ઇનોક્યુલન્ટ્સ' અથવા 'બૅક્ટીરિયલ ફર્ટિલાઈઝર્સ' કહે છે. 'જીવનખાદ' આવું એક બૅક્ટીરિયલ કલ્ચર છે, જે હવામાંથી નાઇટ્રોજન શોષીને જમીનને વધુ ફળદ્રુપ બનાવી પાકનો મબલખ ઉતાર આપે છે.

પાઉડરના રૂપમાં તૈયાર મળતા 'જીવનખાદ'ના બે પ્રકાર છે: (૧) 'રાઇઝોબિયમ કલ્ચર' જે વિવિધ કઠોળ તથા ગુવાર, ફણસી વગેરે જેવાં અમુક શાક વગેરે માટે ઉપયોગી છે; (૨) 'ઍઝોટોબૅક્ટર કલ્ચર', જે કઠોળ સિવાયના બધા પાક માટે ઉપયોગી છે. કયા પાક માટે કયું કલ્ચર જરૂરી છે તેની વિગતવાર માહિતી એના ઉત્પાદકો પાસેથી મળી શકે છે.

બીજને રોપતાં પહેલાં તેના પર ચાશ આપીને, માટી ને છાણિયા ખાતર સાથે અથવા પાણીમાં ભેળવીને તથા બાદખાદપોની ફેર-રોપણી પહેલાં એનાં મૂળ પર લગાડીને જીવનખાદનો ઉપયોગ થાય છે. અમુક પાક માટે અમુક જ પ્રકારનું જીવનખાદ વાપરવાનું હોઈ મંગાવતી વખતે કયા પાક માટે એ જોઇએ છે તે જણાવવું જરૂરી છે. આ બધી માહિતી એના ઉત્પાદકો પાસેથી મળે છે. અમારે ત્યાં, ને અમારે ત્યાંનું પરિણામ જોઈને આસપાસના બહોળા વિસ્તારમાં સંખ્યાબંધ ખેડૂતોએ જીવનખાદનો પ્રયોગ કરીને ઘણું સારું પરિણામ મેળવ્યું છે. અમે જોયું છે કે જીવનખાદના ઉપયોગથી (૧) જમીન સુધરે છે, (૨) હવામાંથી નાઇટ્રોજન શોષવાની એની ક્ષમતાને કારણે મૂળવૃદ્ધિ થઈ ઓછા પાણીએ પણ વૃક્ષ-છોડને સારું પોષણ મળે છે, (૩) વૃક્ષો-છોડવાની રોગપ્રતિકારશક્તિ વધે છે અને (૪) ફૂટ વધતાં એનો સારો વૃદ્ધિવિકાસ થઈ અનાજ વગેરે તમામ પાકનો ઉતાર લગભગ દોઢ ગણો વધે છે તથા (૫) શિયાળુ ઘઉંનો પાક લીધા પછી ઉનાળુ પાક પણ લઈ શકાય છે.

ઈચ્છુકોને 'બાયો ફર્ટિલાઈઝર્સ કં. (પ્રા.) લિમિટેડ, અમર હિલ, સાકી-વિહાર રોડ, મુંબઈ-૪૦૦ ૦૭૨' એ સરનામેથી જોઈતી બધી જ માહિતી તથા જે તે પાકને યોગ્ય જીવનખાદ મળી શકશે.

—રામનારાયણ ના. પાઠક

દૂધને જાળવવા માટે

દૂધને લાંબા સમય જાળવી રાખવા માટે બે પદ્ધતિ પ્રચલિત છે; પૅશ્ચરાઇઝેશનની અને સ્ટરીલાઇઝિંગની. આમાંની બીજી રીતમાં દૂધ પૂર્ણત: જંતુમુક્ત બને છે ખરું, પણ એ સાથે એનો કુદરતી સ્વાદ બદલાઈ જાય છે. એટલે પૅશ્ચરાઇઝેશનની રીત વધુ પસંદગી પામી છે. આ આ પદ્ધતિમાં દૂધમાં થોડા બૅક્ટીરિયા તો રહી જ જાય છે અને એથી જો એ દૂધને રેફ્રીજરેટરમાં રાખવામાં ન આવે તો એ ખાટું થઈ જાય છે. આ રીતે છેક ડેરીથી માંડી ગ્રાહક એ દૂધનો ઉપયોગ ન કરે ત્યાં સુધી એને સતત ઠંડું રાખવું એ ઘણું ખર્ચાળ છે.


પરંતુ યુ. એસ. નૅશનલ સાયન્સ ફાઉન્ડેશનની સહાયથી નૉર્થ કૅરૉલિના સ્ટેટ યુનિ૦ના ડૉ. હેરલ્ડ સ્વેસગુડે સલ્ફહાયડ્રીલ ઑક્સિડેઝ નામક એન્ઝાઈમ વડે સ્ટરીલાઈઝ કરેલા દૂધને એનો અસલ સ્વાદ આપવાની એક નવી રીત વિકસાવી છે. વર્ષ પહેલાં કાચા દૂધમાંથી આ એન્ઝાઈમને જુદું પાડવાની રીત એમણે શોધી હતી. આ એન્ઝાઇમના ઉપયોગથી સ્ટરીલાઈઝ કરેલા દૂધને ડેરીમાં કે ગ્રાહકને ત્યાં પણ ઠંડકમાં રાખવાની જરૂર નહિ રહે. કારણ દૂધમાંના બધા જ બૅક્ટીરિયાનો એમાં નાશ થઈ જતો હોઈ દૂધ બગડવાનો સંભવ જ નહિ રહે.

લાકડાનું બળતણ

કોલસો, પેટ્રોલ અને ગૅસ જેવાં જમીનના પેટાળમાંથી મળતાં બળતણ મૂળ તો કરોડો વર્ષ પૂર્વે જમીન પર ઊગેલાં ઝાડપાનનો જ પરિપાક છે. એ સમયે જમીન પર સૂર્યની જે શક્તિ પહોંચતી-પથરાતી હશે તેનો સંગ્રહ આ ઝાડપાને કર્યો હશે, જેનો આપણે આજે યુગો પછી ઉપયોગ કરીએ છીએ. પણ એના પરની કુદરતી પ્રક્રિયાને આપણે ઝડપી બનાવીએ તો? વિશાળ જંગલો ઉગાડીને એના દ્વારા શોષાએલી સૌરશક્તિને આપણે બળતણ તરીકે વાપરી શકીએ. એક નોંધ છે કે અમેરિકામાં ગયા વર્ષે અણુશક્તિનું જે ઉત્પાદન થયું એ કરતાં લાકડાનાં ઇંધણ દ્વારા વીજળીનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થયું હતું. અને લાકડાંને ભઠ્ઠીમાં બાળી તેમાંથી વરાળ અને વીજળી બનાવવાનું તો આપણે જાણીએ છીએ. એ ઉપરાંત, એમાંથી મોટર ચલાવવામાં મદદરૂપ મેથેનૉલ ગૅસ પણ બની શકે છે. વળી લાકડાના બળતણ વડે વધુ ખક્તિ પેદા કરવા માટે નવાનવા પ્રયોગો પણ થઈ રહ્યા છે. લાકડાના બળતણનો એક લાભ એ પણ છે કે ગૅસ, તેલ કે કોલસાનો પુરવઠો ખૂટી પડતાં એવો બીજો પુરવઠો મેળવતાં જે સમય લાગે એ કરતાં નવાં ઝાડપાન ઉગાડી એનો બળતણ તરીકે ઉપયોગ કરવામાં ઓછો સમય ને ઓછો ખર્ચ લાગે. કોલસા દ્વારા વીજળીનું ઉત્પાદન કરતાં જે ખર્ચ થાય એ જ ખર્ચે-અથવા કદાચ એથી યે ઓછા ખર્ચે લાકડાં બાળીને એટલી જ વીજળી મેળવી શકાય. વૃક્ષોના ઉછેરનો લાભ આ રીતે પણ ગણતરીમાં લેવો જોઈએ.

'કુમાર' અંક ૬૩૨માં પ્રકટ થએલું રંગીન મુખચિત્ર 'રાગ વસંત' સ્વ. નાનાલાલ મહેતા લઘુચિત્ર-સંગ્રહ, ગુજરાત મ્યૂઝિયમ સોસાએટી-અમદાવાદના સંગ્રહનું છે.

માસમાસનાઆકાશમાં: ઑક્ટોબર-નવેમ્બર



મૃગમંડળમાં 'મૃગપૃચ્છ'ના સ્થાને 'મે-૪૨'ની સંજ્ઞાથી ઓળખાતી એક અતિ ઉજ્જ્વળ નિહારિકાની તેજઆભા નરી આંખે પણ કળાય છે. દૂરબીનમાં તો એનું દર્શન અત્યંત પ્રભાવક લાગે છે, ને એમાં અનેક તેજસ્વી તારા પણ દેખાય છે. આથી યે વિશેષ ધ્યાનાકર્ષક એક તેજ-આભા 'જાલ' મંડળની દક્ષિણે જોવા મળે છે. 'ધ ગ્રેઈટ મૅગેલનિક ક્લાઉડ' નામે એ ઓળખાય છે. સોળમી સદીના આરંભમાં સાગરમાર્ગે પૃથ્વીની પહેલી પ્રદક્ષિણા કરનાર ફર્ડિનાન્ડ મૅગેલન વિષવવૃત્તથી વધુમાં વધુ દક્ષિણે પહોંચનાર સૌપ્રથમ ગોરો શોધસફરી હતો. કદાચ દક્ષિણ આકાશમાંની આ તેજઆભાને જોઇને એની નોંધ લેનાર એ જ પ્રથમ હોઈ એના નામ પરથી આ નામ અપાયું છે. આપણને તો એનું દર્શન દુર્લભ છે, પણ એને વિષેની કેટલીક હકીકતો અહીં અપ્રસ્તુત નહિ ગણાય.

ધ ગ્રેઈટ મૅગેલનિક ક્લાઉડ ચાંદની રાતે યે નરી આંખે દેખી શકાય એટલું તેજસ્વી છે. એના અંગ્રેજી નામ પરથી આપણે એને 'ગુરુ મેઘ' કહીએ છીએ. આપણા આ તારાવિશ્વની બહાર અને આપણાથી ૧,૫૦,૦૦૦ પ્રકાશવર્ષ દૂરના આ ગુરુમેઘની લંબાઈ ૨૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલી છે, પણ હજી એનો કોઈ નિશ્ચિત આકાર બંધાયો નથી. હકીકતે એ એક નવા રચાઈ રહેલ તારાવિશ્વનાં વાયુમય તત્ત્વો અને વિશ્વરજના વાદળ જેવી પ્રાથમિક દશામાં છે. છતાં એમાં અત્યંત તેજસ્વી અને અતિશય ગરમ એવા ૧,૦૦,૦૦૦થી ય વધુ અતિ વિરાટ તારાઓ છે. આની પશ્ચિમે થોડે દૂર એક બીજું આવું જ તારાવાદળ છે. કદમાં એ ગુરુમેઘ કરતાં લગભગ અર્ધું છે, પણ એમાંના તારા વધુ ઘનિષ્ઠ છે. આપણે એને 'લઘુમેઘ' કહીએ છીએ. આ બંને મેઘના તારાઓ જો આપણને દેખાતા આપણા તારાવિશ્વના તારાઓ જેવા હોય તો તો આટલે દૂરથી એની તેજઆભા નરી આંખે પરખાય પણ નહિ. જેની સામે આપણે મીટ પણ માંડી શકતા નથી એવા સૂર્ય જેવો તારો તો આટલા અંતરેથી ખયાલમાં યે ન આવે. પણ એવું નથી. સૂર્ય કરતાં તો લાખો ગણા તેજસ્વી અને આપણને જાણીતા આપણા વિશ્વના કોઈ પણ તારા કરતાં વધુ ગરમી પ્રસારતા તો સંખ્યાબંધ તારાઓ એમાં છે. અતિશય શક્તિશાળી દૂરબીન વડે લીધેલા ફોટોગ્રાફોમાં એ તેજબિંદુઓ જેવા અલગ-અલગ તરી આવે છે. એમાંના મોટા ભાગના તો હજી 'બ્લ્યૂ સુપરજાયન્ટ્સ'ની કક્ષાના હોઈ વયમાં નાના છે. નાના એ રીતે કે હજી એ જેમાંથી સરજાઈ રહ્યા છે એ મૂળ વાદળમય આકાશી તત્ત્વોની સાથે સંકળાએલા છે. જ્યારે આ તારાઓ પુખ્ત બની આ મેઘ કંઈક નિશ્ચિત રૂપ ધરશે ત્યારે એ આપણા તારાવિશ્વ જેવું એક બીજું વિશ્વ હશે.

આજે આપણે એનું જે દર્શન કરીએ છીએ એ તો ૧,૫૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલું વાસી છે. આજની ઘડીએ ત્યાં હકીકતે જે સ્થિતિ હશે તેનું દશ્ય તો આપણને (?) એટલાં જ વર્ષો પછી દેખાશે. કારણ? આપણી ને એની વચ્ચેનું અંતર.

ગણિતગમ્મત:

બાજુબાજુની મોટામાં મોટી બે એવી સંખ્યા શોધી શકશો કે જે બંનેના વર્ગની સંખ્યામાં એક પણ આંકડો બે વખત આવે નહિ? દા. ત. ૧૯૫ અને ૧૯૬. આ બંને પાસે પાસેની (Consecutive) સંખ્યા છે અને ૧૯૫² = ૩૮૦૨૫ તથા ૧૯૬² = ૩૮૪૧૬. આ બંને સંખ્યાના વર્ગની રકમમાં કોઈ આંકડો બેવડાતો નથી. પણ ૧૯૫ અને ૧૯૬ એ આવી મોટામાં મોટી સંખ્યા નથી. તમે એ શોધી શકશો?

જવાબ: ૮૫૯૮² = ૭૩૯૨૫૬૦૪ અને ૮૫૯૯² = ૭૩૯૪૨૮૦૧

બે એવી સંખ્યા શોધો કે જે બંનેના વર્ગની સંખ્યામાં મૂળ રકમ સહિત શૂન્ય સિવાયના ૧ થી ૯ સુધીના દરેક અંક એક વખત આવે. દા. ત. ૩૭૮ નો વર્ગ જો ૧૫૨૬૯૪ થતો હોત તો ઉપર કહ્યા પ્રમાણે જવાબ બરાબર ગણાય. પરંતુ ૩૭૮ નો વર્ગ ૧૪૨૮૮૪ છે. જે બંને સંખ્યા મળી એના આંકડાઓમાં ૫, ૬ અને ૯ આવતા નથી, જ્યારે ૪ અને ૮ બેવડાય છે. આના ફક્ત બે જ જવાબ છે.

જવાબ: ૫૬૭² = ૩૨૧૪૮૯ અને ૮૫૪² = ૭૨૯૩૧૬. મૂળ રકમ અને એના વર્ગની સંખ્યામાં બેવડાયા વિના ૧ થી ૯ સુધીના બધા આંકડા આવી જાય છે.

—કિશોર ગોરધનદાસ

પરદેશનાં પત્રમિત્રો

(1) Frankie Choy, F. K., Christmas Island (Radio Station), Indian Ocean. (M-20) Swimming, fishing, music, sports, camping. (2) Corzegorz Katuizny, ul Rabienska 9 m 5, 94-227 Lodz, Poland. (M-18) Travelling, view-cards, sports, maps, stamps. (3) Gustavo C. Morales, Danden 207, c/n Cobos y Barrutia, Rpto, D' Beche, Gbeoa 11, Habana, Cuba. (M-19) stamps, theatre, art.


આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧/૧૮૯૮ 'અભેદમાર્ગે પ્રવાસી' તરીકે ગુજરાતી સાહિત્યમાં ઓળખાએલા તત્ત્વજ્ઞ કવિ અને સાહિત્યકાર મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું અવસાન. એમનો જન્મ નડિયાદમાં થએલો. શાળામાં પોતાનાથી એક ધોરણ પાછળના વિદ્યાર્થી (આગળ જતાં કવિ) બાલાશંકરના સહવાસથી તેઓ કવિતા લખતા થયા. જ્ઞાતિ સુધારણા માટે 'નવ-સુધારક' મંડળ પણ કાઢેલું. પ્રાર્થના-સમાજની પ્રવૃત્તિમાં પણ રસ લેતા. 'શિક્ષાશતક' એ એમનું પ્રથમ કાવ્યપુસ્તક. પોતાની તેજસ્વિતા અને સંસ્કૃત ભાષાના ઊંડા જ્ઞાનને કારણે તેઓ મુંબાઈની મ્યુનિ. ગુજરાતી શાળાઓના ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેક્ટર બનેલા ત્યારે એમણે ભવભૂતિના ઉત્તમ 'રામચરિત'નું ભાષાંતર પ્રકટ કરેલું. ૧૮૮૫માં ભાવનગરની સામળદાસ કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર ની માયા બાદ સ્ત્રી-વિષયક માસિક 'પ્રિયંવદા' શરૂ કરેલું, જે પછીથી 'સુદર્શન' નામે સાહિત્યવિષયક માસિકપત્ર બની રહ્યું. સુધારાના પક્ષમાં એમણે અનેક મનનીય નિબંધો લખેલા. એમણે લખેલા 'ગુલાબસિંહ' નવલકથા અને 'કાન્તા' નાટક પણ ખ્યાત છે. તત્ત્વજ્ઞાન પર તો એમણે અંગ્રેજીમાં પણ ઘણું લખેલું. મુંબાઈ સરકારે 'તર્ક કૌમુદી'નો ન્યાયગ્રંથ અંગ્રેજી ટીકા સાથે એમની પાસે સંપાદિત કરાવેલો. છેલ્લે વડોદરા રાજ્ય તરફથી પાટણ તથા બીજા ભંડારોના સંસ્કૃત અને પ્રાચીન ગ્રંથોના સંશોધનનું કાર્ય એમને સોંપાએલું જેના અતિશ્રમને કારણે તબિયત બગડતાં એમનું અવસાન થયું.

તા. ૧૦/૧૯૧૩ પૅસિફિક-ઍટલાંટિક મહાસાગરોને જોડતી પનામાની નહેરનું કામ પૂરું થયું. મૂળ તો સુએઝની નહેર બાંધનાર ફ્રેન્ચ ઈજનેર લેસેપ્સે જ આ સાહસ પણ હાથ ધરેલું, પણ પ્રતિકૂળ હવામાનમાં એના હજારો માણસો માર્યા જતાં ને લખલૂટ ખર્ચને કારણે આ કામ ઉપાડનાર કંપની ફડચામાં જતાં એ કાર્ય અધૂરું જ રહી ગયું, પાછળથી મૅલેરિયાના મચ્છરની શોધ થતાં ત્યાંની બીમારીનો ઉપાય મળી ગયો અને જપાનની ત્યારે વધતી જતી તાકાત સામે પોતાની પશ્ચિમ કંઠારને સલામત બનાવવામાં આ નહેર મહત્ત્વની સમજી અમેરિકાના સંયુક્ત રાજ્યોએ એ કામ ફરી હાથ ધર્યું. અસલ યોજના તો ટેકરીઓ કોરીને નહેર બાંધવાની હતી પણ એ અતિ મુશ્કેલ હોઈ નહેરના પાણીની સપાટી જ અધ્ધર લઈને, એ રીતે નહેરમાં પ્રવેશતી આગબોટોને લગભગ ૮૫ ફૂટ ઊંચે ચડાવી ટેકરીઓની પેલી પાર ઉતારવાની ઈજનેરી યુક્તિ અજમાવીને આ નહેરનું કામ પાર પાડવામાં આવ્યું.

તા. ૧૧/૧૮૧૧ અમેરિકામાં વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક—હૉબોકેન વચ્ચે ચાલુ થઈ.

તા. ૨૫/૧૮૫૪ ક્રીમિયાના યુદ્ધમાં બાલાક્લાવામાં 'સૅન્ડ બૅગ બૅટરી' નામનું એક અગત્યનું સ્થાન હાથ કરવા માત્ર ગણ્યાગાંઠ્યા જ સૈનિકો હોવા છતાં અંગ્રેજ સેનાપતિએ હુમલાનો હુકમ આપ્યો; અને એ ગણતરી ભૂલભરેલી હોવા છતાં ચોતરફથી રશિયન ગોળીબાર વચ્ચે અંગ્રેજોની 'લાઈટ બ્રિગેડે' એ હુકમનો અમલ કર્યો ને એમાં બધા જ સૈનિકો ખપી ગયા. નિરર્થક છતાં મર્દાનગીના ગૌરવભર્યા એ હુમલામાં આજ્ઞાપાલનનું જે એક અતિ ઊજળું દૃષ્ટાંત સમાયું છે તેને કવિ ટેનિસને પોતાના 'ચાર્જ ઑવ લાઈટ બ્રિગેડ' કાવ્યમાં ગૌરવથી બિરદાવ્યું છે.





એક અસીલને બહારગામ જવાનું થતાં કેસનું પરિણામ પોતાને તારથી જણાવવાનું વકીલને કહેતો ગયો. થોડા દિવસ પછી તેના વકીલનો તાર મળ્યો: 'સત્યનો વિજય થયો છે.'

'તો તો અપીલ નોંધાવી દો.'—એણે તરત જ તારથી સૂચના મોકલી.

ન્યાયાધીશે સાક્ષીની જુબાની સાચી હોવા વિષે શંકા વ્યક્ત કરી ત્યારે સાક્ષીએ કહ્યું: 'નામદાર, હું નાનપણથી જ સત્યને વરેલો છું.'

ન્યાયાધીશે હસીને ટકોર કરી કે 'તો કોર્ટે શું એમ માનવું કે હવે તમે વિધુર થયા છો?'

સંગીત સમારોહમાં ગાયકને પૂછવામાં આવ્યું: તમે કયો રાગ ગાવાના છો? બોલ કયા છે?

'કૌંસી કાનડા. બોલ છે: હમ રાતના ખ્વાબ દાઈ.'

એનાઉન્સમેન્ટ થઈ: 'હવે આપ ઉસ્તાદ ફલાણા પાસેથી રાગ કૌંસી કાનડામાં ખયાલ સાંભળશો. બોલ છે: 'હમરા તનખ્વા બઢાઇ.'


ફાંસીની સજા પામેલા ગુનેગારને અંતિમ ઘડીએ પૂછવામાં આવ્યું કે તારી કાંઈ છેવટની ઈચ્છા હોય તો જણાવી દે. કાયદા પ્રમાણે તે પૂરી કરવામાં આવશે. એ સાંભળી કેદીએ કહ્યું કે 'મને આફુસ કેરી ખાવાની ઇચ્છા છે.

'પણ કેરીની મોસમને તો હજુ છ માસની વાર છે.'

'તો હું ત્યાં સુધી રાહ જોઈશ, સાહેબ'

'જે કૈં ખોટું હોય છે તેથી કદી લાભ થતો નથી.'

'છટ્, મારા આ દાંત ખોટા છે.'



('જનસત્તા'માં 'શિવ')

નવી જ્યોત જે લીએ, કોરવો મારગ એણે જાતે,
ધોરી મારગ નથી, ન કેડી, મરજીવાને કાજે.

—હસિત બૂચ

હૉંગકૉંગથી બાંડુંગ પરિષદમાં જઈ રહેલું ભારતીય વિમાન 'કાશ્મીર પ્રિન્સેસ', તેમાંના ચીની પ્રતિનિધિને મારવા થએલા દગાનો ભોગ બની ચીની સમુદ્રમાં તૂટી પડયું ત્યારે (પાછળથી બચી ગએલા સહસંચાલક દીક્ષિતના કહેવા પ્રમાણે) વિમાનની પરિચારિકા કુ. ગ્લૉરિયા બેરી જરા પણ અસ્વસ્થ થયા વિના યાત્રીઓને છેલ્લી ઘડી સુધી તરવાના લાઈફ બેલ્ટ વહેંચતી રહેલી. વિમાન થોડો સમય તરતું રહ્યું હોત તો ઘણા યાત્રીઓ સાથે તે પણ બચી જવા પામી હોત. પણ પ્રત્યક્ષ મોત છતાં પોતાના કરતાં બીજાના જીવનની ખેવના કરીને તે પોતાની ફરજ બજાવતાં બજાવતાં ધન્ય મૃત્યુને ભેટી.

કહેવતો : 'કમાડ કરતાં ઉલાળો ભારે'–વ્યવહારમાં પ્રમાણ બહાર જતાં કામ કે વસ્તુ પર ટકોર કરતી સચોટ દૃષ્ટાંતવાળી કહેવત. એને મળતી બીજી કહેવત : 'માથા કરતાં પાઘડી મોટી.'

અનેકાર્થી શબ્દ : **ચંગ** = સ્વચ્છ, નિર્મળ; તંદુરસ્ત; પુષ્કળ; મોંથી વગાડવાનું એક વાદ્ય; વગાડવાની પિત્તળની તકતી, તાળ; પતંગનું પૂછડું; ગંજીપાની એક રમત; ઘંટ; નહોર કે નખ; દસ ઇંચ લંબાઈનું એક માપ; કંજુસ.



ટિકિટકથા :૧૯૧૦ની ૪થી નવેમ્બરે કેઈપ ટાઉનમાં દક્ષિણ આફ્રિકાનાં ચાર રાજ્યોના યૂનિયનની પહેલી પાર્લમેન્ટનું ઉદ્‌ઘાટન થયું. એ જ દિવસે એ ચારે રાજ્યોની સંજ્ઞા તથા રાજા પંચમ જ્યૉર્જની છબિવાળી નવી જ ટપાલ ટિકિટ પણ બહાર પડી. પંચમ જ્યૉર્જની છબિવાળી એ પ્રથમ ટપાલટિકિટ હતી. ગમે તેમ પણ આ ટિકિટોનો ખાસ કંઈ ઉપાડ થયો નહિ અને એક દસકા પછી એના નહિ વેચાએલા મોટા જથ્થાનો ઈ. ૧૯૨૭માં નાશ કરી દેવામાં આવ્યો. સામાન્યતઃ આજે આ ટિકિટની ૧ પાઉન્ડ કિંમત અંકાય છે, પણ તાજેતરમાં એની કાળી શાહીમાં કાઢેલી પરફોરેશન વિનાની પ્રારંભિક છાપની ટિકિટ ૩૫૦ પાઉન્ડની કિંમતની ગણાય છે!

सज्जना एव साधूनां
प्रथयन्ति गुणोत्करम्।
पुष्पाणां सौरभं प्रायः
तन्वते दिक्षु मारुताः॥

સત્પુરુષોના ગુણસમૂહને સંસ્કારી લોકો જ પ્રસરાવે છે, જેમ પુષ્પોના સૌરભને મોટે ભાગે પવન જ દિશાઓમાં ફેલાવે છે.

ગણિતની આ ગમ્મત બેત્રણ મિત્રો આગળ કરી શકો. એક મિત્રને, ગમે તે ચાર આંકડાની સંખ્યા લખવાનું કહો. માનો કે તેણે ૫૩૪૨ લખ્યા. હવે તમે તે ઉપરથી આટલું કરો : છેલ્લા બે અંક ૪૨માંથી ૨ બાદ કરો અને તે બગડાને એ રકમની શરૂઆતમાં ગોઠવો. એટલે ૨,૫૩,૪૦ની રકમ આવી. આ રકમ તમે એક કાગળમાં લખીને તમારી પાસે ગુપ્ત રાખો. પછી બીજા એક મિત્રને પહેલા મિત્રે લખેલી રકમની નીચે બીજી એક ચાર આંકડાની રકમ લખવા કહો. માનો કે તેણે ૬૧૭૬ લખ્યા. તો તમે તેની નીચે એવી રકમ લખો કે એ મિત્રની ને તમારી રકમનો સરવાળો ૯૯૯૯ થાય. એટલે તમે ૩૮૨૩ લખશો. પછી ત્રીજા મિત્રને કહો કે તે પણ ફાવે તે એક ચાર આંકડાની રકમ તેની નીચે લખે. ધારો કે તેણે ૨૭૮૫ લખ્યા; તો તમે, આપણે ઉપર કહ્યું તેમ, સરવાળો ૯૯૯૯ લાવવા માટે ૭૨૧૪ લખો. હવે એ પાંચે રકમનો સરવાળો કર્યા વિના જ તમે મિત્રોને તમારી પાસેના કાગળમાં જોઇને કહી દો કે તેનો સરવાળો ૨૫૩૪૦ આવશે! અને એ આવવાનો જ. ગણી જુઓ!

૫૩૪૨
૬૧૭૬
૩૮૨૩
૨૭૮૫
૭૨૧૪
૨૫૩૪૦


(ચંદ્રકાન્ત ઠાકર)

અંકસંદર્ભ : પાંચ—પંચોપચારી પૂજા : દીપ, ધૂપ, પુષ્પ, ગંધ, નૈવેદ્ય; પંચામૃત : દૂધ, દહીં, ઘી, મધ, સાકર; પંચગવ્ય : દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર, ગોમય (છાણ); પંચસૂક્ત : પુરુષ સૂક્ત, શ્રી સૂક્ત, દેવી સૂક્ત; પર્જન્ય સૂક્ત, સૂર્ય સૂક્ત; પંચાંગ : તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ.

'વનસ્પતિનો જાદુગર' કહેવાતા વિખ્યાત અમેરિકન વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બ્યુરબૅંકે અખતરા કરીકરીને એક એવો છોડ પેદા કર્યો કે જેનાં જમીનમાંના મૂળમાં બટેટાં બેસે, ને બહાર છોડ પર ટમેટાં! એકીસાથે બે શાક!



નિષ્ણાતોના મત પ્રમાણે લગભગ ઈ. સ. ૮૦૦ અગાઉ સ્કૉટલૅન્ડ, આઈસલૅન્ડ ને કદાચ વેલ્સથી ગએલા કલ્ડિઝ કે કેલ્ટિક સાધુઓએ આયર્લૅન્ડમાં પ્રથમ વાસ કરેલો. આજે ત્યાંના મોટા ભાગના લોકો નૉર્વેજીઅનોના વંશજો છે.



સ્ટવ કે ચૂલા ઉપરથી ગરમ વાસણ ઉતારવા માટેની આપણી ચાલુ સાણસી ઊભી પકડવાની હોવાથી વરાળની કે દેવતાની ઝાળ લાગી ઘણી વાર દાઝી જવાય છે. તેમાંથી બચાવતી આ સાણસી સલામત તેટલી જ મજબૂત પકડવાળી છે. આપણા કારીગરો પાસે આવી બનાવડાવવી જોઈએ.



કલાકણિકા : સુમારે ઈ. પૂર્વે ૨૬૦૦ વર્ષ પરના સુમેરના એક શાહી પેય-પાત્ર પરનું શોભન. ગરુડ જેવા પગ પર ઊભેલા પાંખાળા સિંહ જેવા આ પ્રાણી તથા વળ ખાતા સર્પને કેટલાક વિદ્વાનો વિષ્ણુના વાહન 'સુપર્ણ' ગરુડ તથા નાગની ભારતીય કલ્પના ને સંબંધ સાથે સાંકળે છે